85146

સ્વાધ્યાય

પુસ્તક ૧૫
અંક ૪

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

જન્માષ્ટમી
વિ. સં. ૨૦૩૪

ચિત્ર ૨ : નર્તાંગના, મીઠી વાવ (પાલણપુર)

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી યશવંત જ. રાવલનો લેખ

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક
સંપાદક : અરુણોદય ન. જાની
પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

પુસ્તક ૧૫ : અંક ૪ ઓગષ્ટ, ૧૯૭૮

જન્માષ્ટમી વિ. સં. ૨૦૩૪

અનુક્રમ

			પૃષ્ઠાંક
૧.	"શ્રીમદ્ ભાગવતપુરાણમાં શ્રીકૃષ્ણ-ચરિત" અને એના સંભવિત સ્રોતો—ભારતી શેલત	...	૩૩૭
૨.	વેંકટાધ્વરિકૃત 'ઉત્તરરામચરિતચંપૂ'—મણિભાઈ ઈ. પ્રજાપતિ	...	૩૫૪
૩.	ઇન્દ્ર અને નમુચિ—યશવંત કૃષ્ણ પટવર્ધન	...	૩૬૪
૪.	જૈનો અને મુસ્લિમ શાસકો અથવા સુલતાનો અને મોગલોના દરબારમાં જૈન મંત્રીઓ, શ્રેષ્ઠીઓ અને સૂરિઓ—મૃદુલા મહેતા	...	૩૬૯
૫.	વામનસ્થલી વંથલી—રાજેન્દ્રસિંહ રાયજાદા	...	૩૭૯
૬.	સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધ—પ્રવીણ દરજી	...	૩૮૨
૭.	વિવેચનમાં સમકાલીનતા—હસિત હ. બૂચ	...	૩૯૩
૮.	મીઠી વાવનો સમય—યશવંત જ. રાવલ	...	૪૦૦
૯.	શિયો-વિવેચનાત્મક અધ્યયન—નાંગેશ કે. એલ	...	૪૦૩
૧૦.	વિનયસમુદ્ર વાચક-કૃત આરામશોભા ચઉપઈ—નવીનચંદ્ર એન શાહ	...	૪૧૫
૧૧.	પ્રો. આલ્સડોર્ફને અંજલિ—અરુણોદય ન. જાની	...	૪૨૪
૧૨.	ગ્રન્થાવલોકન	...	૪૨૭
૧૩.	સાભાર સ્વીકાર	...	૪૪૧

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૩૪ પુસ્તક ૧૫

ઑગસ્ટ, ૧૯૭૮ અંક ૪

શ્રીમદ્ભાગવતપુરાણમાં શ્રીકૃષ્ણ-ચરિત અને એના સંભવિત સ્રોતો*

ભારતી શેલત

ભક્તિપ્રધાન પુરાણોમાં, ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયનાં પુરાણોમાં, ભાગવત સૌથી વધુ લોકપ્રિય છે. એની સેંકડો હસ્તપ્રતો મળે છે ને એના પર અનેકાનેક વૃત્તિઓ લખાઈ છે. એની આ લોકપ્રિયતા મુખ્યત્વે ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવની ભક્તિ તથા તેમના વિસ્તૃત ચરિતના નિરુપણને આભારી છે. ભાગવતમાં નિરુપિત આ શ્રીકૃષ્ણ-ચરિતની પશ્ચાદ્ભૂમિકામાં પૂર્વવર્તી ગ્રંથોના અનેક સ્તર રહેલા છે.

પૂર્વવર્તી ગ્રંથોમાં કૃષ્ણ-ચરિત

શ્રીકૃષ્ણ-ચરિતના કેટલાક પ્રસંગ મહાભારતમાં પ્રાસંગિક રીતે આલેખાયા છે. એનો મુખ્ય વિષય તો પાંડવોના ચરિતનું નિરૂપણ છે. શ્રીકૃષ્ણ વાસુદેવ પાંડવો સાથે મિત્ર તરીકે ગાઢ સંબંધ ધરાવતા. મહાભારતમાં દ્રૌપદીસ્વયંવર (૧. ૧૭૪-૧૮૮), સુભદ્રાહરણ[1] (૧. ૨૧૧, ૨૧૨), ખાંડવવનદાહ (૧. ૨૧૪, ૨૧૯), જરાસંધવધ (૨. ૧૮-૨૨), રાજસૂયયજ્ઞ (૨.૩૦-૩૨), શિશુપાલવધ (૨. ૩૭-૪૨) અને ભારતયુદ્ધ (ઉદ્યોગપર્વથી શલ્યપર્વ) જેવા પ્રસંગોના નિરૂપણમાં શ્રીકૃષ્ણના જીવનના કેટલાક પ્રસંગોનું આનુષંગિક આલેખન કરવામાં આવ્યું છે. છતાં મહાભારતના મૌસલપર્વમાં યાદવાસ્થલી (૧૬.૪), શ્રીકૃષ્ણદેહોત્સર્ગ (૧૬.૫) તથા દ્વારકા-નિમજ્જન (૧૬.૬)ના પ્રસંગોનું વિગતે વર્ણન આવે છે.[2] મહાભારતના ઘણા અંશો કૃષ્ણને માનવનાયક તરીકે નિરૂપે છે, છતાં દ્રૌપદીવસ્ત્રાહરણ, રાજસૂયયજ્ઞમાં પ્રથમ અર્ઘ્યપ્રદાન, શિશુપાલવધ,

---

* ગુજરાત ઇતિહાસ પરિષદના ૯મા અધિવેશન (વડનગર)માં શ્રી. હરિદાસ. વિઠ્ઠલદાસ ગોકાણી સુવર્ણચંદ્રકને પાત્ર ઠરેલ અને અધિવેશનમાં તા. ૧૫-૧૧-૭૭ના રોજ વંચાયેલ નિબંધ.

૧ મહાભારત (૧. ૨૧૧. ૧૭)માં સુભદ્રા બલરામની સગી બહેન અને કૃષ્ણની સાવકી બહેન તરીકે ગણાવાઈ છે.

૨ અહીં આપેલ સંદર્ભ પૂનાના ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટયૂટે તૈયાર કરેલ મહાભારતની સમીક્ષિત વાચનામાંથી આપવામાં આવ્યા છે.

ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને વિરાટસ્વરૂપનું કરાવેલું દર્શન વગેરે પ્રસંગોમાં કૃષ્ણના દૈવી સ્વરૂપનો પણ મહિમા ગાવામાં આવ્યો છે. પાંડવોના સંદર્ભમાં મહાભારતકારને શ્રીકૃષ્ણનો જન્મ, બાલલીલા, કંસવધ, રુક્મિણીહરણ અને નરકાસુરવધ જેવા પ્રસંગો નિરૂપવાનો પ્રસંગ પડ્યો નથી.[3] શ્રીકૃષ્ણની ભાર્યાઓ તથા સંતાનોનો[4] પણ મહાભારતમાં ભાગ્યે જ ઉલ્લેખ આવે છે.

મહાભારતના ખિલ (પરિશિષ્ટ) તરીકે ગણાતા 'હરિવંશ'માં આ પ્રસંગોનું તથા આ કુટુંબપરિવારનું નિરૂપણ થયેલું છે. ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તરફથી ૧૯૬૯માં પ્રકાશિત થયેલ હરિવંશની સમીક્ષિત આવૃત્તિમાં ૯૮ અધ્યાય (જ્યાં હરિવંશ સમાપ્ત થતું) અને પછીથી ઉમેરાયેલા ૨૦ અધ્યાય એમ બધા મળી ૧૧૮ અધ્યાય બધી જ હસ્તપ્રતોમાં હોવાથી માન્ય થયા છે. તેમાં કૃષ્ણના પૂર્વજોનો વૃત્તાંત યદુકુલની વંશાવલી સાથે અધ્યાય ૨૩ના ૧૩૪મા શ્લોકથી શરૂ કરી અધ્યાય ૨૯ સુધી અર્થાત્ લગભગ ૬ અધ્યાયોમાં નિરૂપવામાં આવ્યો છે. યદુના પુત્ર ક્રોષ્ટુના વંશમાં શ્રીકૃષ્ણ જન્મ્યા (અ. ૨૩). અહીં કૃષ્ણના પૂર્વજ દેવમીઢુષને ક્રોષ્ટુનો પુત્ર દર્શાવાયો છે (અ. ૨૪), જ્યારે પુરાણોમાં આપેલી વંશાવલી અનુસાર દેવમીઢુષ તો ક્રોષ્ટુના ૪૧મા વંશજ વૃષ્ણિનો પુત્ર હતો. આમ અહીં પુરાણોના શ્લોકોનો મોટો સમૂહ છૂટી ગયો છે.[5] દેવમીઢુષના પુત્ર શૂર, શૂરના વસુદેવ અને વસુદેવના કૃષ્ણ. તેમજ ચિત્રા ઉર્ફે સુભદ્રા રોહિણીની પુત્રી હતી. એટલે તે બલરામની સગી બહેન અને કૃષ્ણની સાવકી બહેન હતી (૨૫.૩).

અધ્યાય ૨૬-૨૮માં ક્રોષ્ટુની વંશાવલી ફરી આપવામાં આવી છે. તેમાં અગાઉ છૂટી ગયેલાં ક્રોષ્ટુ અને દેવમીઢુષ વચ્ચેનાં નામ ઉમેરી લેવામાં આવ્યાં છે. ક્રોષ્ટુના વંશજોમાં દશાર્હ, મધુ, સત્વત, વૃષ્ણિ વગેરે ગણાવ્યા છે. વૃષ્ણિને સત્વતના પુત્ર કહ્યા છે. વૃષ્ણિના ચાર પુત્ર ગણાવ્યા છે. સુમિત્ર, યુધાજિત, દેવમીઢુષ અને અનમિત્ર. એમાં અનમિત્ર કનિષ્ઠ હોવા છતાં એના વંશજ પહેલા ગણાવવામાં આવ્યા છે. સ્યમંતક મણિને લગતો પ્રસંગ અહીં નિરૂપવામાં આવ્યો છે, અને તે પણ કૃષ્ણના જન્મના ય વૃત્તાંત પહેલાં. ત્યારબાદ વિષ્ણુના એક અવતાર તરીકે હરિએ વસુદેવને ત્યાં જન્મ લીધો એમ વર્ણવી અધ્યાય ૪૬ થી ૧૧૩માં અર્થાત્ કુલ ૬૮ અધ્યાયોમાં શ્રીકૃષ્ણ-ચરિત નિરૂપવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણના જન્મ તથા બાલલીલાઓના

---

૩ મહાભારતની દાક્ષિણાત્ય વાચનામાં અર્ઘાહરણપર્વમાં શ્રીકૃષ્ણના જીવનના કેટલાક પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે, જેમાં શકટાસુરવધ, યમલાર્જુનભંગ, કાલીયમર્દન, ગોવર્ધનધારણ, અરિષ્ટાસુરવધ, કંસવધ, નરકાસુરવધ, કૃષ્ણની આઠ ભાર્યાઓ (રુક્મિણી, સત્યભામા, જાંબવતી, સુકેશી, સુપ્રભા, લક્ષ્મણા, મિત્રવિંદા અને સુદત્તા), પારિજાતહરણપ્રસ્થાન અને બાણાસુરવધનો સમાવેશ થાય છે (મહાભારત, સમીક્ષિત વાચના, સભાપર્વ, પરિશિષ્ટ ૧.૨૧). સમીક્ષિત આવૃત્તિની માન્ય વાચનામાં આ પ્રસંગોનો સમાવેશ થયો નથી.

ભીષ્મે કરેલી શ્રીકૃષ્ણની સ્તુતિ(૨.૩૫)માં કેશિવધ, પૂતનાવધ, અશ્વવધ, વૃષભવધ, શકટાસુરવધ, ગોવર્ધનધારણ, કંસવધ જેવા પ્રસંગોનો માત્ર અછડતો ઉલ્લેખ આવે છે.

૪ કૃષ્ણનાં સંતાનોમાં સામ્બ વગેરેનો નિર્દેશ મૌસલપર્વ (૧૬.૨.૫)માં છે. પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધના પુત્ર વજ્રનો પણ ઉલ્લેખ છે (૧૬. ૮. ૧૧).

૫ શાસ્ત્રી હરિપ્રસાદ, 'હરિવંશમાં નિરૂપિત શ્રીકૃષ્ણ-ચરિત'; "સ્વાધ્યાય", પુ. ૧૩, અંક ૪, પૃ. ૩૫૩.

પ્રસંગોના નિરૂપણમાં તેમની અલૌકિક શક્તિઓ પ્રાધાન્ય ભોગવે છે. કૃષ્ણે બાલ્યાવસ્થામાં કરેલાં પરાક્રમોમાં પગ વડે ઉથલાવી પાડેલ શકટ (અ. ૫૦), પૂતનાવધ (અ. ૫૦), યમલાર્જુન-પાતન (અ. ૫૧), કાલીયનાગમર્દન (અ. ૫૬), ગોવર્ધનધારણ (અ. ૬૧) અને હલ્લીસકક્રીડન (અ. ૬૩)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત અરિષ્ટાસુરવધ (અ. ૬૪), કેશિવધ (અ ૬૭), કુબ્જાનો ઉદ્ધાર (અ. ૭૧), કુવલયાપીડવધ (અ. ૭૪), ચાણૂરમર્દન (અ. ૭૫), તોશલવધ અને કંસવધ (અ. ૭૬), જરાસંધ-પરાજય (અ. ૮૨), કાલયવનવધ (અ. ૮૫), દ્વારકાનિવેશ (અ. ૮૬), રૂક્મિણીહરણ (અ. ૮૭), નરકાસુરવધ (અ. ૯૧), પારિજાતહરણ (અ. ૯૨), પુનઃદ્વારકાનિવેશ (અ. ૯૩, ૯૪) અને કૃષ્ણની આઠ ભાર્યાઓ (રૂક્મિણી, કાલિંદી મિત્રવિંદા, સત્યા નાગ્નજિતી, રોહિણી, સુશીલા, સત્યભામા, લક્ષ્મણા અને સુદત્તા શૈબ્યા) તેમજ સંતાનોનું વર્ણન (અ. ૯૮) આવે છે. એમાં રૂક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન, તેનો પુત્ર અનિરૂદ્ધ અને અનિરૂદ્ધનો પુત્ર વજ્ર નોંધપાત્ર છે. અહીં વજ્રના પૌત્ર સુચારુ સુધી વંશાવલી ગણાવી છે. વૃષ્ણિવંશનો વૃત્તાંત નિરૂપતું મૂળ હરિવંશ અહીં સમાપ્ત થતું.[૬] પછીના સમયમાં ઉમેરાયેલા અધ્યાયોમાં બાણાસુરના પરાભવનો સમાવેશ થાય છે (અ. ૧૦૬–૧૧૨). શિશુપાલવધ, યાદવાસ્થલી અને શ્રીકૃષ્ણ-દેહોત્સર્ગ જેવા મહત્ત્વના પ્રસંગ મહાભારતમાં નિરૂપાયા હોઈ અહીં આપ્યા નથી. અહીં નિરૂપિત શ્રીકૃષ્ણના સમસ્ત ચરિતમાં તેમની અલૌકિક અને આશ્ચર્યમય શક્તિનો મહિમા ગાવામાં આવ્યો છે.

રામના ચરિત વિશે રામાયણ રચાયું, પાંડવોના ચરિત વિશે 'ભારત' અને 'મહાભારત'ની રચના થઈ તેમ શ્રીકૃષ્ણનું સળંગ ચરિત રચવાનો યશ પુરાણોને ફાળે જાય છે. પુરાણોનો મૂળ વિષય 'વંશ'–વંશાવલીઓ (મુખ્યત્વે રાજવંશાવલીઓ)ના નિરૂપણનો હતો. પછી એમાં 'વંશ્યાનુચરિત' ઉમેરાયું. વંશ્યાનુચરિત તે તે વંશના નિરૂપણની અંદર નામાંકિત વ્યક્તિઓનું કરવામાં આવતું. એમાંના વંશનિરૂપણમાં ઐક્ષ્વાકુ, ઐલ, યાદવ, પૌરવ ઇત્યાદિ અનેક રાજવંશ નિરૂપાતા. કેટલાક પુરાણોએ[૭] એ પૈકી યાદવવંશની અંદર વંશ્યાનુચરિતમાં શ્રીકૃષ્ણ-વાસુદેવના ચરિતનો સવિશેષ વિસ્તાર કર્યો. આ વૈષ્ણવ પુરાણોમાં બ્રહ્મપુરાણ સૌથી જૂનું મનાય છે.[૮] તેની સંશોધિત આવૃત્તિ પ્રકાશિત થઈ નથી. આથી આ પુરાણમાંની વિગતો માટે મુદ્રિત આવૃત્તિઓ પર આધાર રાખવો પડે છે. તેમાં કુલ ૨૪૫ અધ્યાય છે.[૯] એ પૈકી અધ્યાય ૧૩ થી ૧૬ અર્થાત્ ચાર અધ્યાયોમાં યદુઓની વંશાવલી આપવામાં આવી છે. આ જે વંશાવલી આપવામાં આવી છે, તે હરિવંશમાં આપેલ બંને વંશાવલીઓનું પ્રાયઃ શબ્દશઃ ઉદ્ધરણ જ છે. અધ્યાય ૧૫ અને ૧૬માં વંશાવલી ફરી આપવામાં આવી છે, અને અધ્યાય ૧૩ તથા ૧૪ની રહી ગયેલી ઘણી વિગતો

૬ Vaidya Parashuram L. (edi.), The Harivaṁśa, Vol. I, Critical Edition (Poona), Introduction, p. XXXVII.

૭ વાયુ, બ્રહ્માંડ અને મત્સ્યપુરાણ કૃષ્ણચરિત વંશાવલીમાં આપે છે. (Jadeja, Sumana P., A Critical Study of the Epical and the Purāṇic Traditions of the Yādavas and their Genealogies, type-written Thesis, p. 229).

૮ શાસ્ત્રી દુર્ગાશંકર, પુરાણ વિવેચન, પૃ. ૧૮૪.

૯ કેટલાક વિદ્વાનો બ્રહ્મપુરાણના અધ્યાય ૧૭૬ થી ૨૪૫ને પછીથી રચાયેલા માને છે (बलदेव उपाध्याय, पुराणविमर्श, पृ. ५३९).

ઉમેરી લીધી છે. આ સાથે વસુદેવથી કૃષ્ણોત્પત્તિ, કાલયવનના ભયથી યાદવોનું દ્વારકાગમન (અધ્યાય ૧૪), કૃષ્ણ-જામ્બવતી અને કૃષ્ણ-સત્યભામાવિવાહ (અ. ૧૬) વગેરે પ્રસંગોનો અહીં ઉલ્લેખ છે. ચિત્રા (સુભદ્રા)ને રોહિણીતનયા કહી છે (૧૪. ૪૧). સ્યમંતક મણિનો પ્રસંગ (અ. ૧૬, ૧૭) અહીં વંશાવલીના એક ભાગરૂપે આપવામાં આવ્યો છે. અધ્યાય ૧૮ થી ૧૭૯ સુધીમાં ભૂગોલવર્ણન, પાર્વતીઆખ્યાન, માર્કંડેય-આખ્યાન, તીર્થોનું વર્ણન જેવા ઈતર વિષયોનું નિરૂપણ થયેલું છે.

શ્રીકૃષ્ણનું ચરિત અધ્યાય ૧૮૦ થી ૨૧૨માં[૧૦] અર્થાત્ કુલ ૩૩ અધ્યાયોમાં નિરૂપવામાં આવ્યું છે. તેમાં કૃષ્ણજન્મ (અ. ૧૮૨), પૂતનાવધ, શકટભંગ, યમલાર્જુનપાત અને દામોદરસંજ્ઞા (અ. ૧૮૪), કાલીયનાગમર્દન (અ. ૧૮૫), ગોવર્ધનધારણ (અ. ૧૮૮), વૃષભાસુરવધ (અ. ૧૮૯), કેશિવધ (અ. ૧૯૦), કુવલયાપીડવધ અને ચાણૂર તોશલવધ (અ. ૧૯૩), કુબ્જાઉદ્ધાર તથા કંસવધ (અ. ૧૯૩), સાંદીપનિ પાસે અધ્યયન (અ. ૧૯૪), જરાસંધ-પરાજય (અ. ૧૯૫), દ્વારકાનિવેશ અને કાલયવનનાશ (અ. ૧૯૬), રુક્મિણીહરણ (અ. ૧૯૯), કૃષ્ણ ભાર્યાઓ (રુક્મિણી, કાલિંદી મિત્રવિંદા, સત્યા નાગ્નજિતી, જામ્બવતી, રોહિણી, સુશીલા માદ્રી, સત્યભામા અને લક્ષ્મણા)નાં તથા સંતાનોનાં નામ (અ. ૨૦૧), મુરવધ તથા નરકવધ (અ. ૨૦૨), પારિજાતહરણ (અ. ૨૦૩), દ્વારકાગમન (અ. ૨૦૪), કૃષ્ણના વંશજો (અ. ૨૦૫), બાણાસુરવધ (અ. ૨૦૬), પૌંડ્રક વાસુદેવવધ અને વારાણસીદાહ (અ. ૨૦૭), દ્વારકાત્યાગ, ભગવાનનું નિજધામગમન, યાદવનાશ (અ. ૨૧૦) વગેરે પ્રસંગો નિરૂપાયા છે. કૃષ્ણના વંશજોમાં પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને વજ્ર સુધી વંશાવલી ગણાવી છે (અ. ૨૦૫). અહીં નિરૂપિત કૃષ્ણ-ચરિતમાં દૈવી તત્ત્વનું પ્રમાણ વધ્યું છે.

વિષ્ણુપુરાણમાં નિરૂપિત કૃષ્ણચરિત બ્રહ્મપુરાણમાંના કૃષ્ણચરિતને પ્રાયઃ શબ્દશઃ મળતું આવે છે. આ પુરાણના છ અંશ છે. તેમાં કૃષ્ણના પૂર્વજોની વંશાવલી ચોથા અંશના અધ્યાય ૧૧ થી ૧૫ અર્થાત્ કુલ પાંચ અધ્યાયોમાં આપવામાં આવી છે. આ વંશાવલી હરિવંશ–બ્રહ્મપુરાણ કરતાં જુદા શ્લોકોમાં નવેસર આપવામાં આવી છે. અહીં યદુના પુત્ર ક્રોષ્ટુના વંશ જ સત્વતના ચાર પુત્રો ભજમાન, દેવાવૃધ, અંધક અને વૃષ્ણિ ઉપરાંત 'ભજિ', 'દિવ્ય' અને 'મહાભોજ'એ ત્રણ વિશેષણોને વિશેષ નામો માની બીજા ત્રણ પુત્ર ઉમેરે છે (૪. ૧૩. ૧). તેમાં વૃષ્ણિના સુમિત્ર, યુધાજિત અને અનમિત્ર એ ત્રણ પુત્રો ગણાવ્યા છે. કૃષ્ણ જેની શાખામાં જન્મ્યા તે દેવીમીઢુષને અંધકના દૂરના વંશ જ હૃદીકના પુત્ર દેવગર્ભ તરીકે ઓળખાવાયા છે (૪. ૧૪. ૨૪). એ દેવગર્ભ (દેવમીઢુષ)ના પુત્ર શૂર, શૂરના વસુદેવ અને વસુદેવના શ્રીકૃષ્ણ—આવો વંશાવલીનો ક્રમ અહીં બતાવાયો છે. સ્યમંતક મણિનો પ્રસંગ (૪. ૧૩) અહીં વંશાવલીમાં આપવામાં આવ્યો છે. વસુદેવની પત્નીઓમાં રોહિણી અને પૌરવીને અલગ ગણી છે (૪. ૧૫. ૧૯). કૃષ્ણના વંશજોમાં પ્રદ્યુમ્ન, તેનો પુત્ર અનિરૂદ્ધ, તેનો પુત્ર વજ્ર, વજ્રનો પુત્ર પ્રતિબાહુ અને પ્રતિબાહુના સુચારુ સુધી ઉલ્લેખ આવે છે.

---

૧૦ બ્રહ્મપુરાણની વેંકટેશ્વર પ્રેસની આવૃત્તિમાં કૃષ્ણચરિત અધ્યાય ૭૦ થી ૧૦૩ અર્થાત્ કુલ ૩૩ અધ્યાયોમાં આપવામાં આવ્યું છે.

વિષ્ણુપુરાણના પાંચમા અંશના અધ્યાય ૧ થી ૩૮ અર્થાત્ કુલ ૩૮ અધ્યાયોમાં કૃષ્ણનું અલૌકિક ચરિત નિરૂપવામાં આવ્યું છે. તેમાં કૃષ્ણની બાલલીલાઓના પ્રસંગો જેવા કે પૂતનાવધ (અ. ૫), શંકટભંજન, યમલાર્જુન ઉદ્ધાર (અ. ૬), કાલીયનાગદમન (અ. ૭), ગોવર્ધનધારણ (અ. ૧૧), રાસક્રીડા (અ. ૧૩), ઉપરાંત વૃષભાસુરવધ (અ. ૧૪), કેશિવધ (અ. ૧૬), રજકવધ (અ. ૧૯), કુબ્જા ઉદ્ધાર (અ. ૨૦), કુવલયાપીડવધ, ચાણૂરતોશલમર્દન તથા કંસવધ (અ. ૨૦), જરાસંધપરાજય (અ. ૨૨), કાલયવનનાશ (અ. ૨૩), રુકિમણીહરણ (અ. ૨૬), કૃષ્ણની ભાર્યાઓ (રુકિમણી, સત્યભામા, રોહિણી, સત્યા નાગ્નજિતી, સુશીલા માદ્રી, જામ્બવતી, લક્ષ્મણા અને મિત્રવિંદા કાલિંદી તથા સંતાનો-અ. ૩૨), નરકાસુરવધ (અ. ૨૯), પારિજાતહરણ (અ. ૩૦), દ્વારકાનિવેશ (અ. ૩૧), બાણાસુરયુદ્ધ (અ. ૩૩), પૌંડ્રકવધ અને વારાણસીદહન (અ. ૩૪), યાદવનાશ અને શ્રીકૃષ્ણ-દેહોત્સર્ગ (અ. ૩૭), જેવા પ્રસંગો[૧૧] નિરૂપાયા છે. વિષ્ણુપુરાણમાં શ્રીકૃષ્ણના ચરિતના અલૌકિક સ્વરૂપનું નિરૂપણ કરેલું છે.

શ્રીમદ્ ભાગવતમાં કૃષ્ણચરિત :

શ્રીકૃષ્ણનું આખું સળંગ ચરિત સંક્ષેપમાં વિષ્ણુપુરાણ અને બ્રહ્મપુરાણમાં મળે છે. તેનું વિસ્તૃત નિરૂપણ પહેલવહેલું ભાગવતમાં કરવામાં આવ્યું છે. ભાગવતમાં શ્રીકૃષ્ણની અલૌકિકતા તેમજ ભક્તિનું પ્રમાણ ખૂબ વધ્યું છે.

ભાગવતપુરાણ એનું નામ સૂચવે છે તેમ ભાગવતસંપ્રદાયનું પુરાણ છે. આજે પણ એ વૈષ્ણવોનું સૌથી મહત્ત્વનું અને સૌથી લોકપ્રિય પુરાણ છે.[૧૨] એના પર લખાયેલી વૃત્તિઓમાં પ્રાચીન અને પ્રામાણિક ટીકા શ્રીધરસ્વામી (૧૧મી સદી)ની છે. ભાગવતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું કાર્ય અમદાવાદના ભો. જે. વિદ્યાભવને શરૂ કર્યું છે.

ભાગવતપુરાણ (૨.૧૦.૧ થી ૭ અને ૧૨.૭.૯)માં મહાપુરાણનાં દસ લક્ષણ જણાવવામાં આવ્યાં છે.[૧૩] તેમાં વંશનિરૂપણનો સમાવેશ 'વંશ'માં અને કૃષ્ણચરિતનો સમાવેશ 'વંશાનુચરિત'માં થાય છે.

શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીભગવાને ઉપદેશેલી ભાગવત ધર્મની ભક્તિ આગળ જતાં આ ભાગવતપુરાણનો મુખ્ય વિષય બની. ભાગવતના કુલ ૧૨ સ્કંધ છે, અને તેની અધ્યાયસંખ્યા ૩૩૫ની[૧૪] છે. વંશવૃત્તાંત તેમજ કૃષ્ણચરિતના નિરૂપણમાં ભાગવત વિષ્ણુપુરાણને અનુસરે છે.

---

૧૧ અહીં દર્શાવેલ પ્રસંગો વિષ્ણુપુરાણની ગીતાપ્રેસની મુદ્રિત આવૃત્તિના આધારે આપવામાં આવ્યા છે. વડોદરાના ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ તરફથી વિષ્ણુપુરાણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર થઈ રહી છે.

૧૨ श्रीमद्भागवतं पुराणममलं यद्वैष्णवानां प्रियम् । (૧૨. ૧૩. ૧૮)

૧૩ સર્ગ, વિસર્ગ, વૃત્તિ, રક્ષા, મન્વંતર, વંશ, વંશાનુચરિત, સંસ્થા, હેતુ અને અપાશ્રય.

૧૪ શ્રીધરે પોતાની ટીકાની પ્રસ્તાવના (શ્લોક ૭)માં નોંધ્યું છે કે ભાગવતમાં કુલ ૧૨ સ્કંધ અને તેની અધ્યાય-સંખ્યા ૩૩૨ની છે. છતાં શ્રીધરે ૩૩૫ અધ્યાયો પર ટીકા રચી છે. કેટલાક વિદ્વાનો ૧૦મા સ્કંધના ૧૨, ૧૩ અને ૧૪મા અધ્યાયોને પ્રક્ષિપ્ત માને છે; કેટલાક ૮૮, ૮૯ અને ૯૦ને પ્રક્ષિપ્ત માને છે, શ્રીહરિલીલા ગ્રંથમાં બોપદેવ (શક સં. ૧૧૮૨) ભાગવતના અધ્યાયોની સંખ્યા ૩૩૧ ગણાવે છે (ભાગવત, ગુજ. ભાષાંતર, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ૮મી આવૃત્તિ, પૃ. ૩૨, ૩૩).

એમાં વંશવૃત્તાંત પ્રાચીન શ્લોકોને બદલે નવા શ્લોકોમાં આપવામાં આવ્યો છે. અને તે સામાન્ય રીતે સંક્ષેપમાં આપેલ છે. છતાં કેટલીક વાર ભાગવત પ્રાચીન પરંપરાઓનું સમર્થન કરે છે એ એનું ખાસ મહત્ત્વ ગણાય. યાદવોની વંશાવલી નવમા સ્કંધના અંતિમ દોઢ અધ્યાયમાં, દશમ સ્કંધના પહેલા ત્રણ અધ્યાયમાં અને એકાદશ સ્કંધના ૩૦મા અધ્યાયમાં આપેલી છે. એમાં જો વંશાનુચરિતનો સમાવેશ કરવામાં આવે તો ૯૦ અધ્યાયનો આખો દશમ-સ્કંધ અને ૩૧ અધ્યાયનો એકાદશ સ્કંધ યાદવોના વૃત્તાંતને લગતો ગણાય. અહીં કૃષ્ણચરિત વંશાવલીના અંતર્ગત ભાગરૂપે આપવામાં આવ્યું છે.

કૃષ્ણના પૂર્વજોની વંશાવલીમાં યદુના પુત્ર ક્રોષ્ટુના ૪૧મા વંશજ સાત્વતના ચાર પુત્રો ભજમાન, દેવાવૃધ, અંધક અને વૃષ્ણિ ઉપરાંત વિષ્ણુપુરાણને અનુસરી ' ભજિ ', ' દિવ્ય ' અને ' મહાભોજ ' એ ત્રણ વિશેષણોને વિશેષ નામો માની બીજા ત્રણ પુત્રો ઉમેરે છે(૯.૨૪. ૬-૭). અલબત્ત ભાગવત પછી વંશ તો પેલા ચારના જ ગણાવે છે. વૃષ્ણિના પુત્રોમાં સુમિત્ર અને યુધાજિત બે જ ગણાવે છે, તેમજ શિનિ અને અનમિત્રને યુધાજિતના પુત્રો ગણાવે છે. આ અનમિત્રના પુત્ર વૃષ્ણિ(રાજા)ના પુત્ર ચિત્રરથના વંશમાં જન્મેલા દૂરના વંશજ હૃદીકના ચાર પુત્રોમાં દેવમીઢ (દેવમીઢુષ) ગણાવે છે (૯. ૨૪. ૨૭).[૧૪અ] દેવમીઢના પુત્ર શૂરના પુત્ર વસુદેવ અને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ વાસુદેવ. વસુદેવના નવ ભાઈઓ (૯. ૨૪. ૨૮-૨૯) તથા વસુદેવની પત્નીઓ(૯. ૨૪. ૪૫)નો ઉલ્લેખ આવે છે. અહીં પૌરવી અને રોહિણીને અલગ ગણાવી છે (૯. ૨૪. ૪૬. ૪૭), સુભદ્રાને દેવકીની પુત્રી (૯. ૨૪. ૫૫) કહી છે. અહીં દેવકીના પુત્રોમાં સંકર્ષણનો સમાવેશ કરી કૃષ્ણને આઠમા પુત્ર ગણાવ્યા છે[૧૫](૯. ૨૪. ૫૫). અહીં કૃષ્ણને પહેલેથી વિષ્ણુના અવતાર તરીકે વર્ણવ્યા છે.

યદુવંશનો આટલો વૃત્તાંત નવમા સ્કંધમાં પૂરો થાય છે. પ્રથમ સ્કંધમાં શ્રીકૃષ્ણચરિતના પ્રસંગોનો ઉલ્લેખ આવે છે તેમાં શ્રીકૃષ્ણનું દ્વારકાગમન(અ. ૧૦), દ્વારકામાં આનંદ (અ. ૧૧), શ્રીકૃષ્ણસ્વધામગમન (અ. ૧૫)નો સમાવેશ થાય છે. એવી રીતે ત્રીજા સ્કંધના અધ્યાય ૨જામાં કેદખાનામાં શ્રીકૃષ્ણનો જન્મ, કાલયવનનો ભય, કંસવધ, પૂતનાવધ, કાલીય-મર્દન, ગોવર્ધનધારણ અને અધ્યાય ૩જામાં સાંદીપનિ પાસે અભ્યાસ, રુક્મિણી-વિવાહ,

---

બીજા કેટલાક વિદ્વાનો અધ્યાય ૮૭, ૮૮ અને ૮૯ને પ્રક્ષિપ્ત માને છે (એજન, પૃ. ૧૧૧૩, પા. ટી. ૧). ભાગવતની સંશોધિત આવૃત્તિ તૈયાર થતાં પ્રાયઃ આ મુદ્દો નિશ્ચિત થશે.

૧૪અ શ્રી સુમનાબેન જાડેજા એમના ઉપર્યુક્ત મહાનિબંધમાં નોંધે છે કે વિષ્ણુપુરાણ અને ભાગવતમાં હૃદીકના પુત્રોની યાદી પછી દેવમીઢુષનું વૃત્તાંત એકાએક આવે છે; ને વિષ્ણુપુરાણ હૃદીકનો પુત્ર દેવગર્ભ દેવમીઢુષ હોય તેમ તેનામાંથી કૃષ્ણના પૂર્વજોનો વંશ નિરૂપે છે (પૃ. ૧૬૩, પા. ટી. ૧). અહીં એમણે ભાગવતની વિગત નોંધી નથી, પરંતુ ભાગવતમાં દેવગર્ભની જગ્યાએ ગણાવેલો દેવમીઢ દેવમીઢુષ તરીકે વધારે બંધ બેસે છે, ને અહીં પણ કૃષ્ણના પૂર્વજોનો વૃત્તાંત તેનામાંથી જ નિરૂપેલો છે. દેવમીઢુષના વંશનું હૃદીકના કુળ સાથેનું આ અનુસંધાન સ્પષ્ટતઃ યથાર્થ નથી. છતાં આ બે પુરાણોમાં આ રીતે અનુસંધાન કર્યું હોઈ આ વૃત્તાંતનો આરંભ 'એકાએક' થયો ન ગણાય.

૧૫ વાયુપુરાણ (૯. ૬. ૧૭૪)માં સંકર્ષણનો સમાવેશ ન કરી કૃષ્ણને સાતમા પુત્ર કહ્યા છે.

નાગ્નજિતી સાથે લગ્ન, પારિજાતહરણ, ભૌમાસુરવધ, કાલયવન, જરાસંધ અને શાલ્વવધ, બાણાસુર, બલ્વલ અને દંતવક્ત્રવધના પ્રસંગનો આછો ઉલ્લેખ આવે છે.

દશમા સ્કંધમાં કૃષ્ણ-વાસુદેવનું ચરિત સવિસ્તર નિરૂપવામાં આવ્યું છે.

यदोर्वंशं नरः श्रुत्वा सर्वपापैः प्रमुच्यते ॥ ૨૪-૧૯નો ઉત્તરાર્ધ

यत्रावतीर्णो भगवान् परमात्मा नराकृतिः। ૨૪-૨૦નો પૂર્વાર્ધ

અહીં આરંભથી જ કૃષ્ણને વિષ્ણુના અવતાર કહ્યા છે. દશમસ્કંધમાં નિરૂપાયેલા શ્રીકૃષ્ણ-ચરિતના પ્રસંગો જાણીતા છે. શ્રીકૃષ્ણ દેવકીના ગર્ભમાં રહ્યા, બ્રહ્માદિ દેવોએ તેમની સ્તુતિ કરી (અ. ૨). અહીં દ્વિભુજ માનવ કૃષ્ણના સ્વરૂપમાં ચતુર્ભુજ દેવ વિષ્ણુના સ્વરૂપનું આરોપણ થયેલું છે. અધ્યાય ૬થી શ્રીકૃષ્ણની બાલલીલાઓના પ્રસંગો નિરૂપાયા છે. પૂતનાવધ (અ. ૬), શકટભંગ અને તૃણાવર્તવધ (અ. ૭), સ્વમુખમાં શ્રીકૃષ્ણે યશોદાને કરાવેલું વિરાટદર્શન (અ. ૮), યમલાર્જુનવધ (અ. ૧૦), વત્સાસુરવધ-બકાસુરવધ (અ. ૧૧), અઘાસુરવધ (અ. ૧૨),[૧૬] બ્રહ્મ પરાભવ (અ. ૧૩, ૧૪),[૧૬અ] કાલીયનાગમર્દન (અ. ૧૬), દાવનલપાત (અ. ૧૭), ગોવર્ધનધારણ (અ. ૨૫)ને આગળ જતાં, અરિષ્ટાસુરવધ (અ. ૩૬), કેશિવધ અને વ્યોમકવધ (અ. ૩૭)[૧૭] ઇત્યાદિ પ્રસંગોમાં બાલ કૃષ્ણનાં અદ્ભુત પરાક્રમ નિરૂપાયાં છે:

અધ્યાય ૬ થી ૧૮માં નિરૂપાયેલ લીલાપ્રસંગ શ્રીકૃષ્ણના બાલ્યકાળના છે. ગોપીઓને મુગ્ધ કરનાર કિશોર વેણુવાદક શ્રીકૃષ્ણનું મોહક સ્વરૂપ અધ્યાય ૨૦ થી શરૂ થાય છે. તેમના આ વેણુવાદનની અસર સ્થાવર જંગમ દરેક પર અદ્ભુત થાય છે તે દર્શાવતાં ભાગવતકાર કહે છે:

अस्पन्दं गतिमतां पुलकस्तरूणाम् ।

निर्योगपाशकृतलक्षणयोर्विचित्रम् ॥ ૧૦-૨૧-૧૯

ગોવર્ધનધારણ અને ગોવર્ધન મહોત્સવ (અ. ૨૫)ના પ્રસંગમાં શ્રીકૃષ્ણનું યોગસામર્થ્ય દર્શાવાયું છે. રાસક્રીડાવિષયક પંચાધ્યાયી[૧૮] એ ગોપીઓની શૃંગારરસપ્રધાન ભક્તિના નિરૂપણને લગતો સુપ્રસિદ્ધ વિભાગ છે. એમાં શ્રીકૃષ્ણ અદશ્ય થતાં ગોપીઓ જે વિરહવ્યથા અનુભવે છે તેનું નિરૂપણ કરેલું છે. વિરહાવસ્થામાં ગોપીઓએ કરેલી ભગવાનની સ્તુતિ હૃદયદ્રાવક છે, સ્તુતિને અંતે ભગવાન પ્રગટ થઈ તેઓને ખૂબ પ્રસન્ન કરે છે અને:

૧૬–૧૬અ અધ્યાય ૧૨, ૧૩, ૧૪ કેટલાકને મતે પ્રક્ષિપ્ત મનાય છે. તેમની દલીલ અનુસાર આ ત્રણ અધ્યાયો પર વલ્લભાચાર્યની ટીકા નથી. પરંતુ વૃંદાવનમાંથી પ્રકાશિત થયેલી સટીક ભાગવતની આવૃત્તિમાં આ અધ્યાયો પર પણ વલ્લભાચાર્યની ટીકા આપેલી છે.

તદુપરાંત શ્રીકૃષ્ણોપનિષદમાં અઘાસુરવધનો ઉલ્લેખ અને ગૌડપાદાચાર્યની ઉત્તરગીતાની વ્યાખ્યામાં ૧૪મા અધ્યાયના ૪થા શ્લોકનો ઉતારો કરેલો છે. આથી આ અધ્યાયો પ્રક્ષિપ્ત માનવા યોગ્ય નથી (ભાગવત, ગુજ. ભાષાંતર, ઉપર્યુક્ત, પૃ. ૩૭) એવી દલીલ રજૂ થઈ છે, પરંતુ આ કૃતિઓ ઉત્તરકાલીન છે.

૧૭ કુકકુટવધ પ્રસંગ પદ્મપુરાણમાં નિરૂપાયો છે, જે ભાગવતમાં નથી (પદ્મપુરાણની આનંદાશ્રમ મુદ્રણાલય આવૃત્તિ, ૬ ઉત્તરખંડ, અ. ૨૭૨).

૧૮ રાસક્રીડાના ત્રણ અધ્યાય પ્રક્ષિપ્ત છે, (છોટમકૃત કાવ્યસંગ્રહ, 'પુરુષોત્તમ સિદ્ધયોગીનું આખ્યાન', પૃ. ૬).

नाहं तु सख्यो भजतोऽपि जन्तून् ।
भजाम्यमीषामनुवृत्तिवृत्तये ॥ १०.३२.२०

'મને ભજનારાઓની નિરંતર મારામાં ધ્યાનપ્રવૃત્તિ રહે એ માટે હુ એમને ભજતો નથી' એમ કહી શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે રાસક્રીડા અને જલક્રીડા કરી.

અધ્યાય ૩૪માં શંખચૂડવધ અને અ. ૪૧માં રજકવધ તેમ જ અ. ૪૨માં કુબ્જા-ઉદ્ધારના પ્રસંગ નિરૂપાયા છે તેમાં શ્રીકૃષ્ણની ભક્તવત્સલતા પ્રગટ થયા વિના રહેતી નથી. કુવલયાપીડવધ (અ. ૪૩), ચાણૂર, શલ, તોશલવધ અને કંસવધ (અ. ૪૪) વગેરે પ્રસંગો નિરૂપાયા છે. ઉજ્જનમાં સાંદીપનિ પાસે વિદ્યાભ્યાસ કર્યો (અ. ૪૫), ત્યાંથી પાછા ફર્યા બાદ થોડા સમયે શ્રીકૃષ્ણ ગોપીઓને યાદ કરી વિરહાકુલ ગોપીઓને ઉદ્ધવ દ્વારા સંદેશ મોકલે છે (અ. ૪૬). દરમ્યાન ગોપીઓ ભ્રમરને દૂત તરીકે કલ્પી કૃષ્ણને સંદેશ મોકલી રહી હતી. આ ઊર્મિ-સભર 'ભ્રમરદૂત' પ્રસંગ (૪૭. ૧૨. ૨૧) 'મેઘદૂત' અને 'પવનદૂત' જેવાં કાવ્યોની સ્મૃતિ કરાવે છે.

क्वचिदपि स कथाः नः किंकरीणां गृणीते ।
भुजमगुरुसुगन्धं मूर्ध्न्यधास्यत् कदा नु ॥ १०-४७-२१

'અમારી દાસીઓની વાત ગૂંજે છે?' એટલું પણ શ્રીકૃષ્ણ યાદ કરતા હોય તો તેઓ ધન્યતા અનુભવે.

અધ્યાય ૪૮માં અક્રૂરને પાંડવોના સમાચાર મેળવવા હસ્તિનાપુર મોકલ્યા. અક્રૂરે કુન્તી પાસેથી સમાચાર મેળવ્યા (અ. ૪૯). અહીં દશમસ્કંધનો પૂર્વાર્ધ પૂરો થાય છે.

દશમ સ્કંધના ઉત્તરાર્ધમાં નિરૂપાયેલું કૃષ્ણચરિત દ્વારકાનિવાસી કૃષ્ણનું ચરિત છે. મથુરા છોડવા માટેના સંયોગો, દ્વારકામાં વાસ (અ. ૫૦), કાલયવનવધ (અ. ૫૧), રૂક્મિણીહરણ (અ. ૫૩), જાંબવતી અને સત્યાભામા સાથે વિવાહ (અ. ૫૬), સ્યમંતક મણિ પ્રસંગ (અ. ૫૬, ૫૭), કૃષ્ણના અન્ય પાંચ કન્યા સાથે વિવાહ (અ. ૫૮) વગેરે પ્રસંગો જાણીતા છે. ભાગવતમાં અહીં રૂક્મિણી, જાંબવતી, સત્યભામા, કાલિંદી, મિત્રવિંદા, સત્યા નાગ્નજિતી, ભદ્રા કૈકયી અને લક્ષ્મણા માદ્રી એ આઠ પત્નીઓ ગણાવી છે.[૧૯] અધ્યાય ૬૧માં દરેક પત્નીનાં સંતાન ગણાવતાં રૂક્મિણી, સત્યભામા, જાંબવતી, નાગ્નજિતી, કાલિંદી, મિત્રવિંદા, માદ્રી, ભદ્રા અને રોહિણી[૨૦] એમ નવ પત્નીઓ ગણાવી છે. આ બધી પત્નીઓને દસ દસ પુત્રો ગણાવ્યા છે.

મુરવધ, ભૌમાસુરવધ અને પારિજાતહરણ (અ. ૫૯), બાણાસુર સંગ્રામ (અ. ૬૩), નૃગરાજાનો ઉદ્ધાર (અ. ૬૪), પૌંડ્રક વાસુદેવવધ અને વારાણસીદાહ (અ. ૬૬), રાજસૂય

---

૧૯ જૈન કૃતિ स्थानाङ्गसूत्र (કંડિકા ૬૨૬)માં કૃષ્ણની આઠ પટ્ટરાણીઓનાં નામ આ પ્રમાણે આપવામાં આવ્યાં છે:

પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુસીમા, જાંબવતી, રુક્મિણી અને સત્યભામા.

૨૦ અહીં રોહિણીને બીજી ૧૬,૦૦૦ પત્નીઓના ઉપલક્ષણ તરીકે ગણાવી છે. એવું શ્રીધરનું અર્થઘટન અસ્થાને નથી (૧૦. ૬૧. ૧૮).

યજ્ઞમાં પાંડવોનો વિજય અને ભીમે કરેલ જરાસંધવધ (અ. ૭૨), શિશુપાલવધ (અ. ૭૪), મય દાનવની સભામાં દુર્યોધનનું અપમાન (અ. ૭૫), શાલ્વવધ (અ. ૭૭), દંતવક્ત્ર-વિદૂરથવધ (અ. ૭૮), બલ્વલવધ (અ. ૭૯) વગેરે ઉત્તરકાલીન પ્રસંગો જાણીતા છે. શ્રીદામાનો પ્રસંગ (અ. ૮૦, ૮૧) પરમ ભક્તના પ્રસંગ તરીકે નોંધપાત્ર છે.

બાણાસુર સંગ્રામનો પ્રસંગ (અ. ૬૧-૬૩), શ્રીકૃષ્ણ સંતતિવર્ણનની અંદર આપવામાં આવ્યો છે, આથી આ પ્રસંગ જરાસંધવધ પહેલાં મૂકવામાં આવ્યો છે.

સૂર્યગ્રહણ નિમિત્તે યાદવો કુરુક્ષેત્ર ગયા ત્યારે ત્યાં ગોપ-ગોપીઓનું મિલન થાય છે ને ભગવાન તેમને મળી આધ્યાત્મિક ભગવદ્ભક્તિનો ઉપદેશ આપે છે (અ. ૮૨). દેવકીના મૃત પુત્રોને પાછા લાવ્યા તે પ્રસંગ (અ. ૮૫), સુભદ્રાહરણ અને શ્રીકૃષ્ણનું મિથિલાગમન(અ. ૮૬), વેદોએ શ્રીકૃષ્ણની કરેલી સ્તુતિ(અ.૮૭), બ્રાહ્મણના મૃતપુત્રો પાછા લાવ્યા (અ. ૮૯) વગેરે પ્રસંગો જાણીતા છે. અ. ૯૦માં કૃષ્ણના વંશજો વજ્રના પૌત્ર સુબાહુના પૌત્ર શતસેન (શ્રુતસેન) સુધી આપેલ છે.

સ્કંધ ૧૧નો મુખ્ય વિષય યાદવકુલનો સંહાર (અ. ૩૦) અને શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ (અ. ૩૧) છે. અધ્યાય ૩૦નું મૂળ અધ્યાય ૧માં બ્રાહ્મણોએ યાદવોને આપેલ શાપમાં છે. અધ્યાય ૨ થી ૫માં ભક્તિ અને ભગવાનની અવતારલીલાઓ છે. અધ્યાય ૬માં સ્વધામ પધારવા દેવોએ શ્રીકૃષ્ણને કરેલ પ્રાર્થના છે, જેમાં કૃષ્ણના દેહોત્સર્ગનું મૂળ રહેલું છે. અધ્યાય ૭ થી ૨૯માં પ્રાયઃ જ્ઞાન અને ભક્તિના વિષયોનું નિરૂપણ કર્યું છે. મદ અને મદિરાથી ઉન્મત્ત થયેલા યાદવોનો પરસ્પર સંહાર થાય છે (અ. ૩૦) અને બલરામ તથા શ્રીકૃષ્ણે દેહોત્સર્ગ કર્યો (અ. ૩૧), કૃષ્ણના વંશજોમાં અહીં પ્રદ્યુમ્નના પૌત્ર વજ્રનો ઈન્દ્રપ્રસ્થમાં અભિષેક કર્યો એટલો ઉલ્લેખ આવે છે (૩૧-૨૫). ભગવાન શ્રીકૃષ્ણના ચરિતનું સંકીર્તન અહીં સમાપ્ત થાય છે.

પૂર્વવર્તી ગ્રંથોમાંથી આદાન :

યાદવકુલની વંશાવલી માટે ભાગવત પહેલાં હરિવંશ, બ્રહ્મપુરાણ[૨૧] અને વિષ્ણુપુરાણ[૨૨] હતાં; ને શ્રીકૃષ્ણચરિત માટે મહાભારત-હરિવંશ, બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણ હતાં.

ભાગવતકારે યાદવ-વંશાવલી માટે એ પૈકી હરિવંશ-બ્રહ્મપુરાણનો નહિ, પણ વિષ્ણુપુરાણનો આધાર લીધો છે. હરિવંશ અને બ્રહ્મપુરાણે વંશાવલીના બીજા વૃત્તાંતમાં સાત્વતના ચાર પુત્ર (ભજમાન, દેવાવૃધ, અંધક અને વૃષ્ણિ) ગણાવ્યા છે, જ્યારે વિષ્ણુપુરાણે 'ભજિ', 'દિવ્ય' અને 'મહાભોજ' વિશેષણોને વિશેષ નામો માની એ નામના ત્રણ પુત્ર વધુ ગણ્યા છે. ભાગવત આ બાબતમાં વિષ્ણુપુરાણને અનુસરે છે. ને છતાં આગળ જતાં બંને પુરાણ સાત્વતના પુત્રોનાં સંતાન ગણાવતાં મૂળ ચાર પુત્રોનો જ સમાવેશ કરે છે.

---

૨૧ અહીં સંદર્ભ માટે બ્રહ્મપુરાણની આનંદાશ્રમ મુદ્રણાલય, પૂનાની આવૃત્તિનો ઉપયોગ કર્યો છે.

૨૨ અહીં સંદર્ભ માટે વિષ્ણુપુરાણની ગીતાપ્રેસવાળી આવૃત્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

એ પૈકી વૃષ્ણિ સંબંધી વાયુ-બ્રહ્માંડ વગેરે પાંચ પુત્રો (સુમિત્ર, યુધાજિત્, દેવમીઢુષ, અનમિત્ર અને શિનિ) ગણાવે છે, જ્યારે હરિવંશ-બ્રહ્મપુરાણ ત્રણ (અનમિત્ર અર્થાત્ સુમિત્ર, યુધાજિત્ અને દેવમીઢુષ)અને વિષ્ણુપુરાણ ત્રણ (સુમિત્ર, યુધાજિત્ અને અનમિત્ર)ગણાવે છે, ને શિનિ તથા અનમિત્રને યુધાજિતના પુત્ર કહે છે. શ્રીકૃષ્ણ જેની શાખામાં જન્મ્યા તે દેવમીઢુષને વિષ્ણુપુરાણ હૃદીકના પુત્ર દેવગર્ભ તરીકે ઓળખાવે છે, ને એવી રીતે ભાગવત હૃદીકના પુત્ર દેવમીઢને દેવમીઢુષ ગણે છે. પરંતુ હૃદીકના પૂર્વજોની શાખાની બાબતમાં બંને પુરાણોમાં ભિન્ન ભિન્ન પ્રકારનો ગૂંચવાડો થયેલો છે.

વિષ્ણુપુરાણની જેમ અહીં દેવમીઢુષના પૌત્ર વસુદેવની પત્નીઓમાં રોહિણી અને પૌરવી બે અલગ ગણાવાઈ છે (૯. ૨૪. ૪૫). ખરી રીતે એ બંને એક જ હતી—પૌરવ કુલની રોહિણી.

હરિવંશ (૨૫.૩) અને બ્રહ્મપુરાણ (૧૪. ૪૧)માં રોહિણીની પુત્રી તરીકે ચિત્રા (સુભદ્રા)નો ઉલ્લેખ છે, જ્યારે વિષ્ણુપુરાણ અને ભાગવત રોહિણીનાં સંતાનોમાં એનો ઉલ્લેખ કરતા નથી. ભાગવત (૯. ૨૪. ૫૫)માં સુભદ્રાને દેવકીની પુત્રી કહી છે. મહાભારત (૧. ૫૫. ૫૩)માં સુભદ્રાને કૃષ્ણની નાની બહેન (અનુજા) કહી છે, જ્યારે ૧. ૨૧૧. ૧૭માં બલરામની સગી બહેન કહી છે.

યોગનિદ્રા દ્વારા ભગવાને બલરામના ગર્ભનું સંકર્ષણ કરાવી દેવકીના ઉદરમાંથી રોહિણીના ઉદરમાં સંક્રમણ કરાવ્યું તે પ્રસંગ વિષ્ણુપુરાણની જેમ ભાગવતમાં નિરૂપાયો છે.

શ્રીકૃષ્ણની પત્નીઓનાં નામોમાં કેટલોક ફેર જોવા મળે છે.[૨૩] રુકિમણી, સત્યભામા અને જાંબવતી બધામાં છે. જાંબવતી (જાંબવાનની પુત્રી)નું વ્યક્તિ નામ રોહિણી હતું. વિષ્ણુપુરાણમાં જાંબવતી, રોહિણીને બે ભિન્ન પત્નીઓ ગણી છે, ને શૈબ્યા સુદત્તાનું નામ કમી કર્યું છે, જ્યારે ભાગવતમાં મિત્રવિંદા કાલિંદીને બે ભિન્ન પત્નીઓ ગણી છે, શૈબ્યાનું નામ રદ કર્યું છે, ને સુશીલાને બદલે ભદ્રા ગણાવી છે. (૧૦ ૫૮; ૧૦. ૬૧; ૧૦. ૮૩). અધ્યાય ૬૧માં સંતાનોના સંદર્ભમાં આઠ પછી રોહિણી ઉમેરી છે પણ તે સ્પષ્ટતઃ વધારાની છે. મિત્રવિંદાને કાલિંદીથી ભિન્ન કહી અવંતીની જણાવી છે. સત્યા નાગ્નજિતીને હરિવંશે (અ. ૯૩) ગંધારની ને ભાગવતે (૧૦. ૫૮. ૩૨) કોશલની કહી છે. બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણમાં સત્યા નાગ્નજિતીના પ્રદેશનું નામ જણાવ્યું નથી. બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણમાં સુશીલાને મદ્ર દેશની કહેલી. ભાગવતમાં લક્ષ્મણાને માદ્રી કહી છે ને ભદ્રાને કેકયની કહી છે. નામભેદની આ વિગતો અંતે તુલનાત્મક કોષ્ટક–૧માં આપી છે.

શ્રીકૃષ્ણની બાલલીલાના પ્રસંગોનાં મૂળ વિષ્ણુપુરાણમાં છે, એનાં મૂળ વળી હરિવંશમાં રહેલાં છે.

કાલયવનનાશના પ્રસંગમાં મુચુકુંદના ક્રોધાગ્નિથી કાલયવન નાશ પામ્યો એ પૌરાણિક કલ્પના હરિવંશ, બ્રહ્મપુરાણ, વિષ્ણુપુરાણ અને ભાગવતમાં જોવા મળે છે.

---

૨૩ વાયુપુરાણ (૯૬. ૨૩૭, ૩૮), બ્રહ્માંડપુરાણ (૩. ૭૧. ૨૪૫–૨૪૬) અને હરિવંશ (૮૮. ૪૧–૪૨)માં આપેલ યાદી વધુ શ્રદ્ધેય ગણાય છે. (Sumana P. Jadejā, Op. Cit., P. 207)

પ્રદ્યુમ્ન-માયાવતીનો પ્રસંગ બ્રહ્મપુરાણ (અ. ૨૦૦), વિષ્ણુપુરાણ (૫. ૨૭) અને ભાગવત (૧૦. ૫૫)માં છે. બાણાસુર પરાજય, વારાણસીદહન વગેરે પ્રસંગો વિષ્ણુપુરાણ (૫. ૩૩; ૫. ૩૪) અને ભાગવત (૧૦. ૬૧-૬૩; ૧૦. ૬૬)માં આવે છે.

રાજા શાલ્વના વધનો પ્રસંગ હરિવંશમાં આપવામાં આવ્યો છે. બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણમાં આ પ્રસંગ નિરૂપાયો નથી. આથી આ પ્રસંગમાં ભાગવતનું મૂળ હરિવંશ કહી શકાય. રાજસૂયયજ્ઞ, જરાસંધવધ, શિશુપાલવધ અને મયદાનવની સભામાં દુર્યોધનનું અપમાન એ પ્રસંગોનું મૂળ મહાભારતમાં છે.

કૃષ્ણ-દેહોત્સર્ગ પ્રસંગમાં જરાના બાણપ્રહારથી કૃષ્ણે દેહ છોડ્યો એવો ઉલ્લેખ છે. બ્રહ્મપુરાણ (૧૪. ૩૮) પ્રમાણે જરા વસુદેવની પત્ની વડવા (વનરાજિ)નો પુત્ર હતો.[૨૪] વડવાને શૂદ્ર જાતિની ગણાવી છે. વિષ્ણુપુરાણ (૫. ૩૭. ૬૮)માં જરાને શિકારી જ કહ્યો છે. વિષ્ણુપુરાણને અનુસરી ભાગવત પણ આ બાબતમાં મૌન સેવે છે (૧૧. ૩૧).

આમ કૃષ્ણચરિતના નિરૂપણમાં ભાગવતપુરાણ પ્રાયઃ વિષ્ણુપુરાણને અનુસરે છે, ક્યાંક હરિવંશમાંથી ઉમેરે છે ને ક્યાંક મહાભારતમાંથી. પરંતુ એ જે નિરૂપે છે તેને રસભેર વિસ્તારે છે. જે પ્રસંગો મહાભારત–હરિવંશ, બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણ આપે છે તે પ્રાયઃ સર્વ-પ્રસંગો ભાગવતપુરાણમાં નિરૂપાયા છે. પરંતુ ભાગવત એ પ્રસંગોને યથાતથ અપનાવી લે છે ને એ જ ક્રમે નિરૂપે છે, એવું નથી.

ભાગવતનું મૌલિક પ્રદાન :

વંશાવલી-નિરૂપણમાં ભાગવતકારને વિષ્ણુપુરાણકાર કરતાં કેટલોક વધુ સંભ્રમ થયેલો છે, શ્રીકૃષ્ણની પત્નીઓનાં નામોની બાબતમાં પણ આવી ટીકા લાગુ પડે તેમ છે. પરંતુ કૃષ્ણચરિતના નિરૂપણમાં ભાગવતકારનું કેટલુંક ગણનાપાત્ર મૌલિક પ્રદાન રહેલું છે.

પહેલું તો શ્રીકૃષ્ણનાં પરાક્રમોમાં ભાગવતકારે તૃણાવર્તવધ (૧૦. ૭), યશોદાને કરાવેલ વિરાટદર્શન (૧૦. ૮), વત્સાસુરવધ, બકાસુરવધ (૧૦. ૧૦, ૧૧), અઘાસુરવધ (૧૦. ૧૨), શંખચૂડવધ (૧૦. ૩૪), વ્યોમાસુરવધ (૧૦. ૩૭), દંતવક્ત્રવધ (૧૦. ૭૮) જેવા પ્રસંગો નવા ઉમેર્યા છે.[૨૫]

ગોપીચીરહરણ પ્રસંગ, અક્રૂરને પાંડવોની ખબર કાઢવા મોકલ્યા તે પ્રસંગ અને સૂર્યગ્રહણ નિમિત્તે યાદવો કુરુક્ષેત્ર ગયા ત્યારે ત્યાં ગોપ-ગોપીઓનું મિલન થાય છે તે પ્રસંગ ભાગવતકારના મૌલિક છે.

---

૨૪ બ્રહ્મપુરાણ (૧૪.૩૮)માં વસુદેવની પત્નીઓમાં પરિચારિકારૂપ આ વડવા(વનરાજિ)નો સમાવેશ થયેલો છે. પરંતુ કેટલીક હસ્તપ્રતોમાં આ શ્લોક નથી.

૨૫ એથી ઊલટું કોઇ પ્રસંગો મહાભારત-હરિવંશમાં ઉલ્લિખિત કે નિરૂપિત હોવા છતાં ભાગવતકારે લીધા નથી એવું પણ જોવા મળે છે, જેમકે નૈષાદિ (એકલવ્ય) વધ (મહા. ૭. ૧૫૫. ૨૯; ૧૫૬.૨) યાદવ કશેરુમાન, સૌભના દ્યુમત્સેન અને ઇન્દ્રદ્યુમ્નનો કૃષ્ણે કરેલો વધ (હરિ. ૯૭.૫-૬), ઇરાવતીમાં ગોપતિ અને તાલકેતુનો વધ (હરિ. ૯૭.૯) તેમ જ પીઠ, અસિલોમ અને જંભનો વધ (હરિ. ૯૭.૨૫).

બીજું ભાગવતકારે કેટલાક પ્રસંગોને—ખાસ કરીને સ્યમંતક મણિ સંબંધી થયેલા મિથ્યા-રોપણના એ બે પ્રસંગો અને એ નિમિત્તે થયેલ જાંબવતી–વિવાહ અને સત્યભામા-વિવાહના પ્રસંગોને, હરિવંશ, બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણની જેમ વંશાવલીમાં ન રાખતાં કૃષ્ણચરિતની અંદર એના યોગ્ય સ્થાને ગોઠવ્યા છે.

હરિવંશ, બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણ અનુસાર રૂક્મિણીહરણ પ્રસંગમાં કૃષ્ણ અને રૂક્મિણી પરોક્ષ પરિચયથી પરસ્પરને ચાહતાં હતાં. ભાગવતમાં એથી આગળ વધી રૂક્મિણીએ છૂપો સંદેશ મોકલી કૃષ્ણને અપહરણ માટે આમંત્રણ મોકલેલું.

ભ્રમરદૂતનો ઊર્મિ-સભર પ્રસંગ મૌલિક છે અને સંસ્કૃત સાહિત્યનાં દૂતકાવ્યો માટે પ્રેરણારૂપ છે.

શ્રીદામાનો પ્રસંગ ભાગવતમાં પહેલવહેલો નિરૂપાયો છે, આ પ્રસંગ ગુજરાતી સાહિત્યમાં બહુ લોકપ્રિય નીવડ્યો છે, આ પ્રસંગ કાલાનુક્રમે બનેલો નહીં, પણ પ્રકીર્ણ પ્રકારનો હોઈ ભાગવતના અંતમાં મુકાયો છે.

ભાગવતપુરાણ એ ભગવદ્ભક્તિનો શ્રેષ્ઠ ગ્રંથ હોઈ એમાં ભક્તિનો અપાર મહિમા ગાયેલો છે. આરંભથી જ કૃષ્ણને વિષ્ણુના અવતાર તરીકે વર્ણવ્યા છે, દશમ સ્કંધના આરંભમાં જ ભાગવતકાર કૃષ્ણને માનવ-અંશરૂપે અવતરેલા વિષ્ણુ તરીકે આલેખે છે.

यदोश्च धर्मशीलस्य नितरां मुनिसत्तम ।
तत्रांशेनावतीर्णस्य विष्णोर्वीर्याणि शंस नः ॥ १०-१-२

દશમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં વસુદેવ અને દેવકીએ સંતાન-સ્વરૂપ ભગવાનની કરેલી સ્તુતિનું વર્ણન છે.

કૃષ્ણની બાલલીલાના પ્રસંગોમાં અને રાસલીલા જેવા પ્રસંગોમાં ભક્તિનું પ્રાધાન્ય પ્રવર્તે છે. યશોદાને કૃષ્ણે કરાવેલ વિરાટદર્શનમાં પણ અતિમાનવ તત્ત્વનું દર્શન થાય છે. રાસ-પંચાધ્યાયી જેવા પ્રસંગોમાં શૃગારરસપ્રધાન ભક્તિનું તત્ત્વ જોવા મળે છે. ગોપીઓએ કરેલી ભગવાનની સ્તુતિ હૃદયને પીગળાવી દે તેવી છે.

અધ્યાય ૩૬માં ભાગવતપ્રવર દેવર્ષિ શ્રીકૃષ્ણને એમના અવતારનું મુખ્ય પ્રયોજન યાદ કરાવે છે:

अवतीर्णो विनाशाय सेतूनां रक्षणाय च ॥ ३६-१४

અધ્યાય ૪૦માં અક્રૂરે કરેલી ભગવાનની સ્તુતિના આરંભમાં સૃષ્ટિના આદ્યકારણરૂપ બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાનપ્રચુર વર્ણન છે, પરંતુ તેના અંતમાં તો પ્રપત્તિ પ્રકારની ભક્તિનું નિરૂપણ છે. અક્રૂર ભગવાનનું શરણ લે છે :

नमस्ते वासुदेवाय सर्वभूतक्षयाय च ।
हृषीकेश नमस्तुभ्यं प्रपन्नं पाहि मां प्रभो ॥ ४०-३०

જરાસંધવધ પછી, તેણે કેદ કરેલા રાજાઓને શ્રીકૃષ્ણે મુક્ત કર્યા ત્યારે તેઓ ચતુર્બાહુ વાસુદેવને શરણે આવ્યા અને તેમણે ભગવાનની સ્તુતિ કરી તેમાં પ્રપત્તિ પ્રકારની ભક્તિ જણાય છે.

સૂર્યગ્રહણ નિમિત્તે યાદવો કુરુક્ષેત્રમાં ગયા, વસુદેવે કુરુક્ષેત્રમાં યજ્ઞ કર્યો અને ત્યાં શ્રીકૃષ્ણે ગોપ-ગોપીઓને મળી આધ્યાત્મિક ભગવદ્ભક્તિનો બોધ આપ્યો તેમાં :

अहं हि सर्वभूतानामादिरन्तोऽन्तरं बहिः । (श्लो. ४६)

ભગવદ્‌ગીતાના अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥ (૧૦. ૨૦)એ વચનનું સ્મરણ કરાવે છે.

અધ્યાય ૮૬માં શ્રીકૃષ્ણભક્ત બ્રાહ્મણ શ્રુતદેવની તથા રાજા બહુલાશ્વની ભક્તિ અને અધ્યાય ૮૭માં વેદોએ કરેલી સ્તુતિ મૌલિક છે. આ સ્તુતિ ઘણી લોકપ્રિય છે. એમાં ભગવાનના સગુણ-નિર્ગુણ સ્વરૂપનું વર્ણન છે. અધ્યાય ૮૯માં બીજા દેવોની ભક્તિથી સંપત્તિ જ મળે છે, જ્યારે વિષ્ણુની ભક્તિ મોક્ષપ્રદ છે તેમ જણાવી વિષ્ણુની શ્રેષ્ઠતા સ્થાપિત કરી છે.

સ્કંધ ૧૧ના ૧૬મા અધ્યાયમાં નિરૂપિત વિભૂતિયોગ ભગવદ્‌ગીતાના ૧૦મા અધ્યાયના વિભૂતિયોગ સાથે ઘણું સામ્ય ધરાવે છે. ૨૦મા અધ્યાયમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણે યોગોનું નિરૂપણ ભગવાનના મુખે કરાવ્યું છેઃ—

योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयोविधित्सया ।
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचित् ॥ (२०-६)

અંતમાં ' જે શ્રદ્ધાપૂર્વક વિષ્ણુના જન્મ અને કર્મોનું કીર્તન કરે છે તે સર્વ પાપમાંથી મુક્ત થાય છે ' એમ કહી શ્રીકૃષ્ણના મહિમાનું કીર્તન કરવામાં આવ્યું છે.[૧]

આમ મહાભારતમાં જે અનુશ્રુતિઓ મળે છે તેમાં પ્રાયઃ ઐતિહાસિકતા જોવા મળે છે. પરંતુ સમયના વહેણની સાથે ઐતિહાસિક દૃષ્ટિ ઓછી થતી ગઈ અને ભક્તિનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ગયું. ભાગવતપુરાણમાં ભક્તિના તત્ત્વની ચરમ સીમા જણાય છે.

આથી સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં ભાગવતનું માહાત્મ્ય દર્શાવતા કહ્યું છેઃ

श्रोतव्यं मम शास्त्रं हि यशोधर्मजयार्थिना ।
पापक्षयार्थं लोकेश मोक्षार्थं धर्मबुद्धिना ॥

" ભાગવતના આ શાસ્ત્રનું શ્રવણ યશ, ધર્મ અને જય તો અપાવે છે જ, ઉપરાંત પાપક્ષય અને ધર્મબુદ્ધિ દ્વારા મોક્ષ પણ અપાવે છે. "

અગાઉના કાલની સરખામણીએ હિંદુધર્મમાં ભક્તિનું પ્રસારણ વિપુલ પ્રમાણમાં થયું. ભક્તિની લોકપ્રિયતા વૈષ્ણવ સંપ્રદાયમાં સવિશેષ વિકસી અને ભગવાન શ્રીકૃષ્ણના ચરિતના વિવિધ પ્રસંગો દેવાલયોની શિલ્પકૃતિઓમાં તેમજ લલિત સાહિત્ય કૃતિઓમાં લોકપ્રિય થયા. ભક્તિની, વિશેષતઃ શ્રીકૃષ્ણભક્તિની આ લોકપ્રિયતામાં શ્રીમદ્‌ભાગવતપુરાણનું વિપુલ પ્રદાન રહેલું છે. ગુજરાતનાં દેવાલયોમાં કાલીયમર્દન, ગોવર્ધનધારી, મુરલીધર ઇત્યાદિની શિલ્પકૃતિઓમાં તેમજ ગુજરાતી સાહિત્યમાં ' ઓખાહરણ ' અને ' સુદામાચરિત્ર ' જેવા આખ્યાનોમાં ભગવદ્‌ભક્તિની લોકપ્રિયતા પ્રતિબિંબિત થાય છે. કવિ પ્રેમાનંદે ગુજરાતી પદ્યમાં રચેલો ' દશમસ્કંધ ', શ્રીમદ્‌-ભાગવતપુરાણની લોકપ્રિયતાનું સીધું દૃષ્ટાંત પૂરું પાડે છે.

ભાગવતપુરાણમાંના શ્રીકૃષ્ણ-ચરિતના નિરૂપણની મહાભારત, હરિવંશ, બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણમાંના નિરૂપણ સાથે તુલના કરતાં ભાગવતપુરાણમાંનું આદાનપ્રદાન કેવું હતું તે કોષ્ટક ૨ માં આપેલા મહત્ત્વના પ્રસંગો પરથી સ્પષ્ટ થશે.

કોષ્ટક ૧

શ્રીકૃષ્ણની ભાર્યાઓ

હરિવંશ ૮૮.૪૧, ૪૨	બ્રહ્મપુરાણ ૨૦૪.૧-૪	વિષ્ણુપુરાણ ૫.૨૮.૩-૫	ભાગવતપુરાણ ૧૦.૫૮	ભાગવતપુરાણ ૧૦.૬૧.૧૩-૧૯	ભાગવતપુરાણ ૧૦.૮૩
રુકિમણી	રુકિમણી	રુકિમણી	રુકિમણી	રુકિમણી	રુકિમણી
કાલિંદી મિત્રવિંદા	કાલિંદી મિત્રવિંદા	સત્યભામા	સત્યભામા	સત્યભામા	સત્યભામા
સત્યા નાગ્નજિતી	સત્યા નાગ્નજિતી	રોહિણી	જાંબવતી	જાંબવતી	જાંબવતી
રોહિણી	જાંબવતી	જાંબવતી	કાલિંદી	સત્યા નાગ્નજિતી	સત્યા નાગ્નજિતી
સુશીલા	રોહિણી	સત્યા નાગ્નજિતી	મિત્રવિંદા	કાલિંદી	કાલિંદી
સત્યભામા	સુશીલા	સુશીલા માદ્રી	સત્યા નાગ્નજિતી	મિત્રવિંદા	મિત્રવિંદા
લક્ષ્મણા	સત્યભામા	લક્ષ્મણા	ભદ્રા	લક્ષ્મણા	લક્ષ્મણા
સુદત્તા શૈબ્યા	લક્ષ્મણા	કાલિંદી મિત્રવિંદા	લક્ષ્મણા માદ્રી	ભદ્રા	ભદ્રા
				રોહિણી (વધારાની)	

કોષ્ટક ૨

મહાભારત તથા પુરાણોમાં નિરૂપિત શ્રીકૃષ્ણના જીવનના પ્રસંગો

	પ્રસંગો	મહાભારત (સમીક્ષિત વાચના)	હરિવંશ (સમીક્ષિત વાચના)	બ્રહ્મપુરાણ	વિષ્ણુપુરાણ	ભાગવત
૧	પૂતનાવધ	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	અ. ૫૦	અ. ૧૮૪	૫.૫	૧૦.૬
૨	શકટભંગ	,,	,,	,,	૫.૬	૧૦.૭
૩	તૃણાવર્તવધ	—	—	—	—	૧૦.૭
૪	યમલાર્જુનપાત	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	અ. ૫૧	અ. ૧૮૪	૫.૬	૧૦.૧૦
૫	વત્સાસુરવધ, બકાસુરવધ	—	—	—	—	૧૦.૧૧
૬	અઘાસુરવધ	—	—	—	—	૧૦.૧૨
૭	કાલીયનાગદમન	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	અ. ૫૬	અ. ૧૮૫	૫.૭	૧૦.૧૬
૮	ગોવર્ધનધારણ	,,	અ. ૬૧	અ. ૧૮૮	૫.૧૧	૧૦.૨૫
૯	શંખચૂડવધ	—	—	—	—	૧૦.૩૪
૧૦	વૃષભાસુરવધ	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	અ. ૬૪	અ. ૧૮૯	૫.૧૪	૧૦.૩૬
૧૧	કેશિવધ	,,	અ. ૬૭	અ. ૧૯૦	૫.૧૬	૧૦.૩૭
૧૨	વ્યોમકવધ	—	—	—	—	૧૦.૩૭

	પ્રસંગો	મહાભારત (સમીક્ષિત વાચના)	હરિવંશ (સમીક્ષિત વાચના)	બ્રહ્મપુરાણ	વિષ્ણુપુરાણ	ભાગવત
૧૩	કુવલયાપીડવધ	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	અ. ૭૪	અ. ૧૯૩	૫.૨૦	૧૦.૪૩
૧૪	ચાણૂરવધ	,,	અ. ૭૫	અ. ૧૯૩	૫.૨૦	૧૦.૪૪
૧૫	તોશલવધ	—	અ. ૭૬	અ. ૧૯૩	૫.૨૦	૧૦.૪૪
૧૬	કંસવધ	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	અ. ૭૬	અ. ૧૯૩	૫.૨૦	૧૦.૪૪
૧૭	સાંદીપનિના પુત્રને સજીવન કર્યો	,,	અ. ૭૯	અ. ૧૯૪	૫.૨૧	૧૦.૪૫
૧૮	કરવીરપુરના શૃગાલ-વાસુદેવનો વધ	—	પરિ. ૧.૧૮	—	—	—
૧૯	કાલયવનવધ	—	અ. ૮૫	અ. ૧૯૬	૫.૨૩	૧૦.૫૧
૨૦	રુક્મિણીહરણ	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	અ. ૮૭	અ. ૧૯૯	૫.૨૬	૧૦.૫૩
૨૧	નરકાસુરવધ	,,	અ. ૯૧	અ. ૨૦૨	૫.૨૯	૧૦.૫૯
૨૨	પારિજાતહરણ	,,	અ. ૯૨	અ. ૨૦૩	૫.૩૦	૧૦.૫૯
૨૩	નિકુંભ રાક્ષસવધ	—	પરિ. ૧.૨૯	—	—	—
૨૪	બાણાસુર સંગ્રામ	પરાજય (પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧) વધ (૫.૬૧; ૫.૧૨૮)	અ. ૧૧૦	અ. ૨૦૬	૫.૩૩	૧૦.૬૧-૬૩

	પ્રસંગો	મહાભારત (સમીક્ષિત વાચના)	હરિવંશ (સમીક્ષિત વાચના)	બ્રહ્મપુરાણ	વિષ્ણુપુરાણ	ભાગવત
૨૫	પૌંડ્રક વાસુદેવવધ	(૨.૧૩)	પ્રક્ષિપ્ત, પરિ. ૧.૩૧	અ. ૨૦૭	૫.૩૪	૧૦.૬૬
૨૬	વારાણસીદાહ	(પ્રક્ષિપ્ત, સભાપર્વ, પરિ. ૧.૨૧)	(અ. ૯૭)	અ. ૨૦૭	૫.૩૪	૧૦.૬૬
૨૭	એકલવ્ય નૈષાદિવધ	(૭.૧૫૬)	પ્રક્ષિપ્ત, પરિ. ૧.૩૧	—	—	—
૨૮	શિશુપાલવધ	૨.૩૭-૪૨	(અ. ૧૦૫)	—	—	૧૦.૭૪
૨૯	શાલ્વવધ	૩.૨૨; ૩.૨૩	(અ. ૯૭, ૧૦૫)	—	—	૧૦.૭૭
૩૦	દંતવક્રવધ, વિદૂરથવધ	—	—	—	—	૧૦.૭૮
૩૧	શ્રીદામ-અનુગ્રહ	—	—	—	—	૧૦.૮૧

નોંધ :—જ્યાં સ્થાનાંક કૌંસમાં દર્શાવ્યા છે, ત્યાં તે તે પ્રસંગનો માત્ર અછડતો ઉલ્લેખ આવે છે.

વેંકટાધ્વરિકૃત 'ઉત્તરરામચરિતચંપૂ'

મણિભાઈ ઈ. પ્રજાપતિ

સંસ્કૃત સાહિત્યસૃષ્ટિમાં 'વિશ્વગુણાદર્શચંપૂ'ના કર્તારૂપે પ્રસિદ્ધ પામેલા દાક્ષિણાત્ય (તામિલનાડુનિવાસી) કવિ વેંકટાધ્વરી(ઈ.સ. ૧૫૯૦-૧૬૬૦)એ સાહિત્ય અને શાસ્ત્ર સાથે સંબદ્ધ અસંખ્ય કૃતિઓ રચીને સંસ્કૃત વાઙ્મયની ગૌરવશ્રીમાં અભિવૃદ્ધિ કરી છે. વિદ્વાનોના ઉલ્લેખો, હસ્તલિખિત ગ્રંથોની સૂચિઓ તેમ જ પ્રકાશિત કૃતિઓના આધારે કહી શકાય કે વેંકટાધ્વરીના નામે કુલ ૨૬ જેટલી કૃતિઓનાં નામ પ્રકાશમાં આવ્યાં છે.

આચાર્ય દંડી સર્વપ્રથમ ગદ્યપદ્યાત્મક ચંપૂકાવ્યનો નિર્દેશ કરે છે.* તેથી લગભગ ઇસુની છઠ્ઠી સદી કે તે પૂર્વેથી સંસ્કૃત સાહિત્યમાં ચંપૂકાવ્યના નિર્માણનો આરંભ થયો હશે, એમ કહી શકાય. ઇસુની ૧૫મી સદી સુધીમાં રચાયેલાં ઉપલબ્ધ ચંપૂકાવ્યોમાં ત્રિવિક્રમભટ્ટ (ઈ.સ. ની દશમી સદી)કૃત 'નલચંપૂ', રાજા ભોજ (દશમી સદી)કૃત 'રામાયણચંપૂ', સોમદેવસૂરિ (દશમી સદી)રચિત 'યશસ્તિલકચંપૂ', અભિનવ કાલિદાસ (અગિયારમી સદી)રચિત 'ભાગવતચંપૂ', કવિ કર્ણપૂર (ચૌદમી-પંદરમી સદી)કૃત 'આનન્દવૃન્દાવનચંપૂ' ઇત્યાદિ સાહિત્યિક સમૃદ્ધિથી યશસ્વી બન્યાં છે. આ કાવ્યપ્રકારનું સૌથી વધુ ખેડાણ ઈ.સ.ની ૧૫મીથી ૧૮મી સદી દરમિયાન થયું અને તે પણ ખાસ કરીને દક્ષિણ ભારતમાં સંસ્કૃત ઉપરાંત દક્ષિણની તામિલ, તેલુગુ અને કેરલી ભાષાઓમાં પણ આ યુગ દરમિયાન પૌરાણિક, ઐતિહાસિક તેમ જ શૈવ-વૈષ્ણવ આચાર્યોના ચરિતવિષયક અસંખ્ય ચંપૂકાવ્યોનું સર્જન થયું.

ચંપૂકાવ્ય-સર્જન શૈવ-વૈષ્ણવ કવિઓનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે. તેમણે પોતાના દાર્શનિક સંપ્રદાયના આચાર્યો, સિદ્ધાન્તો, ભક્તિભાવ, દેવતાઓ તેમ જ તીર્થક્ષેત્રોનું માહાત્મ્ય ચંપૂકાવ્યોના માધ્યમથી પ્રકાશિત કર્યું. તેથી કહી શકાય કે ૧૫ મીથી ૧૮મી સદીમાં ચંપૂસર્જનનું સર્વાધિક પ્રેરક-બળ શૈવ-વૈષ્ણવ સંપ્રદાયો છે. આ સમયના રામાનુજીય વૈષ્ણવ કવિ વેંકટાધ્વરીએ પણ 'વિશ્વગુણાદર્શ', 'ઉત્તરરામચરિત' અને 'વરદાભ્યુદય' જેવી ચંપૂ કૃતિઓના માધ્યમથી પોતાની વૈષ્ણવી ભક્તિભાવના અને દાર્શનિક્તાનું તો દર્શન કરાવ્યું, સાથે સાથે સંસ્કૃત ચંપૂકાવ્યના વિકાસમાં અને તેને નવું રૂપ પ્રદાન કરવામાં પણ ગણનાપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી. વેંકટાધ્વરીના નામે એક ચોથી ચંપૂ-કૃતિ 'શ્રીનિવાસવિલાસ' પ્રાપ્ત થાય છે, પરંતુ તેનું કર્તૃત્વ સંદિગ્ધ છે.

વેંકટાધ્વરિકૃત 'ઉત્તરરામચરિતચંપૂ'[1] દક્ષિણ ભારતમાં ખૂબ લોકપ્રિય બન્યું હશે, એવું અનુમાન એની ઉપલબ્ધ હસ્તપ્રતો પરથી થઈ શકે. અદ્યાર લાયબ્રેરી, અદ્યારમાં એની નવ હસ્ત-

* કાવ્યાદર્શ, ૧/૩૧

૧ (અ) ગોપાલ નારાયણ ઍન્ડ કું., મુંબઈથી નાગરીલિપિમાં પ્રકાશિત

(બ) એમ. એસ. પી. તિરુમલાચાર્યની ટીકા સાથે કૃષ્ણવિલાસ પ્રેસ, બેંગલોરથી ઈ.સ. ૧૮૮૮માં તેલુગુમાં પ્રકાશિત (પ્રત અપ્રાપ્ય)

પ્રતો (નં. ૯૪૪ થી ૯૫૨) પ્રાપ્ત થાય છે. એમાં એક (નં. ૯૫૨) તેલુગુ લિપિમાં છે.[૨] ગવર્નમેન્ટ ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટ્સ લાયબ્રેરી, મદ્રાસમાં પણ એની બે હસ્તપ્રતો (નં. ૧૨૨૦, ૧૨૨૧) ઉપલબ્ધ છે. એમાંની એક (નં. ૧૨૨૧) તેલુગુ લિપિમાં છે.[૩]

કથાનક : 'ઉત્તરરામચરિતચંપૂ'ની કથાનો મૂળ સ્રોત વા. રામાયણનું ઉત્તરકાંડ છે. વેંકટાધ્વરીને આ ચંપૂકાવ્યની રચના-પ્રેરણા ભોજરાજના 'રામાયણચંપૂ' અને લક્ષ્મણસૂરિના 'ચંપૂરામાયણ-યુદ્ધકાંડ'માંથી પ્રાપ્ત થઈ છે. ભોજરાજે વા. રામાયણના બાલકાંડથી સુંદરકાંડ (૧ થી ૫ કાંડ) પર્યંતની કથા પોતાના ચંપૂકાવ્યમાં આલેખી અને લક્ષ્મણસૂરિએ છઠ્ઠા યુદ્ધકાંડની રચના કરીને એમાં પૂર્તિ કરી.[૪] છતાં ચંપૂકાવ્યોમાં રામાયણ-કથા અપૂર્ણ રહેતાં વેંકટાધ્વરીએ કલિકાળની મલિનતા દૂર કરવાના આશયથી પોતાના આ ચંપૂ-પ્રબંધમાં સાતમા ઉત્તરકાંડની શેષ કથા આલેખી. આનો ઉલ્લેખ કવિ સ્વયં કરે છે.[૫] રામાયણ-મહાભારતની કથાનું આલેખન કરતાં ઘણાં ચંપૂકાવ્યો ૧૫મી સદી પછી રચાયાં. એ પરંપરાને વેંકટાધ્વરીએ 'ઉત્તરચંપૂ'ની રચના કરી વિકસિત કરી.

'ઉત્તરચંપૂ'માં રામાયણના ઉત્તરકાંડના સર્ગ ૧ થી ૩૬ સુધીની કથા પ્રાપ્ત થાય છે. આનાથી સૂચવાય છે કે કવિનું લક્ષ્ય રામાયણના ઉત્તરકાંડમાં વિજયી રામનું અભિવાદન કરવા આવેલા ઋષિઓમાંના અગસ્ત્યના મુખમાં મુકાયેલ રાક્ષસવંશ અને હનુમાનવૃત્ત આલેખવાનું હશે. એટલો જ અંશ કવિએ સ્વીકાર્યો હોય, એમ પ્રતીત થાય છે. તેથી કૃતિને અપૂર્ણ માનવાનું વ્યાજબી પ્રતીત થતું નથી. તેમ છતાં સામાન્યતઃ વેંકટાધ્વરી પોતાની કૃતિના અંતે–પુષ્પિકામાં વંશ, માતા, પિતા, પિતામહાદિના નામનિર્દેશપૂર્વક પોતાનો સ્વલ્પ પરિચય આપતી પંક્તિઓ ટાંકે છે, પણ આ કૃતિમાં આવાં વચન ઉપલબ્ધ નથી; તેથી એવું અનુમાન કરી શકાય કે 'ઉત્તરચંપૂ'નો ઉત્તરવર્તી કેટલોક અંશ નષ્ટ થયો હોય અથવા કૃતિ અપૂર્ણ રહી હોય.

'ઉત્તરચંપૂ' પૂર્વવર્તી ભોજરાજ અને લક્ષ્મણસૂરિનાં ચંપૂકાવ્યોના અનુસંધાન રૂપે છે. વેંકટાધ્વરીનું પ્રમુખ લક્ષ્ય એટલું જ છે કે ચંપૂકાવ્યોમાં અપૂર્ણ રહેલ રામકથાને ચંપૂના માધ્યમથી જ પૂર્ણતા તરફ લઈ જવી. તેથી તેમણે મૂળ રામાયણ-કથામાં મોટાં પરિવર્તનો કર્યાં નથી, પરંતુ ભોજરાજ અને લક્ષ્મણસૂરિએ રામાયણનું જેવું અનુસરણ કર્યું છે, તેવું

---

૨ Descriptive Cat. of Sanskrit MSS. in the Adyar Library, Vol. V, 1951, pp. 318-19

૩ A Des. Cat. of Sansk. MSS., Madras, Vol. XXI, 1918, pp. 8181-82

૪ भोजेन तेन रचितामपि पूरयिष्यन्नल्पीयसापि वचसा कृतिमत्युदाराम् ।
न व्रीडितोऽहमधुना नवरत्नहारसंगेन किं न हृदि धार्यत एव तन्तुः ॥ યુદ્ધકાંડ, ૨

૫ यः काण्डान्निबबन्ध चम्पूविषयान् पञ्चापि भोजः कवि–
र्यो वा षष्ठमचष्ट लक्ष्मणकविस्ताभ्यामुभाभ्यामपि ।
कारुण्यादविशेषितं कलिमलक्षेपाय रामायणे
काण्डं सप्तममुद्गृणातु रसना चम्पूप्रबन्धात्मना ॥ ઉત્તરચંપૂ, ૮

વેંકટાધ્વરીની બાબતમાં નથી. તેથી જ તે અન્ય કાવ્યોમાંથી પદાવલીઓનું હરણ કરતા કવિને 'કુકવિ' કહે છે.[૬] મૂળકથામાં આવશ્યકતાનુસાર સંક્ષેપ અને વિસ્તાર કરવામાં તેમ જ રામાયણીય વર્ણનોને કલ્પનારંગથી રંગી નવું રૂપ પ્રદાન કરવાની કાવ્યકુશળતામાં વેંકટાધ્વરી પૂર્વવર્તી ચંપૂકવિઓથી ઊંચી કક્ષાએ પહોંચ્યા છે.

'રામાયણ' અને 'ઉત્તરચંપૂ'માં વર્ણ્ય-સામ્યના ઘણા અંશ છે. એ સામ્યનાં સ્થળોમાં પણ વેંકટાધ્વરીની સર્ગ-શક્તિનું તો દર્શન થાય જ છે. કેટલોક અંશ નોંધપાત્ર છે. 'રામાયણ'માં ગર્જના કરતા રાક્ષસરૂપી મેઘ અસ્ત્રવર્ષાદ્વારા નારાયણરૂપ પર્વતને પીડિત કરતા વર્ણવ્યા છે,[૭] તો વેંકટાધ્વરીની કલ્પના એ રાક્ષસોમાં સભામાં ગર્જના કરતા પંડિતોનું રૂપ નિહાળે છે.[૮] 'રામાયણ'માં વિશ્રવસ્‌ની સમક્ષ આવીને ઊભેલી, ચરણ-અંગુષ્ઠથી ધરતી પર રેખા ખેંચતી અને તેજથી પ્રદીપ્ત સુંદરી કૈકસીની લજ્જાનું ચિત્ર (શ્લોક ૯/૧૬, ૧૭) છે, તો વેંકટાધ્વરીએ પણ ચરણનખથી ધરતી ખોદતી અને વીજળીતેજને પરાજિત કરતી કૈકસીના સૌંદર્ય અને લજ્જાનું ચિત્રણ (શ્લોક ૪૮, ૪૯) કર્યું છે. દુષ્ટ દશાનન અને શૂર્પણખાનો જન્મ થતાં એના પ્રતિભાવ રૂપે પ્રકૃતિમાં વ્યાપેલી ભયંકરતા અને સાત્ત્વિકવૃત્તિવાળા વિભીષણનો જન્મ થતાં પ્રકૃતિની પ્રસન્નતાનું નિરૂપણ બન્નેમાં સમાન રીતે પ્રાપ્ત થાય છે. વેંકટાધ્વરીની એ વિશેષતા કે તેઓ રામાયણ-કથાને અનુસરવા છતાં શાબ્દિક અનુકરણ ક્યાંય કરતા નથી. રામાયણનો જ વિચાર ભિન્ન શબ્દોમાં અને ઘણુંખરું કલ્પનાનો અંશ ઉમેરી તેઓ રજૂ કરે છે. તુલના માટે રાવણના હસ્તથી ગ્રહણ કરાયેલ કેશને તલવારરૂપ બનેલા હસ્તથી કાપીને ફેંકી દેતી વેદવતીનું શબ્દચિત્ર દર્શનીય છે.[૯] કથાવસ્તુમાં સામ્ય હોવાં છતાં 'રામાયણ' કરતાં વેંકટાધ્વરીનાં વર્ણનો વધારે હૃદયંગમ બન્યા છે. 'રામાયણ'માં કામવ્યાકુળ રાવણ વેદવતીની તપસ્યાને યૌવનથી વિપરીત બતાવે છે. એ વર્ણન સામાન્ય કોટિનું છે.[૧૦] જ્યારે આ જ વિચારને વેંકટાધ્વરી ઉત્કૃષ્ટ રીતે રજૂ કરે છે.[૧૧]

---

૬ कुकविरिव पदालीं बलादेनामाकृष्य........ઉત્તરચંપૂ, ગદ્ય ૭૪

૭ नारायणगिरिं ते तु गर्जन्तो राक्षसाम्बुदाः
अर्दयन्तोऽस्त्रवर्षेण वर्षेणेवाद्रिमम्बुदाः ॥ રામા૦ ઉત્તરકાંડ, ૭.૧

૮ यातुधानयोधा निर्जरपरिषज्जन्यनिर्जयजन्ययशःप्रकटनाय विश्रुतोर्जितदौर्जन्याः पर्जन्याः इव गर्जन्ति स्म । ઉ૦ ચ૦ ગદ્ય ૧૯

૯ ततो वेदवती क्रुद्धा केशान् हस्तेन सोच्छिनत् ।
असिर्भूत्वा करस्तस्याः केशांश्छिन्नांस्तदाकरोत् ॥ રામા૦ ઉત્તરકાંડ, ૧૭.૨૮
अथ सा सहसा तपःप्रभावात्करवालीभवता करेण साध्वी ।
कुपिता निजकुन्तलान्दशास्यप्रसभाकर्षणदूषितानकृन्तत् ॥ ઉ૦ ચ૦ ૮૮

૧૦ किमिदं वर्तसे भद्रे विरुद्धं यौवनस्य ते ।
नहि युक्ता तवैतस्य रूपस्यैवं प्रतिक्रिया ॥ રામા૦ ૧૭.૪

૧૧ हारार्हे तुलसीसरो न हि गले योग्यो न चाद्रूचिते
वक्त्रे मन्त्रजपो न वल्कलधृतिः क्षौमक्षमे मध्यमे ॥
नार्हा ते चिकुरे जटाविरचना वेणीविधानोचिते
किं नार्हा हि हृदये दैवतरतिः कान्तानुरागोचिते ॥ ઉ૦ ચ૦ ૮૬

'રામાયણ'ની મૂળકથામાં વેંકટાધ્વરીએ કરેલ પરિવર્તન, સંક્ષેપ, ત્યાગ અને વર્ણન-વિસ્તારના પણ કેટલાંક અંશ નોંધપાત્ર છે :

[૧] 'રામા.'માં મહાષઓ રામે કરેલ અનેક રાક્ષસોના વધની સવિસ્તર (સર્ગ ૧, શ્લોક ૧૬ થી ૩૨) પ્રશંસા કરે છે. વેંકટાધ્વરીએ તેનો સંક્ષેપ કરી તપસ્વીઓને રાવણવધ જેવા મહાન કાર્ય પર માત્ર આશ્ચર્ય પ્રગટ કરતા (ગદ્ય ૪, પદ્ય ૧૩) બતાવીને સારગ્રાહિણીવૃત્તિનું દર્શન કરાવ્યું છે. વળી કવિએ અહીં એક પરિવર્તન કર્યું છે. 'રામા.'માં રાવણપુત્ર ઇંદ્રજિત્‌ના લક્ષ્મણ દ્વારા થયેલ વધની સવિશેષ પ્રશંસા કરતા મહર્ષિઓને જોઇ જિજ્ઞાસાથી રામ ઇંદ્રજિત્‌નાં પૂર્વવૃત્ત તેમ જ બળ-પરાક્રમ વિષે મહર્ષિઓને પૂછે છે (૧/૩૭ થી ૪૧), જ્યારે 'ઉત્તરચંપૂ'માં તપસ્વીઓને પણ રાવણવધ પર આશ્ચર્ય પ્રગટ કરતા જોઈ રામને ઋષિઓ સમક્ષ રાવણનું પૂર્વવૃત્ત જાણવાની ઈચ્છા વ્યકત કરતા બતાવ્યા છે. બન્નેમાં તાત્ત્વિક કોઈ ભેદ નથી, કેમ કે ઇંદ્રજિત્‌નું પૂર્વવૃત્ત રાવણના પૂર્વવૃત્તમાં જ સમાવિષ્ટ છે. છતાં વૈષ્ણવ કવિ વેંકટાધ્વરીને તો રિદ્ધિસિદ્ધિસંપન્ન રાવણના સંહારક રામની યશોગાથા ઈષ્ટ છે. તેથી ઇન્દ્રજિત્ કરતાં રાવણના વૃત્તને વધારે મહત્ત્વ આપવા આવો સામાન્ય ફેરફાર કર્યો છે. [૨] 'રામા.'ના દ્વિતીય સર્ગમાં તૃણબિંદુના આશ્રમમાં પુલસ્ત્યનો તપોભંગ કરવા આતુર અનેક કન્યાઓની વિલાસક્રીડાઓનો ઉલ્લેખ છે. વળી ત્યાં પુલસ્ત્યનું દર્શન કરતાં તૃણબિંદુની કન્યાને શાપવશાત્ ગર્ભવતી થતી બતાવી છે. આ અંશોનો વેંકટાધ્વરીએ ત્યાગ કર્યો છે. [૩] 'રામા.'માંના સુકેશુને પ્રાપ્ત થયેલ શંકરના વરદાનનો પ્રસંગ 'ઉત્તરચંપૂ'માં નથી. [૪] રાક્ષસ-વિનાશ માટે ઇચ્છુક ઇન્દ્રાદિ દેવો શિવની સલાહાનુસાર વિષ્ણુ પાસે જાય છે. એ પ્રસંગે 'રામા.' (ષષ્ઠ સર્ગ)માં વિષ્ણુનું વર્ણન પ્રાપ્ત થતું નથી, પણ વેંકટાધ્વરીએ તો વિષ્ણુનું ગદ્યમાં વિસ્તૃત વર્ણન (પાન ૮ થી ૧૩) કર્યું છે. કવિનો આ મૌલિક અંશ છે. વિષ્ણુ-વર્ણન દ્વારા કવિ પોતાની વૈષ્ણવી ભક્તિને ચરિતાર્થ કરે છે. 'રામા.'માં મંત્રણા કરી દેવો પર ચઢાઈની પહેલ રાક્ષસો કરે છે, જ્યારે આનાથી વિરુદ્ધ 'ઉત્તરચંપૂ'માં એ પહેલ કરતા વિષ્ણુને બતાવ્યા છે, કેમ કે અહીં તો દેવોની વિનંતી સાંભળી ગરુડ પર બેસી રાક્ષસો ભણી પ્રસ્થાન કરતા વિષ્ણુનું ચિત્રણ થયું છે (શ્લોક-૩૪). આ પરિવર્તનનો હેતુ રાક્ષસો કરતાં વિષ્ણુની ઉત્કૃષ્ટતા બતાવી વૈષ્ણવી ભક્તિની મહત્તાનું પ્રતિપાદન કરવાનો છે. આ પરિવર્તનના કારણે 'રામા.'માં પ્રાપ્ત થતા રાક્ષસ-સેનાના દેવલોક ભણી પ્રસ્થાન સમયે પ્રકૃતિમાં વ્યાપેલ ઉત્પાત-હાહાકારના વર્ણનનો 'ઉત્તરચંપૂ'માં અવકાશ રહેતો નથી. [૫] 'રામા.'માં દશાનન, કુંભકર્ણ અને વિભીષણની તપશ્ચર્યા તેમ જ વરદાનપ્રાપ્તિનું વિસ્તૃત વર્ણન (સંપૂર્ણ દશમ સર્ગ) થયું છે. વેંકટાધ્વરીએ માત્ર રાવણના તપ-યજ્ઞયાત્રાદિનું વર્ણન કર્યું છે, અન્ય ભાઈઓનું નહિ. કવિની સંક્ષેપકલાનું અહીં દર્શન થાય છે. [૬] 'રામા.'ના સંપૂર્ણ એકાદશ સર્ગનો સાર વેંકટાધ્વરીએ માત્ર એક નાનકડા ગદ્યપરિચ્છેદ (૩૯)માં તેમ જ સંપૂર્ણ બારમા સર્ગનો સાર માત્ર ત્રણ શ્લોકો (૬૭ થી ૬૯) અને ચૌદમા-પંદરમા સર્ગોના કુલ ૭૪ શ્લોકોનો સંક્ષેપ માત્ર એક જ શ્લોક (૭૩) માં આપીને પોતાની સંક્ષેપકળાની કુશળતાનો પરિચય કરાવ્યો છે. [૭] 'રામા.'ના તેરમા સર્ગમાં પ્રાપ્ત થતી રાવણ પાસે મોકલેલ દૂતના મુખે કુબેરની મહાદેવ સાથેની મિત્રતાની કથા વેંકટાધ્વરીએ આલેખી નથી. વળી 'રામા.'માં રાવણ દૂતનો વધ કરે છે, જેનો ઉલ્લેખ 'ઉત્તર-

ચંપૂ'માં નથી. રાવણ દ્વારા કરાયેલ અત્યાચારનું 'રામા.'માં માત્ર બે શ્લોક (૧૩/૯-૧૦)માં સામાન્ય વર્ણન થયું છે. જ્યારે વેંકટાધ્વરીએ પરિસંખ્યા અલંકારની ભવ્ય હારમાળા (ગદ્ય-૪૧) સર્જીને વર્ણન-વિસ્તાર કર્યો છે. [૮] રાવણે ક્રીડાપર્વતને ઉખેડવાનો પ્રયત્ન કરતાં શંકરના ગણો કંપિત થયા, પાર્વતી વિચલિત થઈ ગઈ અને શંકરને વીટંળાઈ વળી. આવું વર્ણન 'રામા.'માં માત્ર એક જ શ્લોક (૧૬/૨૬)માં પ્રાપ્ત થાય છે. આ વર્ણનને વિસ્તારી વેંકટાધ્વરી સુંદર શબ્દચિત્રો ત્રણ શ્લોકો (૭૬ થી ૭૮)માં આલેખી પોતાની કાવ્ય-કુશળતા પ્રગટ કરે છે. [૯] દેવોએ પક્ષીઓને આપેલ વરદાનોનું 'રામા.'માં વિસ્તૃત વર્ણન છે (શ્લોક ૧૮/૨૧ થી ૩૫), જ્યારે વેંકટાધ્વરી માત્ર એક જ પંક્તિમાં (૧૩) આનો સંકેત કરે છે. [૧૦] 'રામા.' (૨૩/૫)માં રાવણ મણિમયીનગરીમાં જઈ નિવાતકવચ નામક દૈત્યોને યુદ્ધ માટે લલકારે છે, તો 'ઉત્તરચંપૂ'માં મણિમયીનગરીના સ્થાને મણિમતીનદીનો ઉલ્લેખ થયો છે. [૧૧] 'રામા.'ની કેટલીક આવૃત્તિઓમાં ૨૩મા સર્ગ પછી પાંચ પ્રક્ષિપ્ત શ્લોક ઉપલબ્ધ થાય છે. એમાં રાવણની દિગ્વિજયયાત્રાનું વર્ણન છે. વેંકટાધ્વરીએ આ પ્રક્ષિપ્ત અંશોનો સમાવેશ પોતાની કૃતિમાં કર્યો નથી. [૧૨] 'રામા.'ના ૨૫મા સર્ગની કથામાં વિભીષણે રાવણની સમક્ષ બતાવેલ પરસ્ત્રીહરણના દોષ, રાવણદ્વારા બહેન કુંભીનસીને આશ્વાસન વગેરે પ્રસંગો વેંકટાધ્વરીએ છોડી દીધા છે. [૧૩] રાવણદ્વારા રંભા પરના બળાત્કારના પ્રસંગ (રામા. ૨૬મો સર્ગ)નું વેંકટાધ્વરીએ સવિસ્તર વર્ણન કરી પોતાની વર્ણનકલાનું દર્શન કરાવ્યું છે. એ વર્ણનોમાં કૈલાસ પર્વત ઉપર ચાંદનીરાતનું માદક દૃશ્ય (શ્લોક ૧૨૫ થી ૧૨૭), યક્ષોની કામક્રીડાઓ અને સુંદરીઓની કામુક ચેષ્ટાઓનું દૃશ્ય, (શ્લોક ૧૨૮ થી ૧૩૦), રાવણની કામુક ઉક્તિઓ (શ્લોક ૧૩૨-૩૩) ઇત્યાદિ મુખ્ય છે. કવિની વર્ણનપ્રિયતા અને શૃંગારપ્રિયતાનું અહીં દર્શન થાય છે.

'ઉત્તરચંપૂ'નું સાહિત્યિક મૂલ્યાંકન : 'ઉત્તરચંપૂ'માં ગદ્ય-પદ્યનો સમુચિત સંયોગ થયો છે. વેંકટાધ્વરીનું ગદ્યસામર્થ્ય આમાંથી અવશ્ય નિષ્પન્ન થાય છે. બાણભટ્ટની જેમ તેઓ પણ ગદ્ય-શૈલીઓના પ્રયોગની બાબતમાં સમન્વયવાદી પ્રતીત થાય છે. ભાવાનુસાર તેમણે સમાસબહુલા, અલ્પસમાસયુક્તા તથા સમાસરહિતા પદાવલીઓનો પ્રયોગ કર્યો છે. રામકથાના નિરૂપણને અનુરૂપ તેમણે મુખ્યત્વે વૈદર્ભી શૈલી પ્રયોજી છે. છતાં ક્વચિત્ બાણભટ્ટીય ઉત્કલિકાપ્રાય ગૌડીશૈલીની ભવ્યતાનાં પણ તેમાં દર્શન થાય છે, જેમ કે દેવસેના અને રાક્ષસસેના વચ્ચે સ્વર્ગલોકમાં થયેલ ભયંકર યુદ્ધનું વર્ણન.[૧૨] ક્યાંક નાની નાની સરળ વાક્યાવલીઓ દૃષ્ટિગોચર થાય છે. પ્રલંબ ગદ્ય-પરિચ્છેદના નિર્માણમાં પણ કવિનું ગદ્ય-કૌશલ દર્શનીય છે.[૧૩] આમ ચંપૂનો ગદ્યભાગ વૈવિધ્યપૂર્ણ છે.

રાવણદ્વારા લોકમાંથી વૈદિક જ્ઞાન અને શાસ્ત્રકથા દૂર કરાતાં, જપ-તપ અને સદ્‌ગુણરહિત બનેલ પ્રજાના વર્ણનમાં શ્લિષ્ટ પરિસંખ્યા-અલંકારની છટા રમણીય બની છે.[૧૪] 'નલચંપૂ'ના

---

૧૨ ....મદોત્કટકરટિપટલચિકટદન્તશિલામુસલદૃઢવિઘટ્टनोद्भिन्नस्फुलिङ्गसन्तानेदन्दह्यमानयोधश्रमहरनवतरवसावसिक्तगृध्रपक्षसमीरणविसरणसमुपनतमक्षिकापलायनसुखितकरवालघाबहिरुद्गाताङ्गजाङ्गलाङ्कमुरङ्गसङ्घातसङ्गतविदारितमदांधभटशिरःक्षरदसृग्सरपङ्किलतया........ । ઉ૦ ચ૦ ગદ્ય ૮૨

૧૩ દ્રષ્ટવ્ય : વાસુદેવવર્ણન, પૃષ્ઠ ૮ થી ૧૩

૧૪ दानप्रसंगः संग्रामेषु, सहोमता चन्द्रमौलौ, सात्त्विकाभ्युदयः सुरतेषु, सकलत्वं शिलीमुखेषु, सोमग्रहो राहौ, सुराग्रहो राक्षसान्तःपुरेषु, पशुबन्धो गोष्ठेषु...... । ઉ૦ ચ૦ ગદ્ય ૪૨

કર્તા ત્રિવિક્રમભટ્ટે આર્યાવર્તની પ્રજાના નિરૂપણમાં[૧૫] જે શૈલી અપનાવી છે, તેની છાયા આવા પરિચ્છેદોમાં જણાય છે. યમલોકમાં યમરાજના સેવકો દ્વારા પોતાનાં પાપ-પુણ્યોનું ફળ ભોગવતા મૃતાત્માઓનું દશ્ય જીવંત બન્યું છે. એની પદાવલીઓની સાનુપ્રાસતા અને ધ્વન્યાત્મકતા નરકની ભયંકરતાને વ્યંજિત કરવા સક્ષમ છે.[૧૬] આ નિરૂપણ દંડીરચિત 'દશકુમારચરિત'ના દ્વિતીય ઉચ્છ્વાસમાંના નરકની યાતનાઓના દશ્યનું સ્મરણ કરાવે છે. દેવસેનાના વર્ણનમાં કવિનાં શાસ્ત્ર-પાંડિત્ય પર આધારિત ઉપમાની ભવ્યતા નોંધપાત્ર છે.[૧૭]

'ઉત્તરચંપૂ'માં સર્વત્ર કવિની વર્ણનપ્રિયતાનાં દર્શન થાય છે. વર્ણન સૌંદર્યની દૃષ્ટિએ લંકાનગરી(શ્લોક ૨૩ થી ૨૫), કૈલાસપર્વત પર ચાંદની રાત (શ્લોક ૧૨૫ થી ૧૨૭), યક્ષોની કામક્રીડા અને સુંદરીઓની ચેષ્ટાઓ (શ્લોક ૧૨૮ થી ૧૩૦), પ્રભાત (ગદ્ય-૭૬), વિન્ધ્યપર્વત-(શ્લોક ૧૯૧ થી ૨૦૩) તેમ જ યુદ્ધનાં વર્ણનો મનોહર અને આકર્ષક બન્યાં છે.

લંકાના વર્ણનમાં કવિનું કલ્પના સૌંદર્ય પરિસ્ફુટ થાય છે (શ્લોક ૨૫). ધ્વન્યાત્મક પદાવલીઓ દ્વારા ભયાનક વાતાવરણને વ્યંજિત કરવામાં કવિ કુશળ છે. આ સંબંધી ગરુડની પાંખોના સપાટાથી મહેલો તૂટતાં વાચાલિત થતી દિશાઓ અને ગરુડની પાંખોના સુસવાટાનું વર્ણન નોંધપાત્ર છે.[૧૮]

ભયાનક ચિત્રો આલેખવામાં કવિએ ગૌડીનો પ્રયોગ કર્યો છે, તો કોમળ દશ્યોના ચિત્રણમાં ભાષાની કમનીયતા કે સરળપ્રસાદગુણસંપન્ન પદાવલીઓ ભાવસૌંદર્યની ઋજુતાને રક્ષે છે. કલાત્મક સૌંદર્યના નિષ્પાદનમાં સચોટ રહેવાની સાથે સંવેદનશીલ કવિ માર્મિક સ્થળોના ભાવસૌંદર્યની અભિવ્યક્તિ પરત્વે પણ જાગરૂક છે. શબ્દશિલ્પી હોવાના કારણે તેઓ વર્ણ્ય વિષયને મૂર્તરૂપે પ્રસ્તુત કરી શકે છે. એ દૃષ્ટિએ કૈકસીની લજ્જાનું ચિત્ર દર્શનીય છે.[૧૯]

---

૧૫ નલચંપૂ, પ્રથમ ઉચ્છ્વાસ.

૧૬ ......आर्त्तश्रोत्रियैर्याच्यमानमेकमप्यन्नकवलमदत्तवतोपि स्वशरीरमेव भीषणेभ्यः क्रिमिभ्यो भक्षणाय ददानान् हरिकथाश्रवणप्रयासनिःसहाभ्यां श्रवोभ्यां गृहाण बधान मथान पातय कर्षय मर्दय छिन्धि भिन्धि इत्यादीनि भयंकराणि यमकिंकराणां कटुरटितानि निशमयितॄन्........ । ઉ૦ ચ૦ ગદ્ય-૫૬

૧૭ व्याकरणमिव प्रकृतीनां प्रत्ययविधानेन साधुत्वनिष्पादकं उपदिष्टागमादेशं च शारीरकमिव सुमनसाममृतप्रदं योगशास्त्रमिव समाधिरहितं सांख्यतन्त्रमिव निरीश्वरं पाशुपतमिव श्रीकण्ठगुणस्थैर्यनिर्वाहकं सौगतसम्प्रदायमिव दूरीकृतमन्युम्......... । ઉ૦ ચ૦ ગદ્ય ૮૧

૧૮ वेगाद्यातोर्ध्वनीतोत्तरलजलनिधिस्फारकल्लोलमाला-
विक्षेपक्षाल्यमानप्रघनघनरजश्छन्नमार्तण्डबिम्बाः ।
स्वास्थानोत्थापितोर्ध्वप्रतिपतनदशायोजिताशा गजोद्य-
त्कुम्भाः कुम्भिप्रणादैर्मुखरितवियतः पक्षिराट्पक्षपाताः ॥ ઉ૦ ચ૦ ૪૩

૧૯ ઉ૦ ચ૦ શ્લોક ૪૮, ૪૯

પ્રાકૃતિક દશ્યોની મનોહારિતાને વ્યક્ત કરવામાં કવિની પદાવલીઓ સક્ષમ છે. કૈલાસપર્વત પર ચાંદની રાતના કામોત્તેજક દશ્યના ચિત્રણમાં પ્રયોજાયેલી તુકાન્ત-મધ્ય-કોમલકાન્ત પદાવલીઓ[૨૦] 'ગીતગોવિંદ'કાર જયદેવની શૈલીનું સ્મરણ કરાવે છે. સૂર્યમાં યજ્ઞનું દર્શન કરતા કવિની કલ્પના પણ ભવ્ય છે (શ્લોક ૧૪૬). પતિ નલકુબરને સંકેત સ્થળે મળવા જતી રંભા પદ્મિની જેવી અને રાવણ મદોન્મત્ત હાથી જેવો કવિને દેખાય છે (શ્લોક ૧૩૧). રંભાની રૂપમૂર્તિમાં અચંચળ વિદ્યુત્, મૃદુકાંચનશાલભંજિકા, અનુષ્ણદીપિકા કે દિવસે સ્ફુરતી ચંદ્રકલાની ઉત્પ્રેક્ષા[૨૧] કરતા કવિ કલ્પનામંડિત શબ્દચિત્રો આલેખવામાં નિપુણ છે. રાવણ દ્વારા રંભા ઉપર બળાત્કાર થયા પછી અસ્તવ્યસ્ત સ્થિતિનું સુંદર શબ્દચિત્ર તે આલેખે છે. કવિને એ રંભા રાહુએ મુક્ત કરેલ ચંદ્રમૂર્તિ જેવી દેખાય છે.[૨૨] વરદાનથી વિભૂષિત હનુમાનની બાલક્રીડાનું ચિત્ર પણ મધુર છે.[૨૩] યુદ્ધદર્શનમાં કવિની ઓજસ્વી ભાષા વીરરસાત્મક બની છે.

'ઉત્તરચંપૂ'માં ખાસ કરીને ભયાનક, વીર અને શૃંગાર રસોનું આલેખન નોંધપાત્ર છે. આકાશમાંથી ઉલ્કાપાત થયો, વાદળોએ મેઘવૃષ્ટિ કરી, દશગ્રીવ રાવણના માર્ગને અનુસરવા રજસ્ અને તમસ્‌થી સંપન્ન વંટોળ ફૂંકાયા (ગદ્ય ૩૦)—આવા નિરૂપણમાં ભયાનક રસની અનુભૂતિ થાય છે. ગરુડ-પંખના સુસવાટા (શ્લોક ૪૭, ૪૩), દશાનન-કુંભકર્ણાદિના જન્મથી પ્રકૃતિમાં વ્યાપેલ ખળભળાટ (ગદ્ય ૩૦), રાવણદ્વારા શંકરનો ક્રીડાશૈલ ઉખેડાતાં ત્રસ્ત પશુપંખી, શિવગણો તેમ જ પાર્વતી (શ્લોક ૭૫, ૭૬) ઇત્યાદિના વર્ણનમાં ભયાનક રસનું નિર્વહણ થયું છે.

અનરણ્યની સેના અને રાવણ (શ્લોક ૯૭ થી ૧૦૦), યમ-રાવણ (શ્લોક ૧૧૦), દેવસેના અને રાક્ષસસેના (શ્લોક ૧૬૩ થી ૧૭૩) તેમ જ ઇન્દ્ર-રાવણ (શ્લોક ૧૭૯) વચ્ચે ખેલાયેલ યુદ્ધનાં વર્ણનો વીરરસાત્મક છે. ઇન્દ્ર-રાવણ-યુદ્ધનું એક ઉદાહરણ દર્શનીય છે.[૨૪]

---

२० मृदुकिसलयमंचे मंजुपुष्पप्रपंचे
किमशयनसौख्यं निर्विशन्निर्विशंकः ।
हसदरसमशरकलंबं हन्त मन्दोदरीशे
हरिहरिदवलंबं चन्द्रबिम्बं ददर्श ॥ ઉ૦ ચ૦ ૧૨૫

२१ अयि विद्युदसावचञ्चला वा मृदुला काञ्चनशालभञ्जिका वा ।
तव मूर्तिरनुष्णदीपिका वा दिवसेऽपि स्फुरति विधोः कला वा ॥ ઉ૦ ચ૦ ૧૩૪

२२ तेन भुक्तोज्झिता रम्भा ददृशे निष्प्रभाकृतिः ।
रात्रेरन्ते यथा मुक्ता राहुणा मूर्तिरैन्दवी ॥ ઉ૦ ચ૦ ૧૪૩

२३ आचामन् सोममुच्चैः सहचमसतयानर्दयन्नाज्यपूर्णां
स्थालीमालिह्य गर्जन्मुहुरनुगमयन्नद्भिरग्नीन्प्रगीतान् ।
स्वादं स्वादं हवींषि क्षपितपरिजनो यूपमुत्पाट्य नाट्यं
कुर्वन्पीडामृषीणामदिशतुदजभू (?) भंजनादंजनाभूः ॥ ઉ૦ ચ૦ ૨૫૬

२४ प्रतिक्षणाक्षिप्तपृषत्कखण्डयोः स्फुटाट्टहासस्फुटदण्डभाण्डयोः ।
अभूतपूर्वं समरं प्रचण्डयोरभूदथाखण्डलपङ्क्तितुण्डयोः ॥ ઉ૦ ચ૦ ૧૭૯

શૃંગારનિરૂપણમાં કવિ ઉન્મુક્ત બન્યા છે. કૈલાસ પર ચાંદની રાતનું વર્ણન (શ્લોક ૧૨૫ થી ૧૨૭) રાવણ માટે ઉદ્દીપન વિભાવરૂપે રજૂ થયું છે. યક્ષોની કામકેલિઓ અને સુંદરીઓની કામુકચેષ્ટાઓનું વર્ણન (શ્લોક ૧૨૮ થી ૧૩૦) કામશાસ્ત્રથી પ્રભાવિત છે. કુચગ્રહણ, રોમાંચ, કંચુકીમોક્ષ, નીવીમોક્ષ, પુરુષાયિત ઇત્યાદિના ચિત્રણ દ્વારા કવિએ સંભોગશૃંગાર નિષ્પન્ન કર્યો છે. શૃંગાર-આલેખનની આવી પ્રવૃત્તિ સોળમી-સત્તરમી સદીમાં લખાયેલ શૃંગારકાવ્યો અને ચંપૂકાવ્યોમાં પ્રાયઃ સમાન રીતે પ્રાપ્ત થાય છે. રાવણની કામુક દૃષ્ટિ રંભાના નાભિસરમાં સ્નાન કરી ઉન્નત સ્તનગિરિ પર આરૂઢ થાય છે અને ઊતરવાના માર્ગથી અજાણ તે ત્યાં જ સ્થિર થાય છે.[૨૫] કવિની આ કલ્પના કાલિદાસ[૨૬] અને વેંકટનાથ વેદાંતદેશિકની[૨૭] અનુગામિની હોવા છતાં એમાં નાવીન્યનો ચમત્કાર વર્તાય છે. રંભા પાસે અધરરસ, સ્તનદ્વય અને જઘનની યાચના કરતા રાવણની કામવિહ્વળતા પરાકાષ્ઠાએ પહોંચે છે (શ્લોક ૧૩૨, ૧૩૫). રાવણદ્વારા રંભા પર થયેલ બળાત્કારનું સંભોગચિત્ર પણ આપવાનું કવિ ચૂકયા નથી (શ્લોક ૧૪૨). પુત્રવધૂ રંભા પર કામાસકત રાવણના માધ્યમથી શૃંગારની અભિવ્યકિત થઈ હોઈ આ શૃંગારનું શુદ્ધ રૂપ નથી, પણ માત્ર રસાભાસ કહી શકાય. કાર્તવીર્યનો પત્નીઓ સાથેના જળવિહારના વર્ણન(શ્લોક ૨૧૧ થી ૨૧૩)માં પણ કવિએ પરંપરાગત કચગ્રહણ, આલિંગન, સ્તનમર્દન, નીવીમોક્ષ, નખક્ષત ઇત્યાદિનું ચિત્રણ કર્યું છે.

રાવણદ્વારા અપહૃત દેવતાદિની કન્યાઓ અને સ્ત્રીઓના વિલાપમાં કરુણની સાન્દ્રતા અનુભવાય છે (શ્લોક ૧૧૭–૧૨૦).

ઉપમા-નિયોજનમાં વેંકટાધ્વરી કુશળ છે. રાક્ષસ-યોદ્ધાઓને અપાયેલ ગર્જના કરતી વૃષ્ટિની ઉપમામાં કવિનું સભા-પંડિતનું વ્યક્તિત્વ પણ નિષ્પન્ન થાય છે (ગદ્ય ૧૯). રંભાને બળાત્કારે ખેંચતા રાવણની તુલના અન્ય કાવ્યોમાંથી પદાવલીઓનું હરણ કરતા કુકવિની સાથે કરવામાં આવી છે (ગદ્ય ૭૪). આ ઉપમામાં ચૌરકર્મ કરતા કવિ પ્રત્યે વેંકટાધ્વરીની ઉપેક્ષાવૃત્તિ વ્યંજિત થાય છે. દેવસેનાના વર્ણનમાં, બાણભટ્ટની જેમ શ્લેષબંધ દ્વારા ઉપમા અલંકારની હારમાળા ગૂંથી કવિ પોતાના વૈવિધ્યસંપન્ન શાસ્ત્રપાંડિત્યને વ્યક્ત કરે છે.[૨૮] નર્મદા-વર્ણનમાં ઉપમાની હારાવલી મોહકતાને પામી છે (ગદ્ય ૯૧). રામચંદ્ર પાસે આવતા મહર્ષિઓનું વર્ણન

---

૨૫ त्वदङ्गे संलीनं मन इव विचेतुं दृगधुना
निमज्योन्मज्जन्ती महिमवति नाभीसरसि तु ।
समारुह्योत्तुङ्गस्तनगिरिमतश्चावतरितु-
मजानाना मार्गं ननु सुमुखि तत्रैव वलते ॥ ઉ० ચ० ૧૩૩

૨૬ आरोहणार्थं नवयौवनेन कामस्य सोपानमिव प्रयुक्तम् । કુમારસંભવ, ૧.૩૯

૨૭ भगवद्ध्यानसोपानम्, १०

૨૮ द्रव्यमिव गुणाश्रयं गुणमिव चलनरहितं कर्मवद्विभावनाकलितसंनिधानं सामान्यवदनन्यसामान्यं विशेषमिव नित्याश्रयं समवायमिव विशिष्टबुद्धिसिद्धये समाश्रितं केवलान्वयहेतुमिव रूपैश्चतुर्भिरभ्युपेतम्.........ઉ० ચ० ગદ્ય ૮૦

પણ ઉપમા-હારમાળાથી મંડિત થયું છે (ગદ્ય ૨). શ્લિષ્ટ-પરિસંખ્યા અલંકારની છટા દર્શનીય છે.[૨૯] દષ્ટાન્ત (શ્લોક ૧૦૨), સહોક્તિ(શ્લોક ૧૦૪), રૂપક (શ્લોક ૧૪૧) વગેરેનાં ઉદાહરણો પણ સુંદર છે. વેંકટાધ્વરી શબ્દમૈત્રી તેમ જ યમકના તો આચાર્ય-કવિ છે. શ્લેષજન્ય યમકક્રીડાનાં અસંખ્ય ઉદાહરણો (શ્લોક ૧૦૧, ૧૭૪, ૧૭૮ વગેરે) પ્રાપ્ત થાય છે. વિરોધાભાસ દ્વારા ચમત્કાર સર્જવાનો કવિને શોખ છે.[૩૦] એકંદરે વેંકટાધ્વરીની શૈલી સ્વાભાવિક અને સરળ હોવા છતાં કલાપૂર્ણ છે.

'ઉત્તરચંપૂ'માં મુખ્યત્વે વાર્ણિક છંદોનો પ્રયોગ થયો છે. પ્રકૃતિ તેમ જ શૃંગારનાં કોમળ વર્ણનોમાં શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા અને માલિની જેવા સુકુમાર છંદ પ્રયોજી કવિએ ભાવસૌંદર્યને સ્ફુટ કર્યું છે. આ ત્રણ છંદ તો કવિને અતીવ પ્રિય છે. તેથી જ તેઓએ પોતાની કૃતિઓમાં આ છંદોનો અન્ય છંદ કરતાં અધિક પ્રયોગ કર્યો છે. ગૌડીશૈલીને અનુરૂપ સ્રગ્ધરાનો પ્રયોગ થયો છે (જેમ કે શ્લોક ૧૦૮). મંજુભાષિણી અને વિયોગિની (શ્લોક ૧૩૭) જેવા અલ્પ પ્રચલિત છંદોની રચના પણ થઈ છે. અન્ય છંદોમાં અનુષ્ટુપ, મન્દાક્રાન્તા, શિખરિણી, પૃથ્વી, પુષ્પિતાગ્રા, ઈન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા અને ઉપજાતિ પ્રયોજાયા છે.

વેંકટાધ્વરીની રામાનુજીય વૈષ્ણવી ભક્તિ આ ચંપૂકાવ્યની રચનાના કેન્દ્રમાં છે. પરિણામે આ કાવ્ય સ્તોત્રરત્નોથી પણ મંડિત થયું છે. વિષ્ણુના અવતાર રામ પ્રત્યે પ્રગાઢ ભક્તિભાવ હોવાને કારણે કવિ પોતાના ચંપૂકાવ્યનો આરંભ પણ રામના મહિમાવર્ણન(શ્લોક ૧ થી ૪)થી કરે છે. રામકથા કવિને મન આસ્વાદ્ય છે, અમૃતતુલ્ય છે (શ્લોક ૭). દેવકૃત ભગવાન વિષ્ણુની સ્તુતિ (શ્લોક ૩૧-૩૨), રાવણથી રક્ષાર્થે મહેન્દ્રાદિ દેવોની વિષ્ણુ-સ્તુતિ (શ્લોક ૧૫૨ થી ૧૫૮) અને ગ્રંથના અંતભાગમાં ઋષિઓના મુખમાં મૂકાયેલ રામનાં અદ્ભુત કાર્યો, યશ, પ્રતાપ તેમ જ દાનાદિની સ્તુતિ (શ્લોક ૨૬૬ થી ૨૯૭) દ્વારા કવિએ પોતાની વૈષ્ણવી ભક્તિ-ભાવનાં દર્શન કરાવ્યાં છે. મહેન્દ્રાદિકૃત વિષ્ણુ-સ્તુતિમાં મત્સ્ય, કચ્છપ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ આદિ અવતારોનું નિરૂપણ થયું છે. સ્તોત્રની સાનુપ્રાસિક પદાવલિઓ ભાવસૌંદર્યની રક્ષા કરે છે (શ્લોક-૧૫૫). રામ પાસે પરિતાપ-શમનની યાચના પણ હૃદયસ્પર્શી છે (શ્લોક ૨૬૬). રામના બાલ સૂર્ય સમાન તેજસ્વી પ્રતાપનું આલેખન આકર્ષક છે.[૩૧]

સુભાષિતો ચંપૂકાવ્યના અંગરૂપ છે. વેંકટાધ્વરીએ પણ 'ઉત્તરચંપૂ'માં અત્ર-તત્ર દુન્યવી-વ્યાવહારિક સત્યોને સુંદર અને સરળ ભાષામાં દષ્ટાંત તેમ જ અર્થાન્તરન્યાસ અલંકારથી મંડિત કરીને રજૂ કર્યાં છે. આવી ઉક્તિઓમાં કવિનું જીવન-દર્શન વ્યક્ત થાય છે. કેટલીક પંક્તિઓ નોંધપાત્ર છે :

---

२९ पौण्डरीकवितानः कासारेषु पुण्यजनपूजनं लङ्कायां गुरुचरणाभिगमनं कलभेषु जयाभ्युदयः काननेषु जनार्दनपरिचरणं महाह्रदेषु सुमनसः संगतिः सुन्दरीचिकुरेषु........न तु प्रजासु आसीत् । ઉ૦ ચ૦ ગદ્ય ૪૧

३० यदीश्वरोप्यनघोसि राघव त्वं नराघवत्वं तदपाकरोषि ।
सीतापते युक्तमिदं च चित्रं यशोधनस्त्वं नयशोधनोपि ॥ ઉ૦ ચ૦ ૨૮૬

३१ आरक्तयन्नपि हरित्तरुणीमुखानि बालार्कवद्रघुपते भवतः प्रतापः ।
तंतन्यते रिपुनृपालवधूमुखेषु ताम्बूलरागमपि हन्त कथावशेषम् ॥ ઉ૦ ચ૦ ૨૭૪

(૧) ક્રૂર વ્યક્તિઓ પણ અબળાઓને તો આનંદદાયી બને છે :

हन्त क्रूरा अप्यबलानामानन्ददा इत्येषा परिभाषा न मृषा । ગદ્ય ૭૨

(૨) પ્રમત્તની આત્મરતિ :

किं प्रमत्तोऽप्यात्मानमेव कुतुकादसिना लुनाति । શ્લોક ૧૩૮

(૩) વિનાશકાળે વિપરીત બુદ્ધિ :

नैतान्यरोचन्त वचांसि तस्यास्तथ्यानि पथ्यान्यपि रावणाय ।
उग्रौषधान्यप्यविदूरमृत्योरन्तर्न हन्त प्रविशन्ति जन्तोः ॥ શ્લોક ૧૪૦

(૪) પાપકર્મનું ફળ સમયે ફળે છે અને ભોગવવું પડે છે :

हन्त स्वं स्वं भवति यदसत्कर्मनिर्माणकाले
नीचानां तत्पचनसमये यातनामातनोति ॥
मन्दाग्नीनां निगरणदशास्वेव सन्तोषहेतु–
माशापूपः किमथ न दिशत्यक्षयं कुक्षिरोगम् ॥ શ્લોક ૧૮૧

(૫) સુખ-દુઃખમાં પંડિતની સમાન સ્થિતિ :

प्रतिकूलेऽनुकूले वा प्राप्ते विधिविपाकतः ।
मा खेदं मा च सन्मोदं पंडितः प्रतिपद्यते ॥ શ્લોક ૧૮૫

ઇંદ્ર અને નમુચિ

યશવંત કૃષ્ણ પટવર્ધન

अपां. फेनेन नमुचेः शिरः इन्द्रोदवर्तयः
विश्वा यदजयः स्पृधः ।

આ મંત્ર ઋ. મં. ૮, સૂ. ૧૪, મંત્ર ૧૩; યજુ. અધ્યા. ૧૯, મં. ૭૧; સામવેદ પૂર્વાર્ચિક પ્રપાઠક ૩ દશતી ૨, મં. ૮ અને અથર્વ. કાં. ૨૦, સૂ. ૨૯, મં. ૩ આ પ્રકારે ચારે વેદોમાં આવેલ છે. એક જ મંત્ર ચારે વેદોમાં ફરી ફરી આવવાનું કારણ શું હશે ? એકાદ વાત ભારપૂર્વક કહેવાની હોય ત્યારે તે ત્રણ વખત કહેવામાં આવે છે. ત્રણ વાર બોલાતાં હરરાજી પાકી થાય છે. સામવેદના મંત્રો લગભગ બધા જ ઋગ્વેદમાંથી લીધેલા છે અને છંદોબદ્ધ-સંગીતમય કરવામાં આવેલા છે. એટલે ઉપર જણાવેલ મંત્ર ત્રણ વખત તો વેદોમાં ચોક્કસ કહેલ છે. એટલે વાચકોનું ધ્યાન અર્થ તરફ દૃઢ થાય, આકર્ષાય એવો મંત્રનો ઉદ્દેશ હોઈ શકે.

પુરુષસૂક્ત, દુનિયાની ઉત્પત્તિનો ઇતિહાસ અથવા ક્રમ જેમાં છે, એ પ્રમાણે જ ચારે વેદોમાં આવે છે એવી દૃષ્ટિથી આ મંત્રનો અર્થ આપણે તપાસીશું.

શબ્દો મુજબ મંત્રનો અર્થ આવો થાય છે :—" (इन्द्र) હે ઇંદ્ર ! (अपां फेनेन) પાણીના ફીણથી (नमुचेः शिरः) નમુચિનું માથું (उदवर्तयः) ચગદી નાખ. અથવા શરીરથી વાઢી વેગળું કર; અને (विश्वा स्पृधः) બધા સંપૂર્ણ વિરોધ(દુશ્મનાવટ–વેર)ને (अजयः) જીતી લે."

આ નમુચિ કોણ હશે કે જેના માથાને ચગદી નાંખવા કહ્યું છે. (उद् + वृत[वर्त] આ ધાતુના અનેક અર્થો છે તે સર્વેનો પછી લેખમાં વિચાર કર્યો છે) પ્રાર્થના કરાઈ છે ? અને જેની પ્રાર્થના કરી છે તે ઇંદ્ર કોણ હશે ? अपां फेन એ ઇંદ્રનું શસ્ત્ર કે અસ્ત્ર હશે જેની મદદથી ઇંદ્ર નમુચિનું માથું ચગદી–વાઢી નાંખવાનો હતો ?

પ્રાચીન શબ્દકોશોમાં નમુચિનો અર્થ મળતો નથી. શબ્દવ્યુત્પત્તિની મદદથી તેનો અર્થ આપણે પછી કરીશું. મ. મ. ચિત્રાવશાસ્ત્રીના 'ચરિત્રકોશ' ખંડ ૧ (પ્રાચીન વિભાગ, ખ્રિસ્તી પૂર્વ)માં નમુચિનો અર્થ એક રાક્ષસ આપ્યો છે અને ઇંદ્રે તેનો વધ કર્યો એટલો જ ઉલ્લેખ છે. આ માહિતી પુરાણાધારે મળે છે પણ આ મંત્ર અથર્વવેદમાં છે. અથર્વવેદનો મુખ્ય વર્ણ્યવિષય વૈદ્યક અને મંત્રશાસ્ત્ર છે. તેથી આ મંત્રમાં કંઈપણ વૈદ્યકીય રહસ્ય છૂપાયેલું હશે અથવા કોઈ દવા વિષે સિદ્ધાંત પ્રતિપાદન કર્યો હશે એમ અમને લાગે છે. એટલે મંત્રોના બાકી શબ્દોના શું અર્થ થાય છે તે આપણે જોઈશું.

નમુચિ આ રોગ હશે ?

નમુચિ આ કોઈ રોગ હશે, દરદ હશે અને તે દૂર કરવા ઇંદ્રની પ્રાર્થના કરી હશે. ત્યારે પહેલાં ઇંદ્ર કોણ એ આપણે નક્કી કરીશું. ઋગ્વેદકાલમાં જે દેવતાઓની પ્રાર્થના કરાતી તે બધા પ્રત્યક્ષ દેવો હતા. દા. **अग्नि, सूर्य, वरुण (जल), वायु** વગેરે. દ્વાદશ આદિત્યોમાં (બાર માસમાં દર માસે સૂર્યનું નામ અલગ અલગ આવે છે) એક નામ સૂરજનું **शुक्र** એમ છે અને ઇંદ્રનું પણ **शुक्र** નામ છે જ. **हरि** નામ સૂરજનું તેમ જ ઇંદ્રનું પણ છે. **दिवस्पति** નામ સૂર્યનું અને ઇંદ્રનું પણ છે. **शब्दकल्पद्रुम**માંથી આ માહિતી મળી રહે છે. **शब्दस्तोममहाविधि**માં (પાનું ૬૮૦ ઉપર) ઇંદ્ર એ સૂર્યનું નામ પણ આપ્યું છે. (**निघंटु**) નિરૂક્ત, અ. ૫, ખં. ૪માં સૂર્યનું નામ જે **सविता** તે ઇંદ્રનું પણ છે જ. આ કરતાં પણ સબળ પુરાવો જોઈએ તો નીચેનો મંત્ર જુઓ :

> **स वरुणः सायमग्निर्भवति । स मित्रो भवति प्रातरुद्यन्**
> **स सविता भूत्वा अन्तरिक्षेण याति । स इंद्रो भूत्वा तपति मध्यतो दिवम् ।**
> **अथर्व० १३-३-१३**

અર્થ :—તે વરુણ સાંજે અગ્નિ થાય છે, સવારે ઉદય થયા પછી તે મિત્ર હોય છે, ત્યાર પછી (૯ વાગ્યા પછી) તે જ સવિતા થઈ આકાશ માર્ગે જાય છે; અને (મધ્યાહ્ન) બપોર પછી તે ઇંદ્ર થઈ દ્યુલોકમાં તપે છે.

આ મંત્રમાં ખરા બપોરના સૂરજને ઇંદ્ર એ નામ અપાયેલું છે એ સ્પષ્ટ વર્તાય છે. જેમ એક જ માણસ સગાઈના કારણે બાપ, છોકરો, દાદા, કાકા, મામા, જમાઈ એમ સંભવે છે. તેમ જ "**सूर्य**" ભિન્ન અવસ્થામાં **अग्नि, वरुण, मित्र, सविता, इन्द्र** એ નામોથી ઓળખાય છે. આ રીતે આપણે જોઈ શકયા કે ઇંદ્ર એ નામ ચોક્કસ સૂરજનું છે. એટલે ઉપરના મંત્રની પ્રાર્થના સૂર્યની છે. વેદમંત્રોનો અર્થ સિદ્ધ કરવા વૈદિક પુરાવા જેવો બીજો કયો પુરાવો હોઈ શકે?

બીજો એક વિચાર એ છે કે, વેદોમાં જો બધા પ્રત્યક્ષ દેવોનું વર્ણન છે તો-મનુષ્ય નજરે જોઈ શકે છે એવા દેવોની પ્રાર્થના છે. સૂર્ય પ્રત્યક્ષ દેવ છે પણ ઇંદ્ર તેમ નથી. એટલે ઉપરના મંત્રની પ્રાર્થના ઇંદ્રની હોવા છતાં ત્યાં અભિપ્રેત અર્થ સૂર્ય જ હોવો જોઈએ.

રોગ હટાવવામાં, દૂર કરવામાં સૂરજનો ફાળો ઘણો મોટો છે. બીજા કોઈ દેવતા કરતાં સૂર્યકિરણો દ્વારા અનેક રોગ દૂર થાય છે તેનાં વર્ણનો વેદમંત્રોમાં છે.[1] **हृद्रोग, कामिल** (jaundice) માથું દુખવું, પેટ દુખવું, ચામડીના રોગો વગેરે સૂરજ કિરણોથી મટે છે (cf. **हृद्रोगं मम सूर्य हरिमाणं च नाशय । ऋ. १/५०/११-१२-१३**). એટલે આ મંત્રમાં ઇંદ્ર શબ્દથી સૂર્ય દેવતા જ અભિપ્રેત હોવા જોઈએ.

ત્યારે સૂરજની પ્રાર્થના કરી કે, **अपां फेनेन** (પાણીના ફીણ વડે) **નમુચિ** રોગોનો નાશ કર. આમાં **अपां फेन** એટલે સમુદ્રફીણ—આ દવા સામાન્ય વૈદ પણ જાણે છે. કારણ **अपां** એટલે પાણી

---

૧. આ જ લેખકના **सूर्यकिरणचिकित्सा** વિષેના લેખો, 'આરોગ્યમંદિર' માસિકના, ફેબ્રુઆરી ૧૯૫૫ અને તે પછીના અંકોમાં પ્રસિદ્ધ થયા છે.

સિવાય બીજો કોઈ અર્થ થતો નથી અને દરિયાના પાણી વગર બીજા કોઈ મીઠા પાણીને ફીણ આવતું નથી. પાણીમાં ક્ષાર ઉમેરવાથી જ ફીણ નિર્માણ થાય છે. એટલે સમુદ્રફીણની કંઈ દવા બનાવવાની વાત છે. સમુદ્રફીણ બરડ હોવા છતાં કઠણ હોય છે. તેનું ચૂર્ણ બનાવવા તેને વાટવું, ઘૂંટવું (उद् + वर्त) પડે. નહિ તો તેનો કંઈ ઉપયોગ થાય નહિ. હવે પદાર્થ ઘૂંટવા કંઈ આર્દ્ર (પ્રવાહી) દ્રવ્યની જરૂર હોય છે. તેની શોધ આ મંત્રમાં જ કરવી રહી.

ઉપર અમે 'ઘૂંટવું' એવો જે અર્થ કર્યો તે શાસ્ત્રસંમત છે. उद्वर्तयः આમાં उद् + वृत (वृत्–वर्त) ધાતુના કોશમાં આટલા અર્થ આપ્યા છે :—ચગદવું, મરડવું, કાપી-વાઢી છૂટું કરવું, પ્રકાશિત કરવું, વિભાગ પાડવા, કકડા કરવા, તોડવું, ફેડવું, પ્રગટ કરવું, ઊંચું (નીચું) કરવું, તાણવું, બલવાન બનાવવું, બાંધવું, રોકવું, છોડવું અને ઘૂંટવું (અને જોકે અમે ઉપર કહ્યા મુજબ સમુદ્રફીણ ઘૂંટવું એટલો જ અર્થ લઈ વિચાર કરીએ છીએ છતાં ઉપર આવેલા બધા જ અર્થ આ મંત્રમાં વર્ણવેલ नमुचि રોગો વિષે લાગુ પડે છે, એમ અમે બતાવવાના છીએ) उद् + वृत (वर्त)થી उद्वर्तन = અપભ્રંશ उटणे મરાઠી, ઉબટવું (ગુજ.), ઉબટના-બટના (હિંદી) એવા અપભ્રંશ થયા અને એ ઉબટવુંમાંથી જ वटिका, वडी (બટાકા અથવા દહીંવડામાં એ વડા શબ્દ આ ઉબટવું ઉપરથી આવેલો છે). આ ઉદ્ + વૃત્ ધાતુથી બનેલા છે. એટલે જ અમે શરૂઆતથી આ મંત્રનો અર્થ કરવામાં 'ચગદવું 'આ અર્થ પકડ્યો છે. ચગદવું, ચગદી ગૂંદવું, ચોળવું, એકરસ બનાવવું–આ બધા શબ્દો વૈદકના ચૂર્ણ કરવું અથવા ઘૂંટવું માટેના પર્યાય શબ્દો છે.

તો પછી આ સમુદ્રફીણ ઘૂંટવા માટે સાધન (માધ્યમ) શું ? શામાં સમુદ્રફીણ ચગદવું અથવા ચૂર્ણ કરવું. સૂરજની પ્રાર્થનામાં अर्क શબ્દ ઘણીવાર આવે છે. અને अर्क શબ્દનો બીજો અર્થ આકડો એમ થાય છે. સંસ્કૃતકોષમાં તેને પ્રતિશબ્દ भास्कर, विवस्वान् , अर्यमा, अहर्पति, उष्णरश्मि, भानु, प्रभाकर, विभाकर, विभावसु, सप्ताश्व, सविता, रवि આવા સૂરજ માટે અને તે જ નામો આકડા માટે પણ છે. આયુર્વેદમાં આકડો (अर्क) અને रवि (સૂરજ-રૂઈ(મરાઠી)) આ નામો એક જ જગ્યાએ આવે છે. (रविનો અપભ્રંશ रुई અને अर्कનો આકડો) આકડો અને સૂરજ એમની મૈત્રી પણ છે. ઉનાળો જેમ પ્રખર તેમ આકડો ખીલે છે. ચોમાસુ શરૂ થતાં તે મરી જાય છે. આકડાને ઉનાળામાં દૂધ પણ વધુ હોય છે. પુરાવો આશ્ચર્યજનક પણ ધ્યાનમાં રહે તેવો છે કે સૂરજ અને આકડો એક નામાભિધેય જ છે.

એટલે ઉપર સુધીની શોધખોળથી મંત્રનો અર્થ એમ બને છે કે :—આકડાના રસમાં સમુદ્રફીણ ઘૂંટી લેપ તૈયાર કરીને ચોપડવાથી नमुचि રોગોનો નાશ થાય છે, તેમનો વિરોધ જિતાય છે(રહેતો નથી).

એટલે હવે नमुचि રોગ કયા તે જોવાનું રહ્યું. શબ્દવ્યુત્પત્તિના આધારે नमुचिના બે અર્થ સંભવિત છે. (धातूनां अनेकार्थत्वात् આ સૂત્રાધારે બીજા વધારે અર્થો થઈ શકશે, પણ જે દવા ઉપર્યુક્ત શબ્દ દ્વારા તૈયાર થઈ છે, તેનો ઉપયોગ उद्वर्तयःના આધારે કરતી વખતે તેટલા જ અર્થ ગ્રાહ્ય રાખીએ છીએ.)

અસાધ્ય રોગ

(૧) न मुचि = न मुञ्चति અથવા न मुच्यते. એટલે જે રોગ રોગીને છોડતો નથી અથવા જે છોડી શકતો નથી. બન્નેનો અર્થ તો એક જ છે. જે રોગ દૂર થઈ શકતો નથી તે **नमुचि.** તો नमुचि નામવાળો જે રોગીને છોડતો નથી અથવા જે એક વાર થયા પછી કોઈ પણ દવાથી મટતો નથી, જે રોગને રોગીથી વેગળો કરી શકાતો નથી એવો કયો રોગ છે ? आयुर्वेदीय કોઈ પણ ગ્રન્થમાં **नमुचि** નામનો રોગ આપેલ નથી. नमुचि એવું નામ ન હોવાથી તે સંજ્ઞાવાચક વિશેષનામ નહિ પણ સામાન્ય નામ હોઈ શકે. દા. જ્વર એટલે જેમ જ્વર અનેક પ્રકારના છે, તેમ રોગીઓથી દૂર કરી શકાતા નથી અથવા જે રોગો દૂર થઈ શકતા નથી અથવા મટી શકતા નથી તેવા અસાધ્ય રોગો नमुचि નામથી ઓળખાય છે.

नमुचि એટલે જે અસાધ્ય રોગો તેના ઉપર ઉપાય યોજના આ મંત્રમાં કહી છે. આ તો वदतोव्याघातदोष (Paradox) કહેવાય અને કોઈ ઉપાયથી રોગ જો મટતા ન હોય તો તે અસાધ્ય કહેવાય અને ઉપાયથી દૂર થતાં રોગ હોય તો તેમને અસાધ્ય ન કહેવાય, नमुचि ન કહેવાય. પણ આ શંકા અથવા આક્ષેપ આયુર્વેદમાં વર્ણવેલ અનેક રોગચિકિત્સા ઉપર લઈ શકાય છે. એક તરફ તે રોગને અસાધ્ય કહેવામાં આવે છે અને તે ઉપર ઉપાય-દવા, પરેજી, ખોરાક, અનુપાન પણ કહેલાં હોય છે. તે ઉપરથી એમ સામાન્ય નિષ્કર્ષ કાઢી શકાય કે જીવનમાં કોઈ પણ રોગ અસાધ્ય નથી. એટલે અમુક મર્યાદા પછી ઘણા રોગની ચિકિત્સા થઈ શકતી નથી; અથવા તે ઉપર ઉપાય યોજના થઈ શકતી નથી ત્યારે તેમને અસાધ્ય કહેવામાં આવે છે—नमुचि કહેવામાં આવે છે. દા. મધુમેહ (મીઠો પેશાબ)—આ રોગને વૈદક ગ્રંથોમાં અસાધ્ય કહ્યો છે અને તેની ચિકિત્સા કરી ઉપાય—યોજના પણ આપી છે. રોગ અસાધ્ય હોય તો કોઈપણ ઉપાય ચાલે નહિ, નિષ્ફળ નીવડે. અને જો તે કોઈ ઉપાયથી નાબૂદ થઈ શકતો હોય, સમૂળ નાશ થતો હોય, ફરી ન થતો હોય તો તે અસાધ્ય (नमुचि) રોગ નહિ. આ બધી ચર્ચામાંથી અમે એટલો જ સાર તારવીએ છીએ કે આયુર્વેદીય પરિભાષા મુજબ नमुचि અથવા અસાધ્ય રોગ તેમને જે કહેવું કે જે अचिकित्स्य છે અથવા સમય જતાં અચિકિત્સ્ય કક્ષા (stage)માં જશે.

આકડાનો રસ અને સમુદ્રફીણ

ઇંદ્ર એટલે આકડાના રસમાં સમુદ્રફીણની મદદથી બનાવેલ લેપ વડે અચિકિત્સ્ય રોગ મટે છે, વિરોધ જિતાય છે. આ વેદવચન ઉપર શ્રદ્ધા રાખી વૈદ લોકોએ સંશોધન અને પ્રયોગ કરવા જોઈએ. એમ કહેવાનું કારણ આ મંત્રમાં ઈલાજ કહ્યો પણ સમુદ્રફીણ કે આકડાના રસનું પ્રમાણ અનુપાન, પરેજી, આહાર વગેરે કંઈ કહેલું નથી. उदवर्तयः આ શબ્દ ઉપરથી સમુદ્રફીણ આકડાના રસમાં ઘૂંટવું એટલું જાણી, તેની કદાચ ગોળી બનાવી લેવાતી હોય, અથવા બહારથી લેપ કરવો હોય. પણ એમનું પ્રમાણ, સમય, અનુપાન એનો ખુલાસો ન હોવાથી વધારે પ્રયોગ દ્વારા સંશોધન થવું જરૂરી છે.

(૨) नमुचि શબ્દના બે અર્થ અમે ધારેલા તેમાં એક અર્થ अचिकित्स्य રોગ એવો થયો તે વિષે આટલો વિસ્તાર થયો. હવે બીજો અર્થ જોઈશું. नमुचि = नम + उचि એટલે નીચે ઉપર થનારા અથવા એકલા નીચે અથવા એકલા ઉપર થનારા એવાં કંઈ રોગો છે કે?

મનુષ્યશરીરમાં એવા ઘણાં રોગો નિર્માણ થાય છે કે જેમાં શરીરનો અવયવ અથવા ભાગ રોગના કારણે નૈસર્ગિક અવસ્થા છોડી બહાર ઉપસી આવે છે અથવા શરીરની અંદર ઊંડો ચાલ્યો જાય છે. આવા રોગોને **નમુચિ** કહેવાય દા. હરસ, મસા, ભગંદર, ગણ્ડમાળા, સોજો, વ્રણ, ગુમડું, ફોલ્લા, મસ, કુષ્ઠ, રાંજણવાડી (આંખે થાય છે), કાંખબિલાડી (બગલમાં થાય છે) આવા બધા **નમુચિ** કહેવાય.

હવે **उदवर्त्तयः**ના પહેલાં કહેલાં બધા **અર્થ** અહીં લાગુ પડે છે. " (**इंद्र**) આકડાના રસમાં ચગદેલા, ચૂંથેલા, ઘૂંટેલા (**अपां फेनेन**) સમુદ્ર ફીણથી (લેપ કરવાથી) **नमुचेः शिरः** (ઊંચા નીચા થનારા રોગ (૧) જો દેખાતા ન હોય તો પ્રકાશમાં આવે છે (દેખાવા લાગે છે). (૨) પ્રસરવા જરૂરી હોય તો પ્રસરે છે. (૩) ફૂટવાની જરૂરી હોય તો ફૂટે છે (ગુમડાં). (૪) જો ઘા ઊંડો હોય તો રૂઝ આવે છે ભરે છે. (૫) અંદર પરુ થયું હોય તો બહાર નીકળે છે, તણાય છે, શુષ્ક બને છે. (૬) અવયવ ઇંદ્રિય નિર્બળ બન્યાં હોય તો તેની અશક્તિ મટી ફરી કામ આપે છે. (૭) સંસર્ગ જન્મ (Contagious) હોય તો તેમનો પ્રસાર રૂંધાય છે, ઇત્યાદિ.

ગુમડું કઠણ હોય, ફૂટતું નથી તો તે ઉપર ભગંદર, મૂળવ્યાધ(હરસ), લીલું સૂકું ખરજવું, ગણ્ડમાળ આ બધા ઉપર સમુદ્રફીણનો આકડાના રસમાં તૈયાર કરેલો લેપ, આ ઉપાય કહ્યો છે. તેમ જ મુખવાટે પેટમાં લેવાથી પણ તે ફાયદાકારક છે. ટૂંકમાં, આ દવા (આકડાના રસમાં ઘૂંટેલું સમુદ્રફીણ ચોપડવા અથવા ગોળીઓ બનાવી પેટમાં લેવા) **નમુચિ** શબ્દાર્થમાં અંતર્ભૂત થનારા હરસ, ભગંદર, લીલું ખરજવું, સોજો, ગુમડાં, ખરજવું (સૂકું) હસ્તિપદ, શ્લીપદ (Elephants) કુષ્ઠ, વ્રણ વગેરે બધા રોગો દૂર થાય છે.

ચિકિત્સક વૈદ્યોએ પ્રયોગ દ્વારા આ વેદમંત્રની પારખ કરવા ઔષધિસેવન વિધિ, પરેજી અનુપાન વગેરે કરી તેને લોકોના લાભાર્થે પ્રસિદ્ધિ આપવી.

જૈનો અને મુસ્લિમ શાસકો

અથવા

સુલતાનો અને મોગલોના દરબારમાં

જૈન મંત્રીઓ, શ્રેષ્ઠીઓ અને સૂરિઓ

મૃદુલા મહેતા

ગુજરાતના અને ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં કેટલાંક નગરો અને કેટલીક જાતિઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગુજરાત, મેવાડ અને મારવાડનાં આવાં પ્રાચીન ઘરાણુાંમાં જૈન અને વણિક શ્રીમાળવાસીઓ-પોરવાડ અને ઓસવાળ કુટુંબો અને જ્ઞાતિઓએ તથા નાગરોએ-દ્વિવેટિયા, ધ્રુવ વગેરેએ ગુજરાતના જીવનમાં કોઈક અને કોઈક ક્ષેત્રે આજસુધી મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેમાનાં કેટલાંકે પોતાની મુત્સદ્દીગીરીથી મંત્રીપદો શોભાવ્યાં છે, અને ક્યારેક રાજસૂત્રધારો પણ બન્યા છે; સામાજિક જીવનમાં અનેક સખાવતો દ્વારા પોતાનું દાતાપણું દીપાવ્યું છે. દુષ્કાળ સમયે અન્નસત્રો ખોલીને પ્રજાને મુશ્કેલીઓમાં સહાયરૂપ થયા છે. શૂરવીરતામાં પણ ક્ષત્રિયોને શરમાવે તેવી વીરતા દાખવી છે. કચ્છના જગડુશાહ અને બરવાળાના ભામાશાહને પ્રજા આજે પણ યાદ કરે છે. તેમને જ કારણે ગુજરાતમાં કહેવત થઈ પડી છે, કે “ શાહ તો ભામાશાહ, બીજા બધાં કહેવાના ”.

મધ્યયુગમાં ભારતીય કલાવારસાને સાચવતાં, કલાત્મક મનોહર મંદિરો અને તેની ચિત્તાકર્ષક પ્રસન્ન કરે તેવી પ્રતિમાઓથી જૈન-તીર્થો સદીઓથી શોભી રહ્યાં છે. ક્યારેક સાહિત્યકારને આશ્રય આપીને, તો ક્યારેક સ્વયંરચના કરીને, જૈન શ્રેષ્ઠી કે મંત્રીએ ગુજરાતના બુદ્ધિધનમાં વધારો કર્યો છે; સરસ્વતીને આરાધી, સારસ્વત બની, ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાહને ગતિમાન અને સમૃદ્ધ રાખ્યો છે. ગુજરાત તેમનું આ ઋણ સ્વીકારીને જ વધુ સંસ્કારી બની શકે તેમ છે.

શ્રીમાળી અને શ્રીમાળમાંથી જ વિસ્તરેલી પોરવાડ ઓસવાળ જૈન અને વણિક કોમો સ્વભાવે સાહસિક છે. વેપારવાણિજ્ય સાચવવા રાજદરબારોમાં વગ રહે તે જરૂરી હતું. વળી, ધર્મસ્થાનો ન ભાગે, કે કલુષિત થાય, તેમની સંભાળ રખાય, ધર્મની વૃદ્ધિ ચાલુ રહે અને દરબારમાં મોભો મળે, એવા અનેકવિધ આશયથી જૈન વણિકો અને સાધુઓ, સુલતાનો તથા મોગલોના દરબારોમાં અવરજવર અને સંપર્ક રાખે છે. પોતાની આવડત હોશિયારીથી મંત્રીપદો પ્રાપ્ત કરે છે, કે ‘ જગતગુરુ ’નો ખિતાબ મેળવે છે. એમાં એમની મુત્સદ્દીગીરી, તેમની વ્યવહાર, ચાતુરી, વેપારને છાજે તેવી બાંધછોડની વૃત્તિ અને સાલસ સ્વભાવ વગેરે પણ સહાયક થયાં હશે.[1] ઈ. સ. ૧૨૦૬ થી તે લગભગ ઈ. સ. ૧૭૦૦ સુધી, પ્રજાના એક વગદારવર્ગ તરીકે અને

૧ “ વાણિયા મૂછ નીચી, તો કહે ભાઇ નીચી, ” વાણિયો, “ મગનું નામ મરી ન પાડે ”, વગેરે કહેવતો તેથી પ્રચલિત થઈ છે.

મુસ્લિમ પરદેશી શાસકોના સહાયક તરીકે તેમણે ભારતના રાજકીય ઇતિહાસમાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

આ કેવી રીતે બન્યું હશે, તે તે સમયની પ્રાપ્ત થતી માહિતીને આધારે સ્પષ્ટ કરવું છે. રાજકીય-આર્થિક પ્રવાહો રાજ્ય અને સમાજ પર કેવી રીતે અસરકારક બને છે, તે અહીં જોવું છે. તેથી, અહીં, જૈન શ્રેષ્ઠીઓ, મંત્રીઓ અને સૂરિઓની ઐતિહાસિક કારકિર્દી રજૂ કરીને આ હકીકત વધુ સ્પષ્ટ કરવી છે.[2] એ દ્વારા લગભગ ૫૦૦થી વધુ વર્ષના દીર્ઘ મુસ્લિમ શાસનની આ એક વિશિષ્ટ ઐતિહાસિક બિના તરફ ધ્યાન દોરવું છે.

ગુજરાતમાં વાઘેલા-સોલંકી રાજા કર્ણનું શાસન હતું. અલ્લાઉદ્દીન ખીલજીનો ભાઈ ઉલુગખાન તથા નસરતખાન સંવત ૧૩૫૬ (ઈ. સ. ૧૩૦૦)માં ગુજરાત સર કરે છે. ગુજરાતમાં પાદશાહી સુલતાનના પ્રતિનિધિ સૂબા તરીકે અલપખાન નિમાય છે. ઈ. સ. ૧૨૯૮ થી ૧૩૦૦નો સમય આક્રમણ અને અત્યાચારોનો છે.[3] તે સમયે બ્રાહ્મણ જૈન મંદિરો, અને મૂર્તિઓ તેઓ ભાગે છે. તેના સમયમાં શાહ જેસલે ખંભાતમાં સં. ૧૩૬૬માં પૌષધશાળા સહિત અજિતનાથનું વિધિચૈત્ય બંધાવ્યું;[4] એ એક આશ્ચર્યજનક ઘટના છે. પણ તે વિશે કંઈક અનુમાન દેવગિરિ વિશેના ઉતારા પરથી કરી શકાશે.

"દેવગિરિમાં શ્રી-રામ નામનો રાજા હતો. તેને હેમાદ્રિ નામનો સચિવ હતો. દ્વિજોનું ત્યાં સામ્રાજ્ય પ્રવર્તતું હતું. ત્યાંના તે પ્રધાનના નામથી સદાવ્રત કાઢીને તેને પ્રસન્ન કર્યો; અને પછી પેથડે મોટું જૈન ચૈત્ય કરાવ્યું તે સંવત ૧૩૩૫માં પૂર્ણ થયું...અને ઓમકારનગરમાં સત્રાગાર—સદાવ્રતનું સ્થાન બંધાવ્યું.[5]

આ સમયે પાટણમાં સમરસિંહ નામનો જૈન વણિક રહેતો હતો. અલપખાનની સેવામાં તે ઉચ્ચ અધિકારપદે હતો. શત્રુંજય પરની દુર્ઘટના સાંભળી તેના ઉદ્ધારની પ્રતિજ્ઞા કરી, અલપખાન પાસે જઈ વિનંતી કરી કે, 'અમારી આશાના આધારભૂત સ્વામી ! હિન્દુઓની હજ ભાગી નાખી છે, એથી દુનિયા નિરાશ થઈ છે'......આ અલપખાને સમરસિંહની વિનંતિને માન આપીને તીર્થ માંડવાનું ફરમાન કરી આપ્યું અને તે માટે માલિક અહિદરને આદેશ કર્યો.[6]

---

૨ અહીં મુખ્ય આધાર 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'–લે. દેસાઈ, મોહનલાલ દલીચંદ. આ ગ્રંથમાં હસ્તપ્રતો, પ્રતિમાલેખો, જૈન રાસ વગેરે સાહિત્યના આધારે આ માહિતી આપી છે, અને તે આધારભૂત છે. તેનો હવે પછી ઉલ્લેખ 'જૈ. સા. ઇતિ.'થી થશે.

'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ'–શ્રી રત્નમણિરાવ જોટે તથા શ્રી નદવી સાહેબનો 'ગુજરાતનો ઇતિહાસ', ભા. ૧. ૨–નો પણ ઉપયોગ કર્યો છે. બન્ને વિદ્યાસભાનાં પ્રકાશનો છે.

૩ ગુજ. સાં. ઇતિ –ર. મ. જોટે, ખં. ૧, ભા. ૧, પૃ. ૧૨૭.

૪ જૈ. સા. ઇતિ., પૃ. ૪૨૪ તથા ગુજ. સાં. ઇતિ. પૃ. ૧૫૩.

૫ જૈ. સા. સં. ઇતિ., પૃ. ૪૦૫.

૬ એજન, પૃ. ૪૨૬ તથા ગુજરાતનો ઇતિહાસ, ભાગ ૨,—નદવી સાહેબ નોંધે છે કે, (જૈન સાધુઓની) વાતને અલપખાને મંજૂર રાખી અને બહેરામ નામના એક શખ્સને સાથે રાખ્યો. ...

ત્યાર પછી સં. ૧૩૭૧માં સમરસિંહ તેના પિતા દેસલને સંઘપતિ કરી, સંઘ કાઢી, શત્રુંજય પર આદીશ્વરની (પ્રતિમાની) પ્રતિષ્ઠા કરે છે.[૭]

સમરસિંહને અલ્લાઉદ્દીન ખીલજીના દરબારમાં રાજ્યાશ્રય મળ્યો હતો. અલ્લાઉદ્દીનનો તે મંત્રી હતો અને તેની પર તેની વગ હતી. ગુજરાતનો સૂબો શત્રુંજયાદિ તીર્થો ભાગે છે, ત્યારે સુલતાનને ખાસ ખુશ કરીને તે અલ્લાઉદ્દીન ખીલજી જેવા શાસક પાસેથી દહેરા સમરાવવાની છૂટ અને ફરમાન મેળવે છે.[૮]

આ બધી અસાધારણ ઘટનાઓ છે. અલ્લાઉદ્દીન ખીલજી અને તેના સૂબા કે સેનાપતિઓ રાજકીય અને ધાર્મિક અસહિષ્ણુ નીતિના હતા. તેઓ મંદિરો, મૂર્તિઓ ભાગવામાં, વટાળપ્રવૃત્તિ કરવામાં ગૌરવ લેતા, જેહાદ જગાવતા. વળી, અલાઉદ્દીન એક સમર્થ શાસક અને સફળ રાજવી હતો. ત્યારે તેમણે જૈનમંત્રીને આવાં ફરમાન શાથી આપ્યાં? વળી, આગળ ઉલ્લેખ કર્યો છે કે સમરસિંહ અને તેના પિતા શત્રુંજય પર સંઘ કાઢીને જાય છે ત્યારે સમગ્ર ગુજરાતના ભાવિક જૈનો તેમાં જોડાય છે. તેમનું રક્ષણ કરવાની જવાબદારી તે વખતના ગુજરાતના સૂબાને માથે નંખાય છે. આ સમરસિંહના બંધાવેલાં શત્રુંજય પરનાં દહેરાં સમરશાહની ટૂંક તરીકે જાણીતાં છે.

સુલતાન કુતબુદ્દીનના (ખીલજી)[૯] સમયમાં દિલ્હી દરબારમાં આ સમરસિંહનું સન્માન થાય છે.[૧૦] આ કુતબુદ્દીનના પુત્ર સુલતાન ગ્યાસુદ્દીન શાહે સમરસિંહના કહેવાથી દિલ્હીમાં બંદી રાખેલા પાંડચ દેશના સ્વામી વીરવલ્લને (વીર બલ્લાલ) મુક્ત કર્યા. વળી, બાદશાહનાં ફરમાન પ્રાપ્ત કરી ધર્મવીર સમરે મથુરા અને હસ્તિનાપુરમાં સંઘપતિ થઈ જિનપ્રભસૂરિ સાથે યાત્રા કરી હતી.[૧૧]

ગ્યાસુદ્દીનના પુત્ર ઉલુગખાનના આશ્રિત તરીકે સમરશાહ તિલંગ દેશમાં જાય છે. ખાન તેને પોતાના વિશ્વાસપાત્ર ભાઈ તરીકે સ્વીકારે છે. તેને તિલંગ દેશનો સ્વામી (સૂબો) બનાવે છે. ત્યાં તુર્કોથી બંદી થયેલા પુષ્કળ મનુષ્યોને તે છોડાવે છે. શ્રાવક કુટુંબોને ત્યાં વસાવે છે. ઉરંગલપુરમાં જિનાલય કરાવી ધર્મપ્રભાવના કરે છે.[૧૨] સમરસિંહ સં. ૧૩૯૩ની આસપાસ મૃત્યુ પામ્યો. આમ, સમરસિંહ એક શક્તિશાળી સમર્થ વ્યક્તિ હશે તેમ જણાય છે. શરૂઆતના જુલ્મી મુસ્લિમ શાસન સામે જૈનધર્મને સંરક્ષવા અને વિકસાવવામાં તેણે પોતાનાં સત્તા અને વગ વાપર્યાં છે. એથી ખુશ થઈ જૈન કવિઓએ અને મુનિઓએ તેના ચરિત્રને રાસ રચીને અમર કર્યું છે પણ જે કાળે આ ઘટના બની તે એથી પણ અદ્વિતીય છે.

---

૭ એજન, પૃ. ૪૨૬ તથા ગુ. સાં. ઇતિ., ખં. ૧, ભા. ૧, પૃ. ૧૪૨; જિનપ્રભસૂરિનું 'શત્રુંજય-તીર્થકલ્પ', સં. ૧૩૮૫માં રચાયું, તેમાં આ સર્વ વિગત છે.

૮ એજન, પૃ. ૪૫૨.

૯ અલ્લાઉદ્દીન ખીલજીનો ત્રીજો પુત્ર મુબારકશાહ કુતબુદ્દીન નામ ધારણ કરી ગાદીએ આવે છે. ગુજ. સાં. ઇતિ., પૃ. ૧૩૫ (ઈ. સ. ૧૩૧૬ થી ૧૩૨૪).

૧૦ જૈ. સા. સં. ઇતિ., પૃ. ૪૨૭.

૧૧ એજન, પૃ. ૪૨૬.

૧૨ એજન, પૃ. ૪૨૭; 'નાભિનંદનનોદ્ધાર પ્રબંધ'—કક્ક સૂરિ.

અલ્લાઉદ્દીન ખીલજીના ગુજરાતના સૂબા અલપખાનના પાટણના દરબારમાં બીજા બે જૈન શાહ લલ્લ (લાલિગ) અને શાહ વીજડ પણ મહત્ત્વના શ્રેષ્ઠીઓ હતા. આબુ પરનાં વિમલવસહીનાં જે દહેરાં અલપખાને ભાંગ્યાં હતાં, તેનો જીર્ણોદ્ધાર તેઓ સં. ૧૩૭૮માં કરાવે છે. આ અંગે તેમણે ફરમાન કેવી રીતે પ્રાપ્ત થયું તે માહિતી પણ જાણવા જેવી છે.

આબુ પરનું ભીમસિંહ પ્રાસાદને નામે જાણીતું મંદિર સં. ૧૩૭૬-૭૭ના તેમના લેખવાળું છે. ગુર્જર જ્ઞાતિના આ ભીમાશાહ કચ્છ-ભદ્રેશ્વરના હતા. તે વખતના ગુજરાતના દુષ્કાળમાં તેમણે સદાવ્રતો ખોલીં પ્રજાને જીવાડી હતી. આબુના મંદિરના લેખમાં આ હકીકત કોતરેલી છે.[૧૩]

સોલંકી સમયના જાણીતા મંત્રી અને મુત્સદ્દી વિમલના વંશજો પણ મંત્રી અને અધિકારી તરીકે ખીલજી અને તઘલઘ સમયમાં ગુજરાતના સૂબાઓની નોકરીમાં હતા. સં. ૧૩૯૪માં મંત્રી અભયસિંહ, તે પછી તેનો પુત્ર જગસિંહ, અને તેનો પુત્ર મંત્રી ભાણુક એક પછી એક મંત્રીપદ શોભાવે છે. આ મંત્રી ભાણુકે વિમલવસહીમાં અંબિકાની મૂર્તિ કરાવી પધરાવ્યાનો લેખ એ મંદિરમાં છે. પણ આ ત્રણે જણા કોના દરબારોમાં મંત્રીઓ હતા તેના સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી.[૧૪]

ગુજરાતની જેમ રાજસ્થાન, મારવાડ અને માળવા–માંડૂમાં પણ જૈન વણિકો તીર્થોદ્ધાર કરતા.[૧૫]

દિલ્હીના સુલતાન મહમ્મદશાહ તઘલઘ સં. ૧૪૦૫માં જૈન સૂરિ માલધારી અભયદેવનું[૧૬] દિલ્હીના દરબારમાં સન્માન કરે છે. સં. ૧૪૧૦માં આ મહમુદશાહને તે મુનિએ શ્લોકોની રચના કરી રંજિત કરેલા તેમ જાણવા મળે છે.[૧૭]

સં. ૧૪૨૨માં મહેન્દ્રસૂરિનું શાહ મહમદ (તઘલઘ) સન્માન કરે છે. ફિરોઝ તઘલઘના સમયમાં તે સૂરિ તેના મુખ્ય જ્યોતિષી હતા તેમ પણ જાણવા મળે છે. ફિરોઝ તઘલઘના સમયમાં તેણે ' યંત્રરાજ 'નામનો ગ્રંથ રચ્યો હતો. આ મુનિને મહમદ તઘલઘે ' મહાત્મા 'નું બિરુદ આપ્યું હતું.[૧૮] ફિરોઝ તઘલઘના દરબારમાં મુનિ ભદ્રસૂરિ પણ સન્માન પામ્યા હતા. ' વિવિધ-તીર્થકલ્પ 'ને આધારે તેના દરબારમાં રત્નશેખરસૂરિ અને જિનપ્રભસૂરિ પણ સન્માન પામેલા.[૧૯]

---

૧૩ એજન, પૃ. ૪૨૯.

૧૪ એજન, પૃ. ૪૨૯, ૪૮૦-૪૮૧.

૧૫ એ જ સમયનો ગુજરાત બહારનો માળવાનો કિસ્સો નોંધવા જેવો છે. માંડૂના સંઘવી ઝંડનો પૌત્ર મંડન સંઘવી માળવાના શાહ આલમનો સચિવ હતો. તેના છ ભાઈઓ પણ સચિવો હતા. (સં. ૧૪૮૬) કેમ્પબેલ નોંધે છે કે, માંડૂના ઘોરી સમયમાં જૈનો આબાદ થયા. આ મંડન વિદ્વાન હતો. તેણે બાદશાહના મનોરંજનાર્થે કાદંબરી-મંડન નામનો કાદંબરીનો સંક્ષેપ ગ્રંથ રચી બાદશાહને સંભળાવેલો.

રાણપુરમાં ૧૪૯૬માં ધરણા શાહ ત્રૈલોક્યમોહનનું મંદિર કરાવે છે, તથા ચિતોડમાં જિનરાજસૂરિ સં. ૧૪૪૪માં આદિનાથની પ્રતિષ્ઠા કરે છે. એજન, પૃ. ૪૩૬-૪૩૮.

૧૬ એજન, પૃ. ૪૩૮; ચતુર્વિંશતિ પ્રબંધમાં આના ઉલ્લેખો છે.

૧૭ એજન, પૃ. ૪૩૮.

૧૮ એજન, પૃ. ૪૩૯.

૧૯ એજન.

સં. ૧૪૬૮(ઈ. સ. ૧૪૧૧)માં અમદાવાદની સ્થાપના થઈ ત્યારે અહમદશાહે અમદાવાદની કુંડલી બનાવડાવી છે. આ કુંડલી કોણે બનાવી હશે ? શાહ પર તેનો કેટલો પ્રભાવ હશે ? એ પ્રશ્નો પણ ગુજરાત તથા અમદાવાદના ઇતિહાસના વિદ્વાનોનું ધ્યાન ખેંચે તેવા પ્રશ્નો છે[૨૦]

ગુજરાતની સલ્તનતના સ્થાપક આ અહમદશાહના વખતમાં પાદશાહનો ગુણરાજ નામનો ઝવેરી (સુવર્ણશાળી-સોની !) હતો.[૨૧અ] તારંગાના અજિતનાથના (કુમારપાળનું બંધાવેલું દહેરું) મંદિરમાં નવી પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ ત્યારે તે પાદશાહના પ્રતિનિધિ તરીકે હાજર હતો. આ ગુણરાજ પ્રતિષ્ઠા-મહોત્સવમાં હાજર રહી કર્ણાવતી પાછો આવે છે ત્યારે તેનો (કર્ણાવતીમાં) પ્રવેશોત્સવ થાય છે તે પણ નોંધપાત્ર છે.[૨૧બ]

આ ગુણરાજનો પિતા ચાચો (ચાચગ) આશાવલ્લીનો હતો; અને તે કર્ણાવતીનું ભૂષણ ગણાતો. તેણે શત્રુંજયની બે વાર યાત્રા કરેલી. સં. ૧૪૬૮માં દુષ્કાળ પડ્યો ત્યારે તેણે સત્રાગાર ખોલેલું. આથી ખુશ થઈ બાદશાહે તેને રાજપોશાક આપી સન્માન્યો હતો. તે બાદશાહનું ફરમાન પ્રાપ્ત કરી સં. ૧૪૭૭માં મોટો સંઘ કાઢી શત્રુંજયની ત્રીજી વાર યાત્રા કરે છે.[૨૨]

જૈન શ્રેષ્ઠી પર્વત અને તેના મોટા ભાઈ રામે દાન કરેલાં. તેમણે શત્રુંજય, ગિરનાર, આબુ, જિરાઉલ્લા (રાજ.) વગેરે સ્થળે તીર્થોદ્ધાર કર્યો હતો.[૨૩]

શાહ અહમદશાહના સમયમાં સોની સમરસિંહે ગિરનારના વસ્તુપાલ પ્રાસાદનો ઉદ્ધાર કરેલો. એ ગિરનાર શત્રુંજયની (સંઘ કાઢી) યાત્રા કરે છે, અને તીર્થોદ્ધાર કરે છે.[૨૪]

આ અહમદશાહના સમયમાં પૂર્ણચંદ્ર કોઠારીએ (બેદનગરના) ગિરનાર પર મોટું ચૈત્ય કરાવ્યું હતું.[૨૫]

---

૨૦ ગુજ. સાં. ઇતિ., ખં. ૨, પૃ. ૩૨૯; શ્રી રત્ન મણિરાવ જોટેએ આ કુંડલી પરિશિષ્ટ આ, પૃ. ૭૨૬ પર આપી છે. ત્યાં અનુમાન્યું છે કે મુસ્લિમ નજુમીઓ અને અગમનિગમના જાણકારોએ તે બનાવી હશે. તે માટે કોઈ આધાર તેમણે ટાંક્યો નથી. ગુજરાત–ભારતની રાજકીય પરંપરા જોતાં તે સૂરિઓ સાથેનો સુલતાનોનો ઘનિષ્ટ સંબંધ જોતાં તે જૈન સૂરિઓએ બનાવી હોવાની પણ સંભાવના છે. તેનું જ્યોતિષ અને માંડણી ભારતીય પરંપરાનું છે.

૨૧અ ગુજ. સાં. ઇતિ., ખં. ૨જો, શ્રી ર. મ. જોટે, પૃ. ૪૦૨, પૃ. ૪૪૮ ને ૪૫૨. મુખ્ય ધાર્મિક નીતિ અને મોટા હોદ્દાઓની બાબતમાં મુસ્લિમ અમલમાં ફેરફાર થયો છે, પણ સામાન્ય બાબતોમાં ગુજ.ના સલ્તનતના સમયમાં હિન્દુ સત્તાના વખતના કેટલાક રિવાજો ચાલુ રહ્યા છે. મુખ્ય પ્રધાન જેવા છે તે ટોચના હોદ્દાઓ સિવાય બીજી પંક્તિના મોટા હોદ્દાઓ હિન્દુઓને આપવામાં આવતા, એટલે જ આ પૃ. ૫૨ અહમદશાહના મુખ્ય વઝીરના હાથ નીચે હિન્દુ પ્રધાનો હતા; તેની નોંધ છે.

૨૧બ સોમસુંદરસૂરિની રચના, જૈ. સાં. ઇતિ., પૃ. ૪૫૨.

૨૨ એજન, પૃ. ૪૫૪.

૨૩ એજન, પૃ. ૪૬૦.

૨૪ એજન, પૃ. ૪૫૮.

૨૫ એજન.

અહમદશાહના માનીતા સોનીઓમાં બહુમાન્ય સોની કાલક અને એનો ભાઇ ખંભાતનો સોની મદન પણ હતા.[૨૬]

મંત્રી પેથડ (આગળ ઉલ્લેખ છે ના પ્રપૌત્ર માંડલિકે સં. ૧૪૬૮માં ગિરનાર અને આબુ પર ચૈત્યોદ્ધાર કરાવ્યો અને ધર્મશાળાઓ બંધાવી હતી. તે અનેક રાજાઓનો માનીતો હતો.[૨૭]

ગુજરાતમાં મહમૂદ બેગડાના સમયમાં તેના મંત્રી ગદા એ ગુર્જર જ્ઞાતિનો વણિક હતો. આબુ પરનું ૧૨૦ મણનું પીત્તળનું ઋષભદેવનું બિંબ તેણે કરાવ્યું હતું. તેનો બીજો મંત્રી પ્રાગ્વટ કર્મણ સંઘવી હતો.[૨૮]

અમદાવાદના મંત્રી મેઘે ધર્મહંસ અને ઇન્દ્રહંસસૂરિને સૂરિપદ અપાવ્યાં.[૨૯] તે શ્રીમાળી વણિક હતો. માલવાધિપતિનો મિત્ર હતો. તેનું બિરુદ કે ઉપનામ "માફર-મલિક" હતું. તેણે સત્રાગાર કરાવેલું.[૩૦]

આ મહમદ બેગડાના સમયમાં (સં. ૧૫૦૨-૧૫૬૮) જૈન શેઠ ખીમાએ દુષ્કાળ વખતે ગુજરાતને પુષ્કળ અનાજ પૂરું પાડયું હતું. જેમ ભીમા શાહ વિશે તેમ તેને વિશે પણ કહેવાય છે કે "એક શાહ વાણિયો, બીજો શાહ પાદશાહ", તેનો રાસ જૈનોમાં પ્રચલિત છે.[૩૧]

સં. ૧૫૮૨ના દુષ્કાળ વખતે જૈન ઓસવાળ મંત્રી નગરાજે સદાવ્રત ચાલુ રાખીને ત્રણ કરોડ પીરોજી (ફિરોઝ તઘલઘના) સિક્કાનો ખર્ચ કર્યો. (કર્માશાહ પ્રબંધ)[૩૨]

ગુજરાતના બહાદુરશાહના વખતમાં કર્માશાહને સુલતાન સાથે ઓળખાણ થાય છે. આ રાજા શાહજાદો હતો ત્યારે ચિતોડમાં ખર્ચી ખૂટતાં દેશ જવા માટે તેને કર્માશાહ એક લાખ રૂપિયા બિનશરતે આપે છે.[૩૩] સં. ૧૫૮૩ બાદુરશાહ ગાદીએ બેસે છે. બાદશાહને તે મળે છે, ત્યારે તેનું સન્માન થાય છે. શત્રુંજય પર તે તીર્થોદ્ધાર કરી નવાં મંદિરો ચણાવે છે.[૩૪]

---

૨૬ એજન, પૃ. ૪૪૯ તથા ૪૬૦, ફૂટનોટ ૨૩.

૨૭ મુનિ પુણ્યવિજયજીનો લેખ, પુરાતત્ત્વ, પુ. ૧, ૧; એક ઐતિહાસિક પ્રશસ્તિ, ફૂટનોટ, પૃ. ૪૬૦.

૨૮ એજન, પૃ. ૪૯૮.

૨૯ એજન.

૩૦ એજન, પૃ. ૪૯૯–૫૦૦.

૩૧ એજન, પૃ. ૫૦૩. એના સમયમાં હિન્દુઓ પર ધાર્મિક અત્યાચારો થયા છે. જુનાગઢ-દ્વારકાના તીર્થો ભાંગ્યા છે. 'શત્રુંજયપ્રબંધ'–મુનિ જિનવિજયજી; પૃ. ૫૦૪.

૩૨ એજન, પૃ. ૫૦૩.

૩૩ એજન, પૃ. ૫૦૪, ગુજ. સાં. ઇતિ., ખંડ ૧, ભા. ૧-૨, પૃ. ૭૧૮; ૨. મ. જોટેના નોંધ્યા પ્રમાણે ગુજરાતનું રાજ્ય મળે બદલો વાળવાનું શાહજાદો વચન આપે છે. બહાદુરશાહ રાજા બને છે ત્યારે કર્માશાહ શત્રુંજય તીર્થોદ્ધાર કરવાની માંગણી કરે છે.

૩૪ એજન, પૃ ૫૦૪; ગુજ. સાં. ઇતિ., ખં. ૧, ભા. ૧-૨, પૃ. ૭૧૮.

ગુજરાતના સૂબાઓના સૂબાઓ (કે નવાબો) પણ હિન્દુ મંત્રીઓ રાખતા. સૌરાષ્ટ્રમાં સૂબા મુઝાહિદખાનના મંત્રી રવિરાજ અને નૃસિંહ (ગુર્જર વંશના) સં. ૧૫૮૭માં શત્રુંજય પર તીર્થોદ્ધાર કરે છે.[૩૫]

મોગલ સમયમાં અકબરથી માંડીને ઔરંગઝેબ સુધીના બધા બાદશાહોના દરબારમાં જૈન સૂરિઓ અને મંત્રીઓની વગ અને પ્રભાવ પડતાં. અકબર અને 'જગદ્-ગુરુ' મુનિશ્રી હીરવિજય-સૂરિનો કિસ્સો તો બહુ જાણીતો છે. તેમના કહેવાથી અકબરે, પર્યુષણના ૧૨ દિવસો માટે 'અમારિ'ની ઘોષણા, સં. ૧૬૪૦(ઈ.સ. ૧૫૮૪)માં કરાવેલી. બદાયુનીએ પણ એની નોંધ લીધી છે.[૩૬] આ હીરવિજયસૂરિજી ઓસવાળ જ્ઞાતિ, એટલે કે શ્રીમાળ ઘરાણાંના હતા. વળી, અકબરના દરબારમાં રજપૂતાનાના કર્મચંદ્ર મંત્રી (એ પણ ઓસવાળ વણિક હતા), બુદ્ધિશાળી, કુશળ, દાની, રાજદ્વારી નરપુંગવ હતાં.[૩૭] તેઓ સં. ૧૫૮૭માં શત્રુંજયની યાત્રા કરીને તીર્થનો ઉદ્ધાર કરે છે તે અકબરના ભંડારી તથા ગજાધિકારી હતા. સં. ૧૬૩૫ના દુષ્કાળમાં તે સત્રાગાર ખોલે છે. મોગલ સેનાએ ભાગેલા આબુતીર્થનો પણ તે ઉદ્ધાર કરે છે.[૩૮] અકબરના શાસનમાં મોગલ સેના દ્વારા ભાગેલા આબુતીર્થની આ બિના તરફ ઇતિહાસકારોનું ભાગ્યે જ ધ્યાન ગયું હોય તેમ જણાય છે. આ વાતને બીજી રીતે સમર્થન મળે છે. ગુજરાતના તે વખતના સૂબા ખાનખાનાને (સં. ૧૬૩૯–૧૬૪૬) પ્રસન્ન કરી વિજયસેનસૂરિ ગુજરાતનાં તીર્થો અને મંદિરોનો ઉદ્ધાર કરે છે.[૩૯]

હીરવિજયસૂરિ બાદશાહના દરબારમાં શાંતિચંદ્ર ઉપાધ્યાયને મૂકે છે. આ શાંતિચંદ્ર બાદશાહની પ્રશસ્તિ માટે 'કૃપારસ-કોશ' રચે છે.[૪૦] આ શાંતિચંદ્રની વિનંતીથી બાદશાહે ગુજરાતમાંથી જજિયાનો કર માફ કરવાનું મુદ્રાંકિત ફરમાન આપ્યું હતું.[૪૧] શંત્રુજય તીર્થ કરમુક્ત કર્યાનું બીજું ફરમાન પણ તે બાદશાહ પાસેથી સં. ૧૬૪૮માં પ્રાપ્ત કરે છે.[૪૨]

એ પછી હીરવિજયસૂરિ વિજયસેનસૂરિને બાદશાહ પાસે મોકલે છે, તે અકબરને પ્રસન્ન હીરવિજયસૂરિ ૨૦૦ સંઘો કાઢી શત્રુંજયની ચૈત્રી પૂનમે યાત્રા કરે છે.[૪૩]

'આઈને અકબરી' પ્રમાણે અકબરના દરબારમાં ત્રણ જૈનસૂરિ હતા. હીરવિજય વિજયસેન, અને ભાનુચંદ્ર. ભાનુચંદ્ર ઉપાધ્યાય અકબરના મૃત્યુ સુધી તેના દરબારમાં રહે છે.

---

૩૫ જોટે, ર. મ., એજન, પૃ. ૭૧૮; સૌરાષ્ટ્રના આ સૂબા મુજાહીદખાનને વિધર્મીના મંદિરનો જીર્ણોદ્ધાર થાય એ પસંદ ન હતું; પણ બાદશાહનું ફરમાન હતું એટલે બીજો ઉપાય ન હતો. કર્માશાહ આ સૂબાને પણ દ્રવ્યાદિથી પ્રસન્ન કરે છે.

૩૬ એજન, પૃ. ૫૩૨ તથા ૫૪૭.

૩૭ એજન, પૃ. ૫૭૩.

૩૮ એજન, પૃ. ૫૭૨.

૩૯ એજન, પૃ. ૫૫૫.

૪૦ એજન, પૃ. ૫૪૮, પાદનોંધ, સં. ૧૬૪૫માં.

૪૧ એજન, પૃ. ૫૪૮.

૪૨ એજન, પૃ. ૫૫૦.

૪૩ એજન.

સં. ૧૬૪૯માં અકબરે જિનચંદ્રસૂરિને 'યુગ પ્રધાન'નો ખિતાબ આપેલો. આ સૂરિને અકબરે લાહોરમાં (રહેતો હતો ત્યારે) ચાતુર્માસ કરવાનું આમંત્રણ આપેલું.[૪૪]

અકબર પછી જહાંગીરના સમયમાં વિવેકહર્ષસૂરિ પર્યુષણ પર્વ પર 'અમારિ ઘોષણા' અંગેનું ફરમાન ઈ. સ. ૧૬૦૮માં પ્રાપ્ત કરે છે. સં. ૧૬૭૩(ઈ. સ. ૧૬૧૭)માં આ વિવેકહર્ષસૂરિ બીજું ફરમાન પ્રાપ્ત કરી જૈન સાધુઓને સંપૂર્ણ ધાર્મિક સ્વતંત્રતા આપવાની છૂટ પ્રાપ્ત કરે છે.[૪૫]

જહાંગીરના (આગ્રાના) ધનિક અમાત્ય કોનપાલ અને સોનપાલ સં. ૧૬૭૧માં સંઘ કાઢી શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, વગેરે તીર્થોની યાત્રા કરે છે. આગ્રામાં તે શ્રેયાંસનાથનું ભવ્ય મંદિર બંધાવે છે. ચારસો પચાસ પ્રતિમાઓની કલ્યાણસાગર પાસે તે સૂરિ પ્રતિષ્ઠા કરાવે છે.[૪૬]

શાહજહાંના દરબારમાં, શેઠ શાંતિદાસ 'The first man of Shahjahan'— 'પ્રથમ સન્માનનીય' રાજપુરુષ ગણાતા. તે રાજ્યમાન્ય ઝવેરી હતા.[૪૭] પ્રતિષ્ઠિત આગેવાન, સાહસિક વેપારી અને શ્રીમંત હતા. અમદાવાદ, સુરત, ખંભાત વગેરે સ્થળે તેમની શરાફી પેઢીઓ હતી. તેઓ ઓસવાળ જૈન વણિક હતા. સં. ૧૬૭૮માં અસારવા-સરસપુર વચ્ચે બીબીપુર સ્થળે તે પાર્શ્વનાથનું મંદિર કરાવે છે. શાહજહાંનો ગુજરાતનો સૂબો અને પુત્ર ઔરંગઝેબ આ મંદિરમાં ગોવધ કરી તેને ભ્રષ્ટ કરે છે, અને મંદિરમાં મહેરાબ કરે છે.[૪૭અ]

---

૪૪ એજન, પૃ. ૫૫૪–૫૫, ૫૭૧; 'આઈને અકબરી', પુ. ૧, પૃ. ૫૩૮.

'મોગલકાલીન ગુજરાત'–ડૉ. નવીનચંદ્ર આચાર્ય.

મોગલકાલના બધા બાદશાહોના ફરમાનોની એક સૂચિ સંદર્ભ માટે તેમણે પાછળ આપી છે. તે જોતાં એક નોંધ કરવાનું મન થાય છે કે, શાંતિચંદ્રને આપેલાં બાદશાહનાં ફરમાનો, અનુક્રમે ઈ.સ. ૧૬૬૨ ને ૧૬૬૪માં છે. અકબરે જજિયાવેરો તેના રાજ્યારોહણના છઠ્ઠા વર્ષે દૂર કર્યો તથા યાત્રાવેરો નાબૂદ કર્યો તેમ ઇતિહાસકારો જણાવે છે અને તેને ખોટાં ઠરાવે છે. જુઓ તેના પૃ. ૩૨૩ પર.

૪૫ એજન, પૃ. ૫૬૨.

૪૬ એજન, પૃ. ૫૬૬.

૪૭ એજન, પૃ. ૫૬૯. આ આખો કિસ્સો વધુ વિગતવાર છે. આ શાંતિદાસ શેઠ અમદાવાદના પ્રથમ નગરશેઠ બને છે. ઝવેરીવાડમાં તેમનો વંડો આવેલો છે. તેમનું મૃત્યુ ૧૭૧૫માં થાય છે. ૨૦મી સદી સુધી અમદાવાદનું નગરશેઠપણું તેમના કુટુંબમાં ચાલ્યું આવ્યું છે. શાંતિદાસ શેઠ, 'જૈન રાસમાળા'માં પ્રશસ્તિ, ૧૬૯૭. 'જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય'–સં. મુનિ જિન વિજયજી. મોગલકાલીન ગુજરાતના આચાર્ય, પૃ. ૩૨૫.

૪૭અ ગુજ. સાં. ઇતિ. ખંડ ૩, પૃ. ૭૧૫, પાદનોંધ ૯૨, બ્રાહ્મણધર્મ, હિન્દુ સમયમાં રાજધર્મ હતો. પણ મુસ્લિમ સમયમાં એનાં તીર્થોનો બચાવ થઈ શકયો નહિ, એ ધર્મના અનુયાયીઓ બહુમતિમાં હોવા છતાં પૈસા ખર્ચી શકે તેમ ન હોવાથી એના જીર્ણોદ્ધાર એ સમયે થયા લાગતા નથી. એમાં જ પૃ. ૫૪૦ પર (મુસ્લિમ સુલતાનોનાં સમયમાં) જે કાંઈ રહ્યુ તે સત્તાધારીઓને પૈસાથી કે બીજી રીતે ખુશ રાખીને જ રહ્યુ. આ બાબતમાં એ લોકો (કોમ) વધુ સમૃદ્ધ હોવાથી બ્રાહ્મણધર્મનાં મકાનો કરતાં જૈન કોમના મકાનો વધારે પ્રમાણમાં ટકી રહ્યા.

(સં. ૧૭૦૦માં) આખા ગુજરાતમાં આથી હુલ્લડો થાય છે. આથી, શાહજહાં ખાસ ફરમાન કરી આ મંદિર શેઠને પાછું સોંપે છે.૪૭ઞ

ઔરંગઝેબ ઈ. સ. ૧૬૬૦માં જૈન તીર્થો પાલિતાણા, ગિરનાર અને આબુનો હવાલો શેઠ શાંતિદાસને આપે છે. (ફરમાન નં. ૩૧, આચાર્ય). આ શાંતિદાસ શેઠ પર જહાંગીરનો ક્રોધ ઊતરેલો. પણ ઈ. સ. ૧૬૪૨માં શાહજહાં શાંતિદાસની મિલ્કતની દેખભાળ રાખવી તથા તેમના વેપાર, હવેલી વગેરેમાં ડખલ ન કરવી, બંદર પરના આડતિયાઓને રક્ષણ આપવું વગેરે અંગે એક ફરમાન આપે છે. આ શેઠ દારાને રાજ્યાભિષેક માટે ઊંચા પ્રકારનું ઝવેરાત આપે છે. શાહજહાં શાંતિદાસ શેઠ પાસે બે વાર કિંમતી ઝવેરાત મંગાવે છે, (ફરમાન નં. ૨૦-૨૧) તે પછી શાંતિદાસને પોતાના દરબારમાં આવવાનું આમંત્રણ આપતું ફરમાન (નં. ૨૨) પણ કાઢે છે.૪૮

શાહજહાં તથા શેઠ શાંતિદાસના સંબંધોની વિગતો આપણને ઘણી મળે છે. અન્ય મંત્રીઓ, શ્રેષ્ઠીઓ અને સૂરિઓની વિગતો આપણને છૂટક છૂટક મળે છે. આ પરથી સુલતાનો તથા મોગલો અને જૈન સૂરિઓ તથા શ્રેષ્ઠીઓ પરસ્પરના સંબંધો અને તેમના પ્રકારોનો ખ્યાલ આવે છે.

જૈન કોમ સાહસિક અને વેપારી હતી. સુલતાનો અને બાદશાહોને ધન અને જવાહીરની જરૂર પડતી ત્યારે આ વણિકો પાસેથી તે મળતું. વળી, જૈન સૂરિઓ બાદશાહ કે સુલતાનને ધર્મોપદેશ આપતા, તેમની પ્રશસ્તિ રચતા તેમને પ્રસન્ન કરતા, અને તે રીતે જૈન ધર્મ અંગે કેટલીક વિશેષ છૂટ તેમની પાસેથી પ્રાપ્ત કરતા, તીર્થોદ્ધાર કરતા, કે નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવતા. રાજાઓને ખુશ કરવાનું એક કાર્ય દુષ્કાળમાં મદદ કરવી અને સત્રાગારો ખોલાવવા એ પણ હતું. જૈન મંત્રીઓ પોતાના પરાક્રમ અને ધન દ્વારા, ક્યારેક વિદ્વત્તાથી, શાસકોને ખુશ રાખતા. જૈન મંત્રીઓની પરંપરા પશ્ચિમ ભારતમાં રજપૂત રાજ્યોનો અંત આવ્યો ત્યારથી તે ઔરંગઝેબના સમય સુધી નિયમિત ચાલુ રહી છે, તે પણ ઉપરના ઉલ્લેખો પરથી સ્પષ્ટ થાય છે. જૈન મંત્રીઓ અને સૂરિઓનું મુસ્લિમ દરબારોમાં આ રીતનું સ્થાન તે ભારતનાં તે વખતનાં રાજકીય અને આર્થિક પરિબળો પર પ્રકાશ ફેંકે છે, અને એ શાસનોને સ્થિર કરવામાં તેમના ફાળાને સૂચવતી

૪૭ઞ 'સૂરિ અને સમ્રાટ'—લેખક. મા. મુનશી—'કેટલાંક લેખો' એ પુસ્તકમાંનો લેખ, પૃ. ૧૬૯.

મુનશી, જૈન પ્રબંધો અને રાસોના આધારે ઇતિહાસ રચવાની વર્તમાન પ્રવૃત્તિને એકપક્ષીય, અવિશ્વસનીય સાધન ગણે છે. પૃ. ૧૭૨ પર અસંતોષકારક અને એકપક્ષીય ચિત્ર રજૂ કરે છે તેમ કહે છે તેથી પૃ. ૧૬૮ પર નોંધે છે કે જૈન સાહિત્યમાં છુપાયેલા ઇતિહાસને મહામહેનતે છતો કરવો તે ભગીરથકાર્ય ગુજરાતના ઇતિહાસકારો આગળ પડ્યું છે.

આ પ્રવૃત્તિ આગળ ધપે તે દષ્ટિથી અહીં આ પ્રમાણે રજૂઆત, છણાવટ કરી છે. અને તેથી તેમાં જૈન સાહિત્યનો ઇતિહાસ જૈનો દ્વારા જ લખાયેલા ગ્રન્થોના શબ્દોમાં વિગતો રજૂ કરી છે.

૪૮ આચાર્ય, નવીનચંદ્ર, મો. કા. ગુજ. પૃ. ૩૨૫, ૩૨૭—ફરમાનોની યાદી.

એક મહત્ત્વની ધ્યાનપાત્ર ઘટના છે. સત્તાની સમતુલા સ્થિર કરવામાં મોગલ બાદશાહ રજપૂતોનો ઉપયોગ કરે છે, તે પહેલાં મુસ્લિમ શાસકો ભારતની આ કોમની મદદ અને હૂંફ મેળવી શક્યા છે, તેમ પણ જોવા મળે છે. આ હકીકત તરફ કંઈક શ્રી રત્નમણિરાવ જોટે જેવા વિદ્વાન ઇતિહાસકાર, અને ક. મા. મુનશી જેવા સાહિત્યકાર અને ઇતિહાસકાર, અને ગુજરાતની અસ્મિતાના પ્રસંશકોનું ધ્યાન ખેંચાયું છે, પણ તેમણે તે સ્પષ્ટ કર્યું નથી. પણ હું માનું છું કે અહીં તે સ્પષ્ટ કરવાની કોશિશ થઈ છે, તે તરફ વિદ્વાનો અને ઇતિહાસકારોનું ધ્યાન ખેંચાશે. અસ્તુ.

વામનસ્થલી–વંથલી

રાજેન્દ્રસિંહ રાયજાદા

ગુજરાતના ઈતિહાસમાં વંથલી અનેક રીતે મહત્ત્વનું મથક બની રહેલ છે.[1] પૌરાણિક સમયના વામનાવતારથી માંડી ઐતિહાસિક સમયના ચૂડાસમા રાજવીઓની રાજધાની તરીકે અને સોલંકી, વાઘેલા તથા વાજા રાજવીઓના ઐતિહાસિક તાણાવાણા વંથલી સાથે ગુંથાયેલા છે. પૌરાણિક દૃષ્ટિએ જોઈએ તો વંથલીનો સૌ પ્રથમ ઉલ્લેખ 'વામનનગર' તરીકે સ્કંદ પુરાણમાં **वस्त्रापथे महाक्षेत्रे नगरे वामने पुरा ।** (શ્લોક. ૧૪-૧) મળે છે. વંથલીનો સૌ પ્રથમ શિલાલેખીય ઉલ્લેખ વિ. સં. ૧૨૦૨ (સિંહસંવત, ૩૨)ના માંગરોળની સોઢલી વાવમાં આવેલા અતિ પ્રસિદ્ધ લેખમાં 'શ્રી વામનસ્થલી' નામથી મળે છે. આ પછીના વાઙ્મય અને આભિલેખિક અનેક ઉલ્લેખો પ્રાપ્ત છે જેમાં વામનસ્થલી, વામનપુર, વામણથલી, તથા હાલ વંથલીના સૂર્યકુંડના ગોવત્સાંકિત પાળિયામાં 'વર્મણી દેવસ્થલ' એવા ઉલ્લેખો પણ મળે છે.

વંથલી ખાસ કરીને ચૂડાસમાઓની રાજધાની તરીકે અતિ અગત્યનુ સ્થાન ધરાવે છે. પરંતુ તેમાં હાલ પ્રાપ્ત પુરાવશેષોની નોંધ અદ્યાપિ વિસ્તૃતપણે થયેલી મારી જાણમાં નથી. પ્રસ્તુત લેખમાં વંથલી અને તેની સીમમાં પ્રાપ્ત અવશેષોનો વિગતે પરિચય આપવાનો ઉપક્રમ છે.

સ્કંદ પુરાણના પૌરાણિક ઉલ્લેખને સાચવી રાખતું વામન મંદિર હાલ ગામ વચ્ચે આવેલું છે. આ મંદિરમાં અગત્યના કુલ અગિઆર અવશેષો અત્યારે મોજૂદ છે. મુખ્ય મંદિરમાં પૂજાસ્થાને ભગવાનવિષ્ણુ વામનની મૂર્તિ છે જે હાલ પૂજાય છે. મૂર્તિનું તક્ષણકામ પ્રાકૃત જણાય છે. આછા પીળા પત્થરની આ મૂર્તિમાં વિષ્ણુના દશાવતારનું પરિકર પણ છે. ઈ. સ.ની બારમી, તેરમી સદીની આ મૂર્તિ જણાય છે. આ મંદિરની પરશાળમાં ખૂબજ અગત્યની ત્રણ મૂર્તિઓ આવેલી છે જેમાં સૂર્યની ઊભી મૂર્તિ, શેષશાયી વિષ્ણુ, અને સમભંગમાં ઊભેલી પૂરા કદની આદિનાથની જૈન મૂર્તિ છે. ગામના લોકો આ તીર્થંકર મૂર્તિને નાગાર્જુન કહે છે. આ પરસાળમાં બાર સાખ ઉપર મૂર્તિના થોડા અવશેષો દીવાલમાં ચણી દીધેલા છે. સારા પ્રમાણમાં ચૂનો લાગવાને કારણે તે ઉકેલી શકાતા નથી. મંદિરની પાછળ બે જૈનમૂર્તિના અવશેષો પડેલા છે. નાના મોટા અન્ય શિલ્પખંડ પણ આવેલા છે. મંદિરના પટાંગણમાં યજમાન દંપતિના સુંદર શિલ્પ યુકત બે પાળિયા આવેલા છે જેમાંથી એકમાં સંવત ૧૩૫૩ વાંચી શકાય છે. બાજુમાં બે નાની દેરીઓ છે.

---

૧ વંથલી જેવા ગુજરાતના ઐતિહાસિક નગર વિશે વિસ્તૃત નોંધ લેવાયાનું જાણમાં નથી. શ્રી કે. કા. શાસ્ત્રી 'સૌરાષ્ટ્રની પ્રાચીન નગરીઓ' નામક પોતાના લેખમાં 'વામનસ્થળી-વંથળી' એવું મથાળું આપે છે ખરા, પરંતુ એમાં વંથળી નગર વિશેની કશી માહિતી નથી એ દુઃખદ આશ્ચર્ય છે. ("અતીત ને આરે": પૃ. ૩૩).

ગામમાં જ ભાણુવાવ નામની પગથિયાં અને દેવકુલિકાયુક્ત એક વાવ આવેલી છે. અંદર ઊતરતાં દેવકુલિકાના અલંકૃત સ્તંભ અને છાદ્યશિલામાં નાગદમનનું સુંદર વિતાન આવેલાં છે. ગુજરાતમાં મળતાં નાગદમનનાં વિતાનોમાં આ વિતાન જુદી જ ભાત પાડે છે. ઓડદરનું નવમી સદીનું નાગદમન, મૂળ માધવપુરનું અગિયારમી સદીનું નાગદમન, લગભગ આજ સમયનું પ્રભાસ-મ્યુઝિયમમાં સંગ્રહાયેલું નાગદમન, શીલના નીલકંઠ મહાદેવના મંદિરના પટાંગણમાં દીવાલમાં ચણી લેવામાં આવેલું 'નાગદમન'[૨] વગેરેની સાથે તુલના કરતાં આ નાગદમન ઓછું અલંકૃત અને તદ્દન સાદી આકૃતિઓમાં છે. સંભવ છે કે આ નાગદમન ઓડદરના નાગદમન પછી અને મૂળ માધવપુરના નાગદમન પહેલાંનું હોય. વાવમાં અન્ય મૂર્તિઓના ટુકડાઓ પણ નજરે ચડે છે. ઉપરના ભાગે મહંતની સમાધિઓ અને ભાણુવાવ પાસે અઘોરીઓનો અખાડો છે. ગામની વચ્ચે પુરાતત્ત્વખાતાથી રક્ષિત જામી મસ્જિદ આવેલી છે જેના સ્તંભો અને વિતાન ૧૩મી સદીના કોઈ સુંદર મંદિરોના અવશેષો જણાય છે. આ ઉપરાંત ગામમાં શીતલનાથ અને પદ્મ-પ્રભુનાં બે સુંદર જૈન દેરાસરો આવેલાં છે.

ગામ બહારના અવશેષોની નોંધ લઈએ તો ગામને ફરતી કિલ્લાની રાંગ આવેલી છે. એક માન્યતા મુજબ વંથલીનો આ કિલ્લો અને ઓસમમાત્રીનો કિલ્લો તથા જૂનાગઢનો ઉપરકોટ ચૂડાસમાના રાજવી ગ્રાહરિપુએ બંધાવ્યાનું મનાય છે.[૩] કિલ્લાની દીવાલમાં ઘણે સ્થળે મંદિરની કુંભીઓ, કીચક જેવા અવશેષો અને પાયામાં ઈંટોનું ચણતર પણ જોવા મળે છે. આ બધા અવશેષો ઉપરથી એમ લાગે છે કે વંથલીનો કિલ્લો અવારનવાર સમારકામ પામતો રહ્યો છે. તેનું હાલનું સ્વરૂપ સંભવતઃ બાબી નવાબોના સમયમાં આવ્યું જણાય છે.

'કુતિયાણા દરવાજા' પાસે જૂના કબ્રસ્તાનનો ઊંચો ટીંબો આવેલો છે. પુરાતત્ત્વની દૃષ્ટિએ આ ટીંબો અગત્યનો છે. કબરોની નીચે ઘણે સ્થળે પાકી ઈંટોનું બાંધકામ નજરે ચડે છે. ટીંબા ઉપર ચક્કર લગાવતાં કોઈ મોટા મંદિરના ભગ્નાવશેષો જેમાં સ્તંભ, વિતાનોના ટુકડા, આમલક અને મૂર્તિખંડો જોવા મળે છે. સંભવતઃ આ ટીંબો બૌદ્ધ વિહાર હોય.

વંથલીના જૂનાગઢ દરવાજા પાસે આવેલો સૂર્યકુંડ પુરાતત્ત્વની દૃષ્ટિએ ઘણી અગત્ય ધરાવે છે. અહીંથી પ્રાપ્ત સૂર્યમૂર્તિ અને લેખ સહિતનું સફેદ આરસ જેવા પથ્થરનું સૂર્ય પરિકર જૂનાગઢ મ્યુઝિયમમાં સંગ્રહાયેલાં છે. હાલ સમારકામ પામેલો સૂર્યકુંડ એક રક્ષિત સ્મારક છે. ગોખલા-ઓમાં ભગ્ન પ્રતિમાઓના અવશેષો છે તેમાં જૈન મૂર્તિનાં શિલ્પો બારમી-તેરમી સદીનાં હોય એમ જણાય છે. કુંડના એક ખૂણામાં આજુબાજુથી એકઠી કરીને દેવમૂર્તિઓ ચણી લેવામાં આવી છે, તેમાં ગાય અને વાછરડા યુક્ત એક પાળિયો છે. આ પાળિયામાં નીચે ત્રણ લીટીનો શિલાલેખ છે. જેમાં 'વર્મણીદેવસ્થલ શ્રી સોધલ દેવ સુતા' એવા અક્ષરો વાંચી શકાય છે.[૪] કુંડને કાંઠે આવેલા

૨ "શીલનું નાગદમન" શ્રી નરોત્તમપલાણ. પુરાતત્ત્વ સંશોધન મંડળ, પોરબંદરના હસ્ત-લિખિત 'પુરાતન' અંક: ૧૩, ૧૪ માંથી.

3 Wilber Force H.–'History of Kathiawad'.

૪ શ્રી મોહનપુરી ગોસ્વામીની વાચનાને આધારે.

રામમંદિર અને અંબાજીનાં મંદિરો આવેલાં છે. અહીં પટાંગણમાં એક નાની દેરીના ઓટા ઉપર છત્રધારી વામનમૂર્તિ ખુલ્લામાં પડી છે. વંથલીમાં હાલ પ્રાપ્ત અવશેષોમાં આ સૌથી પ્રાચીન જણાય છે. આ મૂર્તિ વંથલીનો અગત્યનો અવશેષ હોઈ રક્ષણ આપવા લાયક છે. રામમંદિરમાં સુંદર ધાતુમૂર્તિઓ સચવાયેલી છે તેમાંની એક ધાતુમૂર્તિ બૌદ્ધ દેવી જણાય છે. અંબામંદિરમાં પણ ધાતુમૂર્તિઓ જોવાલાયક છે. રામમંદિરની બહાર નાનામોટા અનેક પાળિયા છે તેમાં દેરીમાં સતીનો પાળિયો છે. અહીંથી થોડે દૂર કપિલવાવના અવશેષો આવેલા છે જેમાં શિલ્પના પ્રાચીન અવશેષો પણ છે.

જૂનાગઢને રસ્તે થોડે દૂર ખેંગારવાવ આવેલી છે. આ વાવ રા'ખેંગાર પહેલાંના સમયની ચૂડાસમાની જાહોજલાલીની ગવાહી પૂરે છે. અલંકૃત સ્તંભો, ઝરૂખાઓ તથા શિલ્પ ખચિત મદલવાળી આ વિશાળ વાવ છે. (ચિત્ર ૧, જુઓ આ અંકના પાછલાં પૂઠાં ઉપરનું ચિત્ર) વંથલીની બીજી બાજુ ઉબેણને કાંઠે ભલાઈશાહપીરની દરગાહ અને મસ્જિદ છે. દરગાહમાં ઓલિયા ભલાઈશાહ અને તેના ગુરુ બહેરઅલીશાહની કબરો છે. કહેવાય છે કે બહેરઅલીશાહના હુકમથી ભલાઈશાહે ઉબેણ નદીનું વહેણ આ તરફ ફેરવ્યું હતું. નદી કિનારે આ એક સુંદર જગ્યા છે.

વંથલી રેલ્વે સ્ટેશનની બાજુમાં ગંગનાથ મહાદેવનું પ્રખ્યાત મંદિર આવેલું છે. આ મંદિરની પીઠિકા ઘણી પ્રાચીન છે. મંડોવર સુધીનો ભાગ એક કાળે પડી ગયો હશે તે ફરીવાર બાંધવામાં આવ્યો છે. પદ્મકમલયુક્ત પીઠિકાનું શિલ્પ બારમી સદીનું જણાય છે. ઉપરનો ભાગ પછીથી બન્યો છે. સૌથી વિશેષ નોંધપાત્ર આ મંદિરમાં આવેલો બદામી પથ્થરનો વિશાળ નંદી છે. વિધર્મીઓએ તેનું મસ્તક ખંડિત કર્યું છે. પાછળથી ગામના કારીગરોએ ડોકના ખંડિત ભાગમાં મસ્તક સર્જવાનો પ્રયત્ન કરેલો છે. (ચિત્ર ૨, જુઓ આ અંકના કવર પેજ ૩જા ઉપરનું ચિત્ર) ગંગનાથ એવું નામ અને મહાકાય નંદી લકુલીશ પાશુપતનો સંકેત રચે છે. એક કાળે ભગવાન લકુલીશ અને તેના ચાર શિષ્યો માંહેના ગર્ગ અને મૈત્રેયના અનુયાયીઓનું સૌરાષ્ટ્ર ઉપર પ્રબળ આધિપત્ય હતું. સૌરાષ્ટ્રમાં જ્યાં જ્યાં ગંગનાથ, સોમનાથ અને કામનાથ નામધારી મહાદેવ મંદિરો છે તે સર્વ પાશુપતોની અસર સૂચવે છે વંથલી તો શૈવધર્મી ચૂડાસમાઓની રાજધાની રહેલ હોઈ તેના અવશેષોમાં શૈવ અસર સ્પષ્ટ ઊપસી આવી છે.

આમ વંથલીના હાલના અવશેષોનું નિરીક્ષણ કરતાં ઈ. સ.ની નવમી સદીથી પંદરમી સદી સુધીનો કાળ વંથલીનો સુવર્ણયુગ રહેલો જણાય છે. આ સમયે સર્વ ધર્મનો સત્કાર કરતા શૈવધર્મી ચૂડાસમા રાજવીઓના રાજ્યકાળમાં શિલ્પસ્થાપત્ય અને અન્ય કલા ખૂબ વિકસિત થયાં હશે જેનું અનુમાન વંથલીમાં હાલ આ બધા અવશેષો ઉપરથી કરી શકાય છે. પોતે શૈવધર્મી હોવા છતાંય અન્ય ધર્મસ્થાનોને ઊભા થવા દેવામાં તેણે હરકત કરેલી નથી. આ સમયે સાહિત્ય પણ સારી રીતે વિકસિત થયું હશે એવું અનુમાન સોમાદિત્ય નામનો એક કવિ વંથલીમાં હતો તે ઉપરથી થઈ શકે છે. હાલ પ્રાપ્ત આ અવશેષો વંથલીના વીતેલા ભવ્ય ભૂતકાળને આપણી નજર સમક્ષ ઊભો કરે છે અને વધુ શોધખોળ માટે અપેક્ષા ઊભી કરે છે.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધ*

પ્રવીણ દરજી

૧ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધ એટલે આશરે છેલ્લા ત્રણ દાયકામાં લખાયેલ ગુજરાતી નિબંધ, એની ગતિવિધિ અને પ્રવૃત્તિ અહીં એક ચોક્કસ અને મર્યાદિત સમયના નિબંધસાહિત્યનું અવલોકન કરીએ છીએ ત્યારે એનો અર્થ એ નથી થતો કે આ ત્રણ દાયકાના નિબંધને અગાઉના ગાળાના નિબંધસાહિત્ય સાથે કશો સંબંધ નથી, અથવા તો સ્વાતંત્ર્યપૂર્વેના નિબંધ સાથેનો પોતાનો છેડો ફાડી નાખીને એ તદ્દન નવા જ રૂપે અસ્તિત્ત્વમાં આવ્યો છે. અલબત્ત, અહીં એણે પોતાના રૂપની એક નવ્યઝાંય પ્રગટાવી છે, કેટલીક નવી છટાઓ સાથે એ ઉપસ્થિત થયો છે, એ ખરું. પણ એના નેપથ્યમાં તો છેક નર્મદથી માંડીને ઉમાશંકર સુધીના નિબંધસર્જકોની મથામણ પડેલી છે. અને એ મથામણ દરમ્યાન જ નિબંધનું લલિત સ્વરૂપ સ્પષ્ટ થઈ ચૂકયું હતું.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધને સમૃદ્ધ કરવામાં સ્વાતંત્ર્ય પૂર્વેના નિબંધકારોનો ફાળો પણ નોંધપાત્ર રહ્યો છે. એમાંના કેટલાકની કલમ આજે પણ ઓછેવત્તે અંશે ચાલુ રહી છે તો કેટલાકની અટકી ગઈ છે, ને કેટલાકને કાળે આપણી વચ્ચેથી ઊંચકી લીધા છે. નિબંધને યદૃચ્છા વિહરતો કરી, એને કલ્પનાપ્રાણિત કરનાર અને એનું લલિત રૂપ પ્રગટાવી આપનાર કાકાસાહેબ, વિનોદિની નીલકંઠ, ભાવક-સર્જક વચ્ચેની વિશ્રંભકથા જેવી ગોષ્ઠીપ્રવણ કૃતિઓ અર્પનાર ઉમાશંકર જોશી, 'દક્ષિણાયન' અને 'ચિદમ્બરા' દ્વારા કેટલીક સ્મરણીય લલિત કૃતિઓ આપનાર બોલતા ગદ્યકાર સુન્દરમ્; નિબંધને રસરંગી કરનાર મુનશી—લીલાવતી મુનશી, એને સૂત્રાત્મક, ઊર્મિમય રૂપે ખીલવનાર ધૂમકેતુ; ચિત્રાત્મક અને તળપદી શૈલી વડે એને રણકાદાર બનાવનાર સ્વામી આનંદ; એનું ફરંદું અને વિનોદરસિક કાઠું કાઢી આપનાર 'સ્વૈરવિહારી' અને 'વિનોદકાન્ત', તેને તીક્ષ્ણ કટાક્ષનું હથિયાર બનાવનાર ર. વ. દેસાઈ અને જયંતિ દલાલ; એને ચરિત્રના ક્ષેત્રમાં ઘુમાવનાર કિસનસિંહ ચાવડા અને ઈશ્વર પેટલીકર; એને હસતો કરનાર જ્યોતીન્દ્ર દવે, ધ. કૃ. મહેતા, તેમ જ ગગનવિહારી મહેતા; વિવેચનના ક્ષેત્રે પણ એને છટાથી ડગ ભરાવનાર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેમ જ આ ઉપરાંત ચંદ્રવદન મહેતા, યશોધર મહેતા, રસિક ઝવેરી, જોકર, અમૃતલાલ યાજ્ઞિક વગેરે નિબંધકારોનું પ્રદાન એ દૃષ્ટિએ સ્વાતંત્ર્યોત્તર નિબંધ સાહિત્યમાં મૂલ્યવાન બની રહે છે.

૨ ઉપર જોયું, એ રીતે, એકંદરે, ગાંધીયુગના કહી શકાય એવા નિબંધકારોને હાથે નિબંધે સ્વાતંત્ર્ય પૂર્વે જ અન્ય સર્જનાત્મક સાહિત્ય સ્વરૂપોની સાથે સાધિકાર પોતાનું સ્થાન

* સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે 'સ્વાતંત્ર્યોત્તર સાહિત્ય' એ વ્યાખ્યાન શ્રેણીના ઉપક્રમે તા. ૧૦–૯–'૭૭ના રોજ અપાયેલું વ્યાખ્યાન.

નિશ્ચિત કરી લીધું છે તો પછી સ્વાતંત્ર્યોત્તર નિબંધ અને નિબંધકાર અગાઉ કરતાં ક્યાં અને કેવી રીતે જુદાં પડે છે ? સ્વાતંત્ર્યોત્તર નિબંધની વિશિષ્ટતાઓ કયી ?

કંઈક અંશે, આનો ઉત્તર દેશમાં અને અન્યત્ર બદલાયેલ સાંસ્કૃતિક સાહિત્યિક અને માનવીય પરિવેશ તેમ જ તેણે નવા સાહિત્ય માટે સર્જી આપેલ આબોહવામાંથી મળી રહે તેમ છે. '૪૭માં આઝાદી પ્રાપ્તિ અને '૫૦માં પ્રજાસત્તાક ભારતની વિધિસરની જાહેરાત પછી દેશમાં ઝડપથી એવી ઘટનાઓ બનવા માંડી કે તે પછીના દાયકા બે દાયકામાં તો આપણા ફાળે ઘેરી હતાશા સિવાય કશું રહ્યું નહિ. પંચશીલના સિદ્ધાંતો, ભૂદાન પ્રવૃત્તિ, અરવિન્દનો વિશ્વભરમાં આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો અભિલાષ, વડોદરા, અમદાવાદ અને વલ્લભ-વિદ્યાનગરમાં સ્થપાતા વિશ્વવિદ્યાલયો, પંચવર્ષીય યોજનાઓ, વૈજ્ઞાનિક સંશોધનો આદિ આશ્વાસક ઘટનાઓ વચ્ચે વચ્ચે બને છે પણ એ બધું શ્રદ્ધેય સધિયારો બનવાને બદલે ઠાલું પુરવાર થાય છે. ચીન-પાકિસ્તાન જેવા પડોશી દેશો સાથે થતાં યુદ્ધો, પૂના-અમદાવાદ ઇત્યાદિ સ્થળોએ થતાં રહેલાં કોમી રમખાણો, રવીન્દ્ર સરોવર જેવી જંગલી ઘટનાઓ, બાંગ્લા દેશમાં થયેલો અમાનુષ હત્યાકાંડ, રાજકીય કારણોસર દેશના જ નિર્દોષ માણસો પર ગુજરાતો સિતમ કે તેમની થતી હત્યા—આ બધી કોઈપણ સંવેદનશીલ જીવને સંક્ષુબ્ધ કરે એવી ઘટનાઓએ 'ત્યાં દૂરથી મંગલ શબ્દ આવે' એ શ્રદ્ધાના ચૂરેચૂરા કરી નાંખીને 'હું છિન્નભિન્ન છું' એવી આપણી કઠોર-નઠોર વાસ્તવિકતાનું આપણને ભાન કરાવ્યું.

દેશની જેમ વિશ્વના ગમે તે ખૂણામાં બનતી ઘટનાઓ ય સંવેદનપટુ સર્જકને સ્પર્શી જતી હોય છે. આપણે ત્યાં આધુનિક સાહિત્ય ઉપર આવાં આંતરરાષ્ટ્રીય પરિબળોએ મોટી અસર કરી છે. બે વિશ્વયુદ્ધોએ અને હિરોશીમા તેમ જ નાગાસાકી ઉપરની બોંબવર્ષાએ સર્જેલી તારાજીએ માનવી માત્રના હૃદયને હચમચાવી મૂક્યું છે. ઉન્ગારેત્તિના શબ્દોમાં પ્રત્યેક હૃદય એક યાતનાનગર બની ગયું છે. દિનપ્રતિદિન વધતી જતી વિજ્ઞાનની આગેકૂચ, અનુભવે માનવીને માટે ખતરનાક સાબિત થઈ છે. માનવી જાણે પોતે જ ઊભા કરેલા અસબાબ વચ્ચે પહેલવહેલો વામણો બની કરુણ સ્થિતિમાં મૂકાયો હોય તેવો દુ:સહ અનુભવ કરવા લાગ્યો. એનું અસ્તિત્વ જ એના માટે એક મોટો યક્ષ પ્રશ્ન થઈ પડ્યું છે. કિર્કેગાર્ડ, કાલયેસ્પર્સ અને હાઈડેગર જેવા વિચારકોએ તેમના ઈશ્વર, મનુષ્ય, મૃત્યુ, સમય અને માનવજીવન વિશેના મૂલે કુઠારાઘાત આપતા નવીન વિચારો દ્વારા તેમ જ કામુ-કાફકા, પ્રુસ્ત અને સાર્ત્ર જેવા સાહિત્યકારોએ એ વિચારોને સાહિત્યમાં ઉતારીને સમગ્ર વિશ્વના બુદ્ધિજીવીઓ અને સાહિત્યકારો ઉપર વ્યાપક અને ઊંડી અસર પાડી છે. માનવનું અવતરણ અને અસ્તિત્વ એ પોતે જ એક વિચિત્ર ઘટના છે,. એવું આજનો માનવી અનુભવી રહ્યો છે. 'પ્રેમ' 'દયા' 'નીતિ' 'ઈશ્વર' જેવા શબ્દોની ઇન્દ્રજાળને એ બરાબર હવે પામી ગયો છે. કશુંક નક્કર પામવાના એના ઉધામા રહ્યા છે. ઈશ્વર એના માટે મરી ચૂક્યો છે અને એ લગભગ મૃત્યુની મૂર્ચ્છનામાં જીવી રહ્યો છે.

સાર્ત્રના અસ્તિત્વવાદે આ સદીમાં સૌપ્રથમ મનુષ્યની ચોમેર રહેલ આવી માયાજાળને ભેદવાનો પ્રગલ્ભ પ્રયાસ કર્યો છે. જીવનની રિક્તતાને શબ્દમાં ઢારવા સતત એ પ્રયત્નશીલ રહ્યા છે. આ ઉપરાંત સર-રિયાલિઝમ, ક્યુબિઝમ અને ફ્રોઇડની મનોવિચારણા આદિને આપણા તરુણ સાહિત્યકારોમાંના એક વર્ગે સાહિત્યમાં ઝીલ્યાં છે.

દેશ-વિદેશની આ પ્રક્ષોભજનક સ્થિતિએ લેખકોને અનેક વિષયો પૂરા પાડ્યા છે. આ બધાં પરિબળોની સાથે છેલ્લા ત્રણ દાયકામાં શિક્ષણનો પ્રસ્તાર વધે છે. માતૃભાષામાં શિક્ષણ આપવાની હિમાયત થાય છે. ઉચ્ચ સ્તરે પણ ગુજરાતી ભાષાનો અભ્યાસક્રમ દાખલ કરાય છે. પરિણામે સંખ્યાબંધ અખબારો-સામયિકો શરૂ થાય છે. આ સર્વને લઈને સાહિત્યમાં નવાં નવાં સ્વરૂપો, અભિવ્યક્તિની નવી નવી લઢણો અને પ્રયોગો અસ્તિત્વમાં આવે છે. આમ જીવન અને સાહિત્ય વિશેની વિભાવના તદ્દન બદલાઈ જાય છે. પરંપરાથી સાવ જુદો એવો આ પરિવેશ ગુજરાતી નિબંધ અને નિબંધકારને પ્રોત્સાહક ભૂમિકા પૂરી પાડે છે. ગતાનુગતિકતાથી અલગ પડીને લખનારાઓના નવીનોના આખા એક વર્ગે સ્વાતંત્ર્યોત્તર નિબંધમાં નવ્ય બળોનું પ્રતિબિંબ સુપેરે ઝીલી બતાવ્યું છે.

૩ આ નવીન પ્રવાહના, આધુનિક નિબંધકારોના હાથે ખેડાયેલા સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધનાં કેટલાંક લક્ષણો આ પ્રમાણે સ્પષ્ટ થતાં જાય છે :

(અ) જીવનની ઉપલી સપાટીને સ્પર્શતા કોઈ વિષયની ચર્ચા-વિચારણાને બદલે ઘણુંખરું એ મનવિવર્તોને, અંતઃસ્થ વિચાર કે તરંગ રમણાને વધુ તાકે છે. જીવન પરામર્શક તરીકે એનું દૃષ્ટિબિન્દુ આસ્તિમૂલક કરતાં નાસ્તિમૂલક વિશેષ રહ્યું છે. છતાં એ જે કવે-કથે છે એમાં નરી આત્મીયતા અને સચ્ચાઈ દ્રવતી હોય છે. માનવ જીવનની અસહાયતાની વાત કરે કે તે અંગે વ્યંગ્ય કરે ત્યારે પણ એ વેદના-વિષાદનો પોતે ય એટલો જ ભાગીદાર છે, એવી સમજ સાથેનું એનું ચિંતન-નિરૂપણ ભાવકને માથે કશું લાદતું તો નથી, ઊલટાનો ભાવકનો બોજ હળવો કરે છે. આત્મકથાકારની ઢબે સ્મૃતિ-સાહચર્યોમાં, શિશુત્વમાં એ અવારનવાર સરી જતો હોઈ રચના સાચા અર્થમાં એના હાથે ચૈતસિક સ્ફુરણોની લીલા બની રહે છે.

(બ) આ રચનાઓમાંનો યદચ્છા વિહાર, એક કળાકારનો યદચ્છા વિહાર છે. સેઈન્ટ બવ અને વર્જિનિયા વુલ્ફે, નિબંધ દુરારાધ્ય પ્રકાર છે અને નિબંધકારે નિબંધ કેવી રીતે લખવો એની જાણકારી પહેલેથી મેળવી લેવી જોઈએ એમ જે કહેલું, એનાથી આ નિબંધકાર પૂરેપૂરો જ્ઞાત લાગે છે. લીલયા સર્જાયેલી લાગતી એની લીલારૂપ રચનાઓ એના સજાગ સર્જકકર્મનું પરિણામ છે. આજનો આ નિબંધલેખક નિબંધને By product રૂપે નહિ પણ એની intuitionની નીપજ લેખે, શુદ્ધ સર્જન રૂપે એને સ્વીકારે છે.

(ક) ત્રીજું ધ્યાન ખેંચનારું તત્ત્વ છે ગદ્ય. અગાઉના નિબંધોથી આ રચનાઓને સાવ જુદી પાડી બતાવે તેવું લક્ષણ ગદ્યનો નવીનોને હાથે અભિનવ રૂપે થયેલો પ્રયોગ છે. કવચિત્ બોલચાલની લઢણો બતાવતું તો કવચિત્ સંસ્કૃત તત્સમ શબ્દોમાં રાચતું, કવચિત્ તળપદા કે અરબી-ફારસી શબ્દોથી શોભતું, તો કયારેક અંગ્રેજી શબ્દોને ઉપયોગમાં લેતું આ ગદ્ય તરલ અને ઇન્દ્રિયગ્રાહ્ય છે. એમાં ઇન્દ્રિય-વ્યત્યયો ને કલ્પન પ્રતીકોની આતશબાજી છે. કવિતાવેડા વિનાની કાવ્યમયતા છે. અમૂર્તને મૂર્ત કરી બતાવે તેવી સ્પર્શક્ષમતા અને ચિત્રાત્મકતા એમાં છે. વિચાર કરતાં ય નિબંધ ગદ્યની, શૈલી-ભાષાની કળા છે, એ વસ્તુ આ નવીનોને હાથે પહેલીવાર સિદ્ધ થતી જણાય છે.

૪ સ્વાતંત્ર્યોત્તર નિબંધસાહિત્યમાં, ઉપર જોયાં તેવાં લક્ષણો વિશેષરૂપે સ્ફુટ કરી બતાવનાર નિબંધસર્જક હોય તો તે સુરેશ હ. જોષી છે. ગુજરાતી સાહિત્યને આંતરરાષ્ટ્રીય સાહિત્યના સંપર્કમાં ઘનિષ્ઠતાથી મૂકી આપી, તેને કામુ-કાફકા, પ્રુસ્ત-જોય્સ કે સાર્ત્રનો પરિચય કરાવનાર હોય તો તે શ્રી સુરેશ જોષી છે. આ પ્રયોગલક્ષી નિબંધકારે 'જનાન્તિકે,' 'ઇદમ્સર્વમ્' અને 'અહો બત કિમ્ આશ્ચર્યમ્' આપીને લલિત નિબંધના ક્ષેત્રે નવી જ ભાત ઉપસાવી છે.

વાચકના કર્ણમૂળ પાસે જઈ ને કરેલી આ મૃદુ-મર્માળી ગુફતેગુમાં ઘણુંબધું અંગત લાગે તેવું છે, નિખાલસતા પણ ભારોભાર છે. 'કર્ણમૂળ જે રતાશ પકડે એનો રંગ' પણ એમાં ભળ્યો છે. પરિણામે એમાંનું અંગતતત્ત્વ અને નિખાલસતા નિબિડ આત્મીયતામાં પરિણમે છે. અહીં વિશેષ ઉપલબ્ધિ હોય તો તે આ નિબિડ આત્મીયતાની છે, આ પૃષ્ઠોમાં ક્યાંક એમના વેદના સભર વ્યક્તિત્વનો તો ક્યાંક જતનથી સ્મૃતિમાં સંગ્રહી રાખેલ એમના શિશુત્વનો, ક્યાંક વૃક્ષો-પુષ્પો અને ઋતુમાં ખોવાઈ જતા પ્રકૃતિરસિક કવિત્વનો તો ક્યાંક જગતસાહિત્યના ઉત્તમને માણીને બેઠેલા વિદગ્ધ સર્જક-વિવેચકનો કે ભાવકોત્તમનો, તો ક્યાંય જીવનની એકવિધતાના ચક્રને તોડી-ફોડી નાખવા ઉદ્યુક્ત થયેલ વિદ્રોહીનો એમ એમનાં જુદાં જુદાં રૂપોનો પરિચય થઇ રહે છે.

'અહો બત કિમ્ આશ્ચર્યમ્'માં નિબંધકાર પોતે કબૂલે છે તેમ કોઈ મનોવિજ્ઞાની જેને 'ઇન્ફન્ટાઇલ રિગ્રેશનની વૃત્તિ' કહે એ હદ સુધી તેઓ શૈશવને પોતાની રચનાઓમાં અવાર-નવાર ખેંચી લાવે છે. 'જનાન્તિકે'નાં પ્રારંભનાં પૃષ્ઠોમાં—ઝાંખરીની સાક્ષીએ મિત્રોએ પોતાના મોંઢામાં ખોસી દીધેલી બીડીનો પ્રસંગ, આમ્રવૃક્ષ પર સાખ તૈયાર થતાં પાકો વ્યૂહ ગોઠવીને, તેને મેળવવા માટે નીકળી પડતો પોતે સમેતનો મિત્ર સમુદાય, કે અત્તર કાઢવાના નિમિત્તે મધુ-માલતી પર ગુજારેલા જુલ્મનો પ્રસંગ અથવા તો જાદુના-વૈદકના અને જૂના કિલ્લાઓમાંથી સોનું મેળવવાના સાહસનો પ્રસંગ આ સર્વ પ્રસંગો નિબંધકારની કમનીય શૈશવ લીલાનું તાદશ ચિત્ર ઉપસાવી આપે તેવી ઉત્કટ અભિવ્યકિત પામ્યા છે. વન સંસ્કૃતિ પ્રતિ નિબંધકારને પક્ષપાત છે. જન સંસ્કૃતિના માનવીઓ તરફ કટાક્ષ કરતાં તેઓ લખે છે: "મેં કહ્યું—મસ્તી, હા આપણે ઉજળિયાત સો ગળણે ગાળીને ઘૂંટડો ઉતારનાર. મસ્તી આપણે આંગણે ફરકેય શી રીતે! ને આ વનવાસીઓના જીવનમાં આપણા જેવા ઝાઝા વિધિનિષેધ inhibitions નહિ. સ્ત્રી-પુરુષ ભેગા હાથમાં હાથ ગૂંથીને નાચે. ધોળા વાળ પર કાળો ડાઘ પાડનારા આપણે એમને જંગલી ગણીને સુધારવા જઈએ; પણ એમનામાં જે લુત્ફે હયાત છે એના કેટલા ટકા આપણી પાસે છે?" જેમના શબ્દે શબ્દે ઍન્ટિસેપ્ટિક ડીસ ઇન્ફેકટન્ટની ગંધ આવે છે એવા ક્રોમિયમ પ્લેટેડ સૌજન્યના ચળકાટવાળા દાંભિક સજ્જનોને પણ તેઓ ક્યારેક. 'આ કૃષ્ણકૃત્યનો મહિમાભાર શેષનાગને ક્યારેક તો ચળાવશે જ ને?' જેવો પ્રશ્નાર્થ કરી ખુલ્લા પાડે છે. આજની અનેકવિધ મર્યાદાઓનું આમ એમના નિબંધોમાં એક યા બીજી રીતે નિરૂપણ થયેલું જોવા મળે છે.

રવીન્દ્રનાથ ટાગોરના નિબંધોની સ્મૃતિ તાજી કરાવે તેવી સ્વપ્નિલ રહસ્યમયતા પણ તેમના કેટલાક નિબંધોમાં પ્રગટી છે. 'જનાન્તિકે'ની ઓગણચાલીસમી રચના આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

શ્રી સુરેશના નિબંધોમાં ભાવકને મુગ્ધ કરે તેવું સર્જકનું પોતાનું જ શિશુત્વ, કવિત્વ,

આરણ્યકત્વ એવું ઘણું ઘણું છે પણ એમાં જણાતા સ્વપ્નો, ઉત્સાહો એ બધાંની પડછે ઊંડે ઊતરી જોનારને વેદનાની એક સેર સ્પષ્ટપણે જણાશે. ઘણાકને એ પણ આસ્વાદ્ય લાગશે, કારણ કે એ વિકલતા માત્ર આ કે તે એવા કોઈ વ્યક્તિની નથી, આજના માનવી માત્રની છે. અસહાય જીવન વિશેનું આવું ચિંતન-મનન શ્રી સુરેશના નિબંધોમાં ઘણે સ્થળે પ્રગટ્યું છે. 'માનવી માત્ર એકલો-અટૂલો નિર્વાસિત, સેન્ટ હેલેનામાંના નેપોલિયનની જેમ, દ્વૈપાયન બનીને જીવી રહ્યો છે'—આવા વિષાદ-વેદનાના ઉદ્ગારો એમના નિબંધોમાં અનેક જગ્યાએ મળશે. આ સદીના માનવીની સાચી સ્થિતિ કદાચ આ વેદનાની છે, આ પ્રકારની વિકલતાની છે પણ આ બધી વેદના વચ્ચેય નિબંધકાર છેક નિરાશાનો સૂર નથી કાઢતા એ એક આશ્વાસન છે. આથી જ તેઓ સમયને વેદનાનું પાત્ર બનાવવાને બદલે ઉત્સવના ધજાપતાકાની જેમ પવનમાં ફરફર ફરકવા દેવાનું કહે છે.

નિબંધ જેવા આત્મલક્ષી કલાપ્રકારમાં પાત્રાદિના કશા માધ્યમ વિના લેખકે સીધું જ કથન કરવાનું હોવાથી વાચકને કદાચ વેદના-વિષાદનું નિરૂપણ એટલું રુચિકર ન નીવડે. નિબંધમાં વાચક નિબંધકારની કોઈપણ વાતથી કંટાળે, તો તેવો પ્રયત્ન હાંસીપાત્ર બને. સુરેશ એકંદરે, આ ભયસ્થાનને અતિક્રમી ગયા છે. જીવનની વેદનાને સૂક્ષ્મપને અવતારી આપે તેવું સૌંદર્ય તેમના ગદ્યમાં છે. ગાંગડાની માફક જુદી રહેવાને બદલે સર્જનના દ્રાવણમાં એ વેદના ઓગળીને આવી છે, આથી જ એ વેદના વેદનામાધુરી થઈને આસ્વાદ્ય બની છે. સુરેશના નિબંધોની આ એક વિશિષ્ટતા છે.

સુરેશના નિબંધોમાં ભાવ-વિચાર, ક્યાંક ક્યાંક આવતા અંગત અભિગ્રહ-પ્રતિગ્રહ સુદ્ધાં આત્મીયતાથી રસાઈને આવ્યા હોવાથી સંતર્પક બને છે. એ જ રીતે આહ્લાદક બને છે તેમની ગદ્યરિદ્ધિ. તેમના નિબંધોમાં ગુજરાતી ગદ્યનો એક નવોન્મેશ પ્રગટતો જણાય છે. એ નિબંધ શૈલી શિષ્ટ છે. એમાં સંસ્કૃત શબ્દો છે, તળપદા શબ્દો પણ છે અને ઉર્દૂ-ફારસી તેમ જ અંગ્રેજી શબ્દો ય છે. એ બધાંમાંથી અમૂર્તને મૂર્ત કરે એવું તરલ અને ઇન્દ્રિયગ્રાહ્ય ગદ્ય તેમણે નિપજાવ્યું છે. વનજીવનની નમનીયતા અને નગરજીવનની નાટકીયતાને તેઓ વિવિધ ભંગિઓ, વિધવિધ લય અને પદવિન્યાસથી ખૂબીપૂર્વક વ્યક્ત કરે છે. 'જનાન્તિકે'ની બીજી અને ચોત્રીસમી રચના, 'ઇદમ્ સર્વમ્'માંની દસમી અને તેરમી રચના કે 'અહો બત કિમ્ આશ્ચર્યમ્'માંની ઓગણીસમી રચના ગદ્યસિદ્ધિ–ગદ્યવૈભવની દૃષ્ટિએ નોંધપાત્ર બને છે. તેમના ગદ્યમાં સ્થળે સ્થળે આવતા ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક કે અર્થાન્તરન્યાસ જેવા અલંકારો અ-પૂર્વ કહી શકાય તેવી નવીનતાથી યોજાયા છે. એમના ત્રણેય સંગ્રહોમાં તેમની આ ગદ્યરિદ્ધિ એકધારી પ્રકાશે છે. એમના શિષ્ટ અને મુલાયમ ગદ્યમાં કાવ્યમયતા છે, પણ કવિતાવેડા નથી, વિચારમયતા છે, પણ તેની બરડતા નથી, મીઠાશ છે પણ મોં ભાગી નાખે તેવી નહિ, સમૃદ્ધ સર્જકતાવાળો નિબંધકાર કલ્પનામય ગદ્યમાં ન માતાં–સમાતાં સંવેદનોને શબ્દમાં ઊતારવા બેસે ત્યારે કેવા નિબંધો સર્જાય તેનો ઉત્તર સુરેશના નિબંધો પૂરો પાડે છે. 'જનાન્તિકે'માં એમની એ શક્તિઓનું શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. સ્વાતંત્ર્યોત્તર નિબંધનું એ એક ઊંચું શિખર છે.

સુરેશ જોષીની જેમ દિગીશ મહેતામાં પણ નિબંધને એક કલાપ્રકાર તરીકે ખેડવાની ગુંજાશ પ્રશસ્ય માત્રામાં જોવા મળે છે. તેમનો 'દૂરના એ સૂર' નિબંધસંગ્રહ લલિતનિબંધ ક્ષેત્ર

'જનાન્તિ કે' પછી બીજું એક ઉન્નત મોજું છે. સુરેશના ઊર્મિપ્રધાન ઝોકથી સાવ સામે છેડે ઊભીને તેઓ લખતા હોય એવી છાપ પડે છે. મનુષ્યના ભીતરને, તેના સ્વભાવને, તેની રુચિઓને તાગવા-તાકવાનું વલણ તેઓ વિશેષ ધરાવે છે. સ્થૂળ પ્રસંગોનું માત્ર નિરૂપણ કરી આપવાને બદલે, તે પ્રકારના પ્રસંગોને અનેક સંદર્ભો વચ્ચે ખીલવી, સૂક્ષ્મ રૂપે રજૂ કરી, તે વડે મનુષ્ય ચિત્તના કોઈક ને કોઈક ખૂણાને અનાવૃત કરી આપવો એ પ્રકારની રીત, એમની વિશિષ્ટ સર્ગશક્તિની દ્યોતક છે, આપણા નિબંધસાહિત્યમાં નવીન પણ છે. તેમના સ્વૈર વિહારમાં દૂરના સૂર, શૈશવનાં સ્મરણો અનેકવાર પ્રવેશીને આસ્વાદ્ય ઘટાટોપ રચે છે. 'દૂરના એ સૂર' એ રચના એનું સુંદર પરિણામ છે. એમના સ્મૃતિપ્રવાહને સમૃદ્ધ કરે તેવા અંગ્રેજી તેમ જ અન્ય ભાષાના સર્જકો–વિચારકોના ઉદ્ગારો પણ એમાં કળામય રીતે વણાતા જાય છે. અનેક snap shotsના કોલાજ જેવી તેમની રચનાઓ હોય છે, એમાં જે કંઈ આવે છે તે બધું એક રસે રસાઈને, આત્મીયતાના દ્વાર વાટે આવે છે, તેથી તે વિશેષ રોચક નીવડે છે.

વસ્તુ કે પાત્રને ચિત્રાત્મક ઉઠાવ આપવાની શક્તિ તેમની કલમમાં અદ્ભુત છે. 'પાત્રો', 'મેળો' કે દશ્યો જેવી રચનાઓમાં તેમની એ શક્તિ એના ઉત્તમ રૂપે પ્રગટેલી જોવા મળે છે. આ સદીના માનવીની કૃતક સભ્યતાને 'ચાલો સુધારીએ' જેવી રચનામાં તેઓ કવચિત્ કટાક્ષ વડે તો ક્વચિત્ વિનોદ વડે ખુલ્લી કરે છે.

સઘન આત્મીયતાની અનુભૂતિ કરાવતા તેમના નિબંધોની શૈલી પણ લાક્ષણિક બની રહે છે. અંગ્રેજીના આ અધ્યાપકે Trying to learn to use words એ એલિયટના વિધાનને બરાબર પચાવ્યું લાગે છે. એટલે જ એ પ્રત્યેક શબ્દ પાસેથી ધાર્યું કામ કઢાવી લેવામાં સફળ રહ્યા છે. સંસ્કૃત તત્સમ શબ્દોનો ઝાઝો ઉપયોગ કર્યા વિના તળપદા અને સામાન્ય વ્યવહારમાં વપરાતા શબ્દો વડે અને કવચિત અંગ્રેજી શબ્દો લઈ ને તેમણે સચોટ, અર્થગર્ભ ગદ્ય નિપજાવ્યું છે. ટૂંકાં ટૂંકાં વાકયો, સંવેદનની તીવ્રતા પ્રમાણે વાકયોનો આવ્યે જતો દ્રુતમંદ આરોહ-અવરોહ, અંગ્રેજી વાકયરચનાનું સ્મરણ કરાવે તેવો વાકયવળોટ, વસ્તુ, દશ્ય કે પ્રસંગનું સ્વાભાવોક્તિપૂર્ણ ચિત્ર ખડું કરી આપે તેવી ચિત્રાત્મકતા અને લાઘવ તેમની શૈલીનાં મુખ્ય લક્ષણો છે. લેખકના અભ્યાસ, અનુભવ, કલ્પના અને તીવ્ર નિરીક્ષણમાંથી પ્રગટતી ઉપમા-ઉત્પ્રેક્ષાઓ તેમના ગદ્યને ને નિબંધોને અનન્ય ચારુતા આપી રહે છે.

એકંદરે, સરળ, તળપદી મીઠાશવાળું, અર્થદ્યોતક અને ઊર્મિપ્રાણિત ગદ્ય નિબંધકારના સૂક્ષ્મ-સભર અનુભૂતિવિશ્વને સચોટપણે ઝીલીને કલાત્મક નિબંધકૃતિઓ કંડારી આપવાને કામિયાબ નીવડયું છે. તાજગીભરી શૈલી અને ભાવકને ચેપ લગાડી જાય તેવું અંગતતત્ત્વ એમની રચનાઓને અનોખી વિશિષ્ટતા બક્ષે છે. સુરેશના હાથે નવી મુદ્રા ધારણ કરી ચૂકેલો સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નિબંધ દિગીશમાં એના એક નોખા પણ સ્ફૂર્તિલા રૂપનો આપણને પરિચય કરાવે છે.

સુરેશ-દિગીશની જેમ લલિત નિબંધને નોંધપાત્ર રીતે ખેડનારાઓમાં વિષ્ણુ પંડ્યા પણ એક છે. 'ગુજરાત સમાચાર'ની રવિવારીય આવૃત્તિમાં 'કુમારસ્વામી'ના ઉપનામથી 'ધુમક્કડની ડાયરી'નું કોલમ સંભાળનાર વિષ્ણુ પંડ્યાએ ખુલ્લી આંખે જગત અને માનવીને નિહાળ્યાં છે. એમનો રઝળપાટ જગતની બહારનો તેટલો જગતની અંદરનો પણ છે. 'હથેળીનું આકાશ'માં એક રાગ-રોષ મિશ્રિત સહૃદયનું વાત્સલ્ય સંતાઈ ને પડયું છે.

હથેળીના આકાશની નીચે શું શું નથી ઘટતું ? ' અધિકાર ' શબ્દનો કરુણ-પીડિત અનુભવ કરાવનાર દ્રૌપદીનો યુધિષ્ઠિરને પ્રશ્ન છે : ' પોતાને હારી ચૂકેલો માણસ બીજાના પર કેટલો અધિકાર રાખી શકે ? ' આવા સનાતન પ્રશ્નની સાથે બાંગલા દેશના તરુણ કવિ નિર્મલેન્દુ ગુણની વિલુપ્ત થઈ ગયેલી બહેનના નિરાવરણ મૃત્યુની હૃદયદ્રાવક કાવ્યકૃતિ પણ છે અને પ્રકૃતિ પણ! ' શોધ-વાસંતી સ્વરની ' જેવી રચનામાંય નિબંધકાર કાલિદાસ અને કેસૂડાંને યાદ કરે છે પણ તેમની નજર તો અંતે પહોંચે છે ટાઉનહોલનાં બે વૃક્ષો નીચે રહેલી પાગલ મહારાષ્ટ્રીયન નારી ઉપર, એની તૂટેલી ગોદડી પર ! ' કયાં છે વિ-એન-ચેન ? ' જેવા કરુણસભર બાલ્ઝાકના પ્રશ્નની જેમ આ નિબંધકાર પણ પ્રકૃતિ-મહાનગર કે ઇતિહાસના હસ્તાક્ષરોમાંથી પસાર થતાં થતાં અંતે તો માનવહૃદયની વાસંતી જ શોધે છે—સાચકલા સર્જકના નસીબે એ એક જ શોધ વેદનાભરી શોધ રહી છે. ઇતિહાસમાં ધરબાયેલી માનવકથા, માનવીય અંશોને દક્ષતાથી પકડી લઈ એને નિબંધરૂપ આપવાની નિબંધકારમાં સારી ફાવટ છે.

પ્રસંગોપાત્ત ધારદાર વ્યંગ્યનો આશ્રય લેતી વિષ્ણુ પંડયાની શૈલીમાં અનોખી ગતિ અને ચિત્રાત્મકતા છે. વિપ્લવકારીની આગ એમના શબ્દોમાં વરતાય છે. આધુનિક નિબંધકારોમાં, શૈલીથીય જુદા પાડવા હોય તો તેમને પાડી શકાય એવું એ શૈલીનું વિશિષ્ટ પોત છે.

' મારી બારીએથી ' એ ' જન્મભૂમિ 'ની કટારના લેખક કવિ શ્રી સુરેશ દલાલના ' મારી બારીએથી ' ૧–૨ એમ બે નિબંધસંગ્રહો હમણાં પ્રગટ થયા છે. એમની પાસે શિષ્ટ ગદ્ય છે, કવચિત્ એને કાવ્યનો સ્પર્શ પણ મળે છે. ' કયાં છે એ કાચનો પારદર્શક અવાજ ?', ' જોઉં છું પસાર થતાં વિચારોને ', ' દરિયો વ્હાલો છે જાણે હોય મારું ગામ ' કે ' કવિ બોરકર ' જેવી રચનાઓ લલિત નિબંધ સર્જવાની તેમનામાં ગુંજાયેશ છે એની પ્રતીતિ કરાવે છે.

નવીનોમાં ન મૂકી શકાય છતાં ' અંગત નિબંધો ' તરીકે પોતાની રચનાઓને ઓળખાવી હોવાથી અહીં જેની નોંધ લેવી ઘટે છે એ તાજેતરમાં પ્રગટ થયેલ શ્રી વાડીલાલ ડગલીનો ' શિયાળાની સવારનો તડકો ' સંગ્રહ છે. શ્રી ડગલી પાસે ઘુંટાયેલ વિચાર છે, વિષયને ઘાટ આપી શકે તેવું શિષ્ટ-મધુર ગદ્ય છે પણ એમની ' શિયાળાની સવારનો તડકો ' કે ' દરિયા કિનારે ' જેવી સારી રચનાઓમાંય વિચાર જ આગળ રહ્યો છે. એમની રચનાઓમાં અવારનવાર ઘૂસી જતો એમનો ક્ષુદ્ર ' હું ' પણ એ રચનાઓને વરવી બનાવે છે. વિચારોને કળામાં રૂપાન્તરિત કરી ક્ષુદ્ર ' હું 'ને લેખક ' Best I 'માં પલટી શકયા હોત તો કદાચ પરિણામ જુદું આવ્યું હોત.

' કુમાર ' ' સંસ્કૃતિ ' અને ' બુદ્ધિપ્રકાશ ' જેવાં જૂનાં સામયિકોની સાથે આધુનિક યુવાન સર્જકોની કલા અને કલાવિચારણાને વ્યકત કરતાં ' રુચિ ', ' ગ્રંથ ', ' ક્ષિતિજ ', ' સંજ્ઞા ', ' ઊહાપોહ ', ' આકાર ' ' કૃતિ ', ' ઉન્મૂલન ' અને ' વિશ્વમાનવ ' જેવાં નવાં સામયિકો અસ્તિત્વમાં આવ્યાં છે. આમાંનાં ' રુચિ ', ' ક્ષિતિજ ', ' ઉન્મૂલન ', ' આકાર ', ' કૃતિ ' જેવાં કેટલાંક સામયિકો આજે બંધ પડયાં છે તો ' રંગ ' ' અરવરવ ' ' ઉદ્દગાર ', ' કંકાવટી ' જેવાં નવાં પણ શરૂ થયાં છે. આજના નવીનોના એક વર્ગે ઘણુંખરું કવિતા નવલકથા, નાટક અને વિવેચન બાજુ પોતાની શકિતઓને એકાગ્રતાથી યોજી જણાય છે. એમાંથી લાભશંકર ઠાકર, રઘુવીર ચૌધરી, મધુરાય, ગુલામ મોહમ્મદ શેખ, નંદ સામવેદી, મણિલાલ

પટેલ આદિમાં અંગત બનીને આકર્ષક છટાદાર ગદ્યમાં લખવાની ફાવટ છે. કોઈક કોઈક ક્યારેક એ પ્રકારની રચનાઓ આપે પણ છે. 'નંદસામવેદી' એટલે કે ચંદ્રકાન્ત શેઠની 'નિરીક્ષક'માં પ્રગટ થતી રહેતી રચનાઓમાં એક શકયતાવાળા નિબંધકારનાં દર્શન થાય છે.

આ સિવાયના અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ચિનુ મોદી, રાધેશ્યામ શર્મા, શ્રીકાન્ત શાહ, ચંદ્રકાન્ત બક્ષી, પ્રમોદ પટેલ, જ્યોતિષ જાની, સુમન શાહ જેવા અનેક નવીનો ગદ્યને અવારનવાર ખેડે છે. દરેકની પાસે વૈયક્તિક વળોકવાળી શૈલી છે. વિવેચન અને સાહિત્યનાં અન્ય સ્વરૂપોમાં પ્રવૃત્ત આ કલમબાજોની સામે લલિત નિબંધ આજે પડકાર બની ઊભો છે- સુરેશ જોષી-દિગીશ મહેતા અને વિષ્ણુ પંડ્યા વગેરેની જેમ અન્ય નવીનો પણ આ પડકારને ઝીલી લે, એની આપણે રાહ જોવી રહી.

૫ સ્વાતંત્ર્યોત્તર નિબંધસાહિત્યમાં નિબંધને એના લલિત રૂપે, શુદ્ધ રૂપે ખીલવવાના સુરેશ જોષીથી માંડીને આજ સુધી પ્રયત્નો થતા રહ્યા છે, તેમ જ્ઞાન-વિતરણના હેતુથી લખાતી વિચારપ્રધાન રચનાઓ કે વિવેચનપ્રધાન યા નર્મપ્રધાન રચનાઓ પણ અનેક લેખકો પાસેથી મળતી રહી છે. નિબંધસાહિત્યના એક ભાગ રૂપે થતી આવી પ્રવૃત્તિઓનું પણ યોગ્ય મૂલ્યાંકન થવું જોઈએ.

અ-ગુજરાતી નિબંધકારોમાં પોતાની કલમનો હમણાં હમણાં સારો એવો પરિચય કરાવી રહેનાર નિબંધકાર છે ફાધર વાલેસ. તાજેતરના વર્ષોમાં તેમના ડઝન ઉપરાંત નિબંધસંગ્રહો પ્રગટ થયા છે. માનવ જીવનને અને મોટે ભાગે તો યુવાન પેઢીને સ્પર્શતા અનેક વિષયોને તેમણે નિબંધરૂપે ઢાળ્યાછે. વ્યક્તિના જીવનને ઘડી આપે, એને ઉન્નત કરે એવી કિંમતી વિચારણા તેમની રચનાઓમાં જોવા મળે છે. બધા લેખોની પાછળ કોઈકને કોઈક ઉદ્દેશ તો સ્પષ્ટ રૂપે છે જ. મનુષ્ય હૃદયમાં રહેલી ઈર્ષ્યાની આગની વાત કરતા હોય, વાસના અને ભાવનાનો ભેદ સ્પષ્ટ રેખ કરતા હોય કે સંયમ, મિત્રતા અથવા તો વ્યવસાય વિશે લખતા હોય, પણ એ બધી વખતે કશુંક નવું, અપૂર્વ કે આદર્શવાળું મુરબ્બીભાવે આપી રહ્યો છું, એવો ભાવ એમના એકેય લખાણમાં જોવા નહિ મળે. ભાવકની સામે ઊંચા આસને બેસીને ઉપદેશનાં વડીલશાઈ ઉચ્ચારણો કરવાને બદલે તેઓ, કયારેક વત્સલ મિત્ર થઈને તો કયારેક પોતાની જાતને પણ બધાંની સાથે સંડોવીને, પોતે પણ બધામાંના એક છે, એવા નિખાલસ ભાવે અંગત બનીને આ બધું લખે છે. સહૃદયની, સન્મિત્રની વત્સલતા એમનાં લખાણોની હેતુલક્ષિતાને ખૂબીપૂર્વક ઢાંકી દઈને તેને કળામય બનાવે છે. કયારેક એ કૈતભર્યું વ્યક્તિત્વ એ રચનાઓને ચિત્તાકર્ષક લલિતનિબંધનો આકાર આપે છે.

આઠેક વર્ષનું આયુષ્ય ભોગવીને બંધ પડેલા 'અભ્યાસ' માસિકના તંત્રી-સંપાદક શ્રી પુરુષોત્તમ માવળંકરની નિબંધપ્રવૃત્તિ પણ ઉલ્લેખનીય રહી છે. 'વિમર્શ'માં તેમણે જીવન, સમાજ, શિક્ષણ અને રાજકારણને લગતા કેટલાક લેખો આપ્યા છે. ઉષ્માભારી શૈલીમાં લખાયેલા આ ચિંતનાત્મક લેખોમાં હૃદયને ભીંજવે તેવું ઘણું છે. હૃદય અને બુદ્ધિના રસાયણથી રસાયેલ આ રચનાઓ માવળંકરને ચિંતનાત્મક નિબંધકારોની કોટિમાં સ્થાન અપાવે છે.

આ ઉપરાંત 'આનંદ રંગ'માં હળવી શૈલીના નિબંધો આપનાર વ્રજલાલ ૨. દાવડા, સરળ અને ઝમકદાર ભાષામાં 'અલગારી રખડપટ્ટી'માં પરદેશના અનુભવોને વાચા આપતા અને

' દિલની વાતો 'માં કેટલુંક નિબંધાત્મક લખાણ આપનાર રસિક ઝવેરી, થોડાંક વર્ષો અગાઉ ' સંદેશ 'માં ' સ્વૈર વિચાર ' નામની કટારમાં સ્વસ્થ અને માર્મિક શૈલીમાં સમકાલીન ઘટનાઓને લક્ષ્ય બનાવીને નિબંધાકારી લખાણો આપનાર સ્વ. ચંદ્રપ્રસાદ દેસાઈ, ' નવચેતન 'માં પ્રાચીન અવશેષો વિશે આત્મલક્ષી ઢબે હળવી શૈલીમાં લેખો લખનાર હરિલાલ ગૌદાની, વિવિધ ક્ષેત્રે નામાંકિત થયેલી વ્યક્તિઓ વિશે ' નવચેતન 'માં સરળ અને વિગત ખચિત શૈલીમાં ચરિત્રાત્મક નિબંધરૂપ લખાણો કરનાર ડૉ. ધર્મેન્દ્ર માસ્તર અને મૂળજીભાઈ શાહ ' કુમાર 'માં સંક્ષિપ્ત શૈલીમાં કેટલાક સુરેખ, ચરિત્રાત્મક નિબંધો આપનાર ડૉ. ધીરુ પરીખ, લોકભોગ્ય શૈલીમાં ' પ્રસ્થાન ' અને ' નવચેતન 'માં વિજ્ઞાનની અવનવી શોધો વિશે લખનાર સ્વ. ડૉ. ન. મૂ. શાહ, રાજકારણના ચાલુ પ્રવાહો વિશે ' ગુજરાત સમાચાર 'ની સાપ્તાહિક પૂર્તિમાં કલમ ચલાવી ગયેલ વાસુદેવ મહેતા, કેળવણી કે સંસ્કાર વિશે ' સંદેશ 'માં સ્વસ્થ વિચારણાવાળા પાસાદાર ગદ્યમાં લખનાર યશવન્ત શુકલ વગેરે અનેક લેખકો ગદ્યને આવાં જુદાં જુદાં નિમિત્તો બનાવીને નિબંધાકારે જ્ઞાનવર્ધક અને હૃદયસંતર્પક સામગ્રી પીરસતા રહ્યા છે.

જ્યોતીન્દ્ર દવેનું સ્મરણ કરાવે તેવા મર્મ નિબંધકારો પણ સ્વાતંત્ર્યોત્તર ગાળામાં ઠીક ઠીક મળતા રહ્યા છે.

' પંચાજીરી 'ના કર્તા રમણલાલ મહેતાએ નર્મપ્રધાન નિબંધોનો એક જ સંગ્રહ આપીને એ ક્ષેત્રે પોતાની શક્તિઓનાં દર્શન કરાવ્યાં છે. કોઈપણ વિષયમાંથી એ ધાર્યો વિનોદ નિષ્પન્ન કરી શકે છે. ' લેખક બનવાની કેટલીક તરકીબો ' એમની સ્મરણીય રચના છે. એમનું હાસ્ય પ્રમાણમાં સંસ્કારી શિષ્ટ છે.

વિશેષે નવલકથાકાર–વાર્તાકાર તરીકે પ્રસિદ્ધિ પામેલા ચૂનીલાલ મડિયાએ ' ચોપાટીને બાંકડેથી ' સંગ્રહ આપ્યો છે. એમના વિષયનું વર્તુળ લગભગ સાહિત્ય અને સાહિત્યકારો, એટલું મર્યાદિત છે છતાં વિષયની આજુબાજુ વિનોદનિષ્પાદક સામગ્રીનો મઝાનો ફટાટોપ તેઓ ઊભો કરે છે. આથી મર્યાદિત વિષય વર્તુળમાંય તેમની દૃષ્ટિ જુદી જુદી જગાએ વિહાર કરી આવીને સમાજ અને માનવીનાં અહમ્, ઊનતાઓ અને સ્થૂળતાઓને દૃષ્ટિના ઝબકાર માત્રથી પારખી લઈ ને એને કટાક્ષ અને વિનોદનું સાધન બનાવે છે. જ્યોતીન્દ્રની માફક તેઓ પણ પરિસ્થિતિને હસી કાઢતા હોય છે. પોતીકા રાગદ્વેષ કે ડંખને તેઓ તેમાં ભેળવતા નથી. તેમનું હાસ્ય આથી નર્મમર્મ પ્રકારનુ શિષ્ટ ને બુદ્ધિપ્રેરિત બને છે. 'શુદ્ધ શું? અશુદ્ધ શું?' કે 'અથ શ્રી ગર્દભપ્રશસ્તિ' તેમની નોંધપાત્ર રચનાઓ છે.

ચિનુભાઈ પટવા બીજા ગણનાપાત્ર નિબંધલેખક છે. 'ગુજરાત સમાચાર 'ની 'પાન-સોપારી' કટારમાં ફિલસૂફ ઉપનામે તેમણે પ્રતિ સપ્તાહે નાર્મિક નિબંધો સફળપણે લખ્યા છે, ' ફિલસૂફિયાણી ', 'ચાલો, સજોડે સુખી થઈએ', 'અમે અને તમે', 'સાથે બેસીને વાંચીએ', 'હળવું ગાંભીર્ય', ' સન્નારીઓ અને સજ્જનો ' અને 'અવળે ખૂણેથી' તેમના હળવી શૈલીના હાસ્યપ્રધાન નિબંધોના સંગ્રહો છે. ઘણુંખરું તેઓ વિષયની રજૂઆત વિચારની કોઈક દૃઢ ભૂમિકા ઉપર રહીને કરતાં કરતાં હાસ્ય તરફ વિસ્તરતા હોય છે. તેમના હાસ્યના ઘેરાયેલા વાદળ પાછળ ક્યાંક ને ક્યાંક ' ફિલસૂફ ' ઉપનામને સાર્થ કરે તેવો પ્રેરક વિચારતારક

ઝબૂકતો હોય છે. ક્યાંક કુશાગ્ર તર્કશાસ્ત્રના આધારે તો ક્યાંક અવળવાણી કે વ્યંગ્યના આશ્રયે તેઓ રસળતી શૈલીમાં નિર્દોષ વિનોદ પૂરો પાડે છે. તેમની નર્મપ્રધાન રચનાઓ, પ્રત્યેક વિષયની વિશિષ્ટપણે થતી માવજતને કારણે અને તેની ઠેકઠેકા કરી લક્ષ્ય તરફ ધપતી સરળ ગતિની શૈલીને લઈને તેમને નર્મપ્રધાન નિબંધકારોમાં નિરાળું સ્થાન અપાવે છે.

શ્રી બકુલ ત્રિપાઠી અત્યારના આપણા આ પ્રકારના નીવડેલ નિબંધકાર છે. 'ગુજરાત-સમાચાર'ની 'સોમવારની સવારે' નામની લેખશ્રેણીમાં તેઓ રોજબરોજના જીવનમાં બનતા બનાવો ઉપર હાસ્યકટાક્ષસભર લેખો લખતા રહ્યા છે. 'સચરાચર'માં અને 'સોમવારની સવારે' જેવા તેમના સંગ્રહોમાં કેટલીક સુઘડ અને કલાન્વિત વિનોદપ્રધાન રચનાઓ મળી આવે છે. વિષયનું નાવીન્ય તેમનામાં સારું એવું છે. કોઈ પણ વિષયને, ઘણુંખરું બુદ્ધિચાપલ્યને પ્રતાપે અવનવીન તર્કમાળા કે તરંગલીલા રચી સહજપણે ખીલવતાં ખીલવતાં વિનોદનાં શીકરો ઉરાડતા જઈ કલામય નિબંધકૃતિ કોરી કાઢવી, એ એમની પહેલી વિશેષતા. રચનાને ક્યાંય ફિસ્સી ન થવા દે ને વિષયને યથોચિત ઘાટ આપે તેવી રસળતી, શિષ્ટ-સંમાર્જિત નિબંધશૈલી એ તેમની બીજી લાક્ષણિકતા છે. વિનોદનિષ્પાદનઅર્થે તેઓ પણ શ્લેષ-ઉપમા જેવા અલંકારોનો, અતિશયોક્તિનો કે અવળવાણીનો ઉપયોગ કરે છે. શ્રી ત્રિપાઠીના હાસ્યપ્રધાન ટુચકા કે પ્રસંગોને બાદ કરતાં તેમની પાસેથી કલાત્મક નર્મનિબંધો સારી સંખ્યામાં મળે છે. તેમના હાસ્યકાસાર વચ્ચે કોઈક ને કોઈક સ્વરૂપે ખીલેલું વિચારપદ્મ તેમના નિબંધોની શોભામાં અભિવૃદ્ધિ કરનાર બને છે.

'સંદેશ'માં સતત લખતા રહીને ગુજરાતની પ્રજાનું ધ્યાન ખેંચનાર શ્રી વિનોદ ભટ્ટે બકુલ ત્રિપાઠી પછી નર્મપ્રધાન રચનાઓમાં સારું એવું ગજું કાઢી બતાવ્યું છે. 'પહેલું સુખ તે મૂગીનાર', 'ઈદમ્ તૃતીયમ્' ઈદમ્ ચતુર્થમ' અને 'સુનો ભાઈ સાધો' તેમની માર્મિક રચનાઓના સંગ્રહો છે. સમકાલીન પ્રસંગોને કટાક્ષવા પ્રાચીન કથાવાર્તાઓને દક્ષતાથી યોજનાર રચનાઓમાં હાસ્યોદધિ ગર્જતો કરે છે. અવાન્તરમાં ઊતર્યા વિના વિષયને સીધો હાસ્ય તરફ દોરી જઈ રચનાના અંતે ભાવકને તેઓ હાસ્યથી ઓળઘોળ કરી દેતા હોય છે. ઉપહાસમાં તેમની કલમ ઓર દીપતી હોય છે. પત્રકારત્વ એમને જ્યાં જ્યાં ચમત્કૃતિમાં ખેંચી ગયું છે, ત્યાં ત્યાં એ રચનાઓનો રંગ ફટકી જતો પણ લાગે છે.

'ગુજરાત સમાચાર'માં 'હું, શાણી ને શકરાભાઈ' એ શીર્ષક તળેની લેખમાળામાં 'પ્રિયદર્શી'ના ઉપનામે હાસ્યલેખો લખનાર ડૉ. મધુસૂદન પારેખે 'હું, શાણી ને શકરાભાઈ'. 'સૂડી અને સોપારી' અને 'રવિવારની સવારે' જેવા સંગ્રહો આપ્યા છે. શ્લેષ, વ્યાજસ્તુતિ કે અતિશયોક્તિ જેવા અલંકારો યોજીને કે શબ્દ રમતનો આશ્રય લઈને તેઓ રોજબરોજના પ્રસંગોમાંથી હાસ્ય નિપજાવતા હોય છે. નિર્દંશ હાસ્ય પીરસવું એ એમની રચનાઓનો ઉદ્દેશ રહ્યો જણાય છે.

આ ઉપરાંત 'મોજ, મજાક અને મહેફિલ' અને 'ગપગોષ્ઠિ' જેવા વિનોદપ્રધાન લેખોના સંગ્રહો આપનાર શ્રી રમેશ ભટ્ટ, 'જોયું હળવી નજરે'માં પરિમાર્જિત શૈલીમાં શુદ્ધ નર્મયુક્ત રચનાઓ આપનાર શ્રી દિનકર દેસાઈ, 'સપ્તતંત્ર'ની વાતોના લેખક નવનીત સેવક, 'વ્યંગ-વાઙ્મય'ના રચયિતા રમણલાલ પાઠક, 'મફતિયા મેન્ટાલિટી'ના કર્તા નરોત્તમ વાળંદ,

'પરપોટા'ના લખનાર ઈશ્વરચંદ્ર ભટ્ટ, પ્રદ્યુમ્ન જોશીપુરા, પ્રબોધ જોશી, મુકુન્દભાઈ શાહ, વગેરેએ પણ હળવી, હાસ્યસભર રચનાઓના ખેડાણમાં યથાશક્તિ ફાળો આપ્યો છે. હાસ્યસભર નિબંધો લખનારાઓમાંના મોટા ભાગના લેખકોનું લક્ષ્ય તાત્કાલિક હસાવવાનું કે કટાક્ષ કરી લેવાનું રહ્યું હોવાથી શુદ્ધ નર્મપ્રધાન નિબંધો ઘણા ઓછા લેખકો આપી શક્યા છે. જેમાં ચિંતન-હાસ્ય અને હળવાશ એ બધું હોય એ પ્રકારની નાર્મિક રચનાઓ વિશેષ કળાશક્તિની અપેક્ષા રાખે છે. આપણા બહુ ઓછા નિબંધકારોમાં આ પ્રકારની શક્તિ દેખાય છે.

આ સિવાય, ગુજરાતી વિષયનું અધ્યયન-અધ્યાપન કાર્ય કરતા તેજસ્વી અધ્યાપકો અવારનવાર પોતાની કલમ ચલાવીને વિવેચનાત્મક નિબંધો—લેખો લખતા જોવા મળે છે. આવા લખનારાઓમાંથી કેટલાકની કલમ આજે સ્થિર થઈને પ્રકાશી રહી છે. આ સંદર્ભમાં ડૉ. રમણલાલ જોશી, ઉશનસ્, જયંત પાઠક, હરીન્દ્ર દવે, જશવંત શેખડીવાલા, દિલાવરસિંહજી જાડેજા, મોહનભાઈ પટેલ અને જયંત કોઠારી વગેરેનાં નામો ઉલ્લેખનીય બને છે. આમાંથી કેટલાકના વિવેચન સંગ્રહો પણ બહાર પડી ચૂક્યા છે. આ સિવાયના ઘણા અધ્યાપકો પ્રસંગોપાત્ત જુદાં જુદાં સામયિકોમાં વિવેચનાત્મક નિબંધો લખતા રહ્યા છે. સૌની પાસે આગવા અભિગમો અને સાહિત્યિક ધોરણો છે. હરેકને પોતીકા વૈશિષ્ટ્યવાળી શૈલી છે. ગુજરાતી નિબંધ-સાહિત્યને પુષ્ટ કરવામાં આવી વિવેચનાત્મક કલમોનો પણ ફાળો રહ્યો છે.

૬ હરિનાં હજાર નામ જેવો નિબંધ છેલ્લા ત્રણ દાયકામાં આમ ભિન્ન ભિન્ન રીતે ખીલ્યો—વિકસ્યો જણાય છે. હજી એ સંસ્કાર—વિચારના ક્ષેત્રમાં ઘૂમતો રહ્યો છે. હાસ્ય—કટાક્ષમાં પણ ઝબકો ખાતો રહે છે. વિવેચનના ક્ષેત્રેય એણે એનો પગ મૂકી રાખ્યો છે. સ્વાતંત્ર્યપૂર્વે અને પછી પણ કાકાસાહેબ, ઉમાશંકર વગેરેમાં એનું જે અંગત (Personal) રૂપ ઉપસતું આવે છે તે અહીં સ્વાતંત્ર્યોત્તર ગાળામાં સુરેશ જોષી, દિગીશ મહેતા, વિષ્ણુ પંડ્યા, સુરેશ દલાલ, ચંદ્રકાન્ત શેઠ, ભોળાભાઈ પટેલ ('વિદિશા') વગેરેમાં વિશેષ સૂક્ષ્માતું જાય છે. એક કળાસ્વરૂપ તરીકે આપણને આવા શુદ્ધ લલિત પ્રકારના નિબંધો સાથે ગાઢ નિસ્બત છે. પત્રકારત્વ ભલે આવી રચનાઓનું નિમિત્ત બનતું હોય પણ એ કુંડાળામાંથી નીકળી જઈ નિબંધને એકાગ્રપણે ખેડે એવા સર્જકની તાતી જરૂર છે. છેલ્લા ત્રણ દાયકામાં દેશ અને વિશ્વમાં જે પરિવર્તન થતું રહ્યું છે, અનેક સંકીર્ણતાઓ વચ્ચે માનવી જે સ્થિતિમાં મૂકાયો છે એ બધું સક્ષમ રીતે કળામાં ઊતરવા, અનેક સર્જકોની પ્રતીક્ષા કરીને ઊભું છે. નવીન નિબંધકારો એ દિશા તરફ છે એ આપણા માટે એક મોટું આશ્વાસન છે. નવીનોએ નિબંધને સર્જનાત્મકતાની દિશામાં એક કદમ આગળ લાવીને મૂક્યો છે. ગુજરાતી ગદ્યનું પણ વિવિધ ભાત ઉપસાવે એ રીતે તેમણે ઘડતર કર્યું છે.

આધુનિકોનો એક વર્ગ જે નર્મપ્રધાન નિબંધો તરફ વળ્યો છે એમાં મોટા ભાગનાઓનું વલણ મર્મ કરતાં નર્મ તરફનું વધુ રહ્યું છે. આ સ્થિતિ નિવારાવી જોઈએ. બકુલ ત્રિપાઠી આદિ નિબંધકારો આપણી આશા છે પણ જ્યોતીન્દ્રનું સ્થાન પુરાવવું હજી બાકી છે.

લલિતેતર સ્વરૂપમાંથી શુદ્ધ લલિત સ્વરૂપ તરફની નિબંધની સ્વાતંત્ર્યોત્તર ગાળામાં જે રીતે ગતિ થઈ રહેલી દેખાય છે, અને આધુનિકોના એક વર્ગની એને શુદ્ધ રૂપે ખેડવાની જે જિકર રહી છે, એમાં એની ઊજળી આવતી કાલનો સંકેત મળી રહે છે.

વિવેચનમાં સમકાલીનતા

હસિત હ. બૂચ

સાહિત્યવિવેચન કાં તો માન્ય સિદ્ધાન્તો અથવા પુરોગામી કૃતિઓની વિચારણામાં મગ્ન રહીને સમકાલીનતાને ઉવેખે છે, એવી ચર્ચા અવારનવાર થતી રહી છે. આ ચર્ચા આજની છે એમ નહિ, કદાચ કાયમની છે. તેથી જ એનું તથ્યાતથ્ય તપાસવું જોઈએ. આવી ચર્ચામાં અમુકતમુક વખતે મમત, ઝુંબેશ કે વિવાદ પોતાનો પરચો દેખાડતાં હોય છે એ ખરું, પરંતુ સમગ્રતયા--છેવટે એમાંથી લાભ એ થાય છે, કે સર્જન, ભાવન, વિવેચન–ત્રણેય એ દ્વારા વિકાસની આગળની ભૂમિકાને ઝાંખી લે છે.

વિવેચનમાં સમકાલીનતા પ્રત્યેની ઉપેક્ષા–વિમુખતાની આ ચર્ચામાં એક રીતે વિવેચનનું વિવેચન થતું હોય છે. એમાં વિવેચનના પ્રયોજનની, એના કાર્યની, એના સાર્થક્યની વિચારણા આવી જતી હોય છે. આ પ્રકારની તાત્ત્વિક ભૂમિકા ઢંકાઈ જાય એ હદે આ ચર્ચા ચગતી હોય–ચગાવાતી હોય એમ જણાય, તો યે એ ભૂમિકા એમાં રચાઈ ચૂકી તો હોય છે જ. આવું વિવેચનનું વિવેચન થતું રહે એમાં, તેથી જ, કશું ખોટું નથી. બલકે આવકાર્ય છે. વિવેચન-પ્રવૃત્તિનો પૂરેપૂરો સંબંધ છે, મૂળ તો સાહિત્ય સર્જન સાથે, સર્જક કૃતિ સાથે, એની વાત એને આધારે અને એની આસપાસ જ હોય છે. સમકાલીન કૃતિ–કૃતિઓ સ્વાભાવિક રીતે જ એમાંથી બાકાત ન રહી શકે.

સમકાલીનતા તરફની વિવેચનની વિમુખતા વિશેનો ઊહાપોહ કૃતિ–સર્જનમૂલક હોવાથી દેખાય તે કરતાં વધુ રચનાત્મક પુરવાર થતો હોય છે. આવી ચર્ચા પ્રગટપણે બહુધા ભલે સર્જક–લેખક દ્વારા આગળ થતી હોય, એમાં સહૃદય ભાવકનો અને જરા ઊંડે જોઈએ તો વિવેચકનો યે સૂર હોય છે. વિવેચનનું આવું વિવેચન તે વિના કેમ સંભવે? વિવેચનના ધર્મની, એના કાર્યની ચિંતા એ વિના કઈ રીતે સંભવે? આવી વિચારણા ઊપડે છે ઊહાપોહને રૂપે. તેથી એમાં આક્ષેપાત્મકતા, એકાંગિતા, ઉગ્રતા, કક્કો ખરો–ની જોહૂકમી અને વ્યાપક સન્માન્ય સર્જન–વિવેચન–ભાવનની ઠઠ્ઠા સુદ્ધાં વખતોવખત આંધી જેમ ઊઠે છે એ હકીકત છે. એ પણ હકીકત છે, કે આંધી શમે છે પણ ઝટ દઈને અને પાછળ મૂકી જાય છે એકંદરે પ્રગતિલક્ષી ચિહ્નો. એનું કારણ એ છે કે આવી ચર્ચા મૂળથી જ સૂક્ષ્મલક્ષી હોય છે. સાહિત્યકૃતિ એના યથાર્થ સ્વરૂપે મનુષ્યની લાગણી–બુદ્ધિની કલ્પના અને વ્યંજનાથી સજ્જ વાણી છે–અભિવ્યક્તિ છે. એમાં મનુષ્યના આત્માનું હૃદયસ્પર્શી પ્રત્યક્ષકલ્પ સંચલન–સ્ફુરણ છે. દરેક સમયને આ વરદાન મળ્યું હોય છે. વિવેચનમાં આ વરદાનનું સ્વરૂપ અને એનું પ્રત્યક્ષીકરણ વિચારાતું હોય છે. સ્વાભાવિક છે, કે આવી વિચારણા સમકાલીનતાથી વેગળી ન હોય એવું અપેક્ષાય. આ અપેક્ષા સ્પષ્ટપણે આંતરિક રૂપની છે, સૂક્ષ્મલક્ષી છે. આ પ્રકારની અપેક્ષાની ચર્ચા તેથી જ એક રીતે તો અંદરના બળની ખોજ જ છે. વિવેચક, ભાવક અને સર્જકના પણ ભીતરી હીર દૈવતની એમાં ખોજ ચાલતી હોય

છે. આ ચર્ચાને આપણે માત્ર સાહિત્યિક કે સાહિત્યવિદ્યાવિષયક લેખીએ તો ભૂલ છે. એવી એ છે ખરી, પરંતુ એથી એ કંઈક વિશેષ પણ છે, કંઈક વધુ સકલસ્પર્શી છે.

બીજી રીતે આ વાત વિચારીએ. સમકાલીન સાહિત્યસર્જન અંગે વિવેચન સજ્જ-પ્રવૃત્ત હોય એ અપેક્ષામાંથી ઊઠતી ચર્ચા શું માત્ર ભાષા-છંદોલય-પ્રતીક-શૈલી આદિનાં નવાં જણાતાં કે જુદો સંદર્ભ લાવતાં વલણો, પાસાં માટેના આગ્રહમાં જ સમાતી હોય છે? એમ દેખાતું નથી. એ શક્ય પણ નથી. એનું કારણ એ છે, કે આ મુદ્દે ચાલતી ચર્ચા આપોઆપ સામાજિક સ્વરૂપની પણ થઈ રહે છે. સાહિત્યસર્જન અને એ વિશેના વિવેચનની સમાજ તરફની જવાબદારીનો ભાવ એમાં સતત હોય છે. કોઈ પણ સમયની સાહિત્યસૃષ્ટિના ઉદ્ભવ-ઉન્મેષમાં કામે લાગતી હોય છે, વૈયક્તિક પ્રતિભા; પરંતુ એને પ્રેરવામાં-પોષવામાં નિમિત્ત બને છે સમાજ, મુખ્યત્વે સમકાલીન સમાજજીવન. સાહિત્યસર્જન અને આવા સમાજજીવનનો સંબંધ પરસ્પર સંજીવક-પ્રાણદાયી હોય છે. માણસના આ નિત્યના અનુભવમાં દરેક સમયને શ્રદ્ધા હોય છે. એ શ્રદ્ધાને લીધે જ આવી ચર્ચા થતી હોય છે, કે વિવેચન સમકાલીન સાહિત્યવહેણને અવગણે એમાં સમકાલીન જીવનનાં પરિબળોને જોવા-સમજવા-તપાસવાની ઉદાસીનતા છે, જડતા છે, સૂગ પણ છે. એમ કહેવાનું રહે છે, કે જીવનનાં નવાં સ્ફુરણોની સાહિત્યમાંની અભિવ્યક્તિ માણવા-નાણવાની સજ્જતા વિવેચન ધરાવતું નથી, એવી સજ્જતા કેળવવા એની ઇચ્છાયે નથી. પોતાના સમયનું વિવેચન આવું ખરેખર છે કે પછી એવું એને માની લેવાય છે એ મુદ્દો આ ચર્ચામાં પડખે કરી દેવાતો હોય છે. તોયે મૂળ નોંધજોગ હકીકત અહીં એ છે, કે આ ચર્ચા સાહિત્યિક લક્ષણો કરતાં યે વધુ ભાર મૂકે છે, જીવનનાં—સમાજજીવનનાં સમકાલીન નવાં પાસાં-વલણોના સાહિત્યિક આવિષ્કાર તરફ, વિવેચન ગંભીર બને, સહૃદય રહે એ મુદ્દા પર છેલ્લાં સોએક વર્ષોમાં તો આ ચર્ચાનો ઉત્તરોત્તર વધુ ઝોક આ દિશાનો જ વરતાય છે. યંત્ર આવ્યું, ટેકનોલોજી આગળ વધી અને સારી યે દુનિયાના સમાજજીવનમાં બાહ્ય અને આંતરિક અભૂતપૂર્વ ફેરફારી, ઊથલપાથલ મચી. સદીઓના પરંપરિત જીવનમાં સામૂહિક પરિવર્તન, કલ્પ્યું યે ન હોય એવું રૂપાન્તર સર્જાયું. માણસની લાગણી—બુદ્ધિ પર એ ઊંડી અસર પાડતું થયું. પરિણામે સંવેદનશીલ, કલ્પનાશીલ વ્યક્તિની વાચામાં, સાહિત્યમાં એ પ્રગટે જ. વિવેચન આવી અભિવ્યક્તિનો અનિવાર્ય નવો સંદર્ભ, એ રજૂઆતની નવી-જુદી-અરૂઢ શક્યતાઓનો, કલાસંદર્ભ ન વિચારે અને એ રીતે મૂળમાં તો સમકાલીન જીવનપરિબળોના સાહિત્ય સંદર્ભને જ ઉવેખે, એમાં વિવેચન પોતાનું ભવિષ્ય જ નકામું કરે છે એમ કહેનાર—શોર મચાવનારને સમજવાની જરૂર છે જ. એ કારણે, કે એમાં ધબકતી હોય છે સાહિત્ય એને સમાજજીવનના પરસ્પરના સંબંધની શ્રદ્ધા, એવા સંબંધમાંની પરસ્પર સંજીવકતાની શ્રદ્ધા.

પરંતુ પ્રશ્ન એ થાય છે, કે આવી અવારનવાર ઊપડતી—મંડાતી ચર્ચા અનુભવમાંથી આવે છે, કે કાલ્પનિક સ્તરેથી? શું એમાં સ્વીકૃતિ—માન્યતાની ખંડણી વસૂલ કરવાની કોશિશ હોય છે? શું એમાં સર્જનની પોતાની કમજોરી રોષે ચડી હોય છે? જો વર્તમાન વિવેચનના જડ—અસજ્જ છે જ, તો લ્યો, અમે જ અમારી કૃતિ—કૃતિઓનું વિવેચન કરીએ છીએ,—એ મતલબનું જાહેરનામું છાપીને શું એમાં સર્જનની નિષ્ફળતાનું ભાન ઢાંકવાનો ઉદ્યમ હોય છે? સમકાલીનતાને નામે થતા આ પુકારમાં વર્ગીય રુચિ—દૃષ્ટિ—રજૂઆતનો જ અવાજ તો નથી ને?

સહૃદય ભાવકને આવી મૂંઝવણ રહ્યા કરે એમ આ ચર્ચા ચગતી યે હોય છે. તાત્ત્વિક રીતે જોઈએ તો વિવેચન કોઈ એક સમયને વરીને પ્રવર્તી શકતું નથી. એને એની પ્રકૃતિ કહીએ અથવા એની સુરુચિ. એનું કાર્ય પણ મૂળભૂતપણે વિશાલ ફલકનું છે. એની કાર્યપદ્ધતિ સુદ્ધાં એવી વસ્તુનિષ્ઠ કે એમાં કોઈ પૂર્વગ્રહ ટકી શકતો નથી. વિવેચનપ્રવૃત્તિનું પ્રેરક બળ છે, એની સાહિત્ય તથા સાહિત્યકૃતિ પ્રત્યેની સહૃદયતામાં, એ માટેની ગાઢ ઊંડી પ્રીતિમાં, એ એના સ્વાભાવમાં છે; કહો, હાડ—લોહીમાં છે. એ ઝંખે છે, ઢૂંઢે છે સત્ત્વસોહતી સાહિત્યકૃતિ. એ જાણે છે કે ઉત્તમ સાહિત્યતત્ત્વો યા એના સૌંદર્ય—સામર્થ્યનાં રહસ્યો, એને કોઈ એવું એક કૃતિમાં કે કોઈ અમુક ગાળાની કૃતિઓમાંયે, પૂરેપૂરાં સફલ ન યે પ્રતીત થાય. એને એ ય ખબર છે કે પોતાની સૂઝ-વિચારણામાં પણ કંઈક ને કંઈક તો ખૂટતું રહેવાનું જ. આ બેઉ પ્રકારના ખયાલે વિવેચન સમગ્ર દર્શનને પ્રેરતી સહૃદયતા અંગે વધુ જાગ્રત રહે છે, એ ગુણે અંકિત કાર્યપદ્ધતિ માટે ચીવટ રાખે છે. તેથી જ સહૃદયત્વે પ્રેરાતું વિવેચન સાહિત્યકૃતિના આહ્લાદક—પ્રભાવક સ્વરૂપનું રહસ્ય પામવા એનું સર્વાંગી ચિંતન કરે છે, એ ચિંતનની વિગતોને સકલ સંદર્ભમાં મૂલવે છે. આ રીતે તત્ત્વલક્ષી અને પરામર્શક થઈને એ કૃતાર્થ થાય છે. એમ કહી શકાય કે, વિવેચનમાં સાહિત્યકૃતિએ પ્રેરેલા પ્રેમભાવનું ચિંતન આલેખાયું હોય છે. સ્પષ્ટ છે કે, આવું ચિંતન માત્ર સ્તવન નથી. સીધોસટ નિર્ભેળ ચુકાદો નથી, મુરબ્બીની ઓથ કે ચમચમ સોટી પણ નથી—પ્રેમભાવના ચિંતનનું આલેખન, એ જ એનું સાચું સ્વરૂપ છે.

વિવેચનમાં આ સહાનુભૂતિ-સમધર્મીપણાનું સળંગ સ્વાભાવિક વાતાવરણ મહત્ત્વનું બને છે. એ વાતાવરણમાં ચિંતન-મનનનું આલેખન થતાં એમાં પૃથક્કરણ, તુલના, વિગતોનો સમગ્રસંદર્ભી સ્પર્શ અને સત્યનો વિવેક પ્રવર્તે છે. એ આલેખન, સર્જક, તેમજ ભાવકને અનુલક્ષીને થતું હોઈ, વિશદ અને વ્યવસ્થિત રહેવા સજાગ છે. ઉપરાંત, સમરસેટ મોમે ગદ્યલક્ષણ લેખે અને એન. સી. કલેએ વધુમાં વિવેચનલક્ષણ પણ ગણેલી Euphony—યૂફનિ-મંજુલ ઝંકૃતિ—લયમધુરિમા પણ એ આલેખનમાં વ્યાપક હોય છે. આપણે ત્યાં આનંદશંકર, રામનારાયણ, વિષ્ણુપ્રસાદ, ઉમાશંકરાદિને સંભારતાં વિવેચનાનું આવું રૂપ અનુભવાય એમ છે. વસ્તુતઃ આ મંજુલ-ઝંકૃતિ-યૂફનિ આલેખન પૂરતી જ નહિ, વિવેચનના અભિગમ અને તેના આયોજનમાં પણ હોય છે. સાહિત્યરચના અંગેના પ્રેમભાવનું ચિંતન એમાં આલેખાતું હોવાથી, આ સર્વતોભદ્ર લક્ષણ એમાં ઝમતું હોય છે. એ લક્ષણે જ વિવેચનનું શાસ્ત્ર-વિજ્ઞાન અન્ય વિજ્ઞાન—શાસ્ત્રોથી વિશિષ્ટ, નિરાળું નિવડે છે. પ્રજાના સાહિત્યાસ્વાદ સાહિત્ય-બોધમાં વિવેચન તેથી જ આનંદપ્રેરક પ્રતિભાવંત સહયાત્રીનું કાર્ય બજાવે છે. આ પ્રજા તે કઈ? સ્પષ્ટ છે, કે એ પ્રજા તે સમકાલીન પ્રજા અને હવે પછી આવનારાં સમયની પ્રજા. વિવેચનની શાસ્ત્રીયતાને ઝંકૃત કરતી આ યૂફનિ-મંજુલતા એવી છે, કે વિવેચન માત્ર અતીતના પૂજન-પરામર્શમાં મગ્ન-ગ્રસ્ત રહે એમ બની શકે નહિ. બલકે એની મીટમાં વધુ અને સતતપણે તો રહે છે સાંપ્રત—સમસામયિક સર્જન અને એનું ભાવન. પરિણામે થાય છે એ, કે સાર્થક રૂપે પ્રવર્તતાં વિવેચન, અતીતના આસ્વાદ-અવબોધમાં સમકાલીનને તેમ જ સાંપ્રત સાહિત્યસર્જનના આસ્વાદ-અવબોધમાં અતીતદોરને વિવેક યોજીને સંભારતું રહે છે. એમાં છે તે યૂફનિ-ઝંકૃતિની સમગ્રતા એ રૂપે પણ સાર્થ છે.

જાગૃત અને સુસજ્જ વિવેચન આમ અતીત—સાંપ્રતને પોતાના ચિંતનમાં ગૂંથી લઈને અને એમાં મીટ સતત સાંપ્રતાભિમુખ રાખીને, પરોક્ષ રૂપે, ભાવિમાં રચાનાર સાહિત્ય અને એના ભાવનને કાજે વાતાવરણ રચી આપે છે, રસજ્ઞ વિવેકશક્તિથી નવી દિશા પણ ચીંધે છે. એમાં નથી અતીતની વકીલાત કે નથી સમકાલીનની વકીલાત. એમાં નથી એ બેમાંથી એકે તરફ નફરત. મેક્સિમ ગોર્કીએ લેખકને માટે લખ્યું છે કે "Never shut your eyes to anything, do not be afraid of anything." વિવેચનપ્રવૃત્તિના મનમાં પણ આ વાત જ હોય છે. ઉમાશંકરે કવિ—લેખકને "લોકે ત્રિલોક વિલોક"નું આપેલું સૂત્ર વિવેચન માટે પણ પૂરું સાચું છે. વિવેચન પુરાણી કે સમકાલીન ગમે તે સાહિત્યકૃતિને વિચારે, સાહિત્યની શક્તિનાં તત્ત્વોને જૂની પરિપાટીએ મૂલવે યા નવા કલાપરિપેક્ષ્યમાં, એની નેમ તો છે સાંપ્રતની સુરુચિના શોધન—પોષણની અને એ દ્વારા ભવિષ્યનો માર્ગ સૂચવવાની. ગ્વાલીઅરની સાહિત્યપરિષદને પ્રમુખપદેથી ગોપીનાથ તલવલકરે કહેલું કે પ્રત્યેક યુગની આશા, ઉચ્ચ આકાંક્ષા, રમ્ય કલ્પના વાઙમયની ગંગાજળમાં આવી પડે છે. એ યુગની દૈવી વિફલતા જ વિદગ્ધ વાઙમયમાં ચિરસ્થાયી થાય છે. જતો યુગ આ ગંગાજળી જ આવતા યુગને સોંપે છે. આ મુદ્દે વિવેચનને પાકો વિશ્વાસ લાગે છે. તેથી જ એ નથી ઉવેખી શકતું અતીતને, કે નથી અવગણી શકતું સમકાલીનને.

છતાં અસંતોષ—આક્રોશ વાચા પામ્યા કરે છે અમુક અમુક સમયે કે વિવેચન પોતાનો ધર્મ ચૂકે છે અને સમસામયિક સાહિત્યિક સ્ફુરણો વિશે કાં તો મૂંગું રહે છે, કે પછી એ તરફ આંખ જ બંધ રાખે છે. કૃતિની તેજસ્વિતા એ અંદરથી કળી લે, તોયે ઉત્તમતાનો નિર્ણય તો લાંબા પરિચયે જ લેવાય એવા મુરબ્બીવટના ભારમાં સમકાલીનને અવગણે છે. એમ કહેવાય છે કે જો વિવેચન સમકાલીન કૃતિઓના આસ્વાદ—અવબોધની શક્તિ દાખવે, તો જ ભવિષ્ય માટે ય એ વિવેચનની કીંમત છે. એમ કહેવાયું છે કે વિવેચનને મન તો મૃત લેખક જ મોટો! એટલું જ નહિ, વિવેચન સમકાલીન પરિબળોથી વેગળું રહીને ઘણીવાર તો ભાષાશૈલીનો સંપ્રદાય જ બની રહે છે. સર્જનના વેગ—ઉન્મેષને હિસાબે આવું વિવેચન મંથર—નિસ્તેજ પુરવાર થઈ, નથી કશું નક્કર કરતું સર્જક માટે, કે નથી કશું કરતું ભાવક માટે ય. મુદ્રણ—રેડિયોની સુવિધા ફેલાવા છતાં, સર્જાતું સાહિત્ય અને એનું વિવેચન પણ એથી ત્વરિત અને વિપુલ પ્રગટ થવાની અનુકૂળતા છતાં, આ પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય સાહિત્ય સર્જનકળાની અભિજ્ઞતા સુકર થવા છતાં, વિવેચનની ગતિ—સ્થિતિ તો એ જ રહે છે કે એ જૂનાં—સ્વીકૃત જીવનમૂલ્યોના અને કલા-મૂલ્યોના અભ્યાસ—અસ્વાદમાં રત રહી એ બહુ તો એ પરંપરામાં હોય એવી સાહિત્યકૃતિઓ વિશે વિચારે છે.

જો વિવેચન આ રાહે જ ચાલે છે, તો એની ઉપયોગિતા જ નથી, એનો અર્થ જ નથી એ હદેય નિદાન કરાય છે. ખાસ કરીને જ્યાં જીવન અને સાહિત્ય—કળા વિશેના ખયાલ જ ધરમૂળથી, પરંપરા સામે વિદ્રોહ કરીને, કરવટ બદલી ચૂકયા છે, ત્યાં વિવેચનની ચાંચે ડૂબતી નથી, એની ઈચ્છા જ એ માટે નથી. એ સામે કંઈક આકુળ ઉદગારો પણ કઢાતા રહે છે. એટલું જ નહિ, આમાંથી સમકાલીન નવતર સર્જન માટેનું નવતર વિવેચન પણ મંડાય છે. એ કંઈક નક્કર અને યથાર્થ પ્રસ્થાન કહેવું જોઈએ. આ નવા વિવેચનની જીવન અને કળા—સાહિત્ય વિશેની વિભાવના—વિચારણાના કેટલાક મુદ્દા મહત્ત્વના પણ છે.

જીવન અને સાહિત્યસર્જન અંગેના રૂઢ સંસ્કારો—ગ્રહોથી સાહિત્યપદાર્થને સ્વતંત્ર રૂપે સમજવા પર આ નવીન વિવેચનાનો ભાર છે. કલા માટે કલા સમી ભ્રાંતિમાં ખેંચાયા વિના એ સાહિત્યકૃતિની સંરચનાને કાવ્યસમજમાં પાયાની ગણે છે. બીજી બાજુએ, સમાજના શુભ—રસ—ઉત્કર્ષનાં શુકોચ્ચારણોની આજે હવે નિરર્થકતા અનુભવીને, સાંપ્રત મનુષ્યના ભીતરી મથન—ભગ્નત્વને, આળપંપાળ છોડી, અભિવ્યક્તિ અર્થે એ હવેના સર્જનની સાચી દિશા હોવાનું એ માને છે. સાહિત્યકૃતિના આસ્વાદ—અવબોધમાં હવે એને સાહિત્યેતર વલણ પણ અનિવાર્ય જણાય છે. HYMAN—હાયમન "Organized use of non-literary techniques and bodies of knowledge"—ને હવેના વિવેચનની નેમ કહે છે. અર્થાત્ સાહિત્યેતર જ્ઞાન—વિજ્ઞાનનાં સ્વરૂપો તથા કાર્યરીતિઓના સુયોજિત ઉપયોગમાં આ નવા વિવેચનનો રસ અને ઉદ્યમ છે. સાહિત્યના આસ્વાદ--અવબોધમાં મનોવિજ્ઞાન, નૃવંશવિદ્યા, વિજ્ઞાનાદિને તેથી જ એ ખપમાં લે છે. સૌંદર્ય, સમગ્રત્વ, સૌષ્ઠવ, સુરુચિ, આદિની વિભાવનાઓ–ચર્ચાઓના પુરસ્કરણમાં એ વર્તમાન માનવની ભીતરી દશા—અનુભૂતિનો નકાર બતાવે છે અને એથી જ એને અર્થહીન કહે છે. આજના નવતર સાહિત્યસર્જનમાં જે અતંત્ર, અરૂઢ, આઘાતકર, અડબંગ યા અશ્લીલ જેવું વરતાય છે, એમાં જે આદિમ વૃત્તિનો ધૂધવાટ, અર્થ નહિ પણ અન્-અર્થની વાત, સન્માનિત રમ્યત્વમાંગલ્ય—ગાંભીર્યની ટીખળઠેકડી, શબ્દ-અન્વય-પદ્યગદ્યભેદ-પ્રતીકાદિની એસીતેસી ઉપરાંત ભાંગફોડ જણાય છે, એની પાછળની આજની નક્કર સંવેદના, સાચી જાગૃત બૌદ્ધિકતાને પ્રમાણવાનો એનો આગ્રહ છે.

આ વિવેચનાના અવાજમાં અને એની ફાળમાં વિદ્રોહ છે, પણ એમાં નવો રાહ આંકવાની બૌદ્ધિક—ઊર્મિશીલ સજ્જતા અને સચ્ચાઈ પણ છે. એ કદાચ સભાન પણ છે, અભિગમ-આલેખનના અતિરેક પરત્વે. આવું વિવેચન તેથી જ હમસફરીઓને લાલબત્તી પણ ધરતું રહ્યું છે. એમે દેખાય કે એના ઉપાડની ઉગ્રતા પોતાનું મધ્યબિંદુ મેળવવા મથતી રહી છે. એમ કહેવાય છે કે સર્જન પછી વિવેચનના સહજ ક્રમને ઉલટાવીને આ નવીન વિવેચના નવા સર્જનની આગળ જઈ એનું નેતૃત્વ કરે છે. એમે કહેવાયું છે કે આ નવ્ય સર્જન અને એનું વિવેચન ઉછીનું છે. બે વિશ્વયુદ્ધોની વજ્જરભીંસથી યૂરપ-અમેરિકામાં ઉદ્ભવેલી આકુલ-હત વાચાના વાચને તે આવતું હોઈ એમાં સીધોસોંસરો અનુભવ જ નથી. વિવેચન, ખાસ કરીને બદલાઈ ચૂકેલા માનસિક તથા પ્રત્યક્ષ જીવનના પરિપેક્ષ્યમાં, સર્જનનો માર્ગ કરતું આગળ જાય તો એમાં અબ્રહ્મણ્યમ્ જેવું શું છે? આ આભ્યાસિકી પ્રતિભાના યુગમાં એ થયે જવાનું. આમે સર્જકનું પ્રેરણાબળ, શક્તિ ઉપરાંત વ્યુત્પત્તિ-કાવ્યજ્ઞશિક્ષયાભ્યાસમાં જોવાયું છે જ તો? વળી એવું કુતૂહલ કરવું કે ભગ્નત્વની સાથે સાથે શ્રદ્ધાની વાત એક જ સર્જક કલમે ચીતરે એ કેમ થતું હશે, એ ય ભાગ્યે વાજબી છે. સર્જનમાં હોઈ શકે છે વિવિધ ક્ષણો. અમુક કવિલેખકનાં લખાણ અમુક રંગનાં એ લેબલ ઠીક નથી જ.

યૂરપ-અમેરિકામાં સર્જન—વિવેચનની આવી અભિવ્યંજના ફિલસૂફી ગઈકાલની વાત થઈ છે અને ત્યાં પુનઃ જીવનદષ્ટિ-કલાવિધાન પરત્વે માધુર્ય-મૌગ્ધ્ય-સૌંદર્ય-સંવાદાદિનો રંગ ઘૂમતો—ઘૂંટાતો થયાનું નોંધાયું છે. આપણે ત્યાં હજી આ ફિલસૂફી—અભિવ્યક્તિના આગ્રહીઓમાં એમ નથી થયું. એનું કારણ એ હોય, કે આઝાદી પછી સંવેદનપટુ, બૌદ્ધિકોની

પ્રતીતિ આમ વળી ન હોય. પણ આ નવ્ય વિવેચનની મર્યાદા એ જરૂર જણાય છે કે એ અત્યંત સમયવશ–સમયગ્રસ્ત રહે છે; તેય એ ભૂલીને કે સમયના અતિ ટૂંકા તથા સ્વમાન્ય કુંડાળામાં એ બદ્ધ છે. એને જાણે એ સદી ગયું છે. મનુષ્યની મગદૂર કે રુચિ બાબતમાં એ ગૃહીતો ખોડીને એનું વ્યાપકત્વ, અનેકવિધત્વ કે ઊંડાણ કાં વીસરે છે અથવા ધરાર અવગણે છે. પોતાની અભિપ્રેત ફોર્મ્યુલામાં અનુકૂળ નહિ એવું સંવેદન-બૌદ્ધિકત્વ-કલાવિધાન પણ સમકાલીન હોઈ શકે, એની અપીલ ઊંડી થઈ શકે એમ જાણે એ માનવા તૈયાર નથી. સમકાલીનતાની એની ઝુંબેશમાં એ પોતા સિવાય સૃષ્ટિને અસમકાલીન, મૃતવત કે અમૌલિક ઉપરાંત ઉપરછલ્લી-કૃતક ગણી લે છે. ફીથ ફોર્ટે એમે કહ્યું છે કે લેખક-ભાવક-વિવેચકનું આવું અનુભવ ઊફરું જૂથ "તેરી બી ચૂપ–મેરી બી" જેવું કરીને, આ રીતે ન વિચારે–સમજે–લખે એ સહુ પુરાણા અને પોલા એ તાને ડૂબ્યું છે. એ મત આ રંગના સાચા ઉદ્રેકવાળા વિવેચન-સર્જનને જોતાં પૂરો માન્ય રહે એમ નથી. તોયે જ્યાં એ ફેશન, સંપ્રદાય દેખાદેખી ચેષ્ટા થાય છે—એવું હંમેશા દરેક ક્ષેત્રમાં અમુક ગાળે ગાળે બને, ત્યાં એ મૂળનું બળ ગુમાવે છે જ. એમાં એકસુરીલાપણું, કૃતકત્વ, વિશાળ–બૃહદ્‌થી વિચ્છેક આવી જાય છે. પૂર્વે જે સંવેદાયું–કેવાયું, કે પછી પોતાના સમયમાં પણ જે અન્ય રૂપે સંવેદાતું-વિચારાતું-કવાતું જણાય, તે સર્વ પર મીંડું મૂકવામાં એની ગુરુતાગ્રંથિ હોય કે લઘુત્વગ્રંથિ, એનો તાગ કાઢવો ન બને; પરંતુ સતત દબાણના એના તારસ્વરમાં શાળા-કૉલેજ-મંચ-સમાજ-કદર આદિ બાહ્ય ખેંચાણો સુદ્ધાં ભળ્યા કરે ત્યારે, સહૃદયને પણ ચિંતા થાય. એ નીકળે છે—મથે છે જીવન તથા સાહિત્ય સર્જનના જર્જર—નિષ્પ્રાણવત્ ચોકઠાં ભાંગી ક્રાન્તિ-ઉત્ક્રાન્તિ સર્જવા અને દુર્ભાગ્યે એ ચોકઠાંઓ જ ખડકી દે છે. એ બદલાએલાં ચોકઠાં કુતૂહલ જગાડે, પણ એ ય ચોકઠાં જ છે, એ તરત કળાય છે. એનાં વ્યંગ-ટીખળ-ઠઠ્ઠા, એની પ્રગલ્ભતા, શબ્દ-લય-પ્રતિકાદિની એની નવી મરામત ગમી જાય ખરી, છતાં એ વિના અન્ય ન ખપે એમ થતું નથી.

આ અવાજની દે-માર ઉગ્રતા વચ્ચે "અરે, આવો, આવો"ની "લ્યો, લ્યો આ લ્યો, પેલું લ્યો ! જરા અમને જાળવી લેજો."ની, "હા, હા, આજના આ બીજાઓને નહિ લઈએ, ગણકારીએ, બસ ?"ની વૃત્તિ પણ જણાવાની અને તેય માત્ર વ્યવહારુતાની નહિ, સાવધદૃષ્ટિ ઉત્સાહપ્રદર્શનની પણ, એમાં જાણે આ સિવાયના સમકાલીન સર્જન-વિવેચન જ અવગણાઈ રહે છે. "નવો ઉન્મેષ તો, આ 'સ્તો", એવી બોલબાલા ય મળી રહે છે. આ ગાળો વિવેચનોથી ચલાવી લેતી પેઢીનો અને વિવેચનના વર્ચસ્વનો છે એમ ભલે કહેવાયું હોય (રેંડલ જેરલ), પણ એની નોંધે જાણે લેવાતી નથી કે અખબારોમાં સાપ્તાહિક સમીક્ષાનાં પાનાં વચ્ચે વચ્ચે દેખાય અને પાછાં અલોપાઈ જાય એ દશા છે, સાહિત્યનાં માસિકોમાં પણ "સાભાર નોંધ"થી જ મોટા ભાગની સાહિત્યકૃતિઓને પતાવાય છે, આટઆટલાં ગ્રંથાલયો છતાં વિવેચનગ્રંથો પણ લાંબે સમયે ઊપડે તો ઊપડે જેવી સ્થિતિ છે અને જૂજ-ગણતર અવલોકન સામયિકોમાં યે "આ તો ભઈ, અમારું ટીમ-વર્ક છે !"ની નીતિરીતિ સક્રિય હોવાથી ગુજરાત બહારનો સાહિત્યવિદ પૂછે કે ગુજરાતમાં સમીક્ષાસામયિક કોઈ છે ખરું ?–એ પરિસ્થિતિ છે. કોઈને આ બાબતે ઉચાટ જ નહિ હોય ? થાય છે એ, કે નથી સમાજમાં સીંચાતું સમકાલીન શિષ્ટ સર્જક સાહિત્ય, કે નથી જોવાતું, હોય એવું ને થોડું યે, એનું વિવેચન. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ

સ્પષ્ટ ચેતવ્યા, "આજે સૌથી મોંઘામૂલો માનવ હોય, દેવના અવતાર જેવો, તો તે રાજપુરુષ છે! પછી આવે અર્થશાસ્ત્રી, પછી વહેવારદક્ષ, પછી યંત્રનિષ્ણાત ને વિજ્ઞાની" ("ઉપાયન"= પૃ. ૧૬ = મૂળ-૧૯૪૯માં). "સંસ્કૃતિ"ના વિવેચનઅંક (ઑગસ્ટ, ૧૯૬૩)માં પણ, આનંદશંકર જેવી નિયમિત કૃતિસમીક્ષા, "સંસ્કૃતિ" સમેત બીજેય, કોઈ ધર્મ સમજ આપતું નથી એ નિખાલસ નોંધ ઉમાશંકરે લખેલી તો યે હજી સાહિત્યની યથાર્થ પ્રતિષ્ઠા અંગે કે કૃતિ-વિવેચન અંગે શી સ્થિતિ છે? "ઘણું છપાય છે! શું જોઈએ? શું વિવેચીએ?"— એ સવાલ શું સાચે જ ઉકેલથી પર રહે એવો છે?

આપણા વિવેચનના ઉદ્‌ગમથી આજ પર્યન્તના કાર્યને વિલોકતાં એ સ્પષ્ટ હકીકત છે, કે એમાં સમકાલીન સાહિત્યસર્જન-ચિંતનની ઉત્તરોત્તર વિકસિત વિચારણા કરાઈ છે. એણે યથાર્થ કર્તવ્યરૂપે પરંપરા સાથે એને મૂલવી પણ છે. નવલરામ કે નરસિંહરાવ, બળવંતરાય કે રમણભાઈ, આનંદશંકર કે રમણભાઈ, રામનારાયણ કે વિશ્વનાથ, વિષ્ણુપ્રસાદ કે વિજયરાય, ઉમાશંકર—"સુંદરમ્", અને એની પછી યે ઠેઠ આજની સંનિષ્ઠ તરુણ પેઢી સુધી આપણી વિવેચનાએ સમકાલીન સર્જનની સહૃદય એવી જ તાત્ત્વિક ચર્ચા કરી છે. એણે અહીંનાં પ્રાચીન-મધ્યકાલીન-સમકાલીન ઉપરાંત વિદેશનાં એવાં સાહિત્ય વલણો-સ્ફુરણોને લક્ષમાં લઈને આ કાર્ય કર્યું છે. શાળાનાં પુસ્તકોમાં અર્વાચીન ચેતનાની કવિતા ન હોય એ સામે તો ઠેઠ આનંદશંકરે ય ચીમટી ભરેલી, એ યાદ કરીશું? વળી, આજે હવે જો ભારતની સાંસ્કૃતિક પરંપરાનાં વેશ—વાણી—પોષાક—ખોરાક—યોગ—ભક્તિ—કલારૂપો વગેરેમાં યૂરપ—અમેરિકાનો વ્યવસ્થિત ઊંડો રસ મૂર્ત થયો છે તો, આપણું વિવેચન પરંપરાના અનુસંધાન—શોધનનું કર્તવ્ય બજાવે, એને સમકાલીન સંદર્ભમાં પણ જોડે, તો એનું એ કાર્ય સદ્ધર પણ છે જ. જેમ સમકાલીન તેમ સ્થાનીય બળો કલાસર્જનમાં ઊંચાં મહત્ત્વનાં ગણાય.

વિવેચનમાં સમકાલીનતાની ઉપેક્ષાનો ઊહાપોહ વિવેચનની ધાર સતેજ રાખે એ હદે હંમેશાં આવકાર્ય. એ ય ન ભૂલીએ, કે ક્યારેક તો વિવેચનની નજર મૂંડી રહીને એ કરવા જોગ કામ કરતી હોય છે. જોવું એટલું જ રહે કે એ નજર સમકાલીનત્વ પ્રત્યે ટાઢી—અલિપ્ત ન થાય. એ માટે આખર સહાયક થવાની, તે તો સર્જકગુણી પ્રાણવંત સાહિત્યકૃતિ જ. આજની ખરી ચિંતા તો એ છે, કે સર્જનાત્મક સાહિત્ય અને સર્જ—દ્યોતક વિવેચનાની, પ્રજાના શિક્ષિત સમુદાયોમાં પણ, અગત્ય પાછી સતેજ કેમ કરવી? એ કાજે સામૂહિક માધ્યમોને સજગ અને સમકાલીન પૂરા વ્યાપને સ્પર્શતાં કેમ કરવાં? એ થાય, તો ઘણું થાય.*

---

* સ. પ. યુનિ., વલ્લભવિદ્યાનગરને ઉપક્રમે, 'હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી પ્રેમરાય બાપુ સ્મારક શ્રી મણિલાલ નથુભાઈ, શ્રી બાલાશંકર, શ્રી ગોવર્ધનરામ વ્યાખ્યાનમાળા ટ્રસ્ટ'-અંતર્ગત અપાયેલું વ્યાખ્યાન; તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૯૭૭.

મીઠી વાવનો સમય

યશવંત જ. રાવલ

'મીઠી વાવ' એવા નામથી પ્રસિદ્ધ એક પ્રાચીન વાવ પાલણપુરમાં આવેલી છે. પ્રાચીન સ્થાપત્ય તરીકે ઇતિહાસકારોએ તેની નોંધ લીધી છે. આ વાવ અત્યારે બહાદુરગંજ વિસ્તારમાં શહેરની બહાર પૂર્વ દિશામાં આવેલી છે. (ચિત્ર ૧, જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનું ચિત્ર)

વાવની વર્તમાન હાલત દયાજનક છે. આ વિસ્તારના લોકો ગંદકી ઠાલવવાની જગ્યા તરીકે તેનો ઉપયોગ કરે છે. વાવ અવાવરુ હોવાથી અંદર ઉતરનારને ઝેરી જીવજંતુની આશંકા રહે છે. વાવમાં છ ખંડ અને ચાર મજલાઓ છે. પશ્ચિમાભિમુખ એક પ્રવેશદ્વાર છે. મજલાઓ ઉપર સહેલાઈથી જઈ ન શકાય તેવો સાંકડી પટ્ટીનો માર્ગ છે. વાવનું બાંધકામ મહદંશે આરસ પથ્થરમાં થયેલ છે. પાણી સૂકાઈ ગયેલ છે. વાવના છેલ્લા કૂવાનો ઉપયોગ શહેરની પાણી યોજનાના એક ભાગ તરીકે થાય છે. જમીનનું લેવલ પાછળથી ઊંચું આવેલ હોવાથી ચોમાંસામાં પુરાઈ જતાં અટકાવવાના ઉદ્દેશથી પાછળથી ત્રણચાર ફૂટની પાકી ઈંટોની દીવાલ વાવની ફરતે ચણી લેવામાં આવી છે.

આ વાવ ઘણી પ્રાચીન હોવાની માન્યતા પ્રવર્તે છે. આ નગરને લગતાં સંસ્કૃતમાં લખાયેલ જે કાવ્યમય વર્ણનો મધ્યકાલમાં લખાયેલ જોવા મળે છે તેમાં કૂવા, સરોવર, વાવો અને ઉદ્યાનો વગેરેનો ઉલ્લેખ સાંપડે છે. ('હીરસૌભાગ્ય' અને 'સોમસૌભાગ્ય' વગેરે પ્રબંધોમાં) આ વાવ પણ તેમાંની જ હોવાનો સંભવ ઘણાને લાગે છે.

આ વાવ કોણે અને ક્યારે બંધાવી તે અત્યાર સુધી અનિર્ધારિત છે. પ્રસ્તુત લેખમાં વાવના નિર્માણ સમયને ચોક્કસ કરવામાં આવ્યો છે.

વાવના સમયને નિર્ધારિત કરવામાં નીચેની હકીકતો ઉપયોગી બને છે :

(અ) મહદંશે વાવ આરસથી બંધાયેલ છે. પરંતુ ક્યાંક રેતીના પથ્થરોનો (Sand stone) ઉપયોગ પણ થયેલ છે. પ્રાચીન સ્થાપત્યોમાં આવી સંકીર્ણતા જોવા મળતી નથી.

(બ) વાવમાં ઉપયોગમાં લેવાયેલ સુશોભનો પણ આવી જ સંકીર્ણતા જન્માવે છે. કલાત્મક પથ્થરોની ગોઠવણી આડેધડ જોવા મળે છે. આમાંના કેટલાક કોતરણીયુક્ત પથ્થરો ખંડિત પણ છે. તેમનો ઉપયોગ કોઈવાર દીવાલમાં થયો છે, તો કોઈવાર પગથારમાં; ક્યાંક હંસવીથાનો ટુકડો હોય તો ક્યાંક રાજવીથીનો ટુકડો છે. ક્યાંક કોતરણીયુક્ત જાળી છે તો ક્યાંક ઉર્દૂ લિપિવાળા ખંડિત લખાણવાળો પથ્થર. વાવના મજલાઓની છતમાં દેવસ્થાનની કોતરણીના અવશેષો પણ ગોઠવેલા છે. પ્રાચીન વાવો જેવી કે રાણીની વાવ અને અડાલજની વાવમાં જે રીતે સુશોભનોની ગોઠવણી સુયોજિત ઢબે થયેલી હોય છે તેવું અહીં જોવા મળતું નથી.

અસલમાં આ સુશોભનો વાવના નિર્માણ માટે તૈયાર થયેલાં નથી. કોઈ અજાણ્યા પ્રાચીન દેવસ્થાનોના આ અવશેષો છે અને વાવમાં તેમનો ઉપયોગ કરાયો છે.

(क) વાવને અલંકૃત કરવાના હેતુસર પ્રતિમાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમની ગોઠવણી પણ આડેધડ જ થયેલ છે. પ્રતિમાઓનું વૈવિધ્ય પણ વિચાર કરતા કરી મૂકે છે. તેમને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (अ) હિન્દુ પ્રતિમાઓ : (૧) ઊભા ગણપતિ, (૨) સાવિત્રી સાથે બ્રહ્મા, (૩) દિગ્પાલો, (૪) શિવ-પાર્વતી, (૫) મહિષાસુરમર્દિની વગેરે. (ब) જૈન પ્રતિમાઓ : ઋષભદેવ અને અન્ય તીર્થંકરોની પ્રતિમાઓ. (क) પ્રકીર્ણ : (૧) નર્તકી, (ચિત્ર ૨, જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર), (૨) નૃત્ય કરતો ગંધર્વ, (૩) ઝરૂખામાં પ્રણયમસ્ત યુગલ, (૪) ભોગાસનો વગેરે.

વાવમાં આવાં શિલ્પો યોગ્ય જગ્યાએ અને ચોક્કસ અંતરે ગોઠવવામાં આવતાં હોય છે. અહીં તે અંગે કોઈ ઠેકાણું નથી. વાવમાં આવી પ્રતિમાઓ આવે તેમાં કંઈ વિશિષ્ટ નથી પરંતુ તીર્થંકરોની પ્રતિમાઓનું અસ્તિત્વ અવશ્ય આશ્ચર્ય પમાડે છે. એક તીર્થંકરની બેસણી ઉપરના બે લીટીના પ્રતિમા-લેખમાં " વિ. સંવત ૧૩૨૦ માઘ સુદિ પાંચમને ગુરુવારે પ્રાગ્વાટવંશી વણિકે ઋષભદેવનું બિંબ કરાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી " એવા મતલબનું વિધાન સંસ્કૃતમાં ઉત્કીર્ણ કરેલ છે. તીર્થંકરની પ્રતિષ્ઠા જિનાલયમાં જ સંભવે અન્યત્ર નહીં. એનો અર્થ એ કે ઉપર્યુક્ત વર્ષ અને દિવસે પ્રતિષ્ઠા પામેલી આ પ્રતિમા વર્ષો સુધી પૂજાતી રહી હશે અને ત્યાર બાદ દેવાલયનો નાશ થવાથી કે કોઈ કારણસર ત્યાંથી વિખૂટી પડી હશે. પ્રતિમાઓની આ વિવિધતા પણ તેમને 'પ્રાચીન સ્થાપત્યોના અવશેષો' તરીકે જ પુરવાર કરે છે.

આ વિગતોનો ઉપયોગ, વાવનો સમય નિર્ધારિત કરવામાં થઈ શકે તેમ છે. આ શહેરનાં સ્થાપત્યોની સમકાલીન આ વાત નથી જ; કેમ કે, તે ખુદ તેમના અવશેષોમાંથી નિર્માઈ છે. એટલે વાવને જેટલી પ્રાચીન માનવામાં આવે છે તેટલી, આ પ્રમાણોને આધારે, પ્રાચીન ઠરતી નથી. ઉપર્યુક્ત ઋષભદેવની પ્રતિમા કેટલો કાળ જિનાલયમાં રહી હશે અને ત્યારબાદ ત્યાંથી વિભ્રષ્ટ થતાં કેટલો સમય ઉપેક્ષિત અવસ્થામાં રહી હશે તે નિશ્ચિત કરવું મુશ્કેલ છે.

શ્રી રત્નમણિરાવ ભી. જોટેએ[1] 'મહમુદ બેગડાના સમયનાં બાંધકામો' નામના પ્રકરણમાં આ વાવ વિષે આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે; " પાલણપુરમાં મીઠી વાવ નામે એક જૂની વાવ છે. તે કોણે અને કયારે બંધાવી તે નક્કી થતું નથી. બાંધણી ઉપરથી આ વાવ આ સમયની લાગે છે. તેમાં હિન્દુ દેવોની સુંદર મૂર્તિઓ દરેક ખંડની બાજુમાં કરેલી છે. "

આ નોંધમાં થોડી વિગત ઉમેરી શકાય તેમ છે : (૧) વાવમાં માત્ર હિન્દુ દેવોની જ મૂર્તિઓ નથી પણ જૈન પ્રતિમાઓ પણ છે, (૨) વાવના બાંધકામમાં પ્રાચીન દેવસ્થાનોના અવશેષોનો ઉપયોગ થયેલ છે, (૩) અને વાવ 'મહમુદ બેગડાના સમયનાં બાંધકામો' દરમ્યાનની નથી; તેથી પણ પાછળના સમયની છે. તેને વાવમાંથી જ ચોક્કસ પ્રમાણ ઉધ્ધૃત કરીને સિદ્ધ કરી શકાય તેમ છે.

---

૧ જોટે, રત્નમણિરાવ ભી., 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ,' ઈસ્લામ ખંડ-૨, પૃ. ૫૮૨.

વાવના છેલ્લા ખંડમાં (મોટા કૂવામાં) ભૂતળથી ઉપરની દિશામાં બીજા કંદોરા ઉપર (સાંકડી પટ્ટી), સંસ્કૃતમાં એક પંક્તિનું લખાણ જોવા મળે છે. આ લખાણ ઘણી સૂક્ષ્મ નજરે જોતાં ધ્યાન પર આવે તેવું છે; કેમ કે, પ્રકાશ અલ્પમાત્રામાં છે. તદુપરાંત ભૂતકાળમાં આ ભાગ હંમેશાં પાણીમાં ડૂબેલો રહેલો હોવાને લીધે, લખાણ અસ્પષ્ટ બની ગયું છે, તેમાં વર્ષ, તિથિ, વાર વગેરે ઉત્કીર્ણ છે. પ્રારંભના આંકડાઓને આધારે વર્ષ નક્કી કરી શકાય છે. વિ. સંવત ૧૭૭૭ કે ૧૭૭૦ વંચાય છે. વાવના બાંધકામનો આ ચોક્કસ સમય છે. એટલે કે આ વાવ વિક્રમની અઢારમી સદીના ઉત્તરાર્ધમાં બંધાઈ હોવી જોઈએ. આ લખાણ પાછળથી લખાયું હોય તેવી શંકા અસ્થાને છે. વાવના છેલ્લા કૂવામાં જે ભાગ પાણીમાં ડૂબેલો રહેતો હોય ત્યાં આવી સંભાવનાને અવકાશ રહેતો નથી. સારાંશ એ કે, વાવ ખૂબ પ્રાચીન નથી; મહમૂદ બેગડાના સમયની નથી બલ્કે તેથી પણ પાછળના સમયની—વિક્રમના અઢારમા સૈકાના ઉત્તરાર્ધની, સિદ્ધ થાય છે.

આ સમય દરમ્યાન પાલણપુરમાં ઝાલોરથી આવેલા નવાબોનું શાસન ચાલતું હતું. કયા શાસકે તે બંધાવી તે નિશ્ચિત કરવું અવશિષ્ટ રહે છે.

આ વાવ કોણે અને ક્યારે બંધાવી? એ બે સવાલોમાંથી એકનો (—ક્યારે?) પ્રત્યુત્તર પ્રસ્તુત લેખમાં આવી જાય છે.

આ વાવ ઘણી પ્રાચીન ન ઠરતી હોવા છતાં તેનું મહત્ત્વ ઘટી જતું નથી. વાવમાં જે શિલ્પ સમૃદ્ધિ એકઠી કરવામાં આવી છે, તેમાંની કેટલીક તો બારમા તેરમા સૈકા જેટલી પ્રાચીન છે. આ સુંદર કલાકૃતિઓ ચંદ્રાવતી, કુંભારિયા અને દેલવાડાનાં શિલ્પ સાથે ઘણું સામ્ય ધરાવે છે. વાવ પ્રાચીન કલાકૃતિઓનું સંગ્રહસ્થાન છે તેથી સંરક્ષણને પાત્ર છે.

શિયો[1]–વિવેચનાત્મક અધ્યયન

નાંગેશ કે. એલ.

ગુજરાતની ગોપ જ્ઞાતિ રબારી તરફ સમાજસુધારકો અને રાજકારણીઓનું ધ્યાન ન જ ગયું પરંતુ વિશિષ્ટતા અને આશ્ચર્ય ત્યાં છે કે સૌરાષ્ટ્રના ગામડે ગામડે અને પાદરે પાદર ફરીને દરેક પાળિયાને 'તારો ઇતિહાસ શું??' તારી વિશિષ્ટતા શું?? વગેરે પ્રશ્નો પૂછી (?) રહસ્યોદ્‌ઘાટક અને સંશોધક રાષ્ટ્રીય શાયર સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીની ચકોર દૃષ્ટિથી આ જાતિ અને જાતિનું લોકસાહિત્ય કઈ રીતે ઓઝલમાં રહ્યું??? તે સમજાતું નથી.

ત્યાર બાદ પણ લોકસાહિત્યનું સંશોધન-સંપાદન કરનારાઓએ પણ સતત ઉપેક્ષા જ સેવી છે! અને આમ લોકસાહિત્યના ઇતિહાસમાં જાણે એક સોપાન ભૂલ્યા હોય તેમ લાગે છે.

શ્રી ગોવિંદભાઈ રબારી જેવા જ્ઞાતિના ઉત્સાહી કાર્યકરોએ 'ઊર્મિનવરચના'માં લેખો આપી વિદ્વાનોનું ધ્યાન આકર્ષવાનો પ્રયત્ન કર્યો છે, તે મર્યાદિત સ્વરૂપનો છે.

ચારણી સાહિત્યને સમાંતર નહીં બલ્કે સંભવતઃ તેથીય વધુ શ્રેષ્ઠ પ્રદાન કરી શકે તેવું લોકસાહિત્ય આ જ્ઞાતિમાં સચવાયું છે.

લોકસાહિત્યની ઉદ્‌ભાવક, સર્જક અને રક્ષક એવી આ જ્ઞાતિ છે. સુચેતા ભાડલાવાળા કહે છે તેમ "વેદકાળના સામગાનનો વારસો પોતાની આગવી રીતે સાચવી રાખનાર સૌરાષ્ટ્રની ગોપ જાતિ છે."[2]

આ જ્ઞાતિના લોકસાહિત્યનું સંશોધન અને સંપાદન અઘરું તો છે જ. તેમાંય આ જ્ઞાતિના શબ્દ વિનાના (??) લાગતા લાંબા લહેંકે ગવાતાં ગીતોમાં રહેલા શબ્દો અને શબ્દોના ભાવો પકડવા, એ નેવાના પાણી મોભે લઈ જવા સમાન છે. એમાં બે મત નથી.

શિયો લોકગાથાને પ્રાપ્ત કરવા માટે મારે સતત ચાર વર્ષ સુધી જહેમત ઉઠાવવી પડી છે. ૧૯૭૧માં કાર્યારંભ કર્યો. '૭૪માં તેનું સંપાદન કરી શકાયું. છતાંય પ્રાપ્ત થયું, માત્ર એક જ લોકગીત અને તેય અપૂર્ણ.

એટલે જ વિદ્વાનો આવા દુર્બોધ અને ક્લિષ્ટ કાર્યમાં હાથ નાખવાનો પ્રયત્ન નહીં કરતા હોય ખરું ને?

---

૧ શ્રી પટેલ અને નાંગેશ, સંપાદિત: 'શિયો–લોકગાથા'. સૌરા. યુનિ. મુખપત્ર 'વાક્', ઑક્ટોબર, ૧૯૭૪.

૨ સુચેતા ભાડલાવાળા, 'લોકસંગીત'; 'સ્વાધ્યાય', પ્રાચ્ય વિદ્યામન્દિર, વડોદરા, વિ. સં. ૨૦૩૩, પુ. ૧૪, અંક ૨, પાન નં. ૧૮૧.

લોકસાહિત્યનું સંશોધન અને સંપાદન કેટલું અઘરું છે તે તજજ્ઞો સારી રીતે જાણે છે, પણ તેથીય વિશેષ કસોટી કરી લે તેવું અઘરું અને અટપટું કાર્ય તેના રસદર્શનનું છે.

લોન્જાઈનસ અને ક્રોચે કહે છે તેમ "કાવ્યાસ્વાદ માટે સહૃદયની અપેક્ષા અને સર્જકની કક્ષાએ ભાવકે પહોંચવું જોઈએ."[3]

લોન્જાઈનસ અને ક્રોચે શિષ્ટ સાહિત્ય માટે ઉપર્યુક્ત વિધાન ઉચ્ચારે છે પરંતુ તે લોકસાહિત્યના ભાવકને પણ એટલું લાગુ પડે છે.

(૧) લોકસાહિત્યનો ભાવક સહૃદય હોવો જોઈએ. તેને તેના તરફ અનન્ય પ્રેમ હોવો ઘટે.

(૨) તેણે સર્જકની કક્ષાએ પહોંચવાનો પ્રયત્ન કરવો જોઈએ. અહીં જ લોક-ભાવકની કપરામાં કપરી કસોટી છે.

શિષ્ટ સાહિત્યના ભાવકે માત્ર એક જ સર્જક અને તેના ભાવોને ધ્યાનમાં લેવાના હોય છે, જ્યારે લોકસાહિત્ય એ સંઘનું સાહિત્ય. માટે સંઘોર્મિઓને પામવાનો યત્ન કરવાનો હોય છે.

એટલે જ લોકસાહિત્યનું રસદર્શન કરવા જતાં, ભાવક તેને અન્યાય કરી બેસે તે સંભાવના નકારી શકાતી નથી. મારાથી એવો અન્યાય થઈ જાય તો લોકસાહિત્યના મૂર્ધન્ય સંશોધકો, આ મારી અનધિકાર ચેષ્ટા રખે માની બેસે ! ! ! સહૃદય રસિયા વાચકોને દુઃખ થાય, માટે હું તેમની પ્રથમથી જ ક્ષમા યાચું છું.

અહીં આપણે લોકગીત 'શિયો'નું રસદર્શન કરવાનો પ્રયત્ન કરીશું.

આ લોકગીતનો કર્તા કોઈ એક વ્યક્તિ કે લોકો (સંઘ) હશે, તે સંશોધનનો પ્રશ્ન છે.

જાપાની લોકગીતના સંગ્રાહક શ્રી જોન ઑફ એમ્બ્રી[4]એ લોકગીતની જે વિશિષ્ટતા બતાવી છે અને આપણા ગુજરાત વિદ્યાપીઠ ના શ્રી કનુભાઈ જાની[5] એ આપેલ લોકસાહિત્યની ઓળખને દૃષ્ટિ સમક્ષ રાખી જોવાનો પ્રયત્ન કરીશું તો તેનું કર્તૃત્વ નિર્વિવાદ સાબિત થશે.

જોન ઑફ એમ્બ્રી કહે છે કે "લોકગીત કે લોકકથાનો સર્જક ગુપ્તતાનો અંચળો ઓઢી સર્જનમાં બેઠો હોય છે."[6] સ્વ. મેઘાણી પણ કહે છે "......એવા ગીતની વાત થાય છે કે જેના રચનારાએ કદી કાગળ ને લેખણ પકડ્યા નહીં હોય. એ રચનાર કોણ તેની જ કોઈને ખબર નહીં હોય......એનું નામ લોકગીત."[7]

---

૩ પટેલ, (ડૉ.) બે. ર., 'પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાના સીમાસ્તંભો', પ્રકરણ ૧, પાન નં. ૩.

૪ પુષ્કર ચંદરવાકર, 'ધરતી ફોરે ફોરે', પ્રકરણ ૧૦, 'વસંતવિલાસનું કર્તૃત્વ', પાન ૫૨.

૫ જાની, કનુભાઈ; 'ગુજરાતી લોકસાહિત્ય', 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ભાગ ૨; પા. ૬૯૪.

૬ પુષ્કર ચંદરવાકર, 'ધરતી ફોરે ફોરે', પ્રકરણ ૧૦, પા. નં. ૫૨.

૭ મેઘાણી ઝવેરચંદ, 'રઢિયાળી રાત', ભાગ ૧, ભૂમિકા, પૃષ્ઠ ૬.

શ્રી ગુલાબરાયનું વિધાન પણ આના અનુસંધાને જોવા જેવું તો ખરું જ. તેઓએ काव्य के रुपમાં પૃષ્ઠ ૧૨૩ પર લખ્યું છે: "લોકગીતનો સર્જક પ્રાયઃ પોતાનું નામ અવ્યક્ત રાખતો થાય છે."૮

"અજ્ઞાત કર્તૃત્વવાળી પેઢી દર પેઢી મુખપરંપરાએ ઊતરી આવેલી સર્જકની સભાન વ્યક્તિમત્તાનાં લક્ષણો વિનાની શબ્દકળા તે લોકસાહિત્ય"૯ એમ શ્રી કનુભાઈ જાની ગુજરાતી લોકસાહિત્યમાં કહે છે.

ઉપર્યુક્ત વિધાનો દ્વારા એક વાત સ્વયંસ્ફુટ થાય છે કે લોકસાહિત્યનો સર્જક મૂળમાં એક જ વ્યક્તિ હોય છે. શ્રી ગુલાબરાયના 'પ્રાયઃ' શબ્દ દ્વારા તે વધુ સ્પષ્ટ થાય છે. પરંતુ તે વ્યક્તિને લોકો તે કૃતિના સર્જક તરીકે પકડી પાડે તે પહેલાં જ પોતાનું સર્જન લોકચરણે ધરી સરકી જાય છે અથવા લોકોની વચ્ચે રહેવા છતાં જલકમલવત રહે છે. તેને માનની ઇચ્છા બહુ ઓછી હોય છે. લોકો તેના સર્જનને માનભેર ઉઠાવી લે છે.

સર્જન પણ એવું રળિયામણું અને ચિત્તાકર્ષક હોય છે કે ગાંધીજીએ કહ્યું હતું તેમ 'વાડીનો કોશિયો' પણ ગાવા લાગે છે. લોકો તેના આનંદમાં એટલા તો રમમાણ રહે છે કે તેને તેના સર્જકની વધુ અપેક્ષા રહેતી નથી. લોકગીત લોકમુખે રમતું (ગવાતું) થઈ જાય છે.

જાની સાહેબ કહે છે તેમ "મૂળમાં લિખિત કે લિપિબદ્ધ નહિ પણ મુખપરંપરાએ તે કથ્ય કે ગેય વારસારૂપે સચવાતી અને જે રચનામાં લોકસમૂહમાંના કોઈને પણ ઘટાડવા-વધારવાની અનુકૂળતાને છૂટ હોય, ને એથી જેના પાઠાંતરો અનેક કે અગણ્ય હોય તેવી અથવા જેનો એક નિશ્ચિત અફર પાઠ ન જ હોય તેવી કૃતિ તે લોકસાહિત્ય."૧૦

લોકગીત 'શિયા' વિશે પણ આમ જ બન્યું છે. તેનો કર્તા કોણ હશે? ક્યાં રહેતો હશે? કર્તા એક વ્યક્તિ હશે કે અનેક? ક્યારે સર્જન કર્યું હશે? એક જ રબારી જ્ઞાતિમાં શા માટે મળી આવે છે? વગેરે પ્રશ્નો આગવો વિચાર અને સંશોધન માગી લે તેવા છે.

છતાં આ કૃતિ અજ્ઞાત કર્તૃત્વવાળી છે. અને તે લોકોની મુખપરંપરાએ ગેય વારસારૂપે પેઢી દરપેઢી સચવાતી આવી છે. તેમાં અનેક લોકોએ વૃદ્ધિ અને શુદ્ધિ કરી છે. તેના અનેક વિભિન્ન પાઠો પણ મળી આવે છે.

શિયાની મા ઉમાને, મીર ઘરનું સરનામું પૂછે છે ત્યારે, ઉમા કહે છે:

"પરથમ સપરાજે પારસ પીપરો,
માથે મલારૈં મોર."

અને બીજો પાઠ,

---

૮ પુષ્કર ચંદરવાકર, 'ધરતી ફોરે ફોરે', પ્રકરણ ૧૦, પા. નં. ૫૨.

૯ જાની કનુભાઈ, 'ગુજરાતી લોકસાહિત્ય', 'ગુ. સા. ઇ.,' ભા. ૨, પા. નં. ૬૯૪.

૧૦ જાની, 'ગુજરાતી લોકસાહિત્ય', 'ગુ. સા. ઈ.,' ભા. ૨, પા. નં. ૬૯૪.

"આંગણુ ઊભો પારસ પીપરો,
ટોડલે ટહુંકે મોર."

આવાં તો અનેક પાઠાંતરો જોવા મળે છે.

કનુભાઈ જાની કહે છે તેમ "તળપદી ભાષા અને તળપદા સંસ્કાર મૂર્ત કરતી,"[૧૧] એવી 'ભોપા રબારી બોલી' જે ગુજરાતી લોકસાહિત્ય માટે જ નહીં, પરંતુ ભાષાવિજ્ઞાનના સંશોધકોને પણ દિશાસૂઝ આપે તેવી તળપદી લોકબોલીમાં ગીત કંડારાયેલ છે.

વેદમાં 'મ' નંકાર અર્થમાં વપરાય છે. ત્યાર બાદ તે પ્રયોગ લુપ્ત થયો. શિષ્ટ સંસ્કૃતમાં પણ જોવા મળતો નથી. આ લોકબોલીમાં તે જેમનો તેમ સચવાઈ રહ્યો છે. જુઓ શિયો કહે છે :

'મં પડચ પાસા પાધરો બાધી ઝુડચ મ માર્ય.'

ઉમા શિયાને કહે છે :

'શિયા મ જાઈએ ચિતરોજે આપણું નમરે કોય.'માં 'મ' નકારના અર્થમાં વપરાયો છે. જેનો પ્રયોગ વેદકાળ સિવાય વિરલ જોવા મળે છે. તે ભાષાવિજ્ઞાનીઓ સારી રીતે જાણે છે.

આ બોલી અને રાજસ્થાની બોલીને પણ ઘણો સંબંધ છે. જે બન્નેનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરનાર જોઈ શકશે.

આપણે એકાદ ઉદાહરણ જોઈએ. છઠ્ઠી વિભક્તિના પ્રત્યય ના, નો, ની, નું, રાજસ્થાનીમા રા, રો, રી, રું થઈ જાય છે. તે આમાં પણ 'વાગેડ દેહરા', 'શિયારા', 'શિયારી', 'એરું' વગેરે શબ્દોમાં જોઈ શકાય છે. અહીં એ વિષય અપ્રસ્તુત છે. અને વળી લંબાણ ભયે અન્યત્ર સમય મળ્યે વધુ ચર્ચીશું.

આ લોકગીત જ્ઞાતિના સ્ત્રી-પુરુષથી આબાલવૃદ્ધ સૌ કોઈના મુખે ગવાતું સાંભળી શકાય છે. સૌ ઉત્સાહપૂર્વક "While singing, they are so much one with them and engrossed in them, that they forget themselves"[૧૨] તેથી જોન ઓફ એમ્બ્રી કહે છે કે "તેવી કૃતિ લોકસમૂહમાં સવિશેષ વ્યાપને પામી હોય છે."[૧૩] તે વિધાન ચરિતાર્થ થાય છે.

આ કૃતિને મળતું લોકગીત રાજસ્થાનમાંથી પણ મળી આવવાની સંભાવના છે. કારણ,

(૧) લોકગીતની શરૂઆતમાં જ "મીર, 'મોરથર', 'વઢિયાર', 'નૈયળ' અને 'વાગડ'"[૧૪]નો ઉલ્લેખ કરે છે.

---

૧૧ એજન.

૧૨ પટેલ અને નાંગેશ, સંપાદિત : 'શિયો–લોકગાથા' 'Summary', "વાક્", (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી), ઓકટોબર, ૧૯૭૪, પા. ૧૦૨.

૧૩ પુષ્કર ચંદરવાકર, 'ધરતી ફોરે ફોરે', પ્રકરણ ૧૦, પા. નં. ૫૨.

૧૪ પટેલ અને નાંગેશ, સંપાદિત : 'શિયો–લોકગાથા', 'વાક્', ઓકટોબર ૧૯૭૪, પાન નં. ૯૬.

(૨) રબારી જ્ઞાતિ આ પ્રદેશોમાં ફેલાયેલ હશે ? કે આ રસ્તે બીજા પ્રદેશોમાં ફેલાયેલ હશે.

(૩) જેમાંથી એક ટોળી છૂટી પડીને, જામનગર જિલ્લામાં વસવાટ માટે આવી અને સ્થાયી થઈ. જે ભોપા રબારી તરીકે પ્રખ્યાત થયા.

(૪) તેમણે રાજસ્થાન સાથે સામ્ય ધરાવતી સંસ્કૃતિના અવશેષરૂપે 'લોકબોલી' અને આ અને આવા બીજાં લોકગીત સાચવ્યાં છે, તે શ્રેષ્ઠ પ્રમાણ છે.

(૫) 'ઢોલા મારૂરા દોહા' રાજસ્થાનમાં સંગ્રહીત થયા છે. તેના અવશેષો પૂરા નહીં તો અધૂરા પણ આ જ્ઞાતિએ જેમના તેમ સાચવી રાખ્યા છે.

ઉપર્યુક્ત પ્રમાણો અને સામ્ય પરથી બુદ્ધિ, પ્રશ્ન કર્યા વિના રહી શકતી નથી, કે શું આ લોકગીત રાજસ્થાનમાં પણ હશે? હશે જ. મળી પણ આવે. સાચા સંશોધકની જરૂર ખરી.

આ લોકગીતમાં રબારી જ્ઞાતિના સાંસ્કૃતિક, ધાર્મિક, નૈતિક, પરિભ્રમણની ભૂગોળ અને અને ઇતિહાસ પર પણ પ્રકાશ પડે છે.

શરૂઆત નાટયાત્મક અને મીરની એકોકિતથી થાય છે. માંગણુ કહે છે :

'મોરથરા થયો માંગણુ ઉતર્યો,
આવ્યો વઢિયાર દેહ.
વઢિયાર દેહરા દાવા દૂબરા,
નહીં કરારી દાત.'

ગીતની શરૂઆત જોતાં લાગે છે કે, કૃતિ આગળ હોવી જોઈએ. શરૂઆતનો ભાગ લુપ્ત થયો હોય તેવું લાગે છે.

માંગણુની ઉક્તિ દ્વારા રબારી જ્ઞાતિના ફેલાવા અથવા પરિભ્રમણની ભૂગોળ અને અવતરણના ઇતિહાસનાં સોપાનો જોવાં મળે છે. આ જ્ઞાતિનું મૂળ સ્થાન શોધવામાં ઉપયોગી ખરું.

આ કૃતિ નરી કલ્પના તો નથી જ. સત્ય ઘટનાના અંશો સવિશેષ પ્રમાણમાં રહેલ છે.

ગીત સંવાદાત્મક રીતે આગળ ચાલે છે. શરૂઆતનો 'મીર' અને 'ઉમા' (નાયકનીમા)નો સંવાદ આકર્ષક છે.

'ઉમા' કહે છે :

'ધિયલ અમારી સાસરે,
વહુઆ આડી આંચ.'

એવો યુગ જ્યારે રબારી સ્ત્રીઓ પડદે રહેતી હશે. સામાજિક દરજ્જો કેટલો ઊંચો હશે, કેટલા સુખી હશે. તે સમગ્ર સંશોધન કરવા જેવું છે.

ત્યારબાદ મીર અને શિયાના સંવાદ, શિયા અને ગોવાળના સંવાદ, ભીમળા અને સોનાના સંવાદ, ઉમા અને શિયાનો સંવાદ, રેણુ અને સાહેલિયોના સંવાદ, મીર અને હમીરના

સંવાદ, હમીરના મીર અને શિયાના સંવાદ, રેણુ અને રેણુની ભાભીના સંવાદ અને અંતે રેણુ અને શિયાના સંવાદ. આમ લોકગીતની રજૂઆત સંવાદ દ્વારા થાય છે. સંવાદ દ્વારા લોકગીત ઉઠાવ પામ્યું છે.

ઘટનાઓ પણ સપ્રમાણ પ્રયોજાઈ છે. પરંતુ ક્યાંક ક્યાંક ઘટના અને પ્રસંગો ખૂટે છે. એવું તો લોકસાહિત્યમાં બનવાનું જ, કારણ સદીઓના ઉપેક્ષિત આ લોકગીતનું હીર આજે જાણ્યું અને પ્રમાણ્યું, ત્યારે આટલું ગુમાવ્યાનો અસંતોષ પણ લોકગીતની મહત્તામાં ઓર વધારો કરે છે.

કથાવસ્તુ મુખ્યતઃ સામાજિક છે. સમાજના પ્રશ્નોની ચર્ચા કરેલ છે. છતાં શિયા અને રેણુના પ્રણય આલેખનને વણી લઈ લોકગીતને વધુ આદરપાત્ર અને રસિક બનાવ્યું છે.

પ્રણય આલેખનમાં પણ ક્યાંય 'પ્રણય ટાયલાં' જોવા મળતાં નથી. ગાંભીર્ય અને મુગ્ધતાનાં જ દર્શન થાય છે. ક્યાં શિખવા ગયા હશે આ લોકબાલો ?

'જર હલે પાણી ડોરે નીચાં ઢારીં નેણુ.'

કારણુ,

'શિયા શું પ્રિત બંધાણી ઘડો ન બુડે એ કારણે.'

કવિ કાલિદાસની શકુન્તલા કાંટો વાગ્યો, વલ્કલ ભરાયું, વગેરે બહાના કાઢી જવામાં ઢીલ કરતી હતી અને દુષ્યન્ત સામે જોઈ લેતી, તેમ લોકકવિની દષ્ટિએ ચડેલ 'લોક શકુન્તલા રેણુ' પણ એવા જ બહાના દ્વારા સાહેલીઓને ! વિલબમાં નાખે છે ને ! શિયાને જોઈ લે છે.

શિયા રેણુની ગુપ્ત પ્રણયચેષ્ટા સમવયસ્ક સાહેલીઓની ચકોર નજર બહાર કેમ રહે ?

રેણુ એટલે જ કહે છે :

'સાંઇ કો મારી સાહેલિયાઉં,
પૂછો સંગરા સૂઝ.'

સાહેલીઓ પણ એમ ગાંજી જાય તેમ નથી. કહી નાખે છે :

'શિયો રેણુ પરણુશ્યૈં,
ઝેડલ ગાશ્યૈં ગીત.'

કેવો મુગ્ધ પ્રણયભાવ અને તે પણ સંવાદરૂપે. રેણુ ૐસહજ લજ્જા પામે છે, મીઠો ઠપકો આપતાં કહે છે :

'વધુ ન બોલિયૈં મારી ઝેડલાઉં,
વધારી મ કરીએ વાત.'

કારણુ કે આવી વાત અન્યત્ર ફેલાય તો 'લાજે હમીર બાંધવો', એમ કહી રેણુ કહે છે, મહેમાનોને માનભેર આવકાર અને આમંત્રણ આપવું જોઈએ :

'આવ્યાના દિજ્યૈં આણુકાર,
વધે ઘરરી લાજ.'

કેવો સચોટ રસ્તો શોધી કાઢયો, અને સાહેલીઓને કશી જ તક આપવાને બદલે રેણુ જ કહી દે છે :

'ગાઠ મ ખાયા ગોટિયાઉં હાશથી મલિજ્યા લોટ.
આંવ્યા ખાટાણા રે આંગણે ઝાઝા દિશ્યે માન.'

શિયો પણ એટલી જ વાટ જુએ છે; સીધો પહોંચે છે રેણુના ઘેર.

'ધરમના કામમાં ઢીલ શી ? માંગણ કહે છે.'

'દલ માને મન હશે તો કરાં મનરી વાત.' એમ કહી,

'માંગણ માગુ નાંખ્યુ હમીર ઝાલ્યુ હાથ.'

હમીર કહે છે. વાત સાચી, પણ દીકરીના જીવતરનો વિચાર કરવાનો છે, માટે કુટુંબના દરેક સભ્યોને પૂછવું જોઈએ,

'દીકરી છે કુટુમ્બરી પૂછી દિશ્યા જવાબ.'

કેવી ઉદાત્ત ભાવના ! અને આજે ?

ત્યારબાદ શિયો અને હમીર સગા થાય છે. સગપણની મીઠાશના પ્રતીકરૂપે, મીઠું મધ પીવડાવવામાં આવે છે, કારણ મધની મીઠાશ જેમ બન્ને પક્ષોના સંબંધ રહે; કદી કટુતા ના આવે. પણ આગલી હકીકતની અણસમજુ હમીર અને શિયાને કયાં ખબર છે ? છતાં હમીર ઘૂંટી ઘૂંટીને મધ પાય છે, કારણ કયાંય હૃદયનાં ખૂણામાં પણ કટુતા હોય તો તે નીકળી જાય.

'હમીર ઘૂટીરે સંગળા પીયે ભોય મધરી મીઠ.'

સાથે ઘડિયા લગ્ન લેવાય છે. શિયો કહે છે :

'લગ્ન લખાવ્યે આકરા શાં શેટારા શેણુ.'

હમીર બ્રાહ્મણને પૂછે છે. બ્રાહ્મણ તિથિ નક્કી કરી આપે છે. ક્યારે ? ગોપ જ્ઞાતિ છે. માટે ગોકુલાષ્ટમીથી અન્ય કયો દિવસ સારો હોઈ શકે ??

'શિયા રેણુના સરિકાર સુઝકયો,
મધ આઠમરી રાત.
સારો બનેવીના ઓઢાળે ગોકર આઠમરી રાત.'

આમ આનંદોત્સવથી લગ્ન પૂરાં થાય છે.

આ શુભ પ્રસંગે માંગણ લોકો,

'ઊંઠ બાકરા આંગણે બડા ભેંસ્યારા ઠાઠ.'

વાળા શિયા પાસે માંગણ માગે છે.

દાનેશ્વરી શિયો તરત કહે છે :

'સાત વીસામાં મેલું મન મોકરો ધૂન ધૂનેરી ઝાલ'.

આ માંગણુ શિયાનો શણુગાર (લાજ) લેવા તૈયાર થયો છે. ઘણો મનાવવામાં આવે છે. નથી માનતો. પણુ પૂર્વનું વેર યાદ કરે છે,

'આગરૈં ઉખળ દુઃખળ વરસ આવતા,
આવતી લુણિયારી વાંઢ'.

'તેંદી રાહો ખાટાણો માર્યો,
એહૂં માથું માગું આજ.'

જ્યાં આનંદ, મીઠાશ, હતાં, ત્યાં દુઃખ, કટુતા અને વિજોગનાં ભણુકાર વાગે છે. ત્યાર બાદ થોડા સમયનો વિયોગ; પછી શિયો આવે છે અને રણુને લઈ જાય છે:

રેણુ કહે છે:

'સાંઈ કો મારી સાહેલિયાંઉ
જાઉ પરણ્યારે સાથ
દાતણુ કરીશ શણુવારી શેરીયામાં
શિરાવીશ ઉમા ભૂંગર રે હાથ.'

એમ 'પડતારી'ને રેણુ શિયા સાથે જાય છે. આમ સંયોગ સાથે સુખાન્ત રીતે લોકગીત પૂરું થાય છે.

જોન ઑફ એમ્બ્રી કહે છે તેમ "સમૂહના કે ટાળીના સામાજિક મૂલ્યોનું પ્રતિબિંબ લોકગીતમાં પડવું જોઈએ"[૧૫] તે આપણે ઉપર જોયું, માટે આ વિધાનમાંથી 'શિયો' યોગ્ય રીતે પાર ઊતરે છે.

આ લોકગીતની શબ્દરચના એ પ્રકારની છે કે તે સહજમાં યાદ રહી જાય છે. માટે તો નાનું બાળક પણુ સહજમાં અને ઉત્સાહપૂર્વક તેને આત્મસાત કરી લે છે.

શબ્દલાઘવ એ લોકગીતનો ગુણુ હોય તો, શિયાની મા આગલી હકીકત જાણે છે. શિયાનો બાપ ચિતરોજામાં રેણુના બાપનું ખૂન કરી આવ્યો છે, પરંતુ તે સ્પષ્ટ કહેવાય ? શિયાના કુમળા માનસ પર આવો ભય ઠોકી બેસાડાય ? એટલે તો હીરમાં વીંટીને કહે છે:

'માખ મચ્છર કોડ હજારુવા
કરો કાંકણુ જાત.'

છતાં માનતો નથી. ત્યારે આગળ કહે છે:

'શિયા મ જાઈએ ચિતરોજે
આપણું નમરે કોય.'

અહીં 'નમરે' શબ્દમાં ધ્વનિ રહેલો છે, પણુ એ તો 'ચતુર હોવે તો ચેતે.'

---

૧૫ પુષ્કર ચંદરવાકર; 'ધરતી ફોરે ફોરે', પ્રક. ૧૦, પા. પર.

કેટલું લાઘવ. માટે જ મેઘાણી કહે છે કે "લાઘવ એ લોકગીત કે લોકસાહિત્યનો મોટો ગુણ છે."[૧૬]

મનુ મહારાજે મનુસ્મૃતિમાં સ્ત્રીનાં સુલક્ષણો વર્ણવ્યાં છે. કેવી સ્ત્રી સાથે લગ્ન કરવાં, કેવી સાથે લગ્ન ન કરવાં, તેનું સચોટ વર્ણન કર્યું છે. આપણા લોકકવિની દૃષ્ટિએ આ ક્યારે પડ્યું હશે? ક્યાં અને કોની પાસે શીખવા ગયા હશે? છતાં ગાયું તો છે જ:

'પાડા જેવી પાંસરી જલરમલર એરું પેટ.'

બીજી,

'કાબરરા જેમ કલબલે લમણે ઝાઝી લીંખ.
ઈ ધણુરો પરણ્યો પરઘર માગે ભીખ.'

આગળ ઉમા શિયાને કહે છે:

'શિયા મ જાઈએ ચિતરોજે
આપણું નમરે કોય.
હસી ન ઢારૈ બેહણું તેમ કુસર ન પૂછે કોય.'

સરખાવો:

'મ જાઈએ ચિતરોજે.' तत्र दिवसं न वसेत्. ક્યાં? જ્યાં 'હસીન ઢારૈ બેહણું' न संमानः, વળી 'કુસર ન પૂછે કોય,' न प्रीतिः, આટલું તો ઠીક પણ न च बान्धवाः 'આપણું ન મરે કોય'...ત્યાં ન જવું, છે ને મનુસ્મૃતિની સ્પષ્ટ અસર?

રેણુ કહે છે:

'વધુ ન બોલિયેં ઝેડલાઉ,
વધારી ન કરીએં વાત.'

अति सर्वत्र वर्जयेत्‌નો કેવો સોહામણો ઉપદેશ. જોન ઑફ એમ્બીના વિધાન "જીવનના ભણતર માટે આવી કૃતિઓ ખપમાં લાગતી હોય છે."[૧૭] તેમાંથી સાંગોપાંગ પાર ઊતરે છે.

તે ઉપરાંત રત્નકણિકાઓ અત્ર તત્ર સર્વત્ર વેરાયેલ જોવા મળે છે. જુઓ:

'સરખે સરખાં જો મળે લખ્યા હોય લલાટ.'

'લોભ મ કરીએ શિયા લુલી લોભે લખણુ જાય.'

આ અને આવી અન્ય ઉક્તિઓ હૃદયમાં ઊંડે સુધી કોતરાઈ જાય છે.

જાની સાહેબ "ઉપદેશવૃત્તિના અભાવવાળી કહે છે."[૧૮] પણ તે વિધાન વધુ પડતું છે. મેઘધનુષ્યના વિવિધ રંગોમાં દરેક રંગનુ જેવું મહત્ત્વ હોય છે, તેમ લોકસાહિત્યમાં ઉપદેશ એક સોહમણા રંગરૂપે આવે છે.

---

૧૬ પુષ્કર ચંદરવાકર; 'ધરતી ફોરે ફોરે', 'ત્રાજવડે તોળતાં', પા. નં. ૧૮૪.

૧૭ પુષ્કર ચંદરવાકર; 'ધરતી ફોરે ફોરે', પૃ. ૧૦, પા. નં. ૫૨.

૧૮ જાની, 'ગુજરાતી લોકસાહિત્ય', 'ગુ. સા. ઇ.', ભા. ૨, પા. ૬૯૪.

આ લોકગીતમાં "લોકહૃદયના ઉત્કટ ભાવોને આલેખતા નિર્દંભ, ભાવસુંદર અને નિર્વ્યાજ અલંકાર સૌંદર્યથી ઓપતા અને અલંકાર પણ લોકકલ્પનાને સૂઝે તેવા "[૧૯] યોજાયા છે.

ક્યાંય ડોળ નથી; સરળતા, સ્વાભાવિકતા અને સાહજિકતાથી આપોઆપ આવીને '**अहं पूर्विकया**'ના ભાવથી અલંકારો ગોઠવાઈ ગયા છે.

શબ્દાલંકારો અને અર્થાલંકારોએ કાલિદાસ કહે છે તેમ '**वागर्थाविव संपृक्तौ...पार्वती परमेश्वरौ**'ની જેમ ઐક્ય સાધ્યું છે.

કેટલાક ઉદાહરણ જોઈએ,

'ઊઠો ઊંઠારા ઊઠાળિયાઉં, દોણે દુવો દૂધ.'

આવા અનેક શબ્દાલંકારો જોવા મળશે.

અર્થાલંકાર ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, અર્થાન્તરન્યાસ અને શ્લેષ વગેરે પ્રયોજાયા છે.

મીર રેણુના સૌંદર્યનું વર્ણન કરતાં કહે છે:

'આવર જેવી ઉજરી ફૂલા ભારોભાર'.

વળી સોના વિશે મીર ઉપમા યોજે છે:

'કાબરરા જેમ કલબલે લમણે ઝાઝી લીંખ.'

શિયો કહે છે:

'ઊંટ વનામાં એકલું કોયલ કારો નાગ.'

રૂપક અલંકારનું કેટલું સુંદર અને શ્રેષ્ઠ ઉદાહરણ છતાંય લોકકલ્પનાને જ સૂઝે તેવું.

પ્રકૃતિવર્ણન સુંદર, સરસ અને સપ્રમાણ, તેમ જ લોકગીતને અનુકૂળ વર્ણવાયું છે. પ્રકૃતિના દરેક તત્ત્વને સ્થાન મળ્યું છે.

'ભર્યું સરોવર ઊલકે પાવટીએ બંધાવું પાર,
પારે ઊભા આંબા આંબલી ત્રીજા દાડમરા ઝાડ.
કંકુ વરણી તરાવડી મોતિએ બાંધેલ પાર,
સુડા પંખી સુસવૈં ઝામર ઝાઝા ઝાડ.'

લોકગીતના પાત્રો પણ ધ્યાનાકર્ષક છે. મુખ્ય નાયક શિયો અને નાયિકા રેણુ, શિયાની મા ઉમા, શિયાનો મીર, નાયકની પ્રથમ પત્ની સોના વગેરે છે. ગૌણમાં રેણુનો ભાઈ હમીર, રેણુની ભાભી, હમીરનો મીર, ભાણેજ ભીમ વગેરે છે. દરેકની ખાસિયતો સરસ ઉપસે છે.

નાયક શિયો ઉદાત્ત, જ્ઞાનેશ્વરી અને શ્રેષ્ઠ ચિતરાયો છે. શિયાને જોતાં દુશ્મનને પણ દયા ઉપજે તેવો છે.

---

૧૯ એજન.

એટલે તો,

*'ભીનો રેણુરો કંચુવો,
રાતા ભાભીરા નેણ.'

અને ભાભી કહે છે :

'ફટ રેણુ ગોઝારી શિયો મરાવીશ આજ.'

રેણુ કહે છે :

'પેરાવું હાથ પગારી ઝાંઝરી,
નવસર હૈયારો હાર.'

'હું રેણું રાહારી, શિયો ઉગારૂ આજ.'

પણ શિયો એમ પોતાનો બચાવ કરે તો કાયર કહેવાય. માટે કહે છે :

'કળે કંટાર વાંકડી ખભે ગેંડારી ઢાલ,
એક તરુવારરે ઝાટકે કરુ ખાટાણારો માર.'

છતાં તે રેણુનાં કપડાં પહેરીને પોતાનો બચાવ કરે છે, ત્યાં શિયાની કાયરતા પ્રથમ દૃષ્ટિએ સ્પષ્ટ જોવા મળે છે, પરંતુ ખરેખર તેમ નથી. ત્યાં પણ રેણુની સમજણ કામ કરી જાય છે.

સ્વ. ઝવેરચંદ મેઘાણીની લોકકથા અને લોકગીતના નાયક-નાયિકા, કાઠી અને કાઠિયાણી કરતાં, રબારી લોકસાહિત્યના નાયક-નાયિકા સમજુ અને ઠરેલ છે. તે કાઠી અને કાઠિયાણીની જેમ તડફડ કરી અને પાછળથી પસ્તાવાનું થાય, તેવું વર્તન કરવાના બદલે વિચારયુક્ત વર્તન કરે છે. આ ભેદ ચારણી અને રબારી લોકસાહિત્યમાં પાયાનો છે.

રેણુને શિયાના ઉપર્યુક્ત બોલમાં વિશ્વાસ છે. પરંતુ સાથે રેણુ કહે છે તેમ 'કુમત્ય' પણ છે. આવી કુમત્ય કરતાં 'પત પોતારી જાય', રેણુની આ ઉક્તિમાં સચોટ ધ્વનિ રહેલો છે.

રેણુ સમજે છે કે આ વેર હવે વેરથી નહીં સમે. આમ આગળ ચાલશે તો બન્ને કુળનો વિનાશ નિશ્ચિત છે. પરંતુ મીરે કહ્યું તેમ રેણુ,

'પરથમ તારે પિયર સાસરું,
વધારે છરરી લાજ.
રેણુ રાહારી સુલખણી,
જાણે રમતા દીઠો રામ.'

એમ બન્ને કુળને આબાદ ઉગારી લે છે. આમ નાયક અને નાયિકાના પાત્રને લોકકવિએ ઉઠાવ જ આપ્યો છે.

લોકગીતમાં મુખ્ય શાંતરસ અને અન્ય આનુસંગિક રસો પણ જોવા મળે છે.

---

* 'ભીનો ભાભીરો કંચુવો રાતા રેણુરા નેણ.' આ પાઠ 'વાક્'માં સંપાદન કર્યું ત્યારે છપાયો છે. પરંતુ વિચારના અંતે 'ભીનો રેણુરો કંચુવો રાતાં ભાભીરા નેણ' પાઠ સાચો છે.

લોકગીતનું શીર્ષક પણ નાયકના નામ પરથી 'શિયો' રાખ્યું છે જે સાર્થક છે.

કેટલીક મર્યાદાઓ રહેવા પામી છે. અજાણી ભાષા, પુનરોક્તિ દોષ ઘટનાઐક્યનો અભાવ, પાતળુ કથાવસ્તુ વગેરે ધ્યાન ખેંચે છે.

છતાં આ ખામીઓ ખરેખર લોકગીતની નહીં પરંતુ શિષ્ટ સમાજની છે. જેમણે 'નાકનું ટેરવું ઊંચુ' ચડાવ્યું છે અને સતત ઉપેક્ષા જ સેવી છે. સંપાદકની પણ ખરી જ, કારણ જે ધગશ, ધૈર્ય અને શાંતિથી કાર્ય થવું જોઈએ, તે થયું નથી. તેનું કારણ હું અભ્યાસમાં રોકાયેલ હતો.

સાચવનાર લોકો પાસે મેઘાણી કહે છે તેમ, ન જાણે "પ્રેમાનંદ અને નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે, તેની કલ્પના નથી કરી શકાતી."[20] તેમ છતાં સચવાતું આવ્યું છે.

સાચવનાર જ્ઞાતિનું ગંગાની જેમ દિવસ દિવસે અધઃપતન થતું રહ્યું છે. જવાબદાર જ્ઞાતિ પોતે છે કે અન્ય તે રામ જાણે. તો યે સમગ્રની સામે જઝુમતા પોતાની આગવી સંસ્કૃતિ સાચવી રાખવાનો પ્રયત્ન એ પણ નાની સૂની હિંમત ન કહેવાય. માટે જ્ઞાતિના દરેક સભ્યો ધન્યવાદને પાત્ર ઠરે છે.

ઉપર વર્ણવેલી મર્યાદાઓ હોવા છતાં, શિયો લોકગાથાની કેટલીક આગવી વિશિષ્ટતાઓને કારણે એક બેનમૂન સર્જન છે, તેમાં શંકા નથી.

સર્જનમાં ખામી ન જ હોવી જોઈએ અને તે પણ લોકસાહિત્યમાં, એ તો વધુ પડતી આશા કહેવાય. શરદપૂર્ણિમાનો સુંદર ચંદ્ર સર્જનહારે સર્જ્યો છતાં તેમાં પણ લોકનજરે ન ચઢે, તેવો ડાઘ ક્યાં રહ્યો નથી ???

તો પછી આ તો અભણ (!) અસંસ્કારી (!) અને અણઘડ (!) લોકો, તે પાસે શું આશા રાખો ???

મારી પાસે પણ ન રાખી શકો કારણ હું પણ તે પ્રવાહ માહ્યલો જ છું અને માનવ બધે સરખા !!

તોય આ લેખ દ્વારા લોકસાહિત્યના સંશોધકો, ભાષાવૈજ્ઞાનિકો, ભૂગોળવેત્તા, નૃવંશશાસ્ત્રીઓ, કે લોકસાહિત્યના રસિયાઓને થોડું પણ ઉપકારક મળી આવશે તો મારી જાતને ધન્ય માનીશ.

સંદર્ભ ગ્રંથો

(૧) 'વાક્', સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઓક્ટોબર, ૧૯૭૪.
(૨) પુષ્કર ચંદરવાકર; 'ધરતી ફોરે ફોરે'.
(૩) જાની, કનુભાઈ; 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ભા. ૨'.
(૪) પટેલ, (ડૉ.) બે. ૨.; 'પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાના સીમાસ્તંભો'.

---

૨૦. 'રઢિયાળી રાત' ભાગ ૧, ભૂમિકા પૃ. ૬.

વિનયસમુદ્ર વાચક-કૃત આરામશોભા ચઉપઈ

સં. નવીનચંદ્ર એન. શાહ

[ગતાંક પૃ. ૩૦૭થી ચાલુ]

એક વાર બલિ બોલઇ ઇસઉ, બેટીનઇં ફીની મૂકિસું,
બંભણ જાણઇં હિયડઇ સુધ, જેતઉ ધવલઉ તેતઉ દૂધ. (૧૨૮)
સીવિ કરંડી માથઇ લીધ, પુત્રી-મિલણ પયાણઉ કિધ
વાટઇં જાતઉ દીઠઉ નાગિ, એ સી[5 A]રામણ મારણ લાગિ. (૧૨૯)
ટાલી વિષ અમૃત સંચારિ, તે પહુતઉ બેટીનઇ બારિ,
સુણી વાત રાજા આવિયઉ, ઊઠી વિપ્રઇં વધાવિયઉ. (૧૩૦)
સુણિ પુત્રી એ સીરામણિ, ભેજી છઇ માતા તુમ્હતણી,
થોડઇ લાજઉં કુણબામાહિ, ઉલભઉ લગાવઉ મલાહિ. (૧૩૧)
અતિ રૂડી દીઠી ફીણુલી, બાપઇં વાત સુણાઇ ભલી,
લાહી લીજઇ વલી સુહાગ, વલિ ભગતાવ્યઉ લાગઉ માંગિ. (૧૩૨)
જાઇ ધરિ ધન લેઇ મિલઇ, વાત પૂછિ દેહઇં પરજલઇ,
જેહનઇ પોતઇ પુણ્ય અગાધ, ઇણિ ઉપાઇ તિણિ મારણ લાધ. (૧૩૩)
ફાલ-ભ્રષ્ટ વાનર જિમ રડઇ, થોડઇ જલિ માછી તડફડઇ,
માંડી માંડી પુત્રી રેસિ ઇણિ ફેરઇ હું ખરી કરેસિ. (૧૩૪)
તાલપુટ આણિઉ વિષ જાઇ, સદ્ય મરઇ જ તહનઇ ખાઇ,
આણી પેટી ભરી સંભાલિ, દીધી પ્રિયનઇં વેગઇં ચાલિ. (૧૩૫)
બેટીનઇ છઇ પહિલ પ્રસૂતિ, મુખિ ભાખઇ તે ઇમ યમદૂતિ;
એ દેઈ વીનવિજ્યો રાઈ, મૂકઉ બેટી કરી પસાઇ. (૧૩૬)
જઇ નવિ મૂકઇ તઉ સા હંસી, થાજે કંત કહઇ હિવ હસી,
આણે રખે વરાંસુ પડઇ, મરું કિ આણઉ કહિનઇ વેડઇ. (૧૩૭)
વાટઇ વહઇ નાગ સુર મિલઇ, વલિ માંડીથી તે વિષ ટલઇ,
જઈ બેટીનઇં મિલિયો જામ, પુણ્ય પસાઇં ટલઇ વિરામ. (૧૩૮)
લઇ બેટી એ સીરામણી, માઇ કહિઉ છઇ હિવ તુમ્હ ભણી,
મિલવા આવેજ્યો અમ્હ સહી, આલઉ વા પરાઇં નઇં કહી. (૧૩૯)
બંભણિ વીનવિયઉ નરરાઇ, પહિલ પ્રસૂતિ સુપીહરિ થાઇ,
તું બાભણ ભોલઉ છઇં કિસઉ, મૂંકઉ, રાણી બોલઇ ઇસઉ. (૧૪૦)

પહિલઉ માહરઇ પુત્ર અણુાથિ, એ સગર્ભ કિમ મેલ્હઉ સાથિ,
તવ બંભણુ બોલઇ તતકાલ, નહીંતર પેટ હણિસુ તતકાલ. (૧૪૧)
રાજા જાણ્યઉ મરિસ્યઇ એહ, જાઉ જાઉ ધરિ સાથે લેહ,
સાથિઇ દીધઉ નિજ પરધાન, ચાલ્યા વાટઇ ઘણુઇ મંડાણુ. (૧૪૨)
સમાચાર પહિલઉ મોકલિઉં, સમહૃવરતિ તે તતક્ષણિ ચલિઉ,
આવઇ છઇ બહુલઇ પરિવારિ, કરિજ્યો સામહણી સુવિચારિ. (૧૪૩)
સંભલિ વાત તિ હિયડઇ હસી, હિવ માહરી ઇચ્છા પુહચસી,
કૂપ ખણાવઇ કપટ ધરેવિ, તે ન મરઇ જસુ રાખઇ દેવ. (૧૪૪)
નિજ પુત્રીનઇં તે ગોપવઇ, પુત્રીનઇ પરધરી લોપવઇ,
આવી બેટી મિલ્યઉ કુટંબ, રહઇ રંગિ છલ જોવઇ અંબ. (૧૪૫)
નવ મસ વાડે બેટઉ જણ્યઉ, કિહાં બેટી ઇમ બંભણિ ભણિઉ,
રહિ અણુબોલી રે [5-B] ભાવઠી, કરિ નિજ કામ મ પૂછિસિ હઠી. (૧૪૬)
ગાઇં વાઇં મંગલ સાદ, બેટઇ જાઇ ભુંગલ નાદ,
તિણુઇ નિકરયઉ સહુ પરિવાર, પુત્રીની હઉં કરિસ્યું સાર. (૧૪૭)
સહુ કો થાનકિ આપાપણઇ, પુત્રી એક દિવસિ ઇમ ભણુઇં,
દેહ સુ ચિંત કરેવા ભણી, તે તવ સાથિ હુઇ પાપિણી. (૧૪૮)
જઇ જાઇ પીછો કડિ જિસઇ, તેણી દીઠઉ કૂવઉ તિસઇ,
એ કૂઉં મા કારવ્યું, તઇં આવંતી, મઇં, સારવ્યું. (૧૪૯)
તાહરઇ બહુલઉ છઇ પરિવાર, મુઝનઇં ઊપની ચિંત તિ વાર.
દૂરિ નિવાસો જલ દોહિલઉ, તુઝ પરિવાર ભણી સોહિલઉ. (૧૫૦)
તવ જોવઇ તે આઘી થાઇ, ઉણિ હત્યારી લાધઉ દાઇ,
ઠેલી નાખી કૂવા પડી, સમરયઉ નાગદેવ કરિ ચડી. (૧૫૧)
તે પતાલપુરિ લેઇ જાઇ, સુખ ભોગવઇ તિ પુણ્યપસાઇ,
પાછલિ હિવ તે કરઇ પુકાર, મુખિ બોલઇ હિવ હાહાકાર. (૧૫૨)

ભાસ

મુખિ રોવઇ હીયડઇ હસઇં, વલિ મેલ્હઇ ધાહ,
ત્રોડઇ હાર હિયાતણાં, હિવ હુઈય અણાહ. (૧૫૩)
સિરજ્યાં વિણુ લાભઇ નહીં, ત્રીય રયણુ સંસારિ,
ઇણિ અવસરિ કાંઈ અપહરી, પાપી કરતારિ, સિર૦ (૧૫૪)

આંકણી

લોક સવે પાખલિ મિલ્યા, દીઠી ચેત વિહીણુ
પાણી છાંટઇ સીયલઇ, વાંચઇ સિર વીણુ, સિર૦ (૧૫૫)

ઇમ કરતાં ચેતન વલી, બોલઇ હિવ તેઉ,
સોધી કાઢઉ ડાવડી, મુઝ જીવી દેઉ, [સિર૦] (૧૫૬)
રાજાનઇ ઊતરુ હવઇ, સિઉં દેસ્યું દેવ,
આણી હઠ એતઉ કરી, મમ લાવઉ ખેવ, સિર૦ (૧૫૭)
કહઉ કોઇ કુણુ કેહનઉં, કુણુ જાણઇ ખોટ,
એ બાલક બિલિબિલિ કરઇ, કરઇ ધરણી લોટ, સિર૦ (૧૫૮)
એક નફર રાજા ભણી, મોકલિઉ તિ વાર,
એક વાત એહવી થઈ, રૂઠઉ કરતાર, સિર૦ (૧૫૯)
વેગિ કરી માંચી ધરી, તિહાં પુરુષ વહોડિ,
ઊતારી કાઢી નવી, કહઇ લાગી ખોડિ, સિર૦ (૧૬૦)
ગલઇ લાગિ જંપઇ ઇસું, અરે ધાસ્યઇ સીત,
રૂપ ફિરયઉ હૂઉ કિસઉં, કુણુ વીતગ ચીત, સિરિ૦ (૧૬૧)
પરિકરિ મિલિ ઇમ વીનવઇ, તુમ્હ કવણુ વિરામ,
રૂપ ફિરયઉ કિમ તાહરઉ, અનઇ કિહાં તિ અરામ, સિર૦ (૧૬૨)
કપટ કરીનઈ કેલવી, વન, પાણી, ઠામિ,
આવેસ્યઇ વલિ પાલવી, એ દેવહ કામ, સિરિજ્યા૦ (૧૬૩)
બાલક સાચવજયો હવઇ, કહરાવ્યું રાઇ,
સૂઆવડિ બેટાતણી કરઇ હરખી માઇ, સિરજ્યા૦ (૧૬૪)
સયલ સાથ અસમા થિયો, મનતણિ[6-A]ય જગીસ,
હૂંતી વડીય અમ્હાતણી, તિ હણી જગદીસ, સિર૦ (૧૬૫)
ત્રીય અણાવણુ મોકલ્યુ, આપણુ પ્રધાન,
સામહણી કરિ ચાલવી, પુત્ર સહિત વિનાણિ, સિર૦ (૧૬૬)
રાજા સામ્હઉ આવીઉ, દીય ત્રીય જામ,
તેહ તણુઉ અંસઇ નહીં, કુણુ હૂઅઉ કામ, સિર૦ (૧૬૭)
પુત્ર રાઈ પધરાવીઉ, કૂડી મા પુણિ સાથિ,
વાત પૂછિ સંસઇ પડિઉ, ચીંતવઇ નરનાથ, સિર૦ (૧૬૮)
સુરતરુ છાંડી સેવીયઇ, છાયા એરંડ,
ચિંતામણિ કરથી ગયઉ, રહિઉ કાચહ ખંડ, સિર૦ (૧૬૯)
તે ડાહિમતાં તેહની, નવિ દીસઇ મૂલિ,
હુંતિ હજિ એ ઇમ કહઇ, કાંઈ છઇ પ્રતિકૂલિ, સિર૦ (૧૭૦)
રાતિદિવસિ સંસઇ પડિઉ, પુત્રમોહ અપાર,
એ આરામસોભાતણી, રહઇ પ્રીતિ સંસાર. સિર૦ (૧૭૧)

ચૌપઈ

પાછલિ આરામસોભા હિવઇ, પુત્રવિયોગઇ દિન જાલવઇ,
નાગદેવ આગલિ ઇમ કહઇ, માહરઉ દેહ દુખિ કરિ દહઇ. (૧૭૨)

જાત માત્ર જે મૂંકિઉ બાલ, તિણિ કૂઈ નાખી તતકાલ,
પડતાં સમરિઉ તાંહરઉ નામ, તિણિ મઇં લાધઉ ઉત્તિમ ઠામ. (૧૭૩)

તે જાતકનઈં મિલઉં એક વાર, તઉ મુઝનઇં હોઇ સુખ અપાર,
નાગદેવે દીધઉ આદેસ, નિસિ નિજ મંદિરિ કરઇ પ્રવેસ. (૧૭૪)

દેખી પુત્ર ધવરાવઇ લેઇ, પાનફૂલિ પાલણઉ ભરેઇ,
રાત્રિથકી તે પાછી ગઈ, ધાવિ વાત રાજાનઇં કહી. (૧૭૫)

ફૂલ–સુવાસ, ફલ અતિહિ રસાલ, ઓલખિયો રાજા તતકાલ,
આરામસોભાની વાડી જિસા, પૂછી કપટિણિ એ ફલ કિસા. (૧૭૬)

કહઇ હસીનઇં અમ્હા તુમ્હિ હસઉ, તિણિ આણ્યા મઇં સંસઉ કિસઉ,
કહઇ રાઇ હિવ તઉ જીમિસ્યઇ, જઇ એ વાડી તે આણુસ્યઇ. (૧૭૭)

કોઢ કૂડ કલા કલિકાલ, કહઉ કિમ ચાલઉઇ સગલઉ કાલ,
પરિકરિ મિલિ સમઝાવિઉ રાઇ, એ કપટિણિ ઇતિ કિંપિ ન થાઇ. (૧૭૮)

રાજા પહિરી સામલવેસ, રાતઇં મંદિરિ કરઇ પ્રવેસ,
પુત્ર પાસિ દીવાની છાંહ, રહઇ સદા અસિ ઉબ્ભવિ બાંહ. (૧૭૯)

મનિઇં મોહ આણી પાતાલ, આરામસોભા બોલઇ સુકુમાલ,
નાગકુમાર બચન અવધારિ, પુત્ર પાસિ જાઉં કહઇ તિ વાર. (૧૮૦)

બછિ અતિ ગતિ છઇ ગાઢી બુરી, અતિ કુખડિ જિમ ભાજઇ ધુરી,
અતિ રૂપઇ સીતા અપહરી, પુત્રતણી મમતા નિજિ વહી. (૧૮૧)

ઇણિ મમતા ખિડિયું સંસાર, ઇણિ વિણુ સહૂ [6 B]ઇ ગિણિ અસાર,
આવિસુ વેગિ ન લાવિસુ વાર, મોકલિ બોલ્યઉ નાગકુમાર. (૧૮૨)

તિહાં જાઇસિ તું પુત્રસનેહિ, મિલિસે કેતુ તિ તાહરઇ ગેહિ,
તિહાં રાચિસિ તઉ સાચઉ એહ, અમ્હસ્યઉં થાસ્યઇ પ્રીતિઇં છેહ. (૧૮૩)

કહ્યઉ નાગ માનઉ માહરઉ, વચન ન લોપિસુ પુણિ તાહરઉ,
જઇ આવઉં અણુઊગઇ સૂરિ, તઉ તૂ માને મુઝ ગુણુ ભૂરિ. (૧૮૪)

બિહું પથિહિં કહિ કેમ જવાઇ, દો મુહિ સૂઈ ન ચીર સીંવાઇ,
ઇક મારગિ જે નર હોઇ ખરઇ, નાવી તું દરિસણુ માહરઇ. (૧૮૫)

નહીં થાઇ તુઝનઇં વલિ ગઈ, પુત્ર લડાવઇ નિજ ઘરિ જઇ,
રાતિ વિહાંતી જાણી જાઇ, જાંતી બાહઇં ઝાલી રાઇ. (૧૮૬)

તૂ પરણીનઇં મુઝનઇં છંડિ, કિહ જાઇસિ મુઝ આજ્ઞા ખંડિ,
ઘણા દિવસ મુઝનઇં ભોલવ્યઉ, તાહરઇ દુક્રિખ મુઝ મન રોલવ્યઉ. (૧૮૭)

મૂકઉ મુઝનઇ થાઇ થાઇ અવાર, મુઝનઇ ચિંતા પડી અપાર,
જઇ ઊગેસ્યઇ સૂર કિ વાર, તઉ અમ્હ થાઇસ્યઇ મરણ તિ વાર. (૧૮૮)

રાજા બોલઇ મ કહિસિ હવઇં, ફોકટ મૂકિ હવઇં કાંઇ લવઇં,
ઊગઉ સૂર વિહાણી રાતિ, છોડી વેણી હૂવઇ પ્રભાતિ. (૧૮૯)

તિહાંથી પડિઉ નાગ પુણિ મુઉ, હા હા દૈવ કિસઉ એ હૂઉ,
થઇ અચેતન ધરણી ઢલી, કરઇ સચેત નૃપ પાખલિ મિલી. (૧૯૦)

જીવનઉ સાચ ઉપરી મોહ, નાગવિયોગિ થયઉ એ દ્રોહ,
મુઝ ત્યું હત્તઉ તેહનું બંધ, જઉ ઉગઉ તવ નિર્બંધ. (૧૯૧)

મઇં તુમ્હનઇં વીનવિઉં રાઇ, રાજહઠ પાછઉ નવિ થાઇં,
હિવ માહરું જાઇવઉં તિહાં રહ્યઉં, તેતઇ વન પ્રગગિઉ ગયુ ગયઉ. (૧૯૨)

આરામસોભા રાઇ જિતશત્રુ મિલ્યા, રંગિ થ્યા નયણ પવિત્ર,
કપટિણિ ઉપરિ પહઇ પ્રહારિ, છંડાવીય તિણિ કીય ઉપગાર. (૧૯૩)

વલી રાઇચર પ્રેરચા જાઉ, અગ્નિશર્મ્મં તસુ ઘરણી લ્યાઉ,
ઊદ્દાલઉ જઇ બાહિરગામ, તવ તિણિ વીનવિ રાખ્યા ઠામ. (૧૯૪)

રાઇરાણી અતિ વાધ્યઉ પ્રેમ, રહઇ વહઇ નિત સ્વકલિહિં ખેમ,
રાતિદિવસિ ઇમ ચિંતા કરઇ, કરમિહિં જીવ ચિંહુગતિ ફિરઇં. (૧૯૫)

જઇ આવઇ ઇહ જ્ઞાની કોઇ, ઉરિ અમ્હારઉ વંછિત હોઇ,
પાછિલા ભવની પૂછઉ વાત, આવ્યા વીરચંદસૂરિ વિખ્યાત. (૧૯૬)

સમોસરચા વનિ રાઇ સુણ્યા, આરામસોભા પ્રીય પ્રતિ ભણ્યા,
ચાલઉ વંદણ હિવ જાઇએ, સંસઉ પૂ[7A]છી મનિ ધ્યાઈએ. (૧૯૭)

પુણ્યપાપનઉ મારગ ખરઉ, વંદણનઉ તુમ્હિ રથ સજ કરઉ,
વંદઇ આવી શ્રીગુરુરાઇ, ઘઇ ઉપદેસ સ ગુર મન ભાઇ. (૧૯૮)

રાઇ પૂછઇ હિવ રાણી કિસું, કરી પુણ્ય સુખ પામઇં ઇસું,
બલતઉ ગુરુ બોલઇ સુણિ વાત, જંબૂદીપહિ ભરથ વિખ્યાત. (૧૯૯)

ચંપાનયરી કુલધર સેઠિ, કુલનંદા તસુ નારિ ગરિટ્ઠ,
તિણિ જાઇ કંન્યા પુણિ સાત, પરણાવી તે સયલ વિખ્યાત. (૨૦૦)

હિવ બેટાની ચિંતઇ આસ, તેતલઇ તેહનઇ ભરિયઉ માસ,
બિહુનઇ કારણિ થયઉ ઉલ્હાસ, ક્રમિ ક્રમિ પૂણ સાઢા નવ માસ. (૨૦૧)

જાઈ બેટી જાણી તામ, ઉચ્ચાટે નવિ દીધઉ નામ,
નિરનાગિણી નામ તિણિ લહ્યઉ, નિરાદાર જાણી લોકે કહ્યઉ. (૨૦૨)

વૂચ નવે લાવય આદરી, પેટ ભરઇ તે ઘરિ ઘરિ ફિરી,
લોક કુટુંબી કહઇ તિ વાર, કુલધર આદરિ મથા ગમાર. (૨૦૩)
બાપ તણુઇ મન ચીંત પઇઠ, આવી ચહુટઇ હાટિ બઈઠ,
લાંઘી કો આવ્યઉ પરદેસ, જેહનઇં કર્મ નહીં લવલેસ. (૨૦૪)
ચરણું ચિહ્ન છઇં ધૂલઇ ભરચા, થાકા પગ ધૂજઇં થરહરચા,
ચર પૂછિ તાહરઉ ઘર કિહાં, કિણિ કારણિ આવ્યઉ છઇ ઇહાં. (૨૦૫)
કોસલ દેસિં નયરિ કોસલ, નંદણુ સેઠિ વસઇ જસ કલા,
સોમા તસ ઘરિ અછઇ કલત્ર, તાસુ તણુઇં હૂઉ હરખિ સુપુત્ર. (૨૦૬)
તે તસુ નંદનહું સુણિ સેઠિ, દુકિખ કહઇ જલપૂરી દેઠિ,
માહરઉ પિતા દિવં ગત થયઉ, તેહનઉ ધન તિણિ સાથઇં ગયઉ. (૨૦૭)
મઇં ચિંતયઉ ધન આણુઉ જાઇ, ધન વિણુ કિહાં આદર થાઇં,
ઊજઉ ઊધારઉ ધન લીઉ, ચૌદિ દેસિ ચલણુઉ કીઉ. (૨૦૮)
કેતલે દિવસે હું તિહગયઉ, વણિજઈ લાભ મૂલિ નવિ થયઉ,
પુન્ય બિહૂણુણુ જાઇ જિહાં, મનવંછિત નવિ પામઇ કિહાં. (૨૦૯)
ધનત્રોટઉ મુઝ પઇઠી લાજ, તઉ મઇં એ માંડચઉ લઘુ કાજ,
એહ ગામનઉ વિવહારિઉ, તેણિ મંજૂરી કહિ પ્રેરિયઉ. (૨૧૦)
તાસુ પિતા છઇ સિરદત્ત નામ, તસુ ઘરકઉ મુઝ સારુવ કામ,
તું ઉપગારી નઇં ગુણુવંત, સારિ ચાડ મનિ આણિ નિભ્રંત. (૨૧૧)

વસ્તુ

તામ ચિંતય ચિંતય મનહ મંઝારિ, મુદ્ધ ધૂવા પરણાવિસ્યુ,
એહ યોગ્ય છઇ તે ય પુત્તીય, લેછાનઇં પરણાવિયઉ,
અપ્પ રિદ્ધિ દિઉ વાત ઇત્તિય,
બોલાવ્યુ કુલધરઇં પુત્ર પિતા તવ સુણિ ગુણુત્તમ,
માહરઇ તેહસ્યું અતિ હતુ, નેહ તાસુ તું પુત્રિ ઉત્તિહિં,
હિવ માહરઇ ઘરિ આવિયઉ, તૂં વા કિણુઇં વિસેષિ,
તુઝનઇં હું ભગતા દિ[7-B]સ્યુ, દે-કન્યા નવ વેષિ. (૨૧૨)
તેઉ જંપઇ જંપઇ નિસુણિ, ગુણુવંત હું આવ્યઉ છઉ કામિ જિણિ,
તે ઉયારિ પાછઇ વિમાસિસુ, સાથઇ નફર નિજ લેખ
લેહુ દેઉ વેગિ ચાલિસુ,
આવઉ બઇસઉ જિમ હવઇ, સમાચાર લેખ વિચ લાવિસુ,
તે બોલ્યુ હું કુલધરઇં, નિહુંતરીઉ તેહ જીમિ આવિસુ,
તે આવ્યઉ ભગતાવીઉ, પરણાવી સા બાલ,
ચાલિ હવઇ લેખ રચ પણિ, કહઇ તેઉ તતકાલ. (૨૧૩)

તિહાં જાઇ જાઇં કહઉ નિરવાહ, કેમ કરઉ એ ખાઇ કરિ સેઠિ ભણઇં,
સાંભલિઉ તુમ્હારઉ,
સહૂ ઇખર વચ લાવિસ્યું, મમ વિમાસિ એ વચ મ્હારઉ,
કહઇ ચાલિ હિવ વેગુ લઇ, હું નિરવાહ કરિસુંતુ મ્હારઉ,
તેઉ ભણઇં રે મૂઢ, તું મમ ખાતરિ સિ ગમાર,
લઇ કાગલ હિવ ચાલિ તું, કુલધર જાણી સાર. (૨૧૪)

ઢાલ

કરિ સામહણી ચાલ્યઉ, વાટઇં ઉંલખિયઉ સેઠિ જ ભાઈ ભાટઇં,
આણાવી ઇંમ ભાસિયઉ એ, એ પુણિ તાહરી લઇ ત્રીય સાથઇં,
સંબલ કરિ ત્તં આપણુ માથઇ, ચાલઉ તવ તિણિ ભાસિઉં એ. (૨૧૫)
કિમ નિરવહિસેઇ મઇં એ નારી, સઘલી કરિસ્યું ચીત તુમ્હારી,
મ કરિ વિલંબ તિ નીકલ્યુ એ, સાથ વિહૂણઉ એકલ્લઉ,
સહૂઇ પભણુઇ ચલ્લઉ ચલ્લઉ, વાટેઇં અવર કો મિલ્યઉ એ. (૨૧૬)
કન્યા પુણિ મનિ મોહ વિહૂણી, ચાલ્યા આવ્યા જિસઇ ઉજેણી,
તિણિ સંબલ સંભાલીઉં એ,
આગે દસ દિનિ નિજ ઘરિ જાતઉ, હિવ કઇ ખૂટઉ એતલઉ ભાતઉ,
સ્રી મુઝ પગબંધણુ :મિલ્યઉ એ. (૨૧૭)
વલિ ભાતઉ કહઉ કિહાંથી કીજઇ, પૂછિઉ ભદે મોલિ ગ્રહીજઇ,
નહીંતરિ ભીખ ગઈ કિસ્યું એ, તે કાયર નઇ કરમ વિહૂણઉ,
ખૂટઇ ભાતઇ હીયડઉ ઊણઉં, તવ તિણિ ચિંત્યઉ મનિ ઇસઉ એ. (૨૧૮)
સૂતી મૂકી, સૂતી સાલઇ, તે નાઠઉ કરિ હરિણા ફાલઇ,
જાગી નારી હવઇં તિસઇ એ, પહિલઉ જોવઉ આસઇપાસઇ,
ધીરિમ કરિ મનિ ઇસું વિમાસઇ, છંડી ગ્યઉ કારણિ કિસઇ એ. (૨૧૯)
સહી તિણિ સંબલ થોડઉ દીઠઉ, તિણિ મુઝનઇ તે થયઉ ઉવીઠઉ,
મેલ્હીનઇ નાસી ગયઉ એ, રોવઇ રડી નીય દુકખ સંભારી એ,
સંકટ મુઝ આવ્યઉ ભારી, ભરતારે નવિ નિરવહ્યઉ એ. (૨૨૦)

ચોપઈ

કરિ સાહંસ રોઈ જઇ કિસઉ, માહરઇ સિરજયઉ હૂતઉ ઇસઉ,
જાઈ નગરમાહિ જેતલઇ, મણિભદ્ર સેઠિ મિલ્યઇ તેતલઇ. (૨૨૧)
પગિ લાગી દીઠી તિણિ દીણ, કિહાંથી આવી તૂં ઘણુહીણ,
કુલધર બેટી સાથહ થકી, ચૂકી રાતિ રહી ભુઇં લુકી. (૨૨૨)
હું આવી તા[8 A]હરઇ આધારિ, તૂ સમરથ દુચ્છિય સંસારિ,
રહિ રહિ બચ્છિ મ કરિ અંદોહ, તુઝ ઉપરિ મુઝ પુત્રી મોહ. (૨૨૩)

આવી સેઠિ કહિઉ નિજ કરે, સાથ સોધાવઉ ઉદ્યમ ભરે,
દિસોદિસિ મોકલ્યા તિણિ વાર, કાગલ અનુચર સમાચાર. (૨૨૪)
કોઇ ન લાધઉ તિણિ સંકેત, લોકે કીધઉ સેઠિ સચેત,
કાઈ ધૂતારી આવી રહી, કુલધર બેટી તુમ્હનઇં કહી. (૨૨૫)
પૂછાવિઉ નાત્રા સંબંધિ, જઇ દિઇ તઉ હુઇ સનબંધ,
કીજઇ હિવ આપાપણુામાહિ, તિણઇં કહી તવ વાત ઉછાહિ. (૨૨૬)
બેટી સાત 'નીય નયર મંઝારિ, પરણાવી છઇ નીય ઘરિ બારિ,
આઠમી ચૌડ દેસિ ચલાવિ, થયા સુમારગ તે પરણાવિ. (૨૨૭)
તવ જાણી આદર ઘઇ ઘણઉ, ધર્મ ધ્યાન બઇઠી કરિ ઘણઉં,
તૂં અમ્હારી બેટી જિસી, મનિ ચિંતા હિવ મ કરિસિ કિસી. (૨૨૮)
માણિભદ્ર જિનભવન વિશાલ, કારાવઇ પ્રતિમા ચઉસાલ,
જેહવઉ હોઇ કરિ ઇંદ્ર વિમાન, તિણિ કંન્યા દીઠઉ સુપ્રધાન. (૨૨૯)
સેઠિ તુમ્હે જિણહર કારવ્યઉ, તિરિય નરય-દુખ તુમ્હિ હારવ્યઉ,
હિવ કરિસ્યઉ સુશ્રૂષા સાર, લીંપઇ માડઇ કરુણા સાર. (૨૩૦)
છત્ર ત્રયનઇં પ્રેરયઉ સેઠિ, ભામંડલિ, સોભા જગિ જેઠ,
તેહનઇં કહિઇ કરાવઇ સહૂ, પ્રણમઇ દિનિ દિનિ બહૂ. (૨૩૧)
એક દિવસિ ચિંતાતુર હેવ, દીઠઉ કંન્યા સેઠિ સુદેવ,
મયા કરિનઇં મુઝનઇં કહઉ, એવડઉ ચીંત તુમ્હિ વહઉ. (૨૩૨)
તઉ તિણિ કહી વાત સુણિ એકિ, સૂકિ વાડી ફૂલ વિસેષિ,
નંદનવન સરખી દીસતી, આજ સુ તિણિ તવિ દીસઇ રતી. (૨૩૩)
મ કરિ ચિંત એ થોડી વાત, જઇ છઇ માહરઉ સીલ વિખ્યાત,
તઉ પાલવસ્યું વન તાહરઉ, તઉ સાચઉ જાણે માહરઉ. (૨૩૪)
જઈ દેઉલિ બઇઠી જેતલઇ, આવિઉ સેઠિ તિહા તેતલઇ,
કરઇ મહોત્સવ અધિકઇ રંગિ, સાસણદેવ તિ બોલી ચંગિ. (૨૩૫)
કાંઇ બછિ કરઇ કષ્ટ વિશેષિ, સૂકઉ હિવ ચાલવિસે છેકિ,
તૂં સાચી દેવતા સંસારિ, જિનશાસનઇં પ્રભાવ વધારી. (૨૩૬)
તવ તિણિ દીધઉ વર આદેસિ, હુઇ વિહાણઇં સેઠિ સુવેસિ,
આવઉ તાત મનોરથ ફલિઉ, ચઉવિહ સંઘ દિસોદિસિ મિલ્યઉ. (૨૩૭)
પંચસબદ બાજઇ નીસાણ, મિલ્યા લોક સવિ કરઇ વખાણ.
જાઇ વનિહિં વઇસી જેતલઇ, નવ પલ્લ થિઉ વન તેતલઇ. (૨૩૮)
બાધ્યઉ સીલતણઉ સોભાગ, ભણઇ સેઠિ એ માહરઉ ભાગ,
ફલી આસ હિવ માહરી વડી, પરણઉ સકતિ કન્યા તાહરી. (૨૩૯)

મિલ્યા સ ગુરુ તિણિ લાધઉ ધર્મ, કરિ સંલેહણ ત્રોડયા કર્મ,
મરિનઇ પહુતિ અમર વિમાણિ, તિહાંથી ચવિ તૂં હુઇ સુજાણિ. (૨૪૦)
સાલિભદ્ર દેવચ્ચણ કરી, નાગદેવની ગતિ તિણિ વલી,
તે તાહરઇ સખાઈય થયઉ, તિણિ તાહરઉ સંકટ સવિ ગયઉ. (૨૪૧)
ભાવચ્ચણ તઇં કીધઉ સાર, તિણિ પામ્યઉ માણુસભવ ચારુ,
તઇ જિ કરાવ્યા છત્રપ્રકાર, તિણિ તઇં લાધઉ વનવિસ્તાર. (૨૪૨)
સુણી વાતનઇં ધરણી ઢલી, કરિ સખત જવ ચેતન વલી,
દીઠી સગુરિ કહી જે વાત, હિય દિઉ સંજમ સયલ વિખ્યાત. (૨૪૩)
સંભલિયો જિતશત્રુ વિચાર, મલયપુત્રનઇ દીધઉ ભાર,
મૈલ્ય વેસ લીધઉ તિણિ વાર, પાલઇ સંજમસુધા ચાર. (૨૪૪)
કરિ સંલેહણ સાધ્યા કાજ, લહિસે મુક્તિપુરીનઉ રાજ,
ઉવએસ ગચ્છ ગુણણે ગરિઠ્ઠ, શ્રીરયણપ્પહસૂરિ વરિઠ્ઠ. (૨૪૫)
તસુ અનુક્રમિ સંપઇ સિદ્ધસૂરિ, તાસુ સીસ વાચક ગુણ ભૂરિ,
હરષસમુદ્ર નામિ ગુણસાર, તાસુ સીસ એ કહ્યઉ વિચાર. (૨૪૬)
વિનયસમુદ્ર વાચક ઇમ ભણઇ, ધન્ય તિ નરનારી જે સુણઇ,
તેહની સીઝઇં સઘલી આસ, પુણ્ય તે લહિસે સિવપુરીવાસ. (૨૪૭)
આરામસોભા ચઉપઈ, ભાવચ્ચણ ઊપરિ મઇ કહી,
વરસ આ સિયે માગસિર માસિ, વીકાનયરિહિ મન ઉલ્હાસિ. (૨૪૮)

ઇતિ આરામસોભા ચઉપ્પઈ સમાપ્તઃ ॥ સંવત્ ૧૬૦૭ વર્ષે, ભાદ્રપદ શુદિ ૧, અલવર મધ્યે લિખતં [પાં]ડે ખેમા આતમપઠનાર્થં ॥ શુભં ભવતૂ ॥ માંગલ્યં દદાતુ ॥ શુભમસ્તુ ॥

ઈ. સ. ૧૫૫૧માં (સંવત ૧૬૦૭) જેની નકલ થઈ છે તેવી આ કૃતિની રચના ઈ. સ. ૧૫૫૧ પહેલાં થઈ હોવાની સંભાવના છે; તે રીતે જોતાં, આ કૃતિમાં, પંદરમા શતકના અંતની અને સોળમા શતકની શરૂઆતની ભાષાનું સ્વરૂપ ઠીક પ્રમાણમાં સચવાઈ રહ્યું છે, તે અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. આપણી ભારતીય લોકકથાઓમાં, 'નાગપંચમી'–(આરામશોભા)ની આ લોકકથા એક જુદી જ ભાત પાડે છે અને તેના મૂળ સંભવિત સ્વરૂપ, અન્ય રૂપાન્તરો અને જુદા જુદા કવિઓની આ જ વિષયની કૃતિઓનું તુલનાત્મક અધ્યયન તેમ જ સમગ્ર કથાનું અર્થઘટન, આ સર્વ વિદ્વાનોના વધુ ઊંડા વ્યાપક સંશોધનની અપેક્ષા રાખે છે.

પ્રો. આલ્સડોર્ફને અંજલિ

અરુણોદય ન. જાની

તા. ૪–૪–'૭૮ના રોજ દિલ્હી યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના Ph.D.ના એક વિદ્યાર્થીનો Viva લેવા માટે હું દિલ્હી ગયો હતો ત્યારે ત્યાંના એક સહકાર્યકર્તા દ્વારા તા. ૨૫–૩–૭૮ના રોજ થયેલા પ્રો. આલ્સડોર્ફના અવસાનના કરુણ સમાચાર સાંભળી ખૂબ ઊંડો આઘાત અનુભવ્યો. મારી બુદ્ધિ આ સમાચારની સત્યતાને સ્વીકારવા કેમે કરી તૈયાર જ થતી નહોતી. છતાં એ એક હકીકત હતી.

પ્રો. લુડ્વિગ આલ્સડોર્ફનો જન્મ જર્મનીના લાઉફેર્સવાઈલર નામના સ્થળે ૮-૮-૧૯૦૪ના દિને થયો હતો. તેમણે ઇન્ડોલોજી, ઇન્ડો–જર્માનિસ્ટિક અને ઇસ્લામ સંસ્કૃતિનો અભ્યાસ હાઈડેલબર્ગ, હામ્બુર્ગ અને બર્લિનની યુનિવર્સિટીઓમાં કર્યો હતો. કુમારપાલપ્રતિબોધ ઉપર મહાનિબંધ રજૂ કરીને હામ્બુર્ગ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.ની ઉપાધિ મેળવી તેમણે ૧૯૨૮માં પોતાના અભ્યાસની પરિપૂર્ણતા કરી.

૧૯૩૦માં તેમણે ભારત, બ્રહ્મદેશ અને સિલોનનો પ્રવાસ કર્યો. આ સમય દરમિયાન લગભગ દોઢથી બે વર્ષ એમણે અલાહાબાદ યુનિવર્સિટીમાં ફ્રેંચ અને જર્મન ભાષાના લેકચરર તરીકે સેવા આપી. સાથે સાથે ત્યાંના સંસ્કૃત પંડિત પાસેથી તેમણે સંસ્કૃત ભાષા, વેદો અને સ્મૃતિ વગેરે ગ્રન્થોનો અભ્યાસ પણ કર્યો હતો. ૧૯૩૫માં તેમણે બર્લિન યુનિવર્સિટીમાં ઇન્ડોલોજી વિષય ઉપર બીજો મહાનિબંધ રજૂ કરીને યુનિવર્સિટી પ્રોફેસરપદની પ્રાપ્તિ માટેની લાયકાત સિદ્ધ કરી, અને ૧૯૩૮ સુધી ત્યાં જ ઇન્ડોલોજીના રીડર તરીકે કાર્ય કર્યું. ૧૯૩૮માં મ્યુન્સ્ટર યુનિવર્સિટીમાં પ્રવેશ કર્યો અને ૧૯૪૨માં પ્રોફેસરનું પદ મેળવ્યું. વચગાળામાં ૧૯૪૧માં તેમણે Foreign Affairsની ઑફિસના ભારત વિભાગમાં Special Officer તરીકે સેવાઓ આપી હતી. ૧૯૪૪માં તેમને બર્લિન યુનિવર્સિટીની Foreign Studiesની ફેકલ્ટીમાં લોકકથા સાહિત્ય (Folklore) અને ભૂગોળના પ્રોફેસર તરીકે આમંત્રણ મળ્યું. ૧૯૪૮થી ૧૯૫૦ સુધી તેમણે મ્યુન્સ્ટરમાં ઇન્ડોલોજીના Visiting Professor તરીકે સેવાઓ આપી. ૧૯૫૦માં તેમના ગુરુ પ્રો. શુબ્રિંગ નિવૃત્ત થતાં તેમને હામ્બુર્ગ યુનિવર્સિટીના ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસ વિભાગના અધ્યક્ષ તરીકે નિમંત્રણ આપવામાં આવ્યું.

બર્લિનમાં પોતાના ગુરુ પ્રો. લ્યુડર્સ પાસે કડકમાં કડક અને પદ્ધતિસરની તાલીમ મેળવીને પ્રો. આલ્સડોર્ફે હામ્બુર્ગમાં આવીને પોતાને જૈનવિદ્યામાં દીક્ષિત કરનાર પોતાના ગુરુ પ્રો. શુબ્રિંગ-ની સંશોધનપ્રવૃત્તિને ચૂસ્તપણે વળગીને પોતાનું અભ્યાસ અને સંશોધનક્ષેત્ર એ દિશામાં આગળ વિકસાવ્યું. પ્રાચીન ભારત અને જૈન વિદ્યાના ક્ષેત્રને તેમણે પસંદ કર્યું. પરન્તુ તેમની અદમ્ય જિજ્ઞાસાએ તેમના અભ્યાસક્ષેત્રને આટલામાં જ મર્યાદિત ન રાખતા, ભારતીય ભાષાશાસ્ત્ર,

બૌદ્ધવિદ્યા (ખાસ કરીને પાલિમાં લખાયેલા અને દાક્ષિણાત્ય તરીકે ઓળખાતા બૌદ્ધગ્રન્થો), Epigraphy (ખાસ કરીને અશોકના શિલાલેખો), વૈદિક ભાષાશાસ્ત્ર, વર્તમાન ભારતીય ભાષાઓ અને તેમનું ભાષાશાસ્ત્ર તથા ભારતના રાજનૈતિક અને સાંસ્કૃતિક ઇતિહાસ ઇત્યાદિ ક્ષેત્રો પણ આવરી લીધાં.

પ્રો. આલ્સડોર્ફે કાં તો કૉન્ફરન્સમાં હાજરી આપવા યા કાંઈ સેમિનારમાં ભાગ લેવા અથવા બીજા કોઈ સાંસ્કૃતિક પર્યટન અંગે ભારતની ઓછામાં ઓછી પંદર વખત મુલાકાત લીધી હતી. આને પરિણામે વર્તમાન ભારતના ઐતિહાસિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક પ્રશ્નોને સમજવાની એક ઊંડી અને સહાનુભૂતિપૂર્ણ સમજ તેમનામાં સ્વાભાવિક રીતે જ પ્રગટ થઈ હતી. તેમનું વર્તમાન ભારતનું જ્ઞાન પણ સર્વતોગ્રાહી અને સંપૂર્ણ હતું.

જર્મનીમાં ભારતીય વિદ્યાના ક્ષેત્રમાં તેઓ એક અને અદ્વિતીય વિદ્વાન હોવાથી તેમની વિદ્વત્તા અને સંશોધનની કદર અનેક સંસ્થાઓએ આદરપૂર્વક કરી હતી. આમ ૧૯૫૦થી તેઓ માઈન્ત્સની વિજ્ઞાન અને સાહિત્યની એકેડેમીના સભ્યપદે લેવાયા હતા. ૧૯૬૨થી ૧૯૭૪ સુધી તેઓ એશિયાઈ સંસ્કૃતિ નામની ઇન્સ્ટિટ્યૂટના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ૧૯૫૮થી તેઓ યોઆખિમ યુંગિઉસ નામની વિજ્ઞાન સંસ્થાના પણ સભ્ય હતા. ૧૯૫૯થી તેઓ જર્મનીમાં આવેલ યુનેસ્કો કમિશનના સભ્ય નિમાયા હતા અને છેક ગયા વર્ષે તેમને ઑસ્ટ્રિયાની વિજ્ઞાન સંસ્થાએ પ્રતિનિધિ સભ્યપદ આપ્યું હતું.

૧૯૭૪માં જ્યારે તેઓ દિલ્લીની જૈન વિશ્વભારતી દ્વારા ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયંતી પ્રસંગે યોજાયેલા સેમિનારમાં જર્મન પ્રતિનિધિ તરીકે ભાગ લેવા પધાર્યા ત્યારે ત્યાંના જૈન સંઘે "જૈનવિદ્યા–મનિષી"ની ઉપાધિ આપી તેમનું યોગ્ય બહુમાન કર્યું હતું. આ તેમની ભારતની પંદરમી મુલાકાત હતી. આ પ્રસંગે તેમણે નીચે પ્રમાણે શબ્દો ઉચ્ચાર્યા હતા : "હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી ભારતીય–વિદ્યાવિદ્ રહીશ. મારું કામ કદાપિ પૂર્ણ થવાનું નથી." આ શબ્દોમાં તેમનો ભારત પ્રત્યેનો અખૂટ પ્રેમ દેખાય છે અને તેમની લાગણીની સચ્ચાઈનો રણકો પણ આપણને તેમાં સંભળાય છે. (વધુ વિગત માટે જુઓ 'German News' Vol. XVI, No. 20, 15–11–1974, પૃ. ૧૪).

પ્રો. આલ્સડોર્ફનું સર્વતોમુખી પાંડિત્ય, ઊંડી સંશોધનસૂઝ અને સંપૂર્ણ સજ્જતાને કારણે Critical Pali Dictionary તૈયાર કરવાના સુપ્રસિદ્ધ આંતરરાષ્ટ્રિય પ્રોજેક્ટની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી, અને તેના મુખ્ય સંપાદક તરીકે તેમણે એ જવાબદારી અદા કરવા જીવનના છેલ્લા શ્વાસ સુધી તનતોડ મહેનત કરી હતી.

આ તો થઈ પ્રો. આલ્સડોર્ફની એક વિદ્વાન અને સંશોધક તરીકેની વાત. પરન્તુ પ્રો. આલ્સડોર્ફ એક માનવ તરીકે પણ અત્યંત પ્રેમાળ અને સ્પૃહણીય સજ્જન હતા. એમના હાથ નીચે તૈયાર થયેલા તેમના વિદ્યાર્થીઓ અને એમના સંપર્કમાં આવેલા સહકાર્યકર્તાઓ, મિત્રો અને પ્રશંસકો તેમના પ્રત્યે અત્યંત માન અને ગૌરવ વ્યક્ત કરતા. તેઓના દિલમાં તેમનાં અનેક મધુરાં સ્મરણો સદા તાજાં જ રહેશે. ૧૯૫૭–૫૮માં હુમ્બોલ્ટ ફાઉન્ડેશનની સ્કોલરશિપ મેળવીને હું હામ્બુર્ગ યુનિવર્સિટીમાં તેમના ચરણે જર્મન સંશોધન પદ્ધતિનો અભ્યાસ કરવા માટે રહ્યો

હતો, ત્યારે મને તેમનામાં પ્રેમાળ પિતાનાં દર્શન અને અનુભવ થયાં હતાં. માત્ર અભ્યાસની બાબતમાં જ નહિ પરન્તુ અભ્યાસેતર જીવનમાં પણ તેઓ પોતાનાં અમૂલ્ય સૂચનો મને આપતા રહેતા. હામ્બુર્ગની શિયાળાની કડકડતી ઠંડીમાં મારે કયા પ્રકારનાં વસ્ત્રો પહેરવાં અને બરફ પડે ત્યારે પગ લપસી ન જાય તે માટે વિશિષ્ટ પ્રકારનાં કેવા બૂટ પહેરવા તેનાં પણ સૂચનો મને આપ્યાં હતાં. મારી સાથે એ જ વિષયનો અભ્યાસ કરનાર શાંતિનિકેતનના ડૉ. મલ્લિક અને મારે માટે તેમણે એક વિશિષ્ટ અભ્યાસક્રમ તૈયાર કર્યો હતો અને અમને ભાષાની મુશ્કેલી ન નડે તે માટે અપવાદ તરીકે અંગ્રેજીના માધ્યમ દ્વારા તેઓ અમને શિખવતા. ૧૯૭૩માં હુમ્બોલ્ટ ફાઉન્ડેશનને મારે માટે ખાસ ભલામણ કરીને મને ફરીથી બે માસ માટે જર્મની જઈ ૧૯૫૮ થી ૧૯૭૨ સુધીના ગાળામાં થયેલી સંશોધન પ્રવૃત્તિથી મને વાકેફગાર કરવા માટે અને તેમના સહ-કાર્યકર્તાઓ તથા જર્મનીની અન્ય યુનિવર્સિટીઓના ભારતીયવિદ્યાના પ્રોફેસરોનો સંપર્ક થાય એ હેતુથી તેમણે આમંત્રણ અપાવ્યું હતું.

પ્રો. આલ્સડોર્ફ ભલે આજે આપણી વચ્ચે નથી પરન્તુ તેમનો વિપુલ અક્ષરદેહ આપણને બધાને અનેક રીતે પ્રેરણાદાયી નિવડશે. પ્રો. આલ્સડોર્ફના જર્મનદેહમાં ભારતીય આત્માનો નિવાસ હતો એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નથી. જન્મે જર્મન છતાં વ્યવસાયે અને વિદ્યાકીય સંબંધે ભારતીય એવા પ્રો. આલ્સડોર્ફના આત્માને કોટિ કોટિ વંદન. *

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને સદ્દગતિ અર્પે એ જ પ્રાર્થના.

(પ્રો. આલ્સડોર્ફના ગ્રન્થો અંગે–તેમના ૭૦મા જન્મદિને તેમના લેખો, ભાષણો વગેરેનો જર્મનીની ગ્લાસેનાપ સંસ્થાની આર્થિક મદદથી પ્રગટ થયેલો અને તેમને અર્પિત થયેલો અભિનંદન ગ્રંથ જોવા માટે વાચકોને વિનંતિ છે. સ્થળસંકોચને કારણે તેમના ગ્રંથોની યાદી અત્રે ન છૂટકે આપી નથી.)

---

* પ્રો. આલ્સડોર્ફનો ફોટો તથા તેમની માહિતી મોકલવા માટે દિલ્હીમાં આવેલી જર્મન એમ્બસીના કલ્ચરલ એટેચી કુ. હુફવિત્સનો તથા હામ્બુર્ગ યુનિવર્સિટીની સેનેટ તથા પ્રાચ્યવિદ્યા વિભાગ દ્વારા પ્રો. આલ્સડોર્ફને જર્મન ભાષામાં અપાયેલી નિવાપાંજલિની પ્રત મોકલવા માટે મારા મિત્રો પ્રો. ડૉ. બ્રૂન (બર્લિન યુનિવર્સિટી) અને ડૉ. આઈમર (બૉન યુનિવર્સિટી)નો આભાર માનું છું.

ગ્રન્થાવલોકન

The Jaya-Saṁhitā i.e. The UR-Mahābhārata, Vols. I-II : સંકલનકાર—પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી; પ્રકાશક—ગુજરાત રિસર્ચ સોસાયટી, ખાર, મુંબઈ-૫૨ અને પાલડી, અમદાવાદ-૭; કુલ પૃષ્ઠ ૮૦૦+૩૦+૧૨; બંને ભાગનું મળી મૂલ્ય પચાસ રૂપિયા.

મહાભારત એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો સર્વસંગ્રહ છે અને 'શતસાહસ્રી સંહિતા' એ નામ એની વિશાળતા, વ્યાપકતા અને મહત્તાને સાર્થક ઠરાવે છે. व्यासोच्छिष्टं जगत सर्वं એ સુપ્રસિદ્ધ ઉક્તિ અને મહાભારતમાંનો જ એક શ્લોક—

धर्मे अर्थे च कामे च मोक्षे च भरतर्षभ ।
यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् ॥

એ મહાગ્રન્થની સર્વસંગ્રહાત્મકતાનાં સૂચક છે.

પરન્તુ એ સ્વીકૃત હકીકત છે કે એ પ્રાચીન ઇતિહાસકાવ્યમાં ક્રમે ક્રમે ઉમેરા, વિસ્તાર અને પ્રક્ષેપ થતા રહ્યા છે અને એ રીતે એ ગ્રન્થ વિરાટ સ્વરૂપ પામ્યો છે; એની એ ઉક્ત અને દક્ષિણની મડપરંપરાઓ વિકસી છે અને એમાં પણ પારસ્પરિક મિશ્રણ અને પ્રક્ષેપો થતા રહ્યા છે. પૂનાના ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટે અનેક વિદ્વાનોના સહકારથી તૈયાર કરેલી, મહાભારતના 'ખિલ' અથવા પરિશિષ્ટ ગણાતા 'હરિવંશ' સમેત મહાભારતની સમીક્ષિત વાચનામાં ૭૮,૬૭૫ શ્લોકો છે; સેંકડો પ્રક્ષેપો એમાં અલગ કરી દેવામાં આવ્યા છે, પણ પ્રાપ્ત હસ્તપ્રતોને આધારે, નિશ્ચિત તુલનાત્મક સંપાદનપદ્ધતિ અનુસાર, તૈયાર કરેલી એ વાચના હોઈ મહાભારતના મૂલ 'ભારત' અથવા 'જય' કાવ્યનું સ્પષ્ટ દર્શન એમાં થાય નહિ એ સ્વાભાવિક છે. મહાભારતના આ પ્રાચીનતમ પૂર્વ-રૂપનું, Mahābhārataનું અર્થાત્ 'જય' સંહિતાનું પુનર્ઘટન (Reconstruction) ઉપર્યુક્ત સમીક્ષિત વાચનાને આધારે શ્રી. કેશવરામ શાસ્ત્રીએ આ બે ગ્રન્થોમાં રજૂ કરવાનો પુરુષાર્થ કર્યો છે અને તેમાં સંશોધકીય પરિશ્રમ તેમ જ એને અનુરૂપ કલ્પનાશક્તિનો વિનિયોગ કર્યો છે.

સંશોધન તેમ જ સંપાદનના આ વિશિષ્ટ કાર્યનો પરિચય થાય એ રીતે એની વિગતો સંક્ષેપમાં જોઈએ. મહાભારતના આદિપર્વના અનુક્રમણિ-પર્વમાં મ.ભા.ના પૂર્વરૂપ 'ભારત' સંહિતામાં ચોવીસ હજાર શ્લોકસંખ્યા હોવાનો ઉલ્લેખ છે.

चतुर्विंशतिसाहस्रीं चक्रे भारतसंहिताम् ।
उपाख्यानैर्विना तावद् भारतं प्रोच्यते बुधैः ॥

આ ઉલ્લેખને આધારે ડચ વિદ્વાન સોરેન્સન, જેમણે મહાભારતની સૂચિ તૈયાર કરી છે તેમણે સને ૧૮૮૩ અને ૧૮૯૪ની વચ્ચે 'ભારત' સંહિતાનું પુનર્ઘટન કરવાનો પ્રયત્ન કર્યો હતો અને એમની એ સંકલનામાં આશરે ૨૭,૦૦૦ શ્લોકો હતા એમ મહાભારતની સમીક્ષિત વાચનાના

પ્રથમ સંપાદક ડૉ. સુકઠણકર નોંધે છે. સોરેન્સનનું યુવાન વયે અવસાન થયું. અને તેમણે સંકલિત કરેલા 'ભારત' સંહિતાના શ્લોકોનું પછી શું થયું એ જાણવામાં આવ્યું નથી.

'ભારત' સંહિતાનું એ સંકલનના સોરેન્સને મ.ભા.ની પ્રચલિત (vulgate) પાઠ-પરંપરાને આધારે કર્યું હતું, અને એમાંની શ્લોકસંખ્યા અનુક્રમણિ-પર્વમાંના ઉપર્યુક્ત શ્લોકમાં જણાવેલ સંખ્યાથી થોડીક જ વધારે હતી. પ્રસ્તુત 'જય'-સંહિતાની અંગ્રેજી પ્રસ્તાવના (પૃ. ૮-૧૬)માં શ્રી કેશવરામ શાસ્ત્રીએ, સમીક્ષિત વાચનાને આધારે, 'ભારત' સંહિતાની પર્વવાર શ્લોકસંખ્યા ગણીને કુલ ૨૩,૨૮૨ શ્લોકનો અંદાજ આપ્યો છે, અને આ માટે તેમણે સ્વીકારેલાં આ ધોરણોનો પરિચય કરાવ્યો છે. મ.ભા.માં જ અનેક સ્થળે એ મહાગ્રન્થને 'આખ્યાન' કહેવામાં આવ્યો છે (પ્રસ્તાવના, પૃ. ૧૩); તદનુસાર બોધાત્મક અને પૌરાણિક અંશો ગાળી નાખીને એનું આખ્યાન-સ્વરૂપ તારવવાનો પ્રયત્ન થયો છે અને તેમાંની શ્લોકસંખ્યા અનુક્રમણિ-પર્વમાં ઉલ્લિખિત સંખ્યાને અનુરૂપ છે, પણ પ્રસ્તુત ગ્રન્થમાં શાસ્ત્રીજીનો ઉદ્દેશ 'જય' સંહિતાનું સંકલન કરવાનો હોઈ 'ભારત' સંહિતાના શ્લોકોનો માત્ર નિર્દેશ કરી તેમણે સંતોષ માન્યો છે.

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ॥

એ મ.ભા.ના પ્રથમ શ્લોકમાંનો 'જય' શબ્દ મ.ભા.ના મૂલભૂત ઇતિહાસકાવ્ય 'જય' અથવા 'જય' સંહિતાનો નિર્દેશ કરે છે. ચિત્રશાળા પ્રેસની, મ.ભા.ની આવૃત્તિ (આદિપર્વ ૧-૮૧)માં ૮૮૦૦ શ્લોકવાળી કૃતિનો નિર્દેશ છે તે 'જય'નો સંભવે છે—

अष्टौ श्लोकसहस्राणि अष्टौ श्लोकशतानि च ।
अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति क न वा ॥

(ભારતીય પંડિતોમાં એક પ્રચલિત માન્યતા છે કે આ ૮,૮૦૦ શ્લોકો મ.ભા.ના કૂટ શ્લોકોનો નિર્દેશ કરે છે, પણ સમીક્ષિત વાચનામાં તો કૂટ શ્લોકો નથી.) સમીક્ષિત વાચનામાં પ્રસ્તુત શ્લોકને પ્રક્ષેપ ગણવામાં આવ્યો છે, પરન્તુ સમીક્ષિત વાચના જેટલો તે પ્રાચીન ન હોય તોપણ અનેક હસ્તપ્રતોમાં તે મળતો હોઈ એની પાછળ કોઈ જૂની પરંપરા રહેલી છે એમાં શંકા નથી. 'ભારત' સંહિતાના ઉપર સૂચવેલા ત્રેવીસ હજાર કરતાં વધારે શ્લોકોમાંથી 'જય' સંહિતાના શ્લોકો સંકલિત કરવાનો પ્રયત્ન શાસ્ત્રીજીએ આ બે ગ્રન્થોમાં કર્યો છે. 'ભારત' સંહિતા આખ્યાન છે તો 'જય' સંહિતા ઇતિહાસ છે અને એમાંના શ્લોકોની સંકલના આખ્યાન પદ્ધતિનાં વર્ણનાદિને બાકાત રાખીને, ઇતિહાસકાવ્ય તરીકે કરવામાં આવી છે અને સંકલનકારે એ કાર્યની ભૂમિકારૂપ પોતાની દૃષ્ટિ અને પદ્ધતિનો પરિચય આપ્યો છે (પ્રસ્તાવના, પૃ. ૨૧-૨૪). સમીક્ષિત વાચનામાંના ૮,૮૦૧ શ્લોક તેમણે 'જય' સંહિતામાં સ્વીકાર્યા છે, જે પૂર્વોક્ત પરંપરાગત શ્લોકમાં નિર્દિષ્ટ સંખ્યાને અનુરૂપ છે. શાસ્ત્રીજી માને છે કે ભગવદ્ગીતા એ મ. ભા.નો ભાગ હોય કે ન હોય, પણ 'ભારત' સંહિતામાં એ નથી અને 'જય' સંહિતામાં તો ન જ હોય, (પ્રસ્તાવના, પૃ. ૧૫).

વળી મ.ભા.ના મૂલભૂત ઇતિહાસકાવ્ય 'જય'નો વંશવિસ્તાર શાસ્ત્રીજી આમ ગોઠવે છે: ૮,૮૦૦ શ્લોકની 'જય' સંહિતા રાજા જનમેજય અને ઋષિ વૈશંપાયનના સમય જેટલી પ્રાચીન હશે. સંભવતઃ વૈશંપાયને 'ભારત'સંહિતારૂપે વિસ્તાર કર્યો હોય; એની શ્લોકસંખ્યા ૨૪૦૦૦ આસપાસની હશે. એ પછી એનો મ.ભા. રૂપે પ્રસ્તાર થયો; એની શ્લોકસંખ્યા ૭૮૬૭૫ (સમીક્ષિત વાચનાની શ્લોકસંખ્યા) કરતાં ઓછી—એમાંથી ભગવદ્ગીતા, વિદુરનીતિ, સનત્સુજાતીય, શાન્તિપર્વ, અનુશાસનપર્વ, અનુગીતા આદિ ઉત્તરકાલીન ખંડકો બાદ કરીએ એટલી હોય. આ પછી છેલ્લી અને ચોથી પાઠપરંપરા હરિવંશ સર્વસંગ્રહાત્મક મહાપુરાણરૂપે મ.ભા.ની છે. મ.ભા.ની આ ચોથી ભૂમિકા વાલ્મીકિ રામાયણ પછીની છે, પણ રામાયણ એક કૃતિ તરીકે 'જય' અને 'ભારત'ની પછીનું મ.ભા.ના પાણિનિકાલીન પ્રાક્તમ સ્વરૂપની એ પછીનું છે (પ્રસ્તાવના, પૃ. ૨૩-૨૪).

આલંકારિક વર્ણનો કે ઉપદેશાત્મક ખંડકો વિના સળંગ સાદા ઇતિહાસકાવ્ય તરીકે વાંચી શકાય એ રીતે 'જય'સંહિતાની સંકલના કરવામાં આવી છે અને સમીક્ષિત વાચના સાથેનો સંબંધ અભ્યાસી વાચક તત્કાળ જોડી શકે એ પ્રકારની એની મુદ્રણયોજના છે. સમીક્ષિત વાચનાના કેટલાક પાઠો શાસ્ત્રીજીએ, એ જ વાચનામાંનાં પાઠાંતરોને આધારે, સુધાર્યા છે; કેટલાક પાઠો સંદર્ભ જોઈને પોતાની ઔચિત્ય બુદ્ધિ અનુસાર ફેરવ્યા છે. પણ એ સર્વ ફેરફારોનો નિર્દેશ *ફૂદડીના ચિહ્નથી કર્યો છે અને અભ્યાસીની સરળતા ખાતર એની અલગ સૂચિ પણ આપી છે.

૧૦૧ શ્લોકની ઙ-ઙ-Gītā શાસ્ત્રીજીએ કલ્પેલું ગીતાનું મૂળરૂપ-શતશ્લોકી ગીતા પરિશિષ્ટમાં છે, એ રસપ્રદ છે, પણ સર્વસ્વીકૃત થશે કે કેમ એ પ્રશ્ન છે. 'જય' સંહિતાના પરિશિષ્ટરૂપે એની જરૂર ખરી? અભ્યાસના પરિપાક રૂપ પ્રસ્તાવનાનું અંગ્રેજી પરિમાર્જિત થયું હોત તો સારું.

'જય'સંહિતાના આ બે ગ્રન્થો શાસ્ત્રીજીના અવિરત પરિશ્રમ, અદ્ભુત ઉત્સાહ અને નિરંતર સ્વાધ્યાયના દ્યોતક છે. એ સંકલિત કરવા માટે શાસ્ત્રીજી અને પ્રગટ કરવા માટે ગુજરાત રિસર્ચ સોસાયટી બંને હાર્દિક અભિનંદનના અધિકારી છે.

'જય'સંહિતાના પુનર્ઘટન નિમિત્તે આ ક્ષેત્રના વિદ્વાનોમાં સંબદ્ધ વિષયો પરત્વે વિશેષ ભાવે તત્ત્વ બોધાત્મક વાદ અને ચર્ચાવિચારણા થાય એ ઇષ્ટ છે.

ભોગીલાલ જ. સાંડેસરા

* * *

ડૉ. પ્રબોધ પંડિત: લે. શાન્તિભાઈ આચાર્ય, પ્ર. કુમકુમ પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૧૫૨, કિં. રૂ. ૧૦

ડૉ. રમણલાલ જોશી-સંપાદિત ગુજરાતી ગ્રંથકાર શ્રેણીની આ બીજી પુસ્તિકા છે. ડૉ. પંડિતના અવસાન પછી થોડા સમયે જ આ પુસ્તિકા તૈયાર થયેલી હોઈ એને સમયોચિત પ્રકાશન

તરીકે પણ જોઈ શકાય. પુસ્તકના પહેલા પ્રકરણ પર આ સમયસંદર્ભની છાપ પડેલી જોઈ શકાય છે. જીવનવિષયક આ પ્રથમ પ્રકરણમાં ડૉ. પંડિતના ઘડતરમાં ભાગ ભજવનાર પરિબળોનો ખ્યાલ આપીને અટકવાનું શ્રી આચાર્યે જરૂરી માન્યું નથી. એમણે ડૉ. પંડિત વિશેની શકય તેટલી માહિતી એકઠી કરી એની નાનકડી પણ વિગતભરી જીવનરેખા આપવાનો એમાં પ્રયાસ કર્યો છે—આવી કોઈ જીવનરેખાના અભાવે પણ તેમને આમ કરવા પ્રેર્યા હોય. આ જીવનરેખાના આલેખનમાં શ્રી આચાર્યે પોતાની કલમને છૂટી વહેવા દીધી છે—કેટલીક ઝીણીઝીણી વિગતો નોંધી છે (જેમ કે, "એ કાળે તે મકાન ઉપર દેશી નળિયાં હતાં"—પૃ. ૫) અને કૌતુકવૃત્તિને સંતોષે એવા કિસ્સાઓ પણ વર્ણવ્યા છે. (જેમકે, પરીને મળવા બાળકોએ યોજના કરેલી તે પ્રસંગ—પૃ. ૭). થોડો વાર્તારસ આવવા દીધો છે અને પુનરુક્તિ પણ સાવ ટાળી નથી. પૃ. ૫ પર એક જ પેરાના અંતરે આવતાં નીચેનાં વાકયો જુઓ :

"પ્રબોધભાઈના જન્મ વખતે તેમના પિતાશ્રી પંડિત બેચરદાસજી આ વિદ્યાપીઠમાં સેવાઓ આપતા હતા."

"આવા રાષ્ટ્રીયતાના અને વિદ્યાના રંગે રંગાયેલા કુટુંબમાં પ્રબોધભાઈનો જન્મ. પંડિત બેચરદાસજી આ સમયે ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક હતા."

શ્રી આચાર્ય પુસ્તકની માહિતીની અધિકૃતતાની છાપ પાડવાના લોભમાં પણ ક્યારેક પ્રસ્તાર વહોરી લે છે એમ લાગે છે. પૃ. ૧૧ પર મુનિ જિનવિજયજીનું ઉદ્ધરણ આપ્યું છે તે જુઓ. એમાંની વિગતો પોતાના વક્તવ્યમાં શ્રી આચાર્ય વધારે સરળતાથી ગૂંથી લઈ શકયા હોત; ઉદ્ધરણ અનિવાર્ય નહોતું.

માહિતીના આધારો શ્રી આચાર્યે કયાંક—કયાંક દર્શાવ્યા છે, કયાંક—કયાંક દર્શાવ્યા નથી, 'માહિતી પ્રાપ્ત થાય છે' એમ કહી છોડી દીધું છે. એ રીતે આ બાબતમાં એકવાકયતા રાખી શકાઈ નથી, છતાં અનધિકૃત કશું પ્રવેશી ન જાય એની ચોકસાઈ લેખકે રાખી છે એવી છાપ પડયા વિના રહેતી નથી. આ રીતે આ પ્રકરણ એક ઉપયોગી દસ્તાવેજ બની રહે છે. ડૉ.પંડિતની નિર્ભયતા, સ્વસ્થતા, સચ્ચાઈ, જીવનરાહની સ્પષ્ટતા વગેરે કેટલુંક અહીં જીવન-પ્રસંગોની સહાયથી અસરકારક રીતે ઉઠાવ પામ્યું છે.

હકીકતોની એક-બે ગરબડો પ્રત્યે લક્ષ ખેંચવું જોઈએ. ઓતમબા પ્રબોધભાઈને શું થાય એ વિશે પુસ્તકમાં વિરોધી ઉલ્લેખો મળે છે. એક વાર ઓતમબાને 'પ્રબોધભાઈનાં માતામહી' (પૃ. ૬ પં. ૩) કહ્યા પછી લેખક એમને પ્રબોધભાઈનાં 'દાદી' તરીકે (પૃ. ૬ પં. ૫, પૃ. ૭ પં. છેલ્લી, પૃ. ૧૩ પં. ૩), અને અજવાળીબાનાં સાસુ તરીકે (પૃ. ૯, પૃ. ૧૩) ઓળખાવે છે તેમ જ પ્રબોધભાઈને એમના 'પૌત્ર' (પૃ. ૯) કહે છે. આમાં કયાંક સરતચૂક છે એ તો સ્પષ્ટ છે. પ્રકરણને અંતે ભાષાવિજ્ઞાનના વિકાસનો અને ઐતિહાસિક-તુલનાત્મક ભાષાશાસ્ત્રની પરંપરાનો ટૂંકો ઇતિહાસ આપ્યો છે (મને એ આ સ્વરૂપે અહીં આવશ્યક લાગ્યો નથી) તેમાં પણ એક બે નાનકડા હકીકતદોષ જણાય છે. સર વિલિયમ જોન્સે ગ્રીક, લૅટિન અને સંસ્કૃત એ ત્રણે ભાષાઓનું મૂળ એક હોવાની ધારણા પોતાના જે ભાષણમાં રજૂ કરી હતી તે ભાષણ 'આ વિશે'નું હોવાનું કહેવું અને એમણે આ ત્રણે ભાષાઓ તેમજ અન્ય જર્મેનિક અને કેલ્ટિક ભાષાઓ વચ્ચેનો

ઐતિહાસિક સંબંધ ' પ્રસ્થાપિત ' કરી આપ્યો એમ વર્ણવવું બરાબર નથી. સર વિલિયમ જોન્સને આ ભાષાઓ વચ્ચે એવી મૂળભૂત સમાનતા જણાયલી કે એ એક મૂળમાંથી ઉદ્ભવેલી હોવાની એમણે અટકળ કરેલી. એમણે આ ભાષાઓની તુલના કરીને કશું સ્થાપિત કરી આપ્યું નહોતું. એ વ્યવસાયી ભાષાશાસ્ત્રી નહોતા, એમનું વ્યાખ્યાન પણ આ વિષયનું નહોતું. ઇન્ડો-યુરોપિઅન હાઇપૉથિસિસ તરીકે ઓળખાતી આ અટકળ એક પ્રાસંગિક ઉદ્ગાર રૂપે આવેલી હતી, પણ એ એટલીબધી ફલપ્રદ બની કે એને ઐતિહાસિક મહત્ત્વ મળ્યું. એમનું વિધાન આ પ્રકારનું પહેલું વિધાન હતું, અને પછીનાં સંશોધનોએ એમના એ વિધાનને સંપૂર્ણપણે સાચું ઠેરવ્યું.

પછીનાં પ્રકરણોમાં શ્રી આચાર્યે ડૉ. પંડિતની ભાષાવૈજ્ઞાનિક વિચારણાનું જુદા જુદા વિષય વિભાગો કરીને દોહન આપ્યું છે: ઐતિહાસિક-તુલનાત્મક ભાષાવિચારણા, અર્વાચીન ગુજરાતીને પ્રદાન, બોલીવિચારણા, યાંત્રિક તથા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં ભાષાવિચારણા, સામાજિક સંદર્ભમાં ભાષાવિચારણા, પ્રકીર્ણ વિચારણા. આ દોહન પાછળ શ્રી આચાર્યનો અપાર અભ્યાસક્રમ પડેલો છે એ દેખાઈ આવે છે, કેમ કે એમણે ડૉ. પંડિતની સઘળી વિચારસામગ્રીને આવરી લેવાનો એક સબળ પુરુષાર્થ અહીં કર્યો છે. ગ્રંથો તેમ જ લેખો રૂપે પ્રકાશિત સઘળી સામગ્રી તો એમણે પ્રાપ્ત કરી જ છે, પણ હસ્તલેખો રૂપે કે છાપાના અહેવાલો રૂપે પડેલી સામગ્રીને પણ એમણે છોડી નથી. દરેકનો સ્વતંત્ર ઉલ્લેખ કર્યો છે અને ડૉ. પંડિતના સંશોધનવિચારની એક નાનકડી વિગત પણ જતી કરવાનું એમણે ઇચ્છ્યું નથી. એટલે આપણને અહીં ડૉ. પંડિતની કામગીરીનો અત્યંત બારીક વિગતપ્રચુર અહેવાલ મળે છે. પુસ્તકને અંતે જો વિગત-વિષયસૂચિ હોત તો કઈ બાબતમાં ડૉ. પંડિતે શું કહ્યું છે એ જાણવા માટે એક સંદર્ભગ્રંથની ગરજ સારે એવું આ પુસ્તક બન્યું છે. લેખકે પોતાનું નિરૂપણ કેટલું અશેષ કરવા તાક્યું છે એનો ખ્યાલ તો એ પરથી આવશે કે ડૉ. પંડિતે સંપાદિત કરેલ ' લિંગ્વિસ્ટિક્સ ઍન્ડ ઇંગ્લિશ લૅંગ્વેજ ટીચિંગ 'માં રજૂ થયેલી પરિસંવાદસામગ્રીનું પણ લેખકે દોઢેક પાન ભરીને તારણ આપ્યું છે. વિગતનિષ્ઠા આત્યંતિક હદે પહોંચી હોય એવાં ઉદાહરણો પણ પુસ્તકમાંથી મળી રહે છે. જેમકે " આ અહેવાલના પ્રારંભમાં ડૉ. પંડિત ક્ષેત્રકાર્યનું ખર્ચ આપવા માટે ગુજરાત સંશોધન મંડળનો, અને ભીલી વિસ્તારોમાં પ્રવાસની સુવિધાઓ કરી આપવા માટે ભીલ સેવા મંડળનો આભાર માને છે. " (પૃ. ૭૮)

આ વિચારસંદોહન છે, વિચારચર્ચા નથી. ક્વચિત ' મતભેદને અવકાશ છે ' એવો ઉલ્લેખ લેખકે કર્યો છે. " તેમની બોલીવિષયક વિચારણા અન્ય મુદ્દાઓની સરખામણીએ નબળી ગણાય " એવું નિરીક્ષણ પણ કર્યું છે, તેમ છતાં મતભેદના મુદ્દાઓ લેખકે આપ્યા નથી અને કશી સાધકબાધક ચર્ચામાં એ ઊતર્યા નથી. ડૉ. પંડિતનાં પુસ્તકો વગેરેની સમીક્ષા થયેલી છે તેમાં આવા કેટલાક મુદ્દાઓ પડેલા છે. એનો ઉપયોગ કરીને ડૉ. પંડિતની વિચારણાને જુદા પરિપેક્ષ્યમાં મૂકી શકાઈ હોત પણ આ લેખકે એમ કરવા ધાર્યું નથી. ડૉ. પંડિતને જ વફાદારીપૂર્વક રજૂ કરવામાં એમણે સંતોષ માન્યો છે.

આ વિચારસંદોહનની બે મોટી મર્યાદાઓ છે એ તરફ લક્ષ ખેંચવું જોઈએ. એક તો, વિગતપ્રચુરતાને કારણે મહત્ત્વના મુદ્દાઓને મોકળાશથી રજૂ કરી શકાયા નથી અને એના તરફ ધ્યાન

યોગ્ય રીતે કેન્દ્રિત કરી શકાયું નથી. લેખક આપણી જૂની સમીક્ષાપદ્ધતિએ ચાલ્યા છે. એમણે ડૉ. પંડિતના દરેક લખાણનો સાર એમના વિષયક્રમમાં જ લગભગ એક પછી એક મુદ્દો એમ કરીને આપ્યો છે. મુખ્ય પ્રતિપાદનો અને એના પેટામાં ગૌણ વિગતો એવી વ્યવસ્થા ખાસ થઈ શકી નથી. આથી વાચક માહિતી અને વિચારની અટવીમાં ખોવાઈ જાય એવી સ્થિતિ બની આવી છે.

બીજું, વિષય એટલો બધો શાસ્ત્રીય છે કે યોગ્ય અને પૂરતાં દૃષ્ટાંતોની સહાય વિના વિધાનોને સમજવાં જ મુશ્કેલ બને. અહીં એટલાં બધાં વિધાનો અને નિરીક્ષણોની નોંધ છે કે એમને દૃષ્ટાંતોથી સમજાવવાં અશકયવત જ હતું. એ જાતનું નિરૂપણ તો પછી મૂળ લખાણનું જ સ્વરૂપ લઈ લે. એટલે શ્રી આચાર્યે ઘણેભાગે દૃષ્ટાંતો વિના ચલાવ્યું છે અને એ કારણે ઘણું બધું અદ્ધર અસ્પષ્ટ રહી જતું ભાસે છે. આનાં ઉદાહરણો આપવાની હું જરૂર જોતો નથી, કેમ કે પુસ્તકનું કોઈપણ પાનું ઉઘાડતાં આવાં ઉદાહરણો મળી આવે એમ છે. એટલું જ નહીં, કેટલીક વાર તો દૃષ્ટાંતથી પણ ખાસ સહાય મળતી જણાતી નથી, કેમકે દૃષ્ટાંત પણ સમજાવવું જરૂરી હોય છે, એને નોંધવામાત્રથી કંઈ અર્થ સરતો નથી. આનું એક ઉદાહરણ હું ટાંકું :

"આ પછીથી 'મૉડેલ વર્ગ ફ્રેઝીઝ'ની ચર્ચા હાથ ધરી છે. ક્રિયાપદના વાકયમાંના અન્વયમાં ક્રિયારૂપોનું એક જૂથ બીજા સભ્ય તરીકે આવી શકે તેને આવી રચના કહેવાય. અન્યત્ર તે પ્રથમ સભ્ય તરીકે હોય છે. ત્યાં તે સાદાં ક્રિયાપદો છે. જ્યારે અહીં મૉડેલ. ઉ. ત. 'પૂછ' અને 'માગ', છોકરો પૂછ–વા માગે–છે વાકય તેનું ઉદાહરણ તેનું ઉદાહરણ."

દેખીતી રીતે જ 'છોકરો પૂછ–વા માગે–છે' એ વાકય ટાંકવાથી કશો ખુલાસો થતો થથી. પ્રથમ સભ્ય તરીકેનો પ્રયોગ અને બીજા સભ્ય તરીકેનો પ્રયોગ જુદા પાડી આપવા જોઈએ. (અહીં મૉડેલ–model કે નહીં પણ મૉડલ–modal હોવું જોઈએ એમ સમજાય છે).

વિગતપ્રચુર સામગ્રી, શાસ્ત્રીય પરિભાષા, દૃષ્ટાંતો અને સમજૂતીનો અભાવ—આ બધાંને કારણે વાંચતાંવાચતાં ઠેરઠેર થોભવું પડે અને અંતે વાચન કલેશકર બને એવી સ્થિતિ અહીં ઊભી થઈ છે. એક તો આપણે ત્યાં આ વિષયમાં રસ લેનાર વર્ગ ઓછો છે, સમજનાર એથીયે ઓછો, ત્યાં નિરૂપણ કિલષ્ટ બને તે સામગ્રી આ કેટલા લોકો સુધી પહોંચી શકે? આવો સઘન અભ્યાસ સાર્થક કઈ રીતે થાય?

કહેવું જોઈએ કે 'યાંત્રિક તથા શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં ભાષાવિચારણા' તથા 'સામાજિક સંદર્ભમાં ભાષાવિચારણા' જેવાં પ્રકરણોમાં આવી મુશ્કેલીઓ ઓછી નડી છે, કેમકે ત્યાં ભાષારચનાનાં દૃષ્ટાંતોની જરૂર પડે એવા મુદ્દાઓ નથી. શૈક્ષણિક બગાડમાં કારણભૂત આપણી ભાષાનીતિ જેવા કેટલાક મુદ્દાઓ વિશેની ડૉ. પંડિતની દ્યોતક વિચારણાને ઉઠાવ પણ માર્યો છે, જોકે ઍસોશિયેટ લૅંગ્વેજ વિશેની ચર્ચા (પૃ. ૧૧૮-૧૯) 'સહકારી ભાષા' 'બીજી ભાષા' 'પરભાષા' એ સંજ્ઞાઓની વચ્ચે ગૂંચવાઈ ગઈ છે અને લિન્ક લૅંગ્વેજ વિશેની ચર્ચા પણ સમર્થ રીતે મુકાયાની છાપ પડતી નથી.

શ્રી આચાર્ય ભાષાવિજ્ઞાનના આપણા ગણતર અભ્યાસ–અભ્યાસીઓ માંહેના એક છે. ક્ષેત્રકાર્યમાં પણ વર્ષોથી પડેલા છે. એમનું નિરૂપણ આધારભૂત અને વૈજ્ઞાનિક ચોકસાઈવાળું હોય એવો વિશ્વાસ એમણે જન્માવ્યો છે. આ પુસ્તકની સામાગ્રી માટે એવી ખાતરી કરવાનું અવલોકનકાર

માટે મુશ્કેલ છે પણ નિરૂપણ ભલે વિશદ ન હોય તોપણ માહિતી અધિકૃત છે એવી છાપ અત્રતત્ર તપાસતાં-મેળવતાં ઊભી થઈ છે. જે વિપુલ સામગ્રીને શ્રી આચાર્યે આ ગ્રંથમાં પ્રસ્તુત કરી છે તે આ વિષયની પૂરી પકડ વિના કરવું અશક્યવત્ હતું. આમ છતાં વિપુલ સામગ્રી સાથે કામ પાડવાથી અનવધાનથી ક્યાંક વિચારદોષ માહિતીદોષ પ્રવેશી ગયા હોય એ અસંભવિત નથી જ. એમાં છાપ-ભૂલોનો પણ ફાળો હોય. મને એવાં થોડાં સ્થાનો દેખાયાં છે તેનો નિર્દેશ કરવો જોઈએ :

૧. પૃ. ૨૦ " ભારતીય ભાષાઓનો ઇતિહાસ ભારોપીય કુળથી એટલે ઈ. સ. પૂર્વે આશરે ૧૫૦૦થી શરૂ થાય છે. " ભારતીય કુળનો સમય ઈ. સ. પૂર્વે ૧૫૦૦ ?

૨. પૃ. ૩૬ : પ્રાકૃત ભાષાઓનો પ્રારંભકાળ ઈ. સ. પાંચમી-છઠ્ઠી સદી કહ્યો છે તે ઈ. સ. પૂર્વે પાંચમી-છઠ્ઠી સદી જોઈએ અને આ ભાષાકાળ આશરે સો વર્ષનો કહ્યો છે તે પંદરસો વર્ષનો જોઈએ. (આ છાપભૂલ છે એમ લેખકે મને જણાવ્યું છે.)

૩. પૃ. ૨૬ : " (વ્યં) સ્વૅ વ્યં વ્યં સ્વ – > (વ્યં) સ્વ વ્યં સ્વ. ઉ. ત. દુષ્કાળ > દુક્કાળ, નિપ્પઈ > નીપાઇ." અહીં સૂત્ર સાથે ઉદાહરણો બંધબેસતાં થતાં નથી. પહેલા ઉદાહરણમાં પહેલો સ્વર દીર્ઘ થતો નથી તથા વ્યંજન એકવડો થતો નથી; બીજા ઉદાહરણમાં મૂળમાં બીજો સ્વર દીર્ઘ નથી, તે દીર્ઘ બને છે.

૪. પૃ. ૨૮ : " નામિક રૂપાખ્યાનોમાં પુ. એવ. નો –ઉ અને બવ. નો –આ પ્રત્યય છે. " એમ કહીને ઉદાહરણ આપ્યાં છે –દેવુ, દેવ.

૫. પૃ. ૩૦ : " વ્યંજન + અર્ધસ્વર (ય્, વ્)નાં સ્વરયુગ્મો પણ શક્ય બને છે " એમ કહ્યું છે ત્યાં " સ્વર + અર્ધસ્વરનાં સ્વરયુગ્મો " જોઈએ.

૬ પૃ. ૩૭ : " સ્વરાંતર્ગત વ્યંજનોમાં ઘોષત્વ "ના લક્ષણની નોંધમાં કૌંસમાં ક નો ગ ને અપવાદ કહ્યો છે તે બરાબર છે ? એ તો ઘોષભાવનું જ ઉદાહરણ થયું.

૭. પૃ. ૩૮ : ત નો દ થાય છે તેને ઘર્ષભાવની ભૂમિકા કહી છે તે ઘોષભાવની ભૂમિકા કહેવી જોઈએ ને ?

૮. પૃ. ૫૪ : " ઓવાળાં બધાં જ નામો પુ. નહીં હોય " એમ કહીને એક ઉદાહરણ 'સાફો'નું આપ્યું છે તે બરાબર નથી. એ તો પુ. છે.

૯. પૃ. ૬૪ : 'સાધિત પ્રત્યયો' એવો ઉલ્લેખ આવે છે તે કદાચ 'સાધક પ્રત્યયો' જોઈએ એમ લાગે છે.

થોડાંક સ્થાનો નમૂના રૂપે અહીં નોંધ્યાં છે. એમાં એ કેટલેક ઠેકાણે છાપભૂલો જવાબદાર હોવાનું અનુમાની શકાય છે. પણ આવા ગ્રંથમાં પ્રૂફરીડિંગની કચાશ પણ મુશ્કેલી ઊભી કરે. 'અના લોપની વિચારણા 'ને બદલે અહીં 'અલોપની વિચારણા' થઈ ગયું છે. (પૃ. ૧૩૯)

આવા ભાષાવિદના ગ્રંથમાં " સંખ્યાપદો નિર્માણ થઈ શકે છે " " તેઓ ખુશી થઈને આવકારે છે " જેવી ખોટી વાક્યરચનાઓ, પારિભાષી/પારિભાષિક, સંસ્કૃતિ/સાંસ્કૃતિક જેવા

વૈકલ્પિક ઘડતરો અને "વળી લેખકે એસ્ટોનિયન ભાષાના ભાષક તે ભાષાની ધારણા, અંગ્રેજી માતૃભાષાવાળા ભાષાવિદ ભાગ્યે જ કરી શકે તેવું જે નિરીક્ષણ કર્યું છે તેને ડૉ. પંડિત પુષ્ટિ આપે છે." જેવી વાક્યત્વ નહીં પામતી રચના જોવા મળે એ પણ થોડું ખૂંચે છે.

આ પુસ્તક 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ના ભાગ રૂપે પ્રકાશિત થયેલું છે. એટલે એ વિષે પણ એક બે વાત કહેવા જેવી લાગે છે. સામાન્ય રીતે ૮૦ પાનવાળી ગ્રંથશ્રેણીમાં ડૉ. પ્રબોધ પંડિત વિશે ૧૫૦ પાનનું પુસ્તક કેવી રીતે હોઈ શકે એ મગજમાં બેસતું નથી. જેમણે અનેકવિધ પ્રકારની સાહિત્યઉપાસના કરી છે એવા ન્હાનાલાલ જેવા મોટા ગજાના ગ્રંથકાર વિશેની પુસ્તિકા ૮૦ પાનની હોય અને ભાષાવિજ્ઞાનનું ક્ષેત્ર જ ખેડનાર ડૉ. પંડિત વિશે ૧૫૩ પાનનું પુસ્તક હોય એ પહેલી દૃષ્ટિએ જ વિચિત્ર લાગે છે. કોઈ પણ ગ્રંથકાર વિશે ગમે તેટલું લાંબું લખાણ થઈ શકે, પણ જ્યારે એક શ્રેણીની યોજના કરવામાં આવી હોય ત્યારે એનાં ચોક્કસ ઉદ્દેશો હોય, ધોરણો હોય, એક માળખું પણ હોય. લેખકનું જીવન કેટલી વિગતે આપવું, ઔપચારિક રીતે આપવું કે અનૌપચારિક રીતે આપવું એ પણ નક્કી હોય. એક સંપાદકીય દૃષ્ટિ એની પાછળ કામ કરતી હોય. દુર્ભાગ્યે આ શ્રેણીના જે કોઈ ગ્રંથો બહાર પડયા છે તે જોતાં તેની પાછળ કોઈપણ પ્રકારની સંપાદકીય દૃષ્ટિ કામ કરતી લાગતી નથી. આથી અંતે આ શ્રેણીના ઉદ્દેશોને જ હાનિ છે. જેમકે ડૉ. પંડિતની કામગીરીના મહત્ત્વના અંશોને પ્રકાશિત કરતી એક પ્રમાણસરની અને વિશદ સમાલોચના શ્રી આચાર્ય પાસેથી કઢાવી શકાઈ હોત તો શ્રેણી જે વિશાળ વાચકવર્ગ માટે નિર્માયેલી જણાય છે એના સુધી પહોંચી શકાયું હોત.

આ રીતે આચાર્યના આ અભ્યાસને કેટલીક નોંધપાત્ર મર્યાદાઓ વળગેલી છે. તેમ છતાં એ એક સઘન, ગંભીર, સંનિષ્ઠ અભ્યાસ છે એનો ઇન્કાર કોઇ નહીં કરી શકે. એ માટે પણ એ ધન્યવાદના અધિકારી છે.

જયંત કોઠારી

* * *

પર્ણરવ : ઈશ્વરચન્દ્ર ભટ્ટ, **પ્રકા.**, ધનરાજભાઈ કોઠારી, લક્ષ્મી પુસ્તકભંડાર, અમદાવાદ, **પ્રથમ** આવૃત્તિ ૧૯૭૬; પૃ, ૯૬, મૂલ્ય રૂા. ૬–૫૦ પૈ.

ગુજરાતી સાહિત્યમાં હમણાં હમણાં કવિતાસર્જનની પ્રવૃત્તિ ઠીક ઠીક વેગ પકડી રહી છે. આજના વિજ્ઞાનયુગમાં કવિ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વાંચતો હોય અને વિચારતો પણ હોય, કવિતા અને અન્ય કલાઓની તુલના પણ કરતો હોય, સાહિત્ય પદાર્થને નાણી જોવા નજીકના અને દૂરનાં–પૂર્વનાં અને પશ્ચિમનાં પ્રતીકો ને પદાવલિ પ્રયોજતો હોય, જીવન સંસ્કાર ને સંસ્કૃતિનો સમન્વય કરતો હોય, ને બર્બરતા હોય તેનો ભાંગીને ભૂક્કો પણ કરતો હોય; એને ચીલાચાલુ કશું ન ખપે, તેવી ક્ષણે દરેક નવા કાવ્યસંગ્રહનો જન્મ અદ્વિતીય ગણાવો જોઈએ.

'પર્ણરવ'માં એવી કોઈ નૂતન શક્તિનાં દર્શન ઓછાં થાય છે, છતાં કેટલાંક કાવ્યોમાં કવિની વિશેષતા જરૂર પ્રગટ થાય છે. ડૉ. જયન્ત પાઠક આ કવિ વિશે લખે છે : "એમના

સંવેદનશીલ ચિત્તને પ્રકૃતિ અને સંસ્કૃતિ બંનેનું સરખું આકર્ષણ છે; બંનેના વૈશિષ્ટ્ય-વૈચિત્ર્ય એમને હલાવી મૂકે છે ને એમને રૂપ પર પ્રશિષ્ટ રીતિમાં કવિતામાં ઢાળવા પ્રેરે છે. રુચિ, સંસ્કાર, સાહિત્યનું પરિશીલન અને જીવન અને જગતનો અનુભવ એમની કવિતાને પ્રસન્નતા, અનવદ્યતા અને સમજથી મંડિત કરે છે. 'પર્ણરવ'ની કૃતિઓમાં એમની કવિસહજ મુગ્ધતાનો ને કલાકારની વિદગ્ધતાનો સુપેરે પરિચય થાય છે." આપણી ગુજરાતી કવિતાને ઘેલું લગાડનારું જો કોઈ તત્ત્વ હોય તો છે તે પ્રકૃતિ અને સંસ્કૃત. જ્યાં પ્રકૃતિ હોય ત્યાં સંસ્કૃતિ હોય જ. અને ન હોય તો ગમે ત્યાંથી સંસ્કૃતિ આવીને પ્રકૃતિની પડખે બેસી જવાની જ. અને એ સંસ્કૃતિ ચિંતન મોટે ભાગે કલાને ભોગે કવિતામાં વ્યક્ત થયું છે. આ વિશેનો બળાપો ડૉ. સુરેશ જોષીએ અવારનવાર વ્યક્ત કર્યો છે પણ આપણા કવિઓને એ સાંભળવાની પડી નથી! 'પર્ણરવ'ના કવિ આ પ્રકારના છે.

'પર્ણરવ'માં ખાસ ધ્યાન ખેંચે તેવા વિષયો છે પ્રણય અને પ્રકૃતિ. અને કાવ્યપ્રકાર છે સૉનેટ. ગુજરાતી કવિતામાં બ. ક. ઠાકોરે આ સ્વરૂપને પ્રગટાવવામાં જે ફાળો આપ્યો તે પછીથી રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ્ અને જયન્ત પાઠકની કલમે તેનો બંધ સુદૃઢ થતો ગયો છે. તેમાં પણ કદાચ કવિ ઉશનસ્ મોખરે છે. તેમના જેટલાં સૉનેટ કાવ્યો બીજા ગુજરાતી કવિએ ભાગ્યે જ આપ્યાં છે. આ કવિની શક્તિ એ કક્ષાની નથી પણ સ્તુત્ય છે. તેમનો પ્રયત્ન 'લહું તુર્યાવસ્થા'માં બ. ક. ઠાકોરની યાદ જરૂર આવે :

> "અશા રેયા તારા ગહન મૃદુ વાત્સલ્ય પરશે,
> લહું તુર્યાવસ્થા......મન સરકતું આતમકુહરે."

રાજેન્દ્ર શાહ અને ઠાકોરની યાદ આવે. આ કવિની એક વિશેષતા તે છંદોબદ્ધ કવિતા અને સૉનેટ કાવ્ય છે. આજે જ્યારે ગદ્યમાં અસંખ્ય કાવ્યો રચાતાં હોય ત્યારે જૂના સંસ્કૃત વૃત્તોમાં ભાવાભિવ્યક્તિ કરવી અને મૂળની રમણીયતા જાળવી રાખી, કાવ્યમાં નવીનતા આણવી એ કવિકર્મની વિશેષતા છે. 'અણુજાણ પ્રેયસી'ને એ સૉનેટ ગુચ્છ સ-રસ છે. (૧) વર્ષાની સાંજે, (૨) શિશિરની સાંજે, (૩) વસંતાગમે, (૪) સ્મૃતિ વૈભવ, (૫) વિરહધન—આમાં બ. ક. ઠાકોરની પ્રણયવિષયક સૉનેટમાળાના સંસ્કારોની ગંધ આવે છે.

પ્રણયમાં ઝંખનાની તીવ્રતાને ગુજરાતી કવિતામાં સચોટ રીતે વ્યક્ત કરી હોય તો તે સુન્દરમે.

> તને મેં ઝંખી છે,
> યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.

એ દોઢ પંક્તિમાં કલાત્મક રીતે તીવ્ર ઝંખનાની જેવી અભિવ્યક્તિ છે તેવી અન્યત્ર વિરલ છે. કવિ ભટ્ટના 'અણુજાણ પ્રેયસી' સૉનેટગુચ્છમાં પ્રણયની તીવ્ર ઝંખનાનો સૂર છે, મિલનની ઉત્સુકતા છે, અને વિરહની વ્યાકુળતા છે. 'વર્ષાની સાંજે'માં—

> "હજીયે તારી તે સ્મૃતિ ઝબકતી શાંત પળમાં
> કુંવારી કાયા એ...અજબ રહતી કામણ કરી

પ્રિયે તું જાણે ના, નસ નસ વહે કંપ મધુરો,
સલૂણી પ્રીતિનો ભરચક નશો તોય અધુરો,"

'વસંતાગમે'માં—

"શિશિરે ભીંજેલો મનભર અશો મુગ્ધ તડકો,
કુંવારી પ્રીતિનો પુલક પુલકે પ્રાણ થડકો.
× × ×
હવે થાણું નાખો સભર હૃદયે પ્રીત છલકી,
બધી ચિંતા છોડી પરિણય કરો રે...હઠ ત્યજી."

આ પંક્તિઓમાં 'થાણું' શબ્દ ખૂંચે છે. એની સાથે 'પોલીસ થાણું' યાદ આવે છે માટે.

'વિરહધન'માં—

"તને ઝંખી ઝાંખી નજર અવતો છેક થઈ ગૈ,
નહીં તોયે ઝાંખી સૂરત, મળવાની ઘડી વહી.
× × ×
ચઢી લાંબા રસ્તે મિલન પ્રિય તારું તલખતાં
બધું ભૂલ્યો છું હું, દિશપથ અને ધ્યેય તુજમાં,
હવા વા વંટોળે પરણ સમ હું કોક વગડે,
કુણા સંધા મારા પ્રણય અકુલા પ્રાણ ફફડે;
અજાણી પ્રીતિનું; વિરહ દુઃખ હૈયે શમવતો."

આમાં કાવ્યના ઉપાડમાં ઝંખનાની તીવ્રતા છે. અને 'પરણ સમ હું કો'ક વગડે' પંક્તિમાં પર્ણની જે સ્થિતિ થાય છે તેની સાથે પોતાની સ્થિતિ સરખાવે છે. તેમાં વ્યંજિત થતી વિરહની તીવ્રતા છે. આ કાવ્યની ઉત્તમ પંક્તિઓ છે. 'પર્ણ' કાવ્ય એક સુંદર નમૂનો છે.

વસંત ડાળે ધાવે પર્ણ,
આતપ પીને હસતું પર્ણ,
હિમથી દાઝ્યું ખરતું પર્ણ,
શૈશય હીંચે વટને પર્ણ,
પ્રેત રમાડે પિપળ પર્ણ,
પાંખ પવનની બનતું પર્ણ.

આજના આધુનિક પરિવેશમાં વસ્તુનું સ્વાભાવિક ચિત્ર કવિ રજૂ કરે છે. પ્રકૃતિમાં કવિને વિશેષ રસ છે એટલે જ એક કાવ્યમાં કવિ કહે છે:

'ધરાઈને પીધી પ્રકૃતિ ગરિમા મેં ઉલટથી.'

'પદ્મિની' અને 'એકલવ્ય' ખંડકાવ્ય છે. પણ કવિ કાન્ત આ દિશામાં અનન્ય છે.

કવિ ઈશ્વરચન્દ્ર ભાવનાવાદી કવિ છે. 'પદ્મિની'માં—

જીવવું ભાવના કાજે અનેરી કુળ ઊતરી,
શકે લોપી બધું કાળ, ભાવના નિત પાંગરે.

રૂપની રાખમાં મ્હોરે મોંઘેરી શીલમંજરી,
રાગને ત્યાગ શોભાવે ધન્ય તે જનની સ્મૃતિ."

કાવ્યનું શીલ આપણને ઉત્તરોત્તર મળતું રહો!

જનાર્દન પાઠક

* * *

ચર્વણા : લેખક : ડૉ. પ્રવીણ દરજી, પ્રકાશક : બુટાલા પ્રકાશન, વડોદરા; પૃષ્ઠ ૨૨૯, મૂલ્ય : રૂ. ૧૨ = ૦૦

'અધ્યાપકીય વિવેચન' શબ્દ હમણાં હમણાં અવહેલના-ઉપેક્ષા માટે વપરાતો જોવા મળે છે. પરંતુ વર્ગ, વિદ્યાર્થીઓ અને તે નિમિત્તે સાહિત્ય સાથે અપરોક્ષ નાતે સંકળાયેલો સંનિષ્ઠ અધ્યાપક અભ્યાસનું વાતાવરણ હાથવગું હોવાથી તેની અવિરત સાધનાના સુફળ રૂપે ક્વચિત સારું પરિણામ નીપજાવતો હોય છે. પંડિતયુગમાં આનંદશંકર-રામનારાયણ વગેરેએ આ પ્રવૃત્તિ દ્વારા ઉત્તમ ઉદાહરણ પૂરાં પાડ્યાં છે. 'ચર્વણા' પણ અધ્યાપક પ્રવીણ દરજીના વિવિધ કૃતિઓનાં આસ્વાદ-આકલન નિમિત્તે લખાયેલા લેખોનો નોંધપાત્ર સંગ્રહ છે. તેમણે કવિતા, નવલકથા, નાટક, ટૂંકી વાર્તા અને નિબંધ એ પાંચ સાહિત્યપ્રકાર પર અને કેટલીક પસંદગીની કૃતિઓ પર કલમ ચલાવી છે.

સંગ્રહનો સૌથી વધુ ભાગ રોકતો ખંડ ૧ આમ તો કવિતાવિષયક છે. સામાજિક સંદર્ભથી કપાયેલી, સ્વઅસ્તિત્વનું હુમા પક્ષીની માફક વિલોપન કરી નવ્ય તાજું રૂપ લઈને આવનારી વિદ્રોહવૃત્તિને પ્રગટાવનારી આજની કવિતાના મિજાજનો કાવ્યપંક્તિઓ લઈ, લેખકે વિશદતાથી વિસ્તારપૂર્વક પરિચય કરાવ્યો છે. 'અથવા' 'કાન્ત તારી રાણી', 'રાનેરી', 'અંગત' વગેરેનાં અવલોકનોમાં તેમણે ભૂમિકા બાંધતાં પશ્ચિમના વિવિધ વાદો અને ગુજરાતી કવિતા પર પડેલી તેની પ્રભાવક અસરની મનનીય નોંધ પૂરી પાડી છે. તેમ છતાં જ્યાં કૃતકતાની બદબૂ આવે ત્યાં સ્પષ્ટવક્તા બની તેનો અંગુલિનિર્દેશ કરતાં લેખક અચકાયા નથી. દા. ત. 'અથવા' સંગ્રહ વિશેની માર્મિક ટકોર : "જ્યાં કવિનું ભાષાકર્મ મંદ પડયું છે ત્યાં એ ચિત્રો 'બોલતાં ચિત્રો' થવાને બદલે માત્ર 'ચિત્રો' કે વર્ણન જ બની રહે છે. એવે સ્થળે કાવ્યાનુભવ થતો નથી." (પૃ. ૧૩)

'રાનેરી' કાવ્યસંગ્રહના સંદર્ભમાં :

"'અંધારું' કાવ્યની મજા 'દરિયો' કાવ્યમાં નથી, 'દરિયો' માત્ર પ્રયત્ન બની રહે છે." (પૃ. ૮૮)

'છંદોલય' સંગ્રહમાંના 'પ્રવાલદ્વીપ' કાવ્યગુચ્છને ફ્રેંચકવિ બોદલેરના Less Fleurs Du Mal, એલિયટના The Waste Land કાવ્યસંગ્રહ અને હિંદીકવિ અજ્ઞેયના 'સાંપ' કાવ્યની પડછે તુલનાત્મક રીતે મૂલવવાના અભિગમમાં તેમના વિશાળ વાચનનો પરિચય મળી રહે છે.

ખંડ ૨માં 'જનમટીપ', 'ધુમ્મસ', 'શૈલા મજમુદાર' જેવી નવલકથાઓ પરના સંક્ષિપ્ત વિવેચન કરતાં તેની પૂર્વે દીર્ઘ પ્રસ્તાવના સમી નવલકથાસ્વરૂપવિષયક મુદ્દાઓની અત્રતત્ર ચર્ચા વધુ આકર્ષક અને આસ્વાદ્ય નીવડી છે. ઈશ્વર પેટલીકરની પરંપરાગત ઢબે આલેખાયેલી 'જનમટીપ' નવલકથાના બીનજરૂરી અતિપ્રસ્તારને ઠપકારતી તેમની શૈલી જુઓ :

"આખી નવલકથાનું વસ્તુ જ નવલકથાના બરનું કયાં છે? પેટલીકરને બદલે 'દ્વિરેફ', સુન્દરમ્ કે મડિયા હોય તો 'ખેમી' (દ્વિરેફ), 'પની', 'માને ખોળે' (સુન્દરમ્) અથવા તો 'અંતઃસ્રોતા' (મડિયા) જેવી દઢઅવયવી અને પૂરા કસ-કસબથી ભરેલી ટૂંકી વાર્તા જ કંડારી કાઢે" (પૃ. ૧૧૭)

ત્રીજા ખંડમાંનો 'ગુજરાતી રંગભૂમિ' નામનો વૈતનિક નાટયમંડળીઓ અને પીઢ કલાકારો વિશે માહિતી આપતો લેખ વધુ પડતો દસ્તાવેજી બની ગયો છે. 'જે નથી તે' એકાંકી સંગ્રહના નિમિત્તે મૂકાયેલી એલ્સર્ડ નાટક વિશેની વિચારણા ધ્યાનપાત્ર બને છે. ચોથા ખંડમાં રાવજી પટેલની ચાર વાર્તાઓને કેન્દ્રમાં રાખી આજની ટૂંકી વાર્તા કયારેક કાવ્ય, લલિત નિબંધ અને વાર્તા વચ્ચેની ભેદક રેખાને કેવી આછીપાતળી બનાવે છે તે તરફનો અંગુલિનિર્દેશ છે.

નિબંધ વિશેનો પાંચમો ખંડ વધુ સમૃદ્ધ બન્યો છે. વિવેચકોએ આ પ્રકારને સદા અંત્યજ અને ઉપેક્ષિત ગણ્યો હોવાની લેખકની ફરિયાદમાં તથ્ય છે. ડૉ. જ્હોનસેનની વર્ષોજૂની વ્યાખ્યાને વળગી રહેવામાં રહેલાં ભયસ્થાનો બતાવી, ગુજરાતી સાહિત્યમાં લખાયેલા નિબંધોની વિશેષતા-મર્યાદા ચર્ચી, આ સ્વરૂપમાં રહેલી અનેક શકયતાઓને તાગવાનો અહીં સબળ પ્રયત્ન થયો છે.

જે તે સ્વરૂપ વિશેની ભૂમિકારૂપ સંક્ષિપ્ત નોંધ, સમર્થનમાં મહદંશે પાશ્ચાત્ય અવતરણો, અંતમાં કૃતિના ગુણદોષની ચર્ચા—ડૉ. દરજીની કૃતિલક્ષી સમીક્ષામાં આવો ચોક્કસ પૃથક્કરણાત્મક અભિગમ જુદો તરી આવે છે. આવી સમીક્ષા કે સિદ્ધાન્તચર્ચા વૈવિધ્યસભર સામગ્રીને અસંદિગ્ધ અને વિશદ રીતે રસમય પ્રવાહી શૈલીમાં વ્યક્ત કરવાની લેખકની કુનેહને લીધે આકર્ષક લાગે છે. ખંડ ૬ માંનો રશિયન નવલકથાકાર દોસ્તા-એ-વસ્કીની વેદના, વ્યથા અને યાતનાને શબ્દદેહ આપતો અને તેમની નવલકથાનાં ઉધામો મચાવનાર વંટોળિયા પાત્રોનો મુગ્ધભાવે પરિચય કરાવતો નિબંધ, લલિત નિબંધનો એક સારો નમૂનો પૂરો પાડે છે. લાઘવમાં સૂચન દ્વારા ઘણુંબધું ધ્વનિત કરતી તેમની અર્થગર્ભ પ્રવાહી શૈલી વાચકોનું ખાસ ધ્યાન ખેંચે છે. દા. ત. અકાળ અવસાનને કારણે કવિ રાવજી પટેલમાં રહેલો પ્રયોગશીલ વાર્તાકાર ગુજરાતી સાહિત્યને ન મળ્યો તેનો વસવસો આ રીતે વ્યક્ત થયો છે: "પણ એ 'કાચો નખ' એમ જ કપાઈ ગયો અને અપેક્ષાઓ વંધ્ય બની ગઈ" (પૃ. ૧૯૧) તેવી રીતે 'વિર્વતા તું', 'તણખાવવાનું', 'ઉભેળતો' જેવાં લાક્ષણિક ક્રિયાપદો નોંધપાત્ર રહ્યાં છે.

તેમ છતાં 'ચર્વણા'માં આવતાં થોકબંધ અવતરણો સર્વત્ર પ્રસ્તુત નહીં હોવાને કારણે, કયારેક તે પાંડિત્યપ્રદર્શનવૃત્તિ કે વિવેચકની સજ્જતા દર્શાવવા કે પોતાના કથયિતવ્યને તેનાથી વધુ જોમ મળે છે તેવી 'શ્રદ્ધાળુ' માન્યતાથી ખેંચાઈને મૂકાયાં હોય તેવી ગંધ આવે છે. તે મહેન્દ્ર અમીનના 'વિરતિ' કાવ્યસંગ્રહની સમીક્ષામાં.

"એમના નિખાલસ નિર્દંભ વ્યક્તિત્વ જેવી જ એમની કવિતા પણ છે" (પૃ. ૯૨) જેવા વિધાનમાં કવિ મહેન્દ્ર અને વ્યક્તિ મહેન્દ્ર વચ્ચે ભેળસેળ થતી જોવા મળે છે. 'આધુનિક ગુજરાતી કવિતા' નામના લેખમાં ડૉ. પ્રવીણ દરજીએ રે મઠના હાઈકુસંગ્રહની ઉત્સાહી રચનાઓને બીરદાવી છે પણ સાથે સાથે 'ડાબા હાથનો ખેલ' સંગ્રહે (શીર્ષકમાં રહેલો વ્યંગ સૂચવે છે તે મુજબ) બૌદ્ધિક વ્યાયામ દ્વારા રાતોરાત અકવિમાં કવિ બની જનારાઓ સામે કેવી લાલબત્તી ધરી છે એ નોંધ્યું હોત તો યોગ્ય થાત. અધ્યયન-અધ્યાપનના અર્ક સમા આ વિવેચનસંગ્રહને આવકારતાં હું આનંદ અનુભવું છું.

લવકુમાર મ. દેસાઈ

* * *

૧ **સંતોનો ફાળો :** લેખક સ્વામી આનંદ : પ્ર૦ બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ. પૃ. ૨૦૮, મૂ. રૂપિયા બાર.

૨ **ઈશુ ભાગવત :** લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે પૃ. ૨૦૨, મૂ. રૂપિયા ૭.

પ્રખર ગાંધીવાદી નિઃસ્પૃહી વીતરાગ સ્વામી આનંદના કોડીબંધ પુસ્તકોનું થવું જોઈએ તેવું મૂલ્યાંકન હજુ સુધી થયું નથી. એના અંતસ્તત્ત્વની સાત્ત્વિકતા ને કયાંક કયાંક ડોકાતી સીધી સચોટ બોધપ્રવણતાએ કદાચ વિવેચકોને ઓછા આકર્ષ્યા હોય! પરંતુ આનંદ જે રીતે તેમની તળપદી રસળતી શૈલીમાં ભાવ અને ભાષાને વહેતાં મૂકે છે અને વાચકને વર્ણ્ય વાતાવરણની વચ્ચે ઘૂમતો કરી દે છે એ એમની આગવી શૈલીનું મહત્ત્વનું પ્રદાન છે.

'સંતોનો ફાળો' તેમની 'સંતોના અનુજ'નું જ જાણે અનુસંધાન હોય એમ લાગે. ફેર એટલો કે, 'સંતોના અનુજ'માં સાંસારિક પ્રવૃત્તિઓમાં રત, એવી કેટલીક સદ્ગુણ-સંપન્ન વિભૂતિઓનાં ચિત્રાંકનો છે તો 'સંતોનો ફાળો'માં—ચાર પાંચ લેખોને બાદ કરતાં—ગંગોત્રી પ્રદેશમાં દિવ્ય મસ્તી અનુભવતા અવધૂતો, દિગંબર યોગીઓ, વલ્લભાચાર્ય જેવા આચાર્યો તથા નામદેવ, જ્ઞાનેશ્વર, એકનાથ, તુકારામ અને રામદાસ જેવાં મહારાષ્ટ્રના પાંચ મહાન સંતોનાં ચારિત્રચિત્રોમાંથી ફોરી ઊઠતું દિવ્ય અનુભૂતિનું અત્તર, લેખકની બાનીના પ્રભાવે, હૃદયસ્પર્શી બન્યું છે.

સી. અખિલાંડય્યામાંથી એકાએક સમૂળ પરિવર્તન પામેલી વિભૂતિ 'દિવ્યાનંદ', કાલીકમલીવાળા વિશુદ્ધાનંદ સરસ્વતી, બ્રહ્મનિષ્ઠામાં મેરુમણિ સમા શાસ્ત્રજ્ઞ સંત તપોવનજી તથા પોતાના 'નામરાશિ' આનંદ સ્વામીનાં સુરેખ વિશદ ચિત્રોના અંતરાલમાં ઊપસી આવતી સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ–અને સ્વયં લેખક–ની પણ છાયાછવિઓ વાચકના ચિત્તનો કબજો કરી લે છે. કુંભનો મેળો, રિશીકેશની દિવ્ય ભૂમિ વગેરેનાં વર્ણનો પણ તાદશ અને ચિત્રાત્મક છે. મૂળ પુરુષો કે સંતોની પાછળના વારસદારો અને અનુયાયીઓ જે તે સંસ્થા કે સંપ્રદાયની (સમગ્ર રીતે અવલોકતાં ધર્મ–સંસ્કૃતિની) વિકૃત અને પડતી દશા માટે કેવા જવાબદાર છે તેની

લેખકે સત્યના અભિનિવેશપૂર્વક આખાબોલા થઈને કરેલી ટીકા કડવી પણ વેધક અને માર્મિક છે. પુણ્યપ્રકોપમાં તેમની દેશભક્તિ અને ધર્મસંસ્કૃતિ પ્રત્યેની પ્રીતિ-નિષ્ઠા જ પ્રેરક બની રહે છે.

છતાં નીચેના જેવાં કેટલાક આત્યંતિક વિચારો કે પ્રહારાત્મક વિધાનો અત્યુક્તિ જેવાં અને અસ્વીકાર્ય બની રહેવાનો સંભવ છે :

(૧) ચમત્કારો અને ગૂઢવાદના સંદર્ભમાં આકરી ટીકા કરતાં લેખક કહે છે કે **"આ બધી નવલકથાઓ છે :"** (એટલે કે કલ્પનાના તુક્કાઓ છે ?) તેઓનો "સ્ક્રૂ ઢીલો હોય છે...તેમની તે સ્થિતિ નબળાઈ છે "નોરમલ નહિ...વળી" (' એક યોગીની આત્મકથા ') " તે પુસ્તકને હું તદન નકામું ગણું છું. રામકૃષ્ણ પરમહંસ, અરવિંદ ઘોષ કે રમણ મહર્ષિ વિશે ચમત્કારોની વાતો ફેલાવનારા આધુનિકોને હું વેવલા માનું છું (ખંધા પણ હોઇ શકે)." (પૃ. ૭૦)

(૨) 'દખ્ખણનો દેવ'માં પંઢરપુરનો પાંડુરંગ એકલો જ નિરાયુધ દેવ હોવાની પાછળ લેખક કેવી બેજવાબદાર—બેહૂદી કલ્પના કરે છે કે: બૌદ્ધકાળના......" અસંખ્ય શિલ્પ-સ્થાપત્યોમાંથી જ આપણા ખોડાણના કોઈ પિતરાઈએ તફડાવેલી બુદ્ધમૂર્તિ કે એવી જ મૂર્તિ હશે." (પૃ. ૧૦૮)

(૩) ' વલ્લભાચાર્ય 'ના સુંદર લેખમાં લેખક ૩–૪ સ્થળે એવું પ્રતિપાદન કરવા ઉદ્યુક્ત થયા છે કે, સર્વશ્રી શંકરાચાર્ય, વલ્લભાચાર્ય અને સહજાનંદ જેવા સમર્થ પુરુષપ્રવરો પછીના એમના અનુયાયી વારસદારો અસલ મૂલ્યોને કાળાન્તરે વિકૃતિ-વિનષ્ટિમાંથી ઉગારી ન શકયા તેનું કારણ તે તે મૂળ પુરુષોમાં **' ક્રાન્ત દર્શન(vision)નો સદંતર અભાવ '** હતો...... લેખકની આ દૃષ્ટિ-મૂલવણી સત્યથી સાવ વેગળી અને આવિષ્ટ-એકદેશીય લાગે છે...(વિચિત્ર વાત તો એ છે કે આ ટીકા પછી તરત જ તેઓ એવી છાપ ઊભી કરતા જણાય છે કે આવી દૂરના ભવિષ્ય સુધી જોઈ શકવાની શક્તિ માત્ર ગાંધીજીમાં જ હતી !) (પૃ. ૧૪૭).

' ઈશુનું બલિદાન ' પુસ્તકથી લેખનનો મંગલારંભ કરનાર સ્વામી આનંદના જીવનનાં અંતિમ વરસોના પરિપાક રૂપે લખાયેલા અલગ અલગ લેખોનું સંકલન એટલે **"ઈશુ ભાગવત"**. ધર્મ અને જીવન સમગ્રના ઉપાસક ક્રાન્તિકારી અવતાર વિભૂતિ ઈશુ ભગવાનની લીલા-કથાઓ અને ગિરિપ્રવચનસહિતનાં એમનાં વચનામૃતો તો સુપ્રસિદ્ધ છે. એના વિષે આપણે કાંઈ વિશેષ કહેવાનું હોય નહીં. નગીનદાસથી માંડી ફાધર વાલેસ સુધીના ભાવિક વિદ્વાનોએ કરેલા અનુવાદો સુવાચ્ય બન્યા છે, પણ આનંદસ્વામીના પુસ્તકમાં પ્રયોજાયેલી તળપદી શૈલી ચિન્ત્ય બની જાય છે. તેમનાં બીજાં પુસ્તકોમાં સહજ રીતે સુપેરે છૂટીછવાઈ વેરાયેલી વિશિષ્ટ લોકબોલી વાચકને આનંદતરબોળ કરી મૂકે છે એનું કારણ એના સમગ્ર શિષ્ટ લેખનમાં એ સુવર્ણમાં ધરતીની ફોરમની જેમ ભળી ગયેલી હોય છે, એટલું જ નહીં પણ તે અર્થગ્રહણમાં પણ અત્યંત ઉપકારક નીવડતી હોય છે.

પણ ' ઈશુ ભાગવત 'માં એ પ્રાદેશિક બોલીનો **આત્યંતિક** ઉપયોગ સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ (સૌરાષ્ટ્રના અમુક જ પ્રદેશના વિશિષ્ટ ગ્રામ્ય વાચકસમુદાય સિવાય) સામાન્ય વાચકને પ્રત્યાયનમાં અંતરાય રૂપ નીવડવાનો અને રસાસ્વાદની ન્યૂનતામાં પરિણમવાનો પૂરતો ભય રહે છે. ઈશુની મૂળ વાત પ્રાકૃત દીન દલિત શ્રમજીવી વસવાયા......વર્ગને અનુલક્ષીને કહેવાયેલી

તેથી તે વાત તદ્દન તળપદી લોકબોલીમાં જ કહેવાવી ઉચિત છે–એવી લેખકની દલીલ બિલકુલ પ્રતીતિકર લાગતી નથી. વિચિત્ર વાત તો એ લાગે છે કે ઈશુચરિત્તમાં આવતાં મૂળ ૧૯ પાત્રોનાં વિશેષ નામો પણ લેખકે લોકબોલીનો પરિવેશ આપી સાવ બદલી નાખ્યાં છે! દા.ત. પીટર, પોલ, જેમ્સ, જોન, જોસેફ ફિલિપ, બારથોલોમ્યુ, ટૉમસ, મેથ્યુ, લેબીઅસ, કનાનાઈટ, જ્યુડાસ, લ્યુક, માર્ક, મેરી...અનુક્રમે ઢીમર, પાળો, જમ્મુ, જાનો, જુસબ, ફૂલો, ભડથો, ટામો, મથો, લાભો, કનાણી, જૂઠો, લખો, માંકો, મરીઅમ્મા જેવાં નામાભિધાન પામ્યાં છે! આમ કરવાથી કયું પ્રયોજન સિદ્ધ થયું જણાય છે?

બન્ને પુસ્તકોનું મુદ્રણકાર્ય આકર્ષક છે, એથી અદકું પ્રભાવક એના સર્જકનું વિભૂતિમત્વ છે. સ્વામી આનંદના વીલના ટ્રસ્ટીઓ અને એક્ઝીક્યુટરોની સ્વામીના સાહિત્યપ્રકાશનની આ પ્રવૃત્તિ પ્રશસ્ય છે. અભિનંદન.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

*   *   *

સાભાર સ્વીકાર

૧ **સંતોનો ફાળો :** લે. શ્રી સ્વામી આનંદ, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૧, પૃ. ૧૦ + ૨૦૮, કિંમત : રૂા. ૧૨ = ૦૦.

૨ **લોકશાહી અને આપણું રાજ્યબંધારણ :** લે. શ્રી ચંદ્રકાન્ત દરુ, અનુ. શ્રી ચુનીલાલ વૈદ્ય, પ્ર. ઉપર મુજબ પૃ. ૮ + ૧૭૨, કિંમત : રૂા. ૭ = ૫૦ પૈ.

૩ **વીસમી સદીનું ભારત ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં :** સં. શ્રી રામલાલ પરીખ અને શ્રી રસેસ જમીનદાર, પ્ર. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪, પૃ. ૧૬ + ૧૭૪, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

૪ **ભૂ-તક્ષણ :** લે. શ્રી અંબુભાઈ ટી. દેસાઈ, અને શ્રી મહેન્દ્રકુમાર આર. શાહ, પ્ર. કુલસચિવ શ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૩૮૦૦૦૯, પૃ. ૧૨ + ૧૮૦, કિંમત રૂા. ૧૦ = ૦૦.

૫ **માનવતાનાં મોતી :** લે. શ્રી રતિલાલ અધ્વર્યુ, પ્ર. શ્રી મહેન્દ્ર અધ્વર્યુ, અંગ્રેજી શિક્ષણ કાર્યાલય, સંસ્કાર, ૩, દત્ત સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૭, પૃ. ૪૮, કિંમત : રૂા. ૧ = ૦૦ (પાત્રને વિના મૂલ્યે).

૬ **અવતારો અને અવતારવાદ (ત્રણ વ્યાખ્યાનો) :** વ્યાખ્યાતા શ્રી ડોલરરાય રં. માંકડ, પ્ર. અધ્યક્ષ, શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૯, પૃ. ૩૬, કિંમત : રૂા. ૩ = ૦૦.

કુમકુમ પ્રકાશન, ગાંધીમાર્ગ, મોડેલ સીનેમા સામે, અમદાવાદ-૩૮૦૦૦૧ ના પ્રકાશનો

૭ **દૃષ્ટિકોણ :** લે. શ્રી મનસુખલાલ ઝવેરી, પૃ. ૨૫૨, કિંમત : રૂા. ૧૭=૦૦.

૮ **અનુનય :** શ્રી જયંત પાઠક, પૃ, ૧૮+૭૪, કિંમત : રૂા. ૭=૦૦.

૯ **ગુજરાતી સાહિત્યમાં સમાજજીવન :** લે. ડૉ. બાબુલાલ મ. શાહ, પૃ. ૨૩૨, કિંમત: રૂા. ૨૫=૦૦.

૧૦ **પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી :** લે. શ્રી દલસુખ માલવણિયા, પૃ. ૭૬, કિંમત: રૂા. ૫=૦૦.

૧૧ **મીરાં :** લે. શ્રી હસિત હ. બૂચ, પૃ. ૯૨, કિંમત : રૂા. ૫=૦૦.

૧૨ **દયારામ :** ડૉ. પ્રવીણ દરજી, પૃ. ૭૦, કિંમતઃ રૂા. ૫=૦૦.

૧૩ **શામળ :** લે. ડૉ. હસુ યાજ્ઞિક, પૃ. ૮૪, કિંમત: રૂા. ૫ = ૦૦.

WINNING COMBINATION

The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'.

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT.' Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

UNIBUILT®

Jyoti Ltd. BARODA

HYDRAULICS ELECTRICALS POWER ELECTRONICS

Marketed by

JYOTI MARKETING AND PROJECTS LIMITED.

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005





everest/790/JY

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ,

વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા—૩૯૦ ૦૦૨ **સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જે. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ઑગસ્ટ, '૭૮.

રાજ્યનાં ગામોની કાયાપલટ માટે સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે સરકાર આગળ વધી રહી છે. આ છે જનતા સરકારના ગ્રામાભિમુખ આયોજનના આધાર સ્થંભો :

★ ખેતીની સમૃદ્ધિ દ્વારા ગ્રામ-અર્થતંત્રનો વિકાસ.

★ નાના ખેડૂતો અને ખેતમજૂરોના તેમ જ તેમની ખેતીના ઉત્કર્ષ માટે વિશેષ ઝોક.

★ અનાવૃષ્ટિ પાત્ર વિસ્તારો માટે ખાસ કાર્યક્રમનું આયોજન.

★ સિંચાઈ અને વીજળી વિકાસને પ્રાધાન્ય. વર્ષે ૧૨૦૦ ગામો અને ૨૦,૦૦૦ કૂવાઓનું વીજળીકરણ.

★ પીવાના પાણીની સગવડ વિનાનાં ગામોમાં પાણીનો પ્રબંધ.

★ ગુરૂત્તમ ઉત્પાદન, સપ્રમાણ વહેંચણી અને વધુ ને વધુ રોજગારી.

★ શિક્ષણ, આરોગ્ય જેવી સામાજિક સેવાઓનું વિસ્તરણ.

★ આદિમ જાતિ અને પછાત વર્ગોના ઉત્કર્ષ માટે વિશિષ્ટ અભિગમ.

★ જનતાના સહયોગ સાથે પંચાયત રાજ દ્વારા લોકપ્રવૃત્તિઓનું સંકલન.

ગાંધીવાદી માર્ગે ગુજરાત

ગ્રામાભિમુખ આયોજન

શ્રી સયાજી સાહિત્યમાલા

		રૂ. ન.પૈ.
૧	**ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૨	**આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર	૯=૦૦
૩	**આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ	૪=૦૦
૪	**ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક	૪=૦૦
૫	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૬	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૭	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૮	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૯	**માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૧૦	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૧૧	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૧૨	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૧૩	**આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૧૪	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૧૫	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૧૬	**ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા	૬=૦૦
૧૭	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૧૮	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૧૯	**ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર	૧૫=૫૦
૨૦	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૨૧	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૨૨	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૨૩	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૫૦
૨૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૨૫	**આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે)	૪=૦૦
૨૬	**માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫)	૮=૦૦
૨૭	**ગુજરાતનો પોટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૮=૭૫
૨૮	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૨૯	**ભારતીય વીણા**—શ્રી રસિકલાલ મ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,

રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧



ચિત્ર ૧ : મીઠી વાવ
[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી યશવંત જ. રાવલનો લેખ]



ચિત્ર ૨ : પાશુપતોનો મહાકાય નંદી, ગંગનાથ—વંથલી
ફોટો : નરોત્તમ પલાણ
[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાનો લેખ]



ચિત્ર ૧

ખેંગાર-વાવના ગવાક્ષ પરનું શિલ્પ, વંથલી-જૂનાગઢ

ફોટો : નરોત્તમ પલાણ

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાનો લેખ]